॥ ઉઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી કાર્યરત રહો. ॥

# વિવેકાનંદ એકેડમી

**November-2021**

# કરન્ટ અફેર્સ







સવાયા ગુજરાતી
"મૂંછાળી માં"
ગિજુભાઈ બધેકા


















## વિવેકાનંદ એકેડમી


700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

**M:9925698721 | 8490927713**


ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન “Vivekanand Academy” પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી

DATE : 01-11-2021

## 1. એલિવેટેડ કોરિડોર : SG હાઈ-વે, અમદાવાદ

**અમદાવાદ શહેરમાં સૌથી લાંબા 4.18 કિ.મી.ના ગોતા-સાયન્સ સિટી ફ્લાયઓવર- એલિવેટેડ કોરિડોરનું ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ**



**વિગત :** ગુજરાતના શહેરી વિસ્તારના સૌથી લાંબા 4.18 કિ.મી.ના ગોતા ફ્લાયઓવરથી સાયન્સ સિટી બોક્સ સુધીના એલિવેટેડ કોરિડોરનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ઉદ્ઘાટન

- ✓ આ બ્રિજ સોલા ભાગવત, કારગિલ, જનતાનગર, ઝાયડસ એમ 4 સૌથી વ્યસ્ત જંકશનને આવરી લે છે.
- ✓ આ બ્રિજને લીધે એસ.જી. હાઇવે પર ટ્રાફિકની સમસ્યા હળવી થશે. 4.18 કિલોમીટરનો આ ફ્લાયઓવર શહેરનો સૌથી લાંબો બ્રિજ છે.

## 2. તામિલનાડુ સરકાર : દર 18 જૂલાઈએ તામિલનાડુ દિવસ મનાવવાની જાહેરાત




- ✓ રાજધાની : ચેન્નઈ

## 3. રાજ્ય એનર્જી એફિશિયન્સ ઈન્ડેક્સ-2020 : પાવર મંત્રાલય-ભારત

**ગ્રુપ-1 : અન્ય રાજ્યનો ક્રમ અને પોઈન્ટ :**

**કર્ણાટક 70 પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને**

| | |
|---|---|
| **2. રાજસ્થાન : 61** | **3. હરિયાણા : 59.5** |
| **4. મહારાષ્ટ્ર : 57.5** | **5. તામિલનાડુ : 51.5** |
| **7. ગુજરાત : 34** | |




## 4. સમુદ્રયાન : ભારતનું પ્રથમ માનવ મહાસાગર અભિયાન કેન્દ્રીય મંત્રી શ્રી જીતેન્દ્રકુમારના હસ્તે ચેન્નઈથી લોન્ચ કરાયું




**ભૂમિકા/હેતુ :**

- ✓ સર્વેક્ષણ અને સંસાધનોની શોધ તેમજ સમુદ્ર વિજ્ઞાનનો મુખ્ય હેતુ જેમાં રડાર, ભૂકંપ સંબંધી ઉપકરણ થકી સમુદ્રના તટની વિશેષતાઓનું અધ્યયન કરશે.

**અન્ય બાબતો :**

- ✓ **આ અભિયાન સાથે જ હવે ભારત મિશનમાં USA, રશિયા, જાપાન, ફ્રાન્સ અને ચીનની ક્લબમાં સામેલ થયું.**
- ✓ અંદાજિત ખર્ચ : રૂ. 1200 કરોડ
- ✓ **આ સમુદ્રયાન ભારતના 38 વર્ષ જૂના ORV સાગર કન્યાનું સ્થાન લેશે.**
- ✓ વૈજ્ઞાનિકો સંશોધન માટે 12થી 96 કલાક સમુદ્રની અંદર રહી શકશે.
- ✓ **સંસ્થા : સાગર નિધિ રાષ્ટ્રીય મહાસાગર પ્રૌદ્યોગિકી સંસ્થાન – NIOT**

## 5. COP-26 : 2021




**COP-26 : 2021 એટ એ ગ્લાન્સ :**

- ✓ **COP : કોન્ફરન્સ ઓફ ઑલ પાર્ટીઝ**
- ✓ 26 એટલે - 26મું અધિવેશન
- ✓ **યજમાન : ગ્લાસગો-સ્કૉટલેન્ડ (UK)**
- ✓ **COPના અધ્યક્ષ દેશ : UK**
- ✓ **કોન્ફરન્સના ઉદ્ઘાટક : પ્રિન્સ ચાર્લ્સ, બ્રિટન**
- ✓ **અન્ય નામ : UN CLIMATE CHANGE CONFERENCE UK-2021**
- ✓ **સમયગાળો : તા. 31 ઓકટોબરથી 12 નવેમ્બર-2021**
- ✓ **કુલ દેશો : અંદાજે 200**
- ✓ **આયોજક : UNO**
- ✓ ભારતના પ્રતિનિધિ તરીકે PM નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિ

**ક્લાઈમેટ ચેન્જની વર્તમાન વૈશ્વિક સ્થિતિ :**

- ✓ પર્યાવરણ નિષ્ણાતો કહે છે કે, 2050 સુધીમાં વૈશ્વિક તાપમાનમાં બે ડિગ્રીનો વધારો થઇ જશે. જો આવું થયું તો દુનિયાએ ભીષણ

દુકાળ, પ્રલયકારી પૂર અને બીજી કુદરતી આફતોના સાક્ષી બનવું પડશે.

- ✓ આ ખતરા સામે **G-20માં 'નેટ ઝીરો' અને 'કાર્બન ન્યૂટ્રલ'ની વાતો થઈ.**
- ✓ **નેટ ઝીરોનો અર્થ એવો થાય છે કે, હવામાં જેટલાં ઝેરી તત્વો ઠલવાય છે એટલાં જ ઝેરી તત્વોને કોઇ ને કોઇ રીતે દૂર કરવાં.**
- ✓ દુનિયાના મોટા ભાગના દેશોએ 2050 સુધીમાં નેટ ઝીરોએ પહોંચવાનું લક્ષ્ય રાખ્યું છે.
- ✓ માત્ર **વાયુ પ્રદૂષણના કારણે વર્ષે 70 લાખ લોકોનાં મોત થાય છે**, એવું વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનનો લેટેસ્ટ રિપોર્ટ કહે છે.
- ✓ વેધર એક્સપર્ટ્સ કહે છે કે, ગ્લાસ્ગોના કોપ 26માં એવી એવી વાતો થશે જેનાથી એવું લાગશે કે, હવે તો પર્યાવરણ સુધરી ગયું જ સમજો.
- ✓ જે વાતો થાય છે એના દસ-વીસ ટકા કામ થાયને તો પણ થોડોક રાહતનો શ્વાસ લઇ શકાય!

**PM શ્રી મોદીના COP-26ના સંબોધનના મહત્વના અંશો :**



- ✓ 'એડપ્ટેશન'નીજરૂર છે માત્ર 'મિટિગેશન'ની નહીં
- ✓ **શાળાકીય અભ્યાસક્રમમાં જળવાયુ પરિવર્તન સામેલ કરવાની જરૂર**
- ✓ પરિવર્તન જેવી સમસ્યાનો સામનો કરવા ભારતે લીધેલા પગલાં અને તેના દ્રષ્ટિકોણની વાત કરી હતી.
- ✓ આગામી પેઢી જળવાયુ પરિવર્તન જેવા મુદ્દે આવનારી પેઢી જાગૃત બને તે હેતુસર જળવાયુ પરિવર્તન સંબંધી નીતિઓને શાળાકીય અભ્યાસક્રમમાં ભણાવવાની શરૂઆત કરવી પડશે. જ્ઞાન બીજી પેઢી સુધી પહોંચે તે જરૂરી છે. સ્થાનિક સ્થિતીઓ મુજબ જીવનને ઢાળવું તે શ્રેષ્ઠ પ્રકારનું એડપ્ટેશન છે.
- ✓ **સમસ્યા વકરે તે પછીના પ્રભાવને ઘટાડવાની (મિટિગેશન) નહીં પરંતુ થયેલા બદલાવને અનુકુળ કઇ રીતે કરી શકાય (એડપ્ટેશન) તેના ઉપાય શોધવાની જરૂર છે.**
- ✓ વૈશ્વિક જળવાયુ પરિવર્તન વિશેની ચર્ચાઓમાં એડપ્ટેશનને મુદ્દે વધુ ચર્ચા નથી થઇ, વાત મિટિગેશનની થતી રહી છે. આ બાબત જળવાયુ પરિવર્તનના પ્રભાવથી અસરગ્રસ્ત વિકાસશીલ દેશો માટે અન્યાય બરોબર છે.
- ✓ આપણે આપણી વિકાસ નીતિઓ અને પ્રોજેક્ટ્સ ઘડતી વખતે એડપ્ટેશન પર ધ્યાન આપવાની જરૂર છે.
- ✓ ભારતની જેમ જ મોટા ભાગના વિકાસશીલ દેશોના કૃષિ ક્ષેત્ર માટે જળવાયુ પરિવર્તન પડકાર રૂપ છે.
- ✓ ક્રોપિંગ પેટર્નમાં પણ ફેરફાર આવી રહ્યા છે. કમોસમી વરસાદ, પુર અને ચક્રવાતો પાકને નુકસાન પહોંચાડી રહ્યા છે.
- ✓ ભારતની નળથી સ્વચ્છ જળ પુરૂ પાડવાની યોજના કે ક્લીન કુકિંગ ગેસ આપવાની યોજના નાગરિકોને એડપ્ટેશનની તક આપવાની સાથોસાથ તેમના જીવનની ગુણવત્તાને પણ સુધારી રહી છે.

**7. 'વેક્સ' : ઓક્સફોર્ડ વર્ડ ઓફ ધ યર -2021 જાહેર : લંડન-ઈંગ્લેન્ડ**

**કોરોના વેક્સિન સાથે જોડાયેલા શબ્દ વેક્સ**

- ✓ વેક્સિન અંગ્રેજીનો સામાન્ય અને જાણીતો શબ્દ છે. જોકે, 1980માં પહેલીવાર તેના માટે 'વેક્સ' શબ્દ પ્રયોજાયો.
- ✓ બ્રિટિશ વિજ્ઞાની એડવર્ડ જેનરે શીતળાવિરોધી રસીનો ઉપયોગ કર્યો, તો 1799માં પહેલીવાર અંગ્રેજી ભાષામાં 'વેક્સિન' શબ્દ આવ્યો.
- ✓ શરૂઆતમાં બીમારી માટે લેટિન શબ્દ 'વેક્સિન'નો ઉપયોગ થતો હતો. જોકે, ત્યાર પછીના દસકાઓ પછી વેક્સિન શબ્દનો ઉપયોગ અન્ય બીમારીવિરોધી રસી માટે પણ થવા લાગ્યો.

**8. દિન વિશેષ : 30 ઓક્ટોબર**

**વિશ્વ બચત દિવસ**




- ✓ **થીમ-2021 : Understanding the importance of savings'.**

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (01-11-2021)

**1.** ઓક્ટોબર 2021માં પાવર મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા રાજ્ય એનર્જી એફિશિયન્સ ઇન્ડેક્સ-2020 સંદર્ભે કયા વિધાનો યોગ્ય છે

1. કર્ણાટક 70 પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને
2. રાજસ્થાન : 61 પોઈન્ટ સાથે બીજા અને હરિયાણા : 59.5 પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે
3. મહારાષ્ટ્ર : 57.5 પોઈન્ટ સાથે ચોથા અને તામિલનાડુ : 51.5 સાથે પાંચમા ક્રમે
4. ગુજરાત : 34 પોઈન્ટ સાથે સાતમા ક્રમે

(A) 1 અને 4 (B) 1 અને 3 (C) 2 અને 4 **(D) આપેલ તમામ**

**2.** ભારતનું પ્રથમ સમુદ્રયાન-માનવ મહાસાગર અભિયાન અંગે નીચેની કઇ બાબતો યોગ્ય છે

1. સર્વેક્ષણ-સંસાધનોની શોધ તેમજ સમુદ્ર વિજ્ઞાનનો મુખ્ય હેતુ
2. સમુદ્રયાન અભિયાન ચેન્નઈથી લોન્ચ કરાયું
3. આ સમુદ્રયાન ભારતના 38 વર્ષ જૂના ORV સાગર કન્યાનું સ્થાન લેશે
4. સંસ્થા : સાગર નિધિ રાષ્ટ્રીય મહાસાગર પ્રૌદ્યોગિકી સંસ્થાન – NIOT

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.**COP-26 : 2021 અંગે ક્યા વિધાન/વિધાનો સાચુ/સાચા છે

1. COP : કોન્ફરન્સ ઓફ ઑલ પાર્ટીઝ
2. યજમાન : ગ્લાસગો-સ્કૉટલેન્ડ (UK) અને COPના અધ્યક્ષ દેશ : UK

3. કોન્ફરન્સના ઉદઘાટક : પ્રિન્સ ચાર્લ્સ, બ્રિટન

4. સમયગાળો : તા. 31 ઓક્ટોબરથી 12 નવેમ્બર-2021

5. કુલ દેશો : અંદાજે 200

(A) 1 અને 5 (B) 1 અને 3 (C) 2 અને 4 **(D) આપેલ તમામ**

**4.** ભારતના PM શ્રી નરેન્દ્ર મોદીના COP-26ના સંબોધનના મુખ્ય અંશોમાં કોનો સમાવેશ થાય છે

1. 'એડપ્ટેશન'નીજરૂર છે માત્ર 'મિટિગેશન'ની નહીં

2. શાળાકીય અભ્યાસક્રમમાં જળવાયુ પરિવર્તન સામેલ કરવાની જરૂર

3. આપણે આપણી વિકાસ નીતિઓ અને પ્રોજેક્ટ્સ ઘડતી વખતે એડપ્ટેશન પર ધ્યાન આપવાની જરૂર છે

(A) 2 અને 4 (B) 1 અને 4 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**5.** નવેમ્બર 2021માં અમદાવાદ શહેરના સૌથી લાંબા કેટલા કિલોમીટરના ગોતા-સાયન્સ સિટી એલિવેટેડ કોરિડોરનું ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ કરાયુ

(A) 2.15 કિ.મી. (B) 3. 81 કિ.મી.

(C)4.81 કિ.મી. **(D) 4.18 કિ.મી.**

**6.** તાજેતરમાં કઇ રાજ્ય સરકાર દ્વારા દર વર્ષની તા. 18 જૂલાઇને રાજ્ય દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી

(A) કેરળ **(B) તામિલનાડુ** (C) કર્ણાટક (D) ઓડિશા

**7.** તાજેતર 2021માં ભારતનું પ્રથમ સમુદ્રયાન-માનવ મહાસાગર અભિયાન કોના હસ્તે લોન્ચ કરાયું

(A) રક્ષામંત્રી શ્રી રાજનાથ સિંહ

**(B) કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી જીતેન્દ્રકુમાર**

(C) રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ

(D) માર્ગ પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરી

**8.** ઓક્ટોબર-નવેમ્બર 2021 દરમિયાન ક્લાઈમેટ ચેન્જ COPનું કેટલામું અધિવેશન યોજાયુ -

(A) 27 **(B) 26** (C) 25 (D) 24

**9.** હવામાં જેટલાં ઝેરી તત્વો ઠલવાય છે એટલાં જ ઝેરી તત્વોને કોઇ ને કોઇ રીતે દૂર કરવાં તેના માટે G-20 બેઠકમાં કયો શબ્દ વપરાયો છે

(A) કાર્બન ન્યૂટ્રલ (B) નેટ ઝીરો

(C) ક્લાઈમેટ ઝીરો **(D) A અને B બંને**

**10.** ક્યા શબ્દને ઓક્સફોર્ડ વર્ડ ઓફ ધ યર-2021 જાહેર કરાયો

(A) કોરોના **(B) વેક્સ** (C) ક્વોરન્ટાઈન (D) વેક્સિન

**11.** વિશ્વ બચત દિવસ ક્યારે ઉજવાય છે

(A) 21 ઓક્ટોબર (B) 25 ઓક્ટોબર

**(C) 30 ઓક્ટોબર** (D) 1 ડિસેમ્બર

**12.** વિશ્વ બચત દિવસ-2021ની થીમ જણાવો

(A) importance Tips of savings

**(B) Understanding the importance of savings**

(C) Understanding the importance of savings and expense

(D) Understanding the importance of Earning

**DATE : 02-11-2021**

## 1. સ્ટેટ ઇન્વેસ્ટિગેશન એજન્સી : જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદના કેસોની તપાસ માટે નવી SIA એજન્સીની રચના

**SIAની ભૂમિકા :**

- ✓ જમ્મુ-કાશ્મીરમાં તંત્રએ સ્ટેટ ઇન્વેસ્ટિગેશન એજન્સી (SIA) નામની તપાસ એજન્સીની રચના કરી છે, જે એનઆઇએ તથા અન્ય કેન્દ્રીય એજન્સીઓ સાથે કામ કરશે.
- ✓ પોલીસની સીઆઇડી શાખાના પ્રમુખ આ એજન્સીના ડાયરેક્ટર હશે.
- ✓ તમામ પોલીસ સ્ટેશનોને આદેશ અપાયો કે આતંકનો કેસ દાખલ થતાં જ SIAને તેની જાણ કરવી.

## 2. પંજાબ લોક કોંગ્રેસ : પંજાબના પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહ દ્વારા નવા પક્ષની રચના



- ✓ ચૂંટણીપંચની માન્યતા બાદ પ્રતીકની અધિકૃત જાહેરાત કરાશે
- ✓ **રાજધાની : ચંદીગઢ**

## 3. પેટા ચૂંટણીના પરિણામો – ભારતીય ચૂંટણીપંચ

**લોકસભા બેઠકો પર પેટાચૂંટણી**

| સીટ | 2019નું પરિણામ | પેટાચૂંટણી |
|---|---|---|
| ખંડવા (એમપી) | ભાજપ | ભાજપ |
| મંડી (હિમાચલ) | ભાજપ | કોંગ્રેસ |
| દાનહ | અપક્ષ | શિવસેના |

**વિધાનસભા :**

**પેટાચૂંટણીમાં પક્ષ મુજબ સ્થિતિ**

| | |
|---|---|
| કોંગ્રેસ : | ૮ |
| ભાજપ : | ૭ |
| તૃણમૂલ કોંગ્રેસ : | ૪ |
| જેડીયુ : | ૨ |
| યુપીપીએલ : | ૨ |
| એનપીપી : | ૨ |
| વાયએસઆર કોંગ્રેસ : | ૧ |
| આઈએનએલડી : | ૧ |
| એમએનએફ : | ૧ |
| યુડીપી : | ૧ |

**લોકસભા બેઠકના પરિણામ**

| | |
|---|---|
| હિમાચલ પ્રદેશ : કોંગ્રેસ | ૧ |
| મધ્ય પ્રદેશ : ભાજપ | ૧ |
| દાદરા-નગર હવેલી : શિવસેના | ૧ |

## વિધાનસભા પેટા ચૂંટણીના પરિણામ

| રાજ્ય | બેઠક |
|---|---|
| આસામ | ૫ |
| વિજય : ભાજપ-૩,યુએલએલપી-૨ | |
| બંગાળ | ૪ |
| વિજય : તૃણમૂલ કોંગ્રેસ - | ૪ |
| મધ્ય પ્રદેશ | ૩ |
| વિજય : ભાજપ - ૨, કોંગ્રેસ - | ૧ |
| હિમાચલ | ૩ |
| વિજય : કોંગ્રેસ - | ૩ |
| મેઘાલય | ૩ |
| વિજય : એનપીપી - ૨, યુડીપી | ૧ |
| બિહાર | ૨ |
| વિજય : જેડીયુ - | ૨ |
| કર્ણાટક | ૨ |
| વિજય : ભાજપ - ૧, કોંગ્રેસ | ૧ |
| રાજસ્થાન | ૨ |
| વિજય : કોંગ્રેસ - | ૨ |
| આંધ્ર પ્રદેશ | ૧ |
| વિજય : વાયએસઆર કોંગ્રેસ - | ૧ |
| હરિયાણા | ૧ |
| વિજય : આઈએનએલડી - | ૧ |
| મહારાષ્ટ્ર | ૧ |
| વિજય : કોંગ્રેસ - | ૧ |
| મિઝોરમ | ૧ |
| વિજય : એમએનએફ - | ૧ |
| તેલંગાણા | ૧ |
| વિજય : ભાજપ - | ૧ |

**4. NASA : ISS દ્વારા અવકાશમાં સૌપ્રથમવાર સિમલા મરચા ઉગાડવાનો સફળ પ્રયોગ**



**વિગત :** નાસાએ અવકાશમાં સૌપ્રથમ સિમલા મરચાં ઉગાડ્યાં

- ✓ અવકાશમાં શાકભાજી ઉગાડવાનો આ સૌથી મહત્ત્વનો અને પડકારભર્યો પ્રયોગ હતો. અવકાશયાત્રીઓએ આ મરચાઓમાંથી સરસ સ્વાદિષ્ટ ટાકોસ બનાવીને ડિનર કર્યું હતું.
- ✓ અવકાશમાં ખેતી કરી શકાઇ તેથી નગર વસાવવાનું સપનું સાકાર કરવાનો માર્ગ ખૂલ્યો

**5. સંરક્ષણ મંત્રાલય : ભારત સરકાર**

**MIને પ્રોત્સાહન આપવા સંરક્ષણ મંત્રાલય દ્વારા રૂ. 7,965 કરોડના સ્વદેશી શસ્ત્રો ખરીદવાની મંજૂરી**




**વિગત :** સંરક્ષણ મંત્રાલયે રૂ. 7,965 કરોડના સ્વદેશી શસ્ત્રોની ખરીદીને મંજૂરી આપી

- ✓ સંરક્ષણ ક્ષેત્રે મેક-ઇન-ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા સરકારનો પ્રયાસ

**કંપની અને શસ્ત્રો**

- ✓ એચએએલ પાસેથી 12 લાઇટ હેલિકોપ્ટર્સ, બીઇએલ પાસેથી લિન્ક્સ-યુર ફાયર કંટ્રોલ સિસ્ટમ, ભેલ પાસેથી એસઆરજીએમ ખરીદાશે
- ✓ સંરક્ષણ મંત્રાલયની સર્વોચ્ચ સંસ્થા ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલની બેઠકમાં આ મંજૂરી અપાઇ હતી, જેમાં રશિયા પાસેથી 124 મળીને કામોવ-226T લાઇટ હેલિકોપ્ટર્સનું સંયુક્તરૂપે દેશમાં ઉત્પાદન કરવાની સંભાવનાઓ ચકાસવામાં આવી હતી.
- ✓ **સંસ્થા : ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ**
- ✓ **અધ્યક્ષ : સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ**

**6. કાર્બન ઉત્સર્જન ઘટાડવા ભારતનું લક્ષ્યાંક**

**વર્ષ 2070 સુધીમાં કાર્બન ઉત્સર્જન નેટ-ઝીરોનો લક્ષ્યાંક હાંસલ કરવાની ભારતની જાહેરાત**

**અન્ય બાબતો :**

- ✓ ભારતે પોતાના ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનને નેટ-ઝીરો કરવાની સમય મર્યાદાની જાહેરાત કરી.
- ✓ ગ્લાસગો ખાતે યોજાયેલી ક્લાયમેટ ચેન્જ કોન્ફરન્સ કોપ-26 ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી કે ભારત વર્ષ 2070 સુધીમાં કાર્બન ઉત્સર્જનને નેટ-ઝીરો કરવાનું લક્ષ્યાંક હાંસલ કરી દેશે.
- ✓ આ સમયસીમા પર્યાવરણશાસ્ત્રીઓએ નેટ-ઝીરો ઉત્સર્જન માટે આપેલી સમય મર્યાદા 2050 કરતા બે દશક વધારે છે.

**ગ્રીનહાઉસ ગેસોના ઉત્સર્જનમાં ભારત ત્રીજા ક્રમે**

- ✓ ભારતમાં દુનિયાની 17 ટકા વસતી રહે છે પરંતુ દેશ દુનિયાના કુલ કાર્બન ઉત્સર્જનના પાંચ ટકા માટે જ જવાબદાર છે.
- ✓ ભારત પુનઃપ્રાપ્ય ઊર્જાનો વપરાશ વધારશે અને 2030 સુધી ભારતની કુલ ઊર્જામાંથી અર્ધી ઊર્જા જરૂરિયાત પુનઃપ્રાપ્ય ઊર્જાથી પૂરી થશે.
- ✓ અત્યારે ભારતના કુલ ઊર્જા વપરાશનો **38 ટકા** હિસ્સો પુનઃપ્રાપ્ય ઊર્જામાંથી આવે છે.
- ✓ **ચીન અને અમેરિકા બાદ ગ્રીનહાઉસ ગેસોના ઉત્સર્જનમાં ભારત ત્રીજા ક્રમે** છે.
- ✓ અમેરિકા અને યુરોપે **2050** સુધીમાં નેટ-ઝીરો લક્ષ્યાંક હાંસલ કરવાનું નક્કી કર્યું છે તો ચીને એ માટે **2060ની** સમયમર્યાદા નક્કી કરી છે.
- ✓ નેટ-ઝીરો કાર્બન ઉત્સર્જનનો અર્થ એ કે વાતાવરણમાં એટલો જ કાર્બન છોડવો જેટલો કુદરતી અને અન્ય સ્ત્રોતો દ્વારા પાછો શોષી શકાય.
- ✓ ક્લાયમેટ ચેન્જ પર અત્યાર સુધી થયેલા વૈશ્વિક સંમેલનોમાં ભારતે હાજરી આપીને પોતાની જે પ્રતિબદ્ધતા રજૂ કરી છે એના પર દેશમાં ગંભીરતાપૂર્વક અમલીકરણ થઇ રહ્યું છે અને પેરિસ સમજૂતિ અને ક્યોટો સમજૂતિ પર અમલ કરવાની દિશામાં ભારતે ઝડપી પગલાં લીધાં છે.
- ✓ પૃથ્વી પર ક્લાયમેટ ચેન્જનું જે સંકટ ઊભું થયું છે એ મુખ્યત્વે તો વિકસિત દેશોની બેદરકારીનું પરિણામ છે. પરંતુ આજે આ દેશો પર્યાવરણની દુર્દશા માટે વિકાસશીલ અને ગરીબ દેશોને જવાબદાર ઠરાવીને તેમના ઉપર સમસ્યાના નાથવાના પગલાં લેવા દબાણ કરે છે.

- ✓ સંતોષજનક બાબત છે કે ક્લાયમેટ ચેન્જને પહોંચી વળવાના પ્રયાસોમાં ભારતે પ્રમાણિકતાપૂર્વક ફાળો આપ્યો છે અને દુનિયાએ ભારતના પ્રદાનની નોંધ લીધી છે.

**ક્લાયમેટ ચેન્જને નાથવામાં ભારતનો નોંધપાત્ર ફાળો**

- ✓ ક્લાયમેટ ચેન્જ પરફોર્મન્સ ઇન્ડેક્સ તૈયાર કરતી વખતે આ વાત પર ખાસ ભાર મૂકવામાં આવે છે કે કોઇ દેશે કોલસાનો વપરાશ ઓછા કરવા સહિત એવા કયા ઉપાયો પ્રયોજ્યા છે જેમાં ઝેરી ગેસોનું ઉત્સર્જન ન થાય.
- ✓ ભારતે છેલ્લા થોડા સમયમાં આ દિશામાં જે કામ કર્યું છે એ તેના **નિર્ધારિત લક્ષ્ય કરતા પંદર ટકા વધારે** છે. જોકે વૈશ્વિક સ્તરે ઘણાં દેશોએ કોલસા પરની નિર્ભરતા ઓછી કરવાની દિશામાં ગંભીરતા દર્શાવી છે.
- ✓ **અત્યાર સુધી જે 57 દેશો સૌથી વધારે કાર્બન ઉત્સર્જિત કરી રહ્યાં હતાં એમાંના 31 દેશોએ કાર્બન ઉત્સર્જન ઓછું કરવા માટે બીજા વિકલ્પો અજમાવવાની શરૂઆત કરી** દીધી છે.
- ✓ એવા ઉપાયો પણ શોધવામાં આવી રહ્યાં છે જેમાં કાર્બનનું ઉત્સર્જન ઘટાડી શકાય. જોકે ભારત સહિતના અનેક વિકાસશીલ દેશો માટે આમ કરવું આસાન નથી.

**7. COP-26 : 2021**

**યજમાન : ગ્લાસગો-સ્કૉટલેન્ડ (UK)**




**PM શ્રી મોદીના સંબોધનના મહત્વના અંશો :**

- ✓ **નવો નારો : 'વન નેશન, વન વર્લ્ડ અને વન ગ્રીડ'**
- ✓ આપણે કુદરતી સંતુલનને ઘણું નુકસાન પહોંચાડ્યું છે. પરંતુ ટેકનોલોજીએ આપણને નવી તક આપી છે; માનવતાને બચાવવા આપણે સૂર્યની સાથે ચાલવું પડશે.
- ✓ સ્કોટલેન્ડના ગ્લાસગો ખાતે આયોજિત કોન્ફરન્સ ઓફ પાટીઝના 26મા અધિવેશનમાં બ્રિટિશ વડા પ્રધાન બોરિસ જોનસન સાથે મળીને **પીએમ મોદીએ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફોર રેઝિલિયન્ટ આઇલેન્ડ સ્ટેટ્સ (IRIS)નો પ્રારંભ નાના ટાપુ દેશો ક્લાઇમેટ ચેન્જના સૌથી મોટા પડકારનો સામનો કરી રહ્યા છે.**
- ✓ નાના ટાપુ દેશો માટે ક્લાઇમેટ ચેન્જના પડકારોથી સર્જાયેલી સ્થિતિ જીવનમરણનો સવાલ બની ગઇ છે.
- ✓ ક્લાઇમેટ ચેન્જના કારણે તેમના અસ્તિત્વ પર જ સવાલ ઊભો થયો છે.

**8. ક્લાઇમેટ ચેન્જ : ખાસ લેખ**

**COP-26માં ક્લાઇમેટ ચેન્જ અંગે વિશ્વના દેશોએ કરેલા સંકલ્પો અને વર્તમાન સ્થિતિ :**

**વિવિધ તજજ્ઞો સંસ્થાના અહેવાલો :**

**(1) ગ્લાસગો ક્લાઈમેટ ચેન્જ સમિટ**

- ✓ ગ્લાસગો ક્લાઈમેટ ચેન્જ સમિટમાં અમેરિકા, બ્રાઝિલ અને ચીન સહિતના 100થી વધુ દેશના નેતાઓનો 2030 સુધી જંગલો નહીં કાપવાનો સંકલ્પ. દુનિયાના કુલ જંગલ વિસ્તારમાં આ દેશો 85% હિસ્સો ધરાવે છે.
- ✓ આ સંકલ્પમાં છ સૂત્રીય એજન્ડા રખાયો છે, જેને વન સંરક્ષણની દિશામાં જાહેર અને ખાનગી ક્ષેત્રની ભાગીદારીથી મેળવવાનો પ્રયાસ કરવાનો છે. આ સાથે જ નેતાઓએ કાર્બન ડાયોક્સાઇડને શોષી લેવા તેમજ ગ્લોબલ વૉર્મિંગને ધીમું પાડવા માટે જંગલોના સંરક્ષણની માગ કરી છે.

**(2) જંગલો બચાવવા માટે ખાસ ભંડોળ :**

- ✓ વૈશ્વિક સરકારોએ આગામી પાંચ વર્ષમાં જંગલોનો નાશ રોકવા જાહેર ભંડોળમાં આશરે રૂ. 90 હજાર કરોડ અને ખાનગી કંપનીઓએ રૂ. 37 હજાર કરોડ આપવાની પણ જાહેરાત કરી. આમ જંગલોનો નાશ કરવા કુલ રૂ. 1.27 લાખ કરોડ મળશે.
- ✓ 30થી વધુ નાણાકીય સંસ્થાઓએ કહ્યું છે કે અમે એવી કંપનીઓમાં રોકાણ નહીં કરીએ, જે જંગલોના વિનાશમાં ભાગીદાર છે.
- ✓ 28 દેશે કહ્યું છે કે તેઓ જંગલો કાપવા સંબંધિત ચીજોની આયાત બંધ કરશે. તેમાં પામ તેલ, સોયા અને કોકોઆ પણ સામેલ છે. આ સાથે જંગલો બચાવવા તેની સપ્લાય ચેન ખતમ કરવા નવી ગાઇડ લાઇન પણ બનાવાશે.

**(3) બ્રિટિશ પીએમ બોરિસ જોનસને**

- ✓ PM જોનસને કહ્યું કે, આજની અભૂતપૂર્વ પ્રતિજ્ઞા સાથે, આપણી પાસે પ્રકૃતિના વિજેતાના રૂપમાં માનવતાના લાંબા ઈતિહાસને ખતમ કરીને, તેના સંરક્ષક બનવાની તક સર્જાઇ છે. આ જાહેરાતો પ્રમાણે, આ સંકલ્પના અમલથી વન અને જમીન ઉપયોગ પર 1.3 કરોડ ચો. માઇલથી વધુ જંગલોને બચાવી શકાશે.
- ✓ **વર્લ્ડ વાઇલ્ડલાઇફ ઓર્ગેનાઇઝેશનના ફેન પ્રાઇઝે કહ્યું કે, જંગલોથી સમગ્ર પર્યાવરણ જળવાય છે, જે આર્થિક અને સામાજિક કલ્યાણ માટે પણ મહત્વનું** છે.
- ✓ આમ છતાં, જંગલો ખતરનાક રીતે ગાયબ થઇ રહ્યાં છે.
- ✓ **જંગલો આશરે 30% કાર્બન ડાયોક્સાઇડ શોષી લે છે**. બીજી તરફ, વર્લ્ડ રિસોર્સ ઇન્સ્ટિટ્યૂટના ફ્રાન્સેસ સીમોરે કહ્યું કે, નાણાકીય ઉપાયોની જાહેરાતનું સ્વાગત છે, પરંતુ જંગલોના વિનાશને બચાવવા આ બહુ મામૂલી છે.

**(4) 2014માં પણ આવી પહેલ થઇ હતી, પરંતુ પરિણામ શૂન્ય**

7 વર્ષ પહેલાંના કરારમાંથી બ્રાઝિલ, રશિયા દૂર રહ્યા

- ✓ જંગલોનો વિનાશ રોકવા 2014માં 2030 સુધી જંગલ કાપવાનું બંધ કરવા કરાર થયો હતો. 2020 સુધી જંગલો કાપવાનું અડધું અને 2030 સુધી સંપૂર્ણ પ્રતિબંધનું લક્ષ્ય હતું. 40 દેશોએ તેના પર હસ્તાક્ષર કર્યા હતા, પરંતુ સમૃદ્ધ જંગલો ધરાવતા ચીન, રશિયા જેવા દેશોએ તેના પર હસ્તાક્ષર ના કર્યા. આ કારણસર 2019માં આ કરાર બિનઉપયોગી થઇ ગયો.

દર મિનિટે દુનિયામાં 27 ફૂટબોલ મેદાન જેટલાં જંગલોનો નાશ

- ✓ ઇન્ડોનેશિયા દુનિયાનું સૌથી મોટું પામ તેલ નિકાસકાર છે. આ તેલનો ઉપયોગ શેમ્પૂથી લઇને બિસ્કિટ બનાવવામાં થાય છે.
- ✓ પામના ઉત્પાદનથી વનોના વિનાશની સાથે જ સ્થાનિકો માટે પણ સંકટ સર્જાય છે.
- ✓ એમેઝોનનાં જંગલ સૌથી મોટાં વર્ષાવન છે. 12 વર્ષ પહેલાં તે ઝડપથી કપાતાં હતાં, પરંતુ 2014માં વનો બચાવવાના અભિયાનમાંથી બ્રાઝિલ હટી ગયું હતું.

**(5) દર દસકામાં 6% ઘટ્યાં દુનિયાનાં જંગલ**

✓ **જંગલ કપાયા : દસકો**

✓ 1990-2000 : 7.8%

✓ 2000-2010 : 5.2%

✓ 2010-2020 : 4.7%

✓ સૌજન્ય : યુએન ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન 2020

**9. દિન વિશેષ : આસો વદ 13**

**(1) દિપાવલી પર્વનો પ્રારંભ–ધન તેરસ, વિક્રમ સંવત-2077**




**(2) ધન તેરસ : આયુર્વેદના ભગવાન ધન્વતરીનો જન્મ દિવસ**



**(3) છઠ્ઠો રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ-ધનતેરસ**

✓ થીમ-2021 : આયુર્વેદ ફોર પોષણ




વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (02-11-2021)

**1.** નવેમ્બર 2021માં MIIને પ્રોત્સાહન આપવા સંરક્ષણ મંત્રાલયે કઈ સ્વદેશી કંપનીઓ પાસેથી રૂ. 7,965 કરોડના સ્વદેશી શસ્ત્રોની ખરીદશે

1. એચએએલ પાસેથી 12 લાઇટ હેલિકોપ્ટર્સ

2. બીઈએલ પાસેથી લિન્ક્સ-યુ૨ ફાયર કંટ્રોલ સિસ્ટમ

3. ભેલ પાસેથી એસઆરજીએમ

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**2.** કાર્બન ઉત્સર્જન ઘટાડવા ભારતના લક્ષ્યાંકમાં નીચેની કઈ બાબતોનો સમાવેશ થાય છે

1. વર્ષ 2070 સુધીમાં કાર્બન ઉત્સર્જન નેટ-ઝીરોનો લક્ષ્યાંક હાંસલ કરવાની ભારતની જાહેરાત

2. ગ્લાસગો ખાતે યોજાયેલી ક્લાયમેટ ચેન્જ કોન્ફરન્સ કોપ-26 ખાતે PM મોદીની જાહેરાત

3. ગ્રીનહાઉસ ગેસોના ઉત્સર્જનમાં ચીન અને અમેરિકા બાદ ભારત ત્રીજા ક્રમે

4. ભારત દુનિયાના કુલ કાર્બન ઉત્સર્જનના પાંચ ટકા માટે જ જવાબદાર છે

5. ભારતે છેલ્લા થોડા સમયમાં કાર્બન ઉત્સર્જનની દિશામાં જે કામ કર્યું છે એ તેના નિર્ધારિત લક્ષ્ય કરતા પંદર ટકા વધારે

(A) 1 અને 4 (B) 2 અને 5 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** ગ્લાસગો ખાતે યોજાયેલી COP-26 : 2021માં PM શ્રી મોદીના સંબોધનના મહત્વના અંશોમાં કયા વિધાનો યોગ્ય છે

1. 'વન નેશન, વન વર્લ્ડ અને વન ગ્રીડ'નો નવો નારો

2. પીએમ મોદીએ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફોર રેઝિલિયન્ટ આઇલેન્ડ સ્ટેટ્સ (IRIS)નો પ્રારંભ કર્યો

3. નાના ટાપુ દેશો માટે ક્લાઇમેટ ચેન્જના કારણે તેમના અસ્તિત્વ પર જ સવાલ ઊભો થયા

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**4.** ગ્લાસગો ક્લાઈમેટ ચેન્જ સમિટમાં મહત્વના નિર્ણયોમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે

1. અમેરિકા, બ્રાઝિલ અને ચીન સહિતના 100થી વધુ દેશના નેતાઓનો 2030 સુધી જંગલો નહીં કાપવાનો સંકલ્પ

2. દુનિયાના કુલ જંગલ વિસ્તારમાં આ 100 દેશો 85% હિસ્સો ધરાવે છે.

3. આ સંકલ્પમાં છ સૂત્રીય એજન્ડા નક્કી કરાયો

4. આ સંકલ્પના અમલથી વન અને જમીન ઉપયોગ પર 1.3 કરોડ ચો. માઈલથી વધુ જંગલોને બચાવી શકાશે

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**5.** નવેમ્બર 2021માં ક્યા કેન્દ્રશાસિત પ્રદેશમાં આતંકવાદના કેસોની તપાસ માટે નવી સ્ટેટ ઇન્વેસ્ટિગેશન એજન્સી (SIA)ની રચના કરવામાં આવી -

(A) આંદામાન નિકોબર **(B) જમ્મુ-કાશ્મીર**
(C) દાદરા નગર હવેલી (D) દિલ્હી

**6.** પંજાબના પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહ દ્વારા તાજેતરમાં ક્યા નવા પક્ષ રચવાની જાહેરાત કરાઈ

**(A) પંજાબ લોક કોંગ્રેસ** (B) પંજાબ જન કોંગ્રેસ
(C) પંજાબ લોકશક્તિ કોંગ્રેસ (D) કોંગ્રેસ જનશક્તિ

**7.** ઓક્ટોબર-નવેમ્બર 2021માં ભારતમાં યોજાયેલી લોકસભા પેટા ચૂંટણીના પરિણામોમાં નીચેની કઈ બાબતો યોગ્ય છે

(A) ખંડવા (એમપી)-ભાજપ (B) મંડી (હિમાચલ)-કોંગ્રેસ
(C) દાદરા નગર હવેલી-શિવસેના **(D) આપેલ તમામ**

**8.** નવેમ્બર 2021માં કઈ એજન્સી દ્વારા અવકાશમાં સૌપ્રથમવાર સિમલા મરચા ઉગાડવાનો સફળ પ્રયોગ કરાયો

(A) આઇએસએ **(B) નાસા** (C) ઈએસએ (D) ઈસરો

**9.** MIIને પ્રોત્સાહન આપવા સંરક્ષણ મંત્રાલય દ્વારા નવેમ્બર 2021માં કેટલા રૂપિયાના સ્વદેશી શસ્ત્રો ખરીદવાની મંજૂરી અપાઈ

(A) રૂ. 5,796 કરોડ (B) રૂ. 6,795 કરોડ

**(C) રૂ. 7,965 કરોડ** (D) રૂ. 9,965 કરોડ

**10.** યુએન ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન 2020ના અહેવાલ મુજબ કયા દસકામાં કેટલા જંગલો કપાયા

(A) 1990-2000 : 7.8% (B) 2000-2010 : 5.2%

(C) 2010-2020 : 4.7% **(D) આપેલ તમામ**

**11.** આયુર્વેદના ભગવાન ધન્વતરીનો જન્મ દિવસ કઈ તિથિએ આવે છે

(A) રમા એકાદશી (B) વાઘ બારસ

**(C) ધન તેરસ** (D) આસો સુદ પૂર્ણિમા

**12.** ભારતમાં રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ કયારે માનવવામાં આવે છે

(A) રમા એકાદશી (B) વાઘ બારસ

**(C) ધન તેરસ** (D) આસો સુદ પૂર્ણિમા

**13.** નવેમ્બર 2021માં આસો સુદ તેરસે કેટલામો રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ મનાવવામાં આવ્યો

(A) ચોથો (B) પાંચમો **(C) છઠ્ઠો** (D) સાતમો

**14.** છઠ્ઠા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ 2021ની થીમ જણાવો

**(A) આયુર્વેદ ફોર પોષણ** (B) આયુર્વેદ ફોર ઓલ

(C) આયુર્વેદ ફોર નેશન (D) આયુર્વેદ ફોર એનર્જી

**DATE : 03-11-2021**

**1. દીપાવલી પર્વ : ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છમાં ધોરડો ખાતે દેશની રક્ષા કરતા જવાનો સાથી દિવાળી ઉજવી**



✓ ધોરડો ખાતે ભારતીય ત્રિરંગાની થીમ ઉપર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

**2. અયોધ્યા-ઉત્તરપ્રદેશ : ભવ્ય દીપોત્સવ 2021 યોજાયો**

✓ અયોધ્યામાં સરયૂ નદીના કિનારે 36 હજાર લિટર સરસિયાના તેલના 12 લાખ જેટલા દીવા પ્રજ્વલિત કરીને વર્લ્ડ ગિનીસ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન

✓ ત્રેતાયુગની દિવાળીની અનુભૂતિ



**વિગત :** ભગવાન શ્રીરામની નગરી અયોધ્યાને ઇતિહાસમાં અમર કરવા માટે સરયૂ નદીના કિનારે 12 લાખ જેટલા દીવા પ્રજ્વલિત કરીને બનાવવામાં આવ્યો હતો. રામ કી પૌડીમાં 9 લાખ અને અયોધ્યાની બાકીની જગ્યાઓએ કુલ 3 લાખ દીવા પ્રજ્વલિત કરવામાં આવ્યા હતા.

**3. "હર ઘર દસ્તક અભિયાન" : દેશમાં ઘરે- ઘરે જઈને કોરોનાની રસી આપવાના અભિયાનનો કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયા દ્વારા પ્રારંભ**




✓ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા અભિયાનનો દેશ વ્યાપી પ્રારંભ, નવી દિલ્હી

**4. PM શ્રી મોદી જમ્મુ કશ્મીરમાં રાજૌરી અને નૌશેરામાં જવાનો સાથે દિવાળી મનાવશે**



✓ જમ્મુ-કાશ્મીરમાં ત્રીજીવાર અને જવાનો સાથે 21મી વાર દિવાળી મનાવશે

**5. PM શ્રી નરેન્દ્ર મોદી : PM શ્રી મોદી નવું વર્ષ - બેસતું વર્ષ કેદારનાથની પૂજા-અર્ચના કરીને ઉજવશે**

**PM શ્રી મોદીના રૂ. 400 કરોડના વિવિધ લોકાર્પણ કાર્યક્રમો**

✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી બેસતા વર્ષે એટલે કે, પાંચ નવેમ્બરે કેદારનાથ ધામની યાત્રા સાથે નવા વર્ષની શરૂઆત કરશે.

✓ **વડા પ્રધાન કેદારનાથમાં આદિ શંકરાચાર્યની સમાધિનું ઉદ્ઘાટન કરશે, સાથે શંકરાચાર્યની પ્રતિમાનું પણ અનાવરણ કરશે.**

✓ 2013માં આવેલા વિનાશક પૂરના કારણે આ સમાધિને નુકસાન થયું હતું. હવે તેનું ફરીથી નિર્માણ કરવામાં આવ્યું છે.

**5. 6th પબ્લિક અફેર્સ ઇન્ડેક્સ-2021**




**અગ્રેસર રાજ્યો અને ક્રમ**

**1. કેરળ દેશનું પ્રથમ રાજ્ય** — **2. તામિલનાડુ**

**3. તેલંગણા** — **5. ગુજરાત**

**7. કર્ણાટક** — **12. મહારાષ્ટ્ર**

**6. BCCI : ભારતીય ક્રિકેટ ટીમના નવા મુખ્ય કોચ તરીકે પૂર્વ સુકાની 'ધ વૉલ' - રાહુલ દ્રવિડની વરણી**



- ✓ કાર્યકાળ : વર્ષ 2023
- ✓ BCCI મુખ્ય મથક : મુંબઇ

**7. WHO : ભારતની સ્વદેશી કોવેક્સિનને WHOની ઇમર્જન્સી મંજૂરી**




- ✓ ભારતની સૌપ્રથમ અને કોરોના વાઇરસ સામે રોગપ્રતિકારક શક્તિ આપતી રસી કોવેક્સિનના ઇમર્જન્સી યૂઝ માટે વિશ્વ આરોગ્ય સંસ્થાએ મંજૂરી આપી દેતાં દિવાળીની પૂર્વસંધ્યાએ ભારતનો મોટો વિજય થયો છે.
- ✓ **ICMRના સહયોગમાં હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક દ્વારા વિકસાવાયેલી કોરોના રસી કોવેક્સિનને 18 વર્ષથી વધુ વયના લોકોમાં ઇમર્જન્સી યૂઝ માટે મંજૂરી આપવા WHOની ટેકનિકલ એડવાઇઝરી કમિટીએ ભલામણ** કરી હતી.
- ✓ **કોવેક્સિન કોરોનાના લક્ષણો સામે 77.8 ટકા અને નવા ડેલ્ટા વેરિઅન્ટ સામે 65.2 ટકા અસરકારક** છે.

WHOની કોવેક્સિનને કોવેક્સિનને મંજૂરીનું મહત્વ

1 કોવેક્સિનને હવે અન્ય દેશો દ્વારા સહેલાઇથી મંજૂરી મળશે
2 કોવેક્સિન લેનારા ભારતીયો માટે વિદેશ પ્રવાસના દ્વાર ખુલ્યા
3 કોવેક્સિન લેનારા ભારતીયોને વિદેશમાં ક્વોરન્ટાઇન થવું નહીં પડે
4 ભારત હવે વિશ્વભરમાં કોવેક્સિનની નિકાસ કરી શકશે

**8. દિન વિશેષ : 31 ઓક્ટોબર : લદ્દાખનો સ્થાપના દિવસ**




**9. દિન વિશેષ : 1 નવેમ્બર (1) 77મો વિશ્વ શાકાહાર દિવસ**

- ✓ **થીમ-2021 : Vegan for the less**

**(2) 1 નવેમ્બર : મધ્ય પ્રદેશ, કર્ણાટક અને હરિયાણાનો સ્થાપના દિવસ**

**10. જન્મ દિન વિશેષ : 3 નવેમ્બર**

**શાસક અને વિજ્ઞાની સવાઇ જયસિંહ બીજા**



**જન્મ : 03 નવેમ્બર 1688 અવસાન : 1743**

- ✓ **જયપુર નગરના સ્થાપક અને સાંસ્કૃતિક-વિજ્ઞાનના ક્ષેત્રે પ્રસિદ્ધ શાસક સવાઇ જયસિંહ બીજાનો જન્મદિવસ**
- ✓ આ ઉપરાંત **સ્વતંત્ર ભારતની સર્વોચ્ચ અદાલતના પહેલા મુખ્ય ન્યાયધીશ હરિલાલ કાણીયા અને અભિનેતા પૃથ્વીરાજ કપૂરનો જન્મદિવસ**
- ✓ જયસિંહ 11 વર્ષની વયે આમેરના રાજા બન્યા હતા. મોગલ બાદશાહે તેમને સવાઇ (એક વ્યક્તિ કરતા પા ગણા મોટા)નું બિરુદ આપ્યું હતું.
- ✓ સવાઇ જયસિંહે વર્ષ 1727માં નિયોજન અને વાસ્તુકલાના અદભુત નમૂના સમાન જયપુર નગરની સ્થાપના કરી હતી.
- ✓ જયસિંહને જ્યોતિષ અને વિજ્ઞાનમાં પુષ્કળ રસ હોવાથી તે અંગેનું ગહન અધ્યયન અને સંશોધન કર્યું, પ્રચલિત જ્યોતિષશાસ્ત્રની ગણતરીઓ સુધારી હતી.
- ✓ તેમણે 'જીજ મુહમ્મદશાહી' નામથી બધી ગણતરીઓનું પુસ્તક પણ લખ્યું છે.
- ✓ તેમણે જયવિનોદ પંચાંગ અને સમ્રાટ સિદ્ધાંતની રચના પણ કરી હતી.
- ✓ નક્ષત્ર વિજ્ઞાનના ક્ષેત્રે નવા આયામો રચનાર અને જ્યોતિષવિધાને નવો આધાર અને આકાર આપનાર સવાઇ જયસિંહ બીજાનું વર્ષ 1743માં અવસાન થયું.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (03-11-2021)

**1.** નવેમ્બર 2021માં જાહેર કરાયેલા 6ઠ્ઠા પબ્લિક અફેર્સ ઇન્ડેક્સ-2021 અગ્રેસર રાજ્યો અને તેનો ક્રમ અંગે કઇ બાબતો યોગ્ય છે

1. કેરળ દેશનું પ્રથમ રાજ્ય
2. તામિલનાડુ બીજા તથા તેલંગણા ત્રીજા ક્રમે
3. ગુજરાત પાંચમા ક્રમે

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**2.** ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારતીય ત્રિરંગાની થીમ ઉપર આધારિત ક્યા સ્થળે ભારતીય જવાનો સાથે દીપાવલી પર્વની ઊજવણી કરી

(A) ઈન્ડિયા બ્રિજ-કચ્છ (B) નડાબેટ-બનાસકાંઠા

**(C) ધોરડો-કચ્છ** (D) સરદાર ચોકી-કચ્છ

**3.** દીપાવલી પર્વ નિમિતે અયોધ્યામાં સરયૂ નદીના કિનારે 36 હજાર લિટર સરસિયાના તેલના કેટલા દિપ પ્રગટાવીને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યુ

(A) અંદાજે 10 લાખ **(B) અંદાજે 12 લાખ**

(C) અંદાજે 14 લાખ (D) અંદાજે 15 લાખ

**4.** નવેમ્બર 2021માં દેશમાં ઘરે-ઘરે જઇને કોરોનાની રસી આપવાના કયા અભિયાનનો કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ નવી દિલ્હીથી પ્રારંભ કરાવ્યો

(A) હર ઘર કોરોના રસી અભિયાન (B) હર ઘર વેક્સિન અભિયાન

**(C) હર ઘર દસ્તક અભિયા** (D) ઘર-ઘર કોરોના રસી અભિયાન

**5.** વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કુલ 21મી વાર નવેમ્બર 2021માં જમ્મુ કશ્મીરના ક્યા સેકટરમાં જવાનો સાથે દિવાળી મનાવી

(A) રાજૌરી (B) નૌશેરા (C) દ્રાસ **(D) A અને B બંને**

**6.** PM શ્રી નરેન્દ્ર મોદીએ નવેમ્બર 2021માં નવું બેસતું વર્ષ ક્યા યાત્રાધામમાં પૂજા-અર્ચના કરી ઉજવ્યું હતુ –

**(A) કેદારનાથ** (B) બદ્રીનાથ (C) યમનોત્રી (D) ગંગોત્રી

**7.** નવેમ્બર 2021માં BCCI ભારતીય ક્રિકેટ ટીમના નવા મુખ્ય કોચ તરીકે કયા પૂર્વ સુકાનીની વર્ષ 2023 સુધી નિમણૂક કરાઇ

(A) સુનિલ ગ્રાવસ્કર (B) સૌરવ ગાંગુલી

**(C) ધ વૉલ રાહુલ દ્રવિડ** (D) રવિ શાસ્ત્રી

**8.** નવેમ્બર 2021માં WHO દ્વારા ભારતની કઇ સ્વદેશી કોરોના વેક્સિનને ઇમર્જન્સી ઉપયોગની મંજૂરી અપાઇ

**(A) કોવેક્સિન** (B) સ્પુતનિક

(C) કોવિશિલ્ડ (D) ઝાયકોવ-ડી

**9.** લદ્દાખનો સ્થાપના દિવસ જણાવો

**(A) 31 ઓક્ટોબર** (B) 1 નવેમ્બર

(C) 2 નવેમ્બર (D) 3 નવેમ્બર

**10.** 1 નવેમ્બર 2021ના રોજ કેટલામો વિશ્વ શાકાહાર દિવસ મનાવવામાં આવ્યો

(A) 75 (B) 76 **(C) 77** (D) 78

**11.** વિશ્વ શાકાહાર દિવસ-2021ની થીમ જણાવો

**(A) Vegan for the less** (B) Vegan for the future

(C) Vegan for the health (D)Vegetarian for the less

**12.** 1 નવેમ્બર ક્યા રાજયનો સ્થાપના દિવસ નથી

(A) મધ્ય પ્રદેશ (B) કર્ણાટક (C) હરિયાણા **(D) આસામ**

**13.** શાસક અને વિજ્ઞાની સવાઇ જયસિંહ બીજાનો જન્મ દિવસ જણાવો

(A) 2 નવેમ્બર 1687 **(B) 3 નવેમ્બર 1688**

(C) 4 નવેમ્બર 1689 (D) 3 નવેમ્બર 1698

**14.** જયસિંહ બીજાએ ક્યારે નિયોજન અને વાસ્તુકલાના અદભુત નમૂના સમાન જયપુર નગરની સ્થાપના કરી હતી

(A) વર્ષ 1721 (B) વર્ષ 1724 **(C) વર્ષ 1727** (D) વર્ષ 1772

## DATE : 04-11-2021

### 1. PM શ્રી નરેન્દ્ર મોદીની વિવિધ સ્થળે દિવાળી પર્વની ઊજવણી



**તારીખ અને સ્થળ :**

- ✓ **23 ઓક્ટોબર, 2014 :** વડાપ્રધાન બન્યા પછીની પહેલી દિવાળી **સિયાચીન**માં મનાવી
- ✓ **11 નવેમ્બર 2015:** **પંજાબ સરહદે** સૈન્યના જવાનો સાથે દિવાળી મનાવી.
- ✓ **30 ઓક્ટો.2016 :** **હિમાચલના કિન્નૌરમાં** ચીન સરહદે દિવાળી ઊજવી.
- ✓ **18 ઓક્ટો.2017:** **જમ્મુ-કાશ્મીરના ગુરેઝમાં** સૈન્યના જવાનો સાથે ઉજવણી.
- ✓ **7 નવે.2018 :** **ઉત્તરાખંડના હર્ષિલમાં** ઇન્ડો-તિબેટ પોલીસ ફોર્સના જવાનો સાથે દિવાળી,
- ✓ **27 ઓક્ટો.2019 :** **કાશ્મીરમાં એલઓસી** પર દિવાળી મનાવી.
- ✓ **14 નવે.2020 :** **રાજસ્થાનના જેસલમેરમાં લોંગેવાલ પોસ્ટ** પર જવાનો સાથે દિવાળી ઉજવી.

### 2.કેન્દ્ર સરકાર પેટ્રોલ-ડિઝલની એકસાઇઝ ડ્યુટીના દરમાં ઘટાડો

- ✓ પેટ્રોલ : રૂ. 5
- ✓ ડીઝલ : રૂ. 10




- ✓ પ્રથમ દિવસે 10 ભાજપ શાસિત સહિત કુલ 11 રાજયોએ અલગ-અલગ વેટ ઘટાડયો

### 3. યોગા બ્રેક : કેન્દ્ર સરકાર કર્મચારીઓને હવે યોગ કરવા પાંચ મિનિટના 'યોગા બ્રેક' રિષેશ આપશે



**મૂળ હેતુ :**

- ✓ કેન્દ્ર સરકારે કર્મચારીઓની કાર્યક્ષમતા વધારવા માટે કાર્યાલયમાં કર્મચારીઓને 'યોગા બ્રેક' આપવાના નિર્ણયનો અમલ શરૂ કર્યો.
- ✓ કાર્યના સમયમાં થોડીક મોકળાશ મળે સાદી કવાયતો કરવામાં આવે તો કર્મચારીની ઉત્પાદકતા વધે છે.
- ✓ **મંત્રાલય : આયુષ મંત્રાલય, ભારત સરકાર**

### 4. બ્રિટન : પાંચ પાઉન્ડનો ગાંધીજીનો ખાસ સિક્કો નાણામંત્રી શ્રી ઋષિ સુનક દ્વારા લોન્ચ કરાયો



- ✓ **હેતુ :** મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવા

**સિક્કા વિશે :**

- ✓ વિશેષ સંગ્રાહકો માટેના આ ગોળ સિક્કામાં ભારતના રાષ્ટ્રીય ફૂલ કમળ સાથે ગાંધીજીનું એક પ્રસિદ્ધ ક્વોટ મુકાયું છે જેમાં કહેવામાં આવ્યું છે કે **મારું જીવન જ મારો સંદેશ** છે.




**વિગત :**દિવાળીના હિન્દુ તહેવારને ચિન્હિત કરવા માટે રોયલ મિન્ટના સંગ્રહનો આ એક હિસ્સો છે.

- ✓ આ પ્રથમ પ્રસંગ છે કે ભારતને બ્રિટિશરોથી આઝાદ કરવા માટે અહિંસક વિરોધ કરવા માટે પ્રસિદ્ધ થયેલાં મહાત્માને બ્રિટનના સત્તાવાર સિક્કા ઉપર યાદ કરવામાં આવ્યા છે.

### 5. દિન વિશેષ : આસો વદ અમાસ

### દીપાવલી પર્વ : વિક્રમ સંવત 2077




### 6. જન્મ દિન વિશેષ : 04 નવેમ્બર

### (1) આદ્ય ક્રાંતિકારી : વાસુદેવ ફડકે




**જન્મ : 4 નવેમ્બર 1845 અવસાન : 17 ફેબ્રુઆરી 1883**

- ✓ સન 1857ના સંગ્રામ અને હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના વચ્ચે ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓનું રણશિંગું ફૂંકનાર વાસુદેવ બળવંત ફડકેનો જન્મદિવસ.
- ✓ જનજાગૃતિ માટે ભાષણો આપ્યાં, શિક્ષિતોએ સહકાર ન આપતાં નિરક્ષરોનું સંગઠન સાધ્યું.
- ✓ મહારાષ્ટ્રમાં કોળી, ભીલ અને ધાંગડ લોકોનું સંગઠન સાધીને "રામોશી" નામનું ક્રાંતિકારી સંગઠન પણ ઊભું કર્યું હતું. તે પછી દેશવ્યાપી સંગઠનની ગુપ્ત યોજના બનાવી.
- ✓ તેઓ કહેતા કે મને રૂ. 5 હજાર અને 200 વીર પુરુષો મળી જાય તો ભારતમાંથી અંગ્રેજોને ભગાડી દઉં.
- ✓ અંગ્રેજો સામેની લડત માટે ધનિકો પાસે ધનની યાચના કરી હતી.
- ✓ મુંબઈમાં ગવર્નર સીચર્ડ ટેમ્પલનું માથું લાવનાર માટે ઇનામની જાહેરાત પણ કરી હતી.

### (2) ગુજરાતના સુપ્રસિદ્ધ સદાવ્રતી સંત શિરોમણિ ભક્ત શ્રી જલારામબાપા

**જન્મ : 4 નવેમ્બર 1799**

- ✓ સંતશ્રી જલારામબાપાનો જન્મ વીરપુરમાં થયો. તેમના પિતા પ્રધાન ઠક્કર દુકાનદાર હતા. તેમનાં માતા રાજબાઈ અત્યંત ધાર્મિક સંન્નારી હતાં.




- ✓ તેઓ સાધુસંતોની ખૂબ સેવા કરતાં. આથી બાળક જલારામને પણ માતા તરફથી સંતસેવા અને રામસ્મરણનો વારસો મળ્યો હતો.
- ✓ તેમના લગ્ન આટકોટના પ્રાગજીભાઈ ઠક્કરનાં પુત્રી વીરબાઈ સાથે થયાં હતાં.
- ✓ લગ્ન પછી જલારામ પિતાની દુકાને બેસવા લાગ્યાં. સાધુસંતો દુકાને આવે તેમને જલારામ જરૂરી વસ્તુઓ વિનામૂલ્ય - મફત જ આપી દેતા. તેમના પિતાને આ લક્ષણો ન ગમ્યાં. તેમણે જલારામને જુદા રહેવા મોકલ્યા.
- ✓ તેઓ તેમના કાકા વાલજી ઠક્કર સાથે રહેવા લાગ્યા. કાકાની દુકાન સંભાળવા લાગ્યા. અહીં પણ તેમની પરોપકારની ભાવના એ જ હતી.
- ✓ એક વાર જૂનાગઢ-સોમનાથની યાત્રાએ જતા સાધુઓની મંડળીને તેમણે દુકાનમાંથી ખૂબ સામાન આપી દીધો.
- ✓ સામાન લેવા આવેલા સાધુ એ ઊંચકી શક્યા નહીં. આથી પોતે એ સામાન ઊંચકીને મૂકવા ગયા.
- ✓ કાકાએ દુકાનમાં તપાસ કરી તો દુકાનનો બધો જ સામાન યથાવત હતો. તેમને જલારામની ચમત્કારિક અને આધ્યાત્મિક શક્તિનો પરિચય થયો.
- ✓ સમગ્ર વીરપુરમાં જલારામની આધ્યાત્મિકતાનો સ્વીકાર થયો. એ પછી જલારામને સંસારમાં બિલકુલ રસ ન રહ્યો.

- ✓ તેઓ 18 વર્ષની ઉંમરે યાત્રાએ નીકળ્યા. બે વર્ષ સુધી યાત્રાધામોમાં ફરી તેઓ વીરપુરમાં પાછા આવ્યા. તેમણે એક આશ્રમ સ્થાપ્યો.
- ✓ પતિ-પત્ની બંને રાત-દિવસ મહેનત- મજૂરી કરીને અનાજ લાવતાં. તેમાંથી પોતાની જરૂરિયાત જેટલું વાપરી બાકીનું સંગ્રહ કરતાં.
- ✓ આમ અનાજ એકત્રિત થતાં તેઓ અન્નદાન કરવા માટે તત્પર થયાં. આવું સદાવ્રત સતત ચાલે માટે તેમણે તેમના ગુરુના આશીર્વાદ માંગેલા.
- ✓ જલારામબાપાએ અમરેલી પાસે ફતેહપુરા જઇ ત્યાંના પ્રસિદ્ધ સંત ભોજા ભગત પાસે ગુરુદીક્ષા લીધેલી. તેમજ અન્નદાનની આજ્ઞા માગેલી.
- ✓ 1822માં જલારામ વીરપુરમાં સાધુસંતો અને ગરીબ ગુરબાંઓ માટે સદાવ્રત ચાલુ કર્યું. એ સમયે તેમની ઉંમર માત્ર 22 વર્ષની હતી. એ જ વર્ષે દુષ્કાળ પડ્યો ત્યારે જલારામ ભૂખ્યા અને દુ:ખિયારા લોકોનો વિસામો બન્યા હતા.
- ✓ રોગીઓ, અંધો, લકવાગ્રસ્ત અપંગો, પીડિતો સાજા થવાની આશાએ તેમના આશીર્વાદ લેવા આવવા લાગ્યા.
- ✓ ભક્ત જલારામબાપાની કીર્તિ પ્રસરતી ગઇ. પછી તો સદાવ્રત માટે દાનનો પ્રવાહ પણ વહેલા લાગ્યો. જલારામબાપા અને વીરબાઇ સતત રામનામ જપતાં. સાધુસંતોની સેવા કરતાં.
- ✓ તેઓ સર્વમાં રામનું સ્વરૂપ જોતાં સૌને સમાનભાવે અન્નજળ આપી સંતોષ આપતાં. હંમેશાં દયા, દાન અને દીનતા રાખીને પ્રભુભજન અને પરમાર્થ કરવાનો ઉપદેશ આપતાં.
- ✓ લોકસમુદાય તેમને જલારામબાપા અને વીરબાઈમા તરીકે સંબોધતો.
- ✓ વીરબાઈની સમાધિ જલારામની જગ્યાની નજીક આવેલી છે. તેમને એક પુત્રી હતી. એમનાં સંતાનોએ જલારામની જગ્યાનો ઉત્તરાધિકાર સંભાળી આજે પણ સદાવ્રત અખંડપણે ચાલુ રાખ્યું છે.
- ✓ આજે પણ જલારામની જગ્યામાં ચાલતા સદાવ્રતમાં બે-વાર ભોજન આપવામાં આવે છે.
- ✓ અહીં રામજીનું મંદિર છે. એક બાજુ જલારામ બાપાની પૂરા કદની મૂર્તિ- છબીની પ્રતિષ્ઠા કરવામાં આવેલી છે.
- ✓ મંદિરમાં ગર્ભગૃહમાં વીરબાઈમાને એક વૃદ્ધ મહાત્માએ આપેલ ઝોળી અને ધોકો સ્મૃતિ રૂપે સચવાયેલાં છે.
- ✓ ગુજરાતમાં અને ગુજરાત બહાર જલારામબાપાની પૂરા કદની મૂર્તિઓવાળાં મંદિરો છે.
- ✓ આમાંનાં કેટલાંક મંદિરોમાં સદાવ્રત- ગરીબોને ભોજન આપવામાં આવે છે.
- ✓ આજે પણ લોકો આસ્થા અને શ્રદ્ધાથી જલારામબાપાની માનતા માને છે અને તેઓની મનની મુરાદ પૂરી પણ થાય છે.
- ✓ 23 ફેબ્રુઆરી, 1881ના રોજ આ પરોપકારી પરદુ:ખભંજન સંતશ્રી જલારામબાપાનો નશ્વર દેહ પંચમહાભૂતમાં વિલીન થઇ ગયો.

**(3) સવાયા ગુજરાતી - ફાધર વાલેસ**

**જન્મ : 4 નવેમ્બર 1925 અવસાન : 9 નવેમ્બર 2025**

- ✓ 'આ ગુજરાતી ભાષા જેવી સરળતા બીજે ક્યાંય જોવા મળે તો તમે નવી શોધ કરી છે એમ માનજો' – આવું કહેનાર સવાયા ગુજરાતી અને ગુજરાતી ભાષાપ્રેમી ફાધર વાલેસનો જન્મ સ્પેનમાં થયો



- ✓ સ્પેનના ગૃહયુદ્ધ દરમિયાન માતા સાથે સર્વસ્વ છોડી ખ્રિસ્તી આશ્રમમાં રહેનાર વાલેસને 1949માં ચર્ચે સેવાર્થે ભારત મોકલ્યા હતા. અહીં તેઓએ મદ્રાસ યુનિવર્સિટીમાંથી ગણિતશાસ્ત્રમાં એમએ કરી, અમદાવાદની સેંટ ઝેવિયર્સ કોલેજમાં ગણિતના પ્રાધ્યાપક નિમાયા.
- ✓ ગુજરાતી ભાષા તેઓએ બે વર્ષમાં શીખી હતી.
- ✓ 1958માં તેઓ ખ્રિસ્તી ફાધર બન્યા હતા.
- ✓ ગણિત શીખવતા તેમણે ગુજરાત યુનિવર્સિટી માટે ગણિતનાં ઘણાં અંગ્રેજી પારિભાષિક શબ્દોનું ગુજરાતી ભાષાંતર કર્યું હતું.
- ✓ સુગણિતમ ગણિતના પારિભાષિક શબ્દો શીખવતું ભારતીય ભાષાનું પુસ્તક હતું.
- ✓ ગુજરાતી શબ્દકોષ જ્ઞાનગંગામાં ગણિતના પારિભાષિક શબ્દો તેમનું પ્રદાન છે.
- ✓ કુમાર અને બીજા સામયિકોમાં યુવા વિષયક પ્રેરણાત્મક લેખ લખતા તેમણે 70થી વધુ પુસ્તકો અંગ્રેજીમાં અને 25 પુસ્તકો ગુજરાતીમાં લખ્યાં છે.
- ✓ સદાચાર, લગ્નસાગર તેમના જાણીતાં પુસ્તકો છે.
- ✓ ફાધર વાલેસ રણજિતરામ સુવર્ણચંદ્રક, નર્મદ અને કુમાર ચંદ્રક મેળવનાર પહેલા પરદેશી અને બિનગુજરાતી હતા.

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (04-11-2021)

**1.** વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ શહીદ જવાનો વચ્ચે સરહદે ઉજવેલી છેલ્લી ચાર દિવાળીમાં કોનો સમાવેશ થાય છે

1. 18 ઓક્ટો. 2017 : જમ્મુ-કાશ્મીરના ગુરેઝમાં
2. 7 નવે. 2018 : ઉત્તરાખંડના હર્ષિલમાં
3. 27 ઓક્ટો.2019 : કાશ્મીરમાં એલઓસી
4. 14 નવે.2020 : રાજસ્થાનના જેસલમેરમાં લોંગેવાલ પોસ્ટ

(A) 1 અને 2 (B) 3 અને 4 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**2.** નવેમ્બર 2021માં બ્રિટનના નાણામંત્રી શ્રી ઋષિ સુનક દ્વારા પાંચ પાઉન્ડનો ગાંધીજીનો ખાસ સિક્કો લોન્ચ કરાયો તે અંગે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવા
2. આ સિક્કામાં ભારતના રાષ્ટ્રીય ફૂલ કમળ સાથે ગાંધીજીનું એક પ્રસિદ્ધ ક્વોટ મુકાયું
3. સિક્કામાં ગાંધીજીનું ક્વોટ-'મારું જીવન જ મારો સંદેશ'

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**3.**નવેમ્બર 2021માં કેન્દ્ર સરકારે પેટ્રોલ-ડિઝલની એકસાઇઝ ડ્યુટીમાં કેટલા ટકાનો ઘટાડો કર્યો

(A) રૂ. 3 તથા રૂ. 7 (B) રૂ. 4 તથા રૂ. 8

**(C) રૂ. 5 તથા રૂ. 10** (D) રૂ. 7 તથા રૂ. 14

4. કેન્દ્ર સરકાર કર્મચારીઓને યોગ કરવા માટે કઇ વિશેષ પાંચ મિનિટની રિષેશ આપશે

(A) યોગા વર્ગ (B) યોગા ધ્યાન કેન્દ્ર

**(C) યોગા બ્રેક** (D) યોગા શિબિર

5. ભારતભરમાં દીપાવલી પર્વ ક્યારે મનાવવામાં આવે છે

(A) આસો સુદ પૂનમ **(B) આસો વદ અમાસ**

(C) કારતક વદ અમાસ (D) કારતક સુદ પૂનમ

6. સવાયા ગુજરાતી તરીકે ઓળખાતા ફાધર વાલેસનો જન્મ ક્યાં-ક્યારે થયો હતો

(A) પેરિસ તથા 7 નવેમ્બર 1920 (B) લંડન તથા 6 નવેમ્બર 1921

(C) લંડન તથા 5 નવેમ્બર 1924 **(D) સ્પેન તથા 4 નવેમ્બર 1925**

7. ક્રાંતિકારી વાસુદેવ ફડકેએ મહારાષ્ટ્રમાં કોળી, ભીલ અને ધાંગડ લોકોનું સંગઠન સાધી કયુ ક્રાંતિકારી સંગઠન ઊભું કર્યું હતું

**(A) રામોશી** (B) ઈન્કલાબ (C) ખામોશી (D) હિન્દુ સેના

8. આદ્ય ક્રાંતિકારી વાસુદેવ ફડકેનો જન્મ દિવસ જણાવો

(A) 1 નવેમ્બર 1839 (B) 2 નવેમ્બર 1842

**(C) 4 નવેમ્બર 1845** (D) 5 નવેમ્બર 1854

9. ગુજરાતના સુપ્રસિદ્ધ સદાવ્રતી સંત શિરોમણિ ભક્ત શ્રી જલારામબાપાનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) 6 નવેમ્બર 1788 તથા જેતપુર

**(B) 4 નવેમ્બર 1799 તથા વીરપુર**

(C) 3 નવેમ્બર 1792 તથા મોરબી

(D) 1 નવેમ્બર 1795 તથા જસદણ

10. સંતશ્રી જલારામબાપાએ કયા વર્ષે વીરપુરમાં સાધુસંતો અને ગરીબ ગુરબાંઓ માટે સદાવ્રત ચાલુ કર્યું

(A) 1720 (B) 1817 (C) 1820 **(D) 1822**

**DATE : 05-11-2021**

## 1. અયોધ્યા-ઉત્તરપ્રદેશ : 5મો દીપોત્સવ મહોત્સવ 2021 યોજાયો

- ✓ નદી : સરયૂ
- ✓ મુખ્યમંત્રી : શ્રી યોગી આદિત્યનાથ



## 2. મોલ્નુપિરાવિર ટેબલેટ : કોવિડ-19ની સારવાર માટે ટેબલેટને મંજૂરી આપનારો બ્રિટન વિશ્વનો પ્રથમ દેશ

- ✓ કંપની : મર્ક ફાર્મા, જર્મની




**શું ફાયદો થશે :**

- ✓ મોલ્નુપિરાવિર ખૂબ જ જલદી કોવિડ-19ના લક્ષણોને ઘટાડશે. તેના ઉપયોગથી દર્દી જલ્દીથી સાજા થઇ શકે છે.
- ✓ કોરોનાની સારવારમાં આ ટેબલેટને ઐતિહાસિક સફળતા મળે તેવી શક્યતા. તેનાથી મૃત્યુની સંખ્યામાં ઘટાડો થઇ શકશે.
- ✓ ઉપરાંત મોટાભાગના દર્દીઓને હોસ્પિટલ જવાને બદલે ઘરે જ સારા થવાની શક્યતા વધી જશે.
- ✓ અત્યારે અમેરિકા અને યુરોપમાં પણ આ દવાના ટ્રાયલ ચાલી રહ્યા છે અને એવું માનવામાં આવે છે કે બ્રિટન બાદ અન્ય દેશો પણ તેને મંજૂરી આપી શકે છે.

## 3. USA : દિવાળીના દિવસને 'નેશનલ હોલિડે' તરીકે ઉજવવા US સંસદમાં નવું બિલ રજૂ

- ✓ અમેરિકાની સંસદમાં દિવાળી પર્વ નિમિત્તે દિવાળીને નેશનલ હોલિડે ઘોષિત કરવા માટે ન્યૂયોર્કના સાંસદ કેરોલિન બી મેલોનીના નેતૃત્વ હેઠળ સાંસદો દ્વારા બિલ રજૂ કરવામાં આવ્યું
- ✓ મેલોનીએ એક કાર્યક્રમમાં કહ્યું કે, ઇન્ડિયન કોક્સના સભ્યો સાથે આ સપ્તાહે દિવાળી દિવસ અધિનિયમ રજૂ કરીને હું ખૂબ જ ખુશ અને ઉત્સાહિત છું, તેનાથી કાયદા પ્રમાણે દિવાળીના દિવસે જાહેર રજા મળી શકશે.

## 4. દિન વિશેષ : કારતક સુદ એકમ

## વિક્રમ સંવત 2078ના નૂતન વર્ષનો પ્રારંભ




## 5. જન્મ દિન વિશેષ : 05 નવેમ્બર પાઠક સાહેબ : દેવવ્રત

**જન્મ : 5 નવેમ્બર 1920 અવસાન : 8 સપ્ટેમ્બર 2006**

- ✓ રાજ્યશાસ્ત્રી દેવવ્રત પાઠક સ્નાતક મુંબઇ યુનિ.માં પ્રથમ ક્રમે અને અનુસ્નાતક શિકાગો યુનિ.થી થયા હતા.
- ✓ પાઠક સાહેબે રાજ્યશાસ્ત્રના અધ્યાપક તરીકે એલ. ડી. આર્ટસ કોલેજ અને ગુજરાત યુનિ.ના રાજ્યશાસ્ત્ર વિભાગમાં સેવાઓ આપી હતી.
- ✓ ગુજરાતના રાજ્યશાસ્ત્ર મંડળ જેવી અનેક ગાંધીવાદી અને લોકશાહીવાદી સંસ્થાઓના તેઓ સ્થાપક અને સંવર્ધક રહ્યા હતા.
- ✓ કોમી સંવાદિતાના પ્રખર હિમાયતી દેવવ્રત પાઠકે 1975માં કટોકટીનો વિરોધ કર્યો હતો.
- ✓ તેઓ સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ પણ રહ્યા હતા.

**અગત્યના પુસ્તકો :**

✓ <u>આપણા રાજ્ય બંધારણનો પરિચય, નાગરિકતા પરિચય, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી-1971 : એક અભ્યાસ, જગત ઈતિહાસ દર્શન, ચોથી ચૂંટણી ભારતમાંને ગુજરાતમાં, થ્રી જનરલ ઇલેક્શન ઇન ગુજરાત - 1952-1962, સરદાર વલ્લભભાઈ પટેલ ફ્રોમ સિવિક ટુ નેશનલ લીડરશીપ, ડાઇમેન્શન ઓફ પોલિટિકલ બિહેવિયર ઇન ગુજરાત 1971 જેવાં પુસ્તકો લખ્યાં છે.</u>

<u>વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (05-11-2021)</u>

**1.** દિપાવલી પર્વ નિમિતે 2021માં અયોધ્યામાં સરયૂ નદી કિનારે સતત કેટલામો દીપોત્સવ મહોત્સવ યોજાયો

(A) 6 **<u>(B) 5</u>** (C) 4 (D) 3

**2.** નવેમ્બર 2021માં કોવિડ-19ની સારવાર માટે ટેબલેટને મંજૂરી આપનારો વિશ્વનો પ્રથમ દેશ જણાવો

(A) ભારત (B) સ્વિડન **<u>(C) બ્રિટન</u>** (D) અમેરિકા

**3.** કોવિડ-19ની સારવાર માટે જર્મનીની મર્ક ફાર્મા કંપની દ્વારા કઈ ટેબ્લેટ તૈયાર કરવામાં આવી જેને નવેમ્બર 2021માં બ્રિટન દ્વારા મંજૂરી આપવામાં આવી -

(A) ટેમિફ્લૂ (B) મોલાન પિરાવર
(C) રેમડેસિવિર **<u>(D) મોલ્નુપિરાવિર</u>**

**4.** દિવાળીના દિવસને 'નેશનલ હોલિડે' તરીકે ઉજવવા કઈ દેશની સંસદમાં નવેમ્બર 2021માં નવું બિલ રજૂ કરાયું

(A) અમેરિકા **<u>(B) બ્રિટન</u>** (C) કેનેડા (D) ઓસ્ટ્રેલિયા

**5.** નવેમ્બર 2021માં કારતક સુદ એકમના રોજ વિક્રમ સંવતના કેટલામાં નૂતન વર્ષનો પ્રારંભ થયો

(A) 2076 (B) 2077 **<u>(C) 2078</u>** (D) 2079

**6.** પાઠક સાહેબ તરીકે પંકાયેલા દેવવ્રત પાઠકનો જન્મદિન જણાવો

(A) 9 નવેમ્બર 1935 (B) 7 નવેમ્બર 1931
(C) 6 નવેમ્બર 1925 **<u>(D) 5 નવેમ્બર 1920</u>**

**7.** ગુજરાતના રાજ્યશાસ્ત્ર મંડળ જેવી અનેક ગાંધીવાદી અને લોકશાહીવાદી સંસ્થાઓના તેઓ સ્થાપક અને સંવર્ધકનું નામ જણાવો

(A) દેવવ્રત આચાર્ય **<u>(B) દેવવ્રત પાઠક</u>**
(C) રા.વિ. પાઠક (D) ધીરેન્દ્ર પાઠક

## DATE : 06-11-2021

### <u>1. 'એલિમેન્ટસ' એપ : સોશિયલ મીડિયા એપ 'એલિમેન્ટસ'ના ગુજરાતી વર્ઝનનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે ઈ-લોન્ચિંગ</u>




**<u>'એલિમેન્ટસ' એપની વિશેષતા :</u>**

✓ આ એપ્લિકેશન આત્મનિર્ભર ભારતનું શ્રેષ્ઠ ઉદાહરણ

✓ આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા શ્રી શ્રી રવિશંકરજીની પ્રેરણાથી બનાવવામાં આવેલી સોશિયલ મીડિયા એપ્લિકેશન એલિમેન્ટસથી ગુજરાતી ભાષાના જાણકારો સંદેશાની આપ-લે સરળતાથી કરી શકશે.

✓ આ એપ્લિકેશન ભારતીયોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. તેમાં સમાવિષ્ટ નાગરિકોનો સમગ્ર ડેટા ગોપનીય અને ભારતમાં જ રહેશે. આ <u>એપના ગ્રુપમાં એક સાથે 300થી વધુ નાગરિકો જોડી શકાશે</u>. આ ઉપરાંત ઓડિયો – વિડીયોની શ્રેષ્ઠ ગુણવત્તા સાથે યુઝર્સ વોઇસ અને વિડીયો કોલ કરી શકશે.

### <u>2. રામાયણ સર્કિટ ટ્રેનનો નવી દિલ્હીથી પ્રારંભ : તા. 07 નવેમ્બર 2021થી</u>



✓ **<u>હેતુ :</u>** ધાર્મિક પ્રવાસને પ્રોત્સાહન આપવા

✓ **<u>આયોજક :</u>** ઇન્ડિયન રેલવે કેટરિંગ ઍન્ડ ટૂરિઝ્મ કૉર્પોરેશન (આઇઆરસીટીસી)

**<u>અન્ય બાબતો :</u>**

✓ યાત્રા માટેની ખાસ ટ્રેન અને ડિલક્સ ટૂરિસ્ટ ટ્રેનને યાત્રાળુઓની સંખ્યા અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને દોડાવાશે.

✓ <u>રામાયણ સર્કિટ ટ્રેન નવી દિલ્હીથી સાતમી નવેમ્બરે ઊપડશે અને બાદમાં અન્ય ચાર ટ્રેન પણ ચાલુ મહિને દોડાવાશે.</u>

✓ શ્રી રામાયણયાત્રા એક્સપ્રેસ-મદુરાઇ ટ્રેન 18 નવેમ્બરે ઊપડશે. તેમાં સ્લિપર વર્ગના ડબા હશે. આ પૅકેજ 12 રાત અને 13 દિવસનો રહેશે.

✓ શ્રી રામાયણયાત્રા એક્સપ્રેસ - શ્રી ગંગાનગર યાત્રા માટેની ખાસ ટ્રેન ઉત્તર ભારતમાં દોડાવાશે.

### <u>3. હરિયાણા સરકાર : ખાનગી ક્ષેત્રમાં 75 ટકા જગ્યાઓ સ્થાનિકો માટે અનામત રાખવા જાહેરનામું પ્રસિદ્ધ</u>




✓ **<u>અમલ : 15મી જાન્યુઆરી 2022થી</u>**

**<u>અન્ય વિગત :</u>**

✓ હરિયાણા સ્થિત ખાનગી કંપનીઓ, ટ્રસ્ટો, સોસાયટીઓમાં પડનારી નવી વેકેન્સીઓમાંથી 75 ટકા સ્થાનિક ઉમેદવારોથી ભરવા અંગે આદેશ આપવામાં આવ્યો,

- ✓ ધ હરિયાણા સ્ટેટ એમ્પ્લોયમેન્ટ ઓફ લોકલ કેન્ડિડેંટસ એક્ટ 2020 આગામી વર્ષની 15મી જાન્યુઆરીથી અમલમાં આવશે.
- ✓ હરિયાણા સરકારે બહાર પાડેલા જાહેરનામામાં કહ્યું છે કે 'હરિયાણા સ્ટેટ એમ્પ્લોયમેન્ટ ઓફ લોકલ કેન્ડિડેટસ

## 4. અમેરિકાની ડેટા ઇન્ટેલિજન્સ ફર્મ ધ મોર્નિંગ કન્સલ્ટ : ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એક વખત વિશ્વના સૌથી લોકપ્રિય નેતા તરીકે પસંદગી પામ્યા



**વિગત :**

- ✓ **અમેરિકાની ડેટા ઇન્ટેલિજન્સ ફર્મ ધ મોર્નિંગ કન્સલ્ટના સર્વે અનુસાર** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અપ્રૂવલ રેટિંગમાં અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડેન અને બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસન સહિત વિશ્વના 13 દેશોના પ્રમુખોને પાછળ છોડી દીધા છે. **વડાપ્રધાન મોદીનું અપ્રૂવલ રેટિંગ 70 ટકા** છે.
- ✓ આ સર્વે 5 નવેમ્બરે અપડેટ કરવામાં આવ્યો

**મે 2020માં સૌથી વધું 84 ટકા અપ્રૂવલ રેટિંગ હતું**

- ✓ વડાપ્રધાન મોદીનું અપ્રૂવલ રેટિંગ મે 2020માં સૌથી વધુ 84 ટકા પર હતું. આ સમયગાળા દરમિયાન ભારત કોરોના મહામારીમાંથી બહાર નિકળી રહ્યું હતું.
- ✓ આ વર્ષે જૂનમાં જાહેર થયેલ યાદીની અપ્રૂવલ રેટિંગની સરખામણીમાં નવી જાહેર યાદીમાં મોદીનું અપ્રૂવલ રેટિંગ સુધર્યું છે. જૂનમાં મોદીનું અપ્રૂવલ રેટિંગ 66 ટકા હતું. મોદીના ડિસઅપ્રૂવલ રેટિંગમાં પણ ઘટાડો થયો છે. લગભગ 25 ટકાના ઘટાડા સાથે તે હવે યાદીમાં સૌથી નીચા સ્થાને છે.

**વિશ્વના નેતાઓ અને તેમનું રેટિંગ**

| દેશ | પદ | નામ | રેટિંગ |
|---|---|---|---|
| ભારત | વડાપ્રધાન | નરેન્દ્ર મોદી | 70 ટકા |
| મેક્સિકો | રાષ્ટ્રપતિ | લોપેજ ઓબ્રાડોર | 66 ટકા |
| ઇટાલી | વડાપ્રધાન | મારિયો દ્રાગી | 58 ટકા |
| જર્મની | ચાન્સેલર | એન્જેલા માર્કેલ | 54 ટકા |
| ઓસ્ટ્રેલિયા | વડાપ્રધાન | સ્કોટ મોરિસન | 47 ટકા |
| અમેરિકા | રાષ્ટ્રપતિ | જો બાઇડેન | 44 ટકા |
| કેનેડા | વડાપ્રધાન | જોસ્ટિન ટ્રૂડો | 43 ટકા |
| જાપાન | વડાપ્રધાન | ફુમિયા કિશિદા | 42 ટકા |
| દ. કોરિયા | રાષ્ટ્રપતિ | મૂન-જે-ઇન | 41 ટકા |
| બ્રિટન | વડાપ્રધાન | બોરિસ જોનસન | 40 ટકા |
| સ્પેન | વડાપ્રધાન | પેડ્રો સાંચેજ | 37 ટકા |
| ફ્રાન્સ | રાષ્ટ્રપતિ | ઇમેનુએલ મેક્રોં | 36 ટકા |
| બ્રાઝિલ | રાષ્ટ્રપતિ | જાયર બોલ્સોનારો | 35 ટકા |

## 5. દિન વિશેષ : 06 નવેમ્બર

**યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણના શોષણને રોકવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ**

## 6. જન્મ દિન વિશેષ : 6 નવેમ્બર

**'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' કાવ્ય પંક્તિના સર્જક અરદેશર ખબરદાર**

**જન્મ : 6 નવેમ્બર 1881**

**અવસાન : 30 જુલાઈ 1953**




- ✓ અરદેશર ફરામજી ખબરદારનો જન્મ દમણમાં થયો હતો.
- ✓ તેમના કુટુંબની પહેલી અટક હિંગવાલા હતી પણ અરદેશર ખુદ શાળામાં ખબરદાર અટક રાખી લીધી હતી.

**સાહિત્ય સર્જન :**

- ✓ તેમણે ગુજરાતીમાં 20 અને અંગ્રેજીમાં બે પુસ્તકો લખ્યા છે. તેમાં પ્રકાશિકા, રાષ્ટ્રિકા, સંદેશિકા, ગાંધીબાપુનો પવાડો, ગાંધીબાપુને વગેરે મુખ્ય છે. તેમાં રાષ્ટ્રવાદ-ગુજરાત પ્રીતિના કાવ્યો વધુ છે.
- ✓ ગાંધીજીની હત્યા પછી ખબરદારે લખ્યું કે " ઉડતા વાયુ થંભી ગયા, થંભ્યા વાદળ યે વ્યોમ, થંભી થંભી સિંધુ પૂછતો આજ રોતી શે ભોમ" અને "આવ્યો જ્યાં આઝાદીના અમૃતનો કુંભ જ્યાં, અમૃતનો પાનારો ચાલી ગયો, સૂર્ય વધાવવાને ઉષા પધારી ત્યાં ઉષાનો રંગ ન એકે રહ્યો."

**વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (06-11-2021)**

**1.** નવેમ્બર 2021માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે કઇ સોશિયલ મીડિયા એપના ગુજરાતી વર્ઝનનું ઇ-લોન્ચિંગ કરાયું

(A) ટેલિગ્રામ (B) સ્કાય **(C) એલિમેન્ટ્સ** (D) કૂ

**2.** આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા શ્રી શ્રી રવિશંકરજીની પ્રેરણાથી તૈયાર થયેલા ગુજરાતી વર્ઝન એલિમેન્ટસ એપના ગૃપમાં એક સાથે કેટલા નાગરિકો જોડી શકાશે

(A) 250થી વધુ **(B) 300થી વધુ**

(C) 350થી વધુ (D) 400થી વધુ

**3.** ભારતીય રેલવે દ્વારા ધાર્મિક પ્રવાસને પ્રોત્સાહન આપવા તા. 7 નવેમ્બર 2021થી કઇ સર્કિટ ટ્રેનનો નવી દિલ્હીથી પ્રારંભ કરાયો

(A) શીખ (B) જૈન (C) બૌદ્ધ **(D) રામાયણ**

**4.** નવેમ્બર 2021માં કઇ રાજ્ય સરકાર દ્વારા ખાનગી ક્ષેત્રમાં કેટલા ટકા જગ્યાઓ સ્થાનિકો માટે અનામત રાખવા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યુ

**(A) હરિયાણા તથા 75** (B) કર્ણાટક તથા 71

(C) આસામ તથા 50 (D) પંજાબ તથા 25

**5.** અમેરિકાની ડેટા ઇન્ટેલિજન્સ ફર્મ ધ મોર્નિંગ કન્સલ્ટના સર્વે મુજબ તાજેતરમાં ફરી એક વાર કયા નેતા વિશ્વના સૌથી લોકપ્રિય નેતા તરીકે પસંદગી પામ્યા છે

(A) મેક્સિકોના રાષ્ટ્રપતિ લોપેજ ઓબ્રાડોર

**(B) ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી**

(C) ઇટાલીના વડાપ્રધાન મારિયો દ્રાગી

(D) જર્મનીના ચાન્સેલર એન્જેલા માર્કેલ

**6.** યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણના શોષણને રોકવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ કયારે મનાવવામાં આવે છે

(A) 2 નવેમ્બર (B)4 નવેમ્બર **(C) 6 નવેમ્બર**(D) 8 નવેમ્બર

**7.** કવિ અરદેશ ખબરદારનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

**(A) 6 નવેમ્બર 1881 તથા દમણ**

(B) 4 નવેમ્બર 1885 તથા વાપી

(C) 3 નવેમ્બર 1888 તથા વલસાડ

(D) 1 નવેમ્બર 1889 તથા અંકલેશ્વર

**8.**'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' કાવ્ય પંક્તિના સર્જકનું નામ જણાવો -

(A) કવિ નર્મદ **(B) અરદેશર ખબરદાર**

(C) કવિ કલાપી (D) ઉમાશંકર જોષી

## DATE : 07-11-2021

**1. નવતર પહેલ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી- રાજકોટ**

**આર્ટ્સ ફેકલ્ટીના અલગ-અલગ વિભાગોના અભ્યાસક્રમોમાં શ્રીમદ ભગવદ ગીતા અને રામચરિત માનસનો સમાવેશ કરાશે**




**2. કૃષિ વિભાગ : ગુજરાત સરકાર**

**રાજ્યના ખેડૂતો પાસેથી સરકાર પ્રતિ ખેડૂત દીઠ પ્રથમવાર 2500 કિલો મગફળી ખરીદશે**

✓ વધુ જમીન ધરાવતા ખેડૂતો પાસેથી 500 કિલો મગફળી બીજીવાર પણ ખરીદશે

અન્ય વિગતો : ગુજરાતમાં ચાલુ વર્ષ 2021માં અંદાજે 2.65 લાખ ખેડૂતો પાસેથી મગફળી ખરીદાશે

✓ કૃષિ મંત્રી : શ્રી રાઘવજી પટેલ

**3. COP-26 : ગ્લાસગો, સ્કોટલેન્ડ**

**ભારતીય વિદ્યાર્થિનીના વિનિશાના ઇનોવેશન-સંબોધનની વિશ્વભરમાં પ્રશંસા**




**ઇનોવેશન વિશે :** તામિલનાડુની 15 વર્ષની વિદ્યાર્થિની વિનિશા ઉમાશંકરે સ્ટાર્ટઅપના ભાગરૂપે સૌર ઊર્જાથી ચાલતી ઈસ્ત્રી : IRON-MAX બનાવી

✓ જે પાંચ કલાકના તડકાથી છ કલાક માટે વીજળી આપે છે.

**અન્ય બાબતો :**

✓ ગ્લાસગોમાં ક્લાઈમેટ ચેન્જનો મુકાબલો કરવા માટે દુનિયાભરના મોટા મોટા નેતાઓ વચ્ચે કોપ-26 સંમેલનમાં તમિલનાડુની આ વિદ્યાર્થિનીએ પોતાનું ભાષણ પૂરું કર્યું તો અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન, બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસન સહિત અનેક દેશોના પ્રમુખોએ તેમને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું.

✓ વિનિશાએ કહ્યું કે હું ફક્ત ભારતની છોકરી નથી પણ આ ધરતીની દીકરી છું. હું અને મારી પેઢી આજે તમારા કાર્યોના પરિણામોને જોવા માટે જીવિત રહેશે. તેમ છતાં આજે આપણે જે ચર્ચા કરીએ છીએ તેમાંથી કોઈપણ મારા માટે વ્યવહારિક નથી. તમે નક્કી કરી રહ્યા છો કે આપણી પાસે રહેવા લાયક દુનિયામાં રહેવાની તક છે કે નહીં. આપણે લડવા લાયક છીએ કે નહીં, હવે સમય આવી ગયો છે કે આપણે વાત કરવાનું બંધ કરવું પડશે અને કામ કરવાનું શરૂ કરવું પડશે.

**4. COP-26 : ગ્લાસગો, સ્કોટલેન્ડ**

**સિદ્ધિ : ભારતીય મૂળના 14 વર્ષિય અકીલન શંકરનને એન્ટીપ્રાઈમ નંબર પર રિસર્ચ માટે વૈશ્વિક પુરસ્કાર**

✓ અકીલન શંકરનને 2021 બ્રોડકૉમ માસ્ટર્સનો ટોચનો પુરસ્કાર એનાયત.

**પુરસ્કાર વિશે :**

✓ વિજ્ઞાન અને એન્જિનિયરિંગ સ્પર્ધામાં આ પ્રતિષ્ઠિત પુરસ્કાર અપાય છે. અકીલન દ્વારા બનાવેલ પ્રોગ્રામ એન્ટીપ્રાઈમ નંબરોની ગણતરી કરી શકે છે જે 1,000થી વધુ અંકો સાથે વધુ વિભાજ્ય સંખ્યાઓ છે.

✓ તેણે આ સંખ્યાઓની વિભાજ્યતાનું વિશ્લેષણ કરવા માટે કાર્યોના એક નવા વર્ગની શોધ કરી.

**5. દિન વિશેષ : 07 નવેમ્બર : રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ**

**થીમ-2021 : "I Am and I Will"**




**કોની યાદમાં :**

✓ પ્રખ્યાત વૈજ્ઞાનિક મેડમ ક્યુરીની જન્મજયંતિની સાથે રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ ઘોષિત કરાયો

**હેતુ-મહત્વ :** કેન્સર નિવારણ વિશે જાગૃતિ લાવવા અને લોકોમાં કેન્સરની તપાસના મહત્વને ઉજાગર કરવા.

**6. જન્મ દિન વિશેષ : 7 નવેમ્બર કર્મવીર : કલ્યાણજી મહેતા**

**જન્મ : 7 નવેમ્બર 1890 અવસાન : 11 જુલાઈ 1973**

- ✓ ગુજરાત વિધાનસભાના પ્રથમ સ્પીકર કલ્યાણજી મહેતા, પુરાતત્વવિદ્ ભગવાનલાલ ઈન્દ્રજી, મેડમ ક્યૂરી, વૈજ્ઞાનિક સીવી રામનનો જન્મદિવસ
- ✓ સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના વાંઝ ગામે જન્મેલા કલ્યાણજીભાઇ 1907માં સુરતમાં યોજાયેલા હિન્દી રાષ્ટ્રીય મહાસભાના સુરત અધિવેશન અને પાટીદાર આશ્રમની સ્થાપના દ્વારા જાહેરજીવનમાં સક્રિય થયા હતા.
- ✓ **હોમરૂલ આંદોલન પછી રાજકારણમાં જોડાનાર કલ્યાણજી મહેતાએ શિક્ષક તરીકે રાજીનામું આપી જીવન રાષ્ટ્ર માટે સમર્પિત કર્યું હતું.**
- ✓ કલ્યાણજીભાઇ 1916થી લઇ દેશને આઝાદી મળી ત્યાં સુધી ગુજરાતમાં થયેલા મોટાભાગના સત્યાગ્રહો અને આંદોલનોમાં સક્રિય રહ્યા હતા.
- ✓ રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવા બદલ તથા નવયુગ સામયિકના ક્રાંતિકારી લેખો માટે કલ્યાણજીભાઈને અનેકવાર જેલવાસ વેઠયો.
- ✓ બારડોલીમાં આશ્રમો ઊભા કરવામાં તથા શૈક્ષણિક સુવિધાઓ વિસ્તારવામાં પણ તેમનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (07-11-2021)

**1.** તામિલનાડુની 15 વર્ષની વિદ્યાર્થિની વિનિશા ઉમાશંકરના ઇનોવેશન-સંબોધનની વિશ્વભરમાં પ્રશંસા થઇ તે અંગે નીચેના પૈકી કયા વિધાનો યોગ્ય છે

1. COP-26 ગ્લાસગો સંમેલનમાં સ્ટાર્ટઅપ-ઈનોવેશન રજૂ કરાયું
2. સ્ટાર્ટઅપના ભાગરૂપે સૌર ઊર્જાથી ચાલતી ઈસ્ત્રી : IRON-MAX બનાવી
3. આ ઈસ્ત્રી 5 કલાકના તડકાથી છ કલાક માટે વીજળી આપે છે
4. ક્લાઈમેટ ચેન્જનો મુકાબલો કરવા સંદર્ભે હવે સમય આવી ગયો છે કે આપણે વાત કરવાનું બંધ કરવું પડશે અને કામ કરવાનું શરૂ કરવું પડશે

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**2.** ગુજરાતની કઇ યુનિવર્સિટી દ્વારા સૌપ્રથમ આર્ટ્સ ફેકલ્ટીના અલગ-અલગ વિભાગોના અભ્યાસક્રમોમાં શ્રીમદ ભગવદ ગીતા અને રામચરિત માનસનો સમાવેશ કરાશે

(A) હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી-પાટણ

(B) વીર નર્મદ યુનિવર્સિટી-સુરત

**(C) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી- રાજકોટ**

(D) સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી-વેરાવળ

**3.** ગુજરાતના કૃષિ વિભાગ દ્વારા ચાલુ વર્ષ 2021માં પ્રતિ ખેડૂત દીઠ પ્રથમવાર કેટલા કિલો મગફળીની ટેકાના ભાવે ખરીદી કરાશે

(A) 2000 કિલો **(B) 2500 કિલો**

(C) 3000 કિલો (D) 3500 કિલો

**4.** COP-26:ગ્લાસગો સંમેલનમાં વિજ્ઞાન અને એન્જિનિયરિંગ સ્પર્ધામાં અપાતા પ્રતિષ્ઠિત 2021 બ્રોડકૉમ માસ્ટર્સનો ટોચનો પુરસ્કાર કયા રિસર્ચ માટે કોને એનાયત કરાયો

(A)વિનિશા ઉમાશંકર તથા એન્ટીપ્રાઈમ નંબરોના રિસર્ચ માટે

(B) પી. ભારતી તથા કોષ્ટકની ગણતરીના રિસર્ચ માટે

**(C) અકીલન શંકરન તથા એન્ટીપ્રાઈમ નંબરોના રિસર્ચ માટે**

(D) એસ. વિજયન તથા કોષ્ટકની ગણતરીના રિસર્ચ માટે

**5.** રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ-2019થી 2021ની થીમ જણાવો

(A) Am I and I Will (B) I can, I Will

(C) I Am and Will I **(D) I Am and I Will**

**6.** કેન્સર નિવારણ વિશે જાગૃતિ લાવવા અને લોકોમાં કેન્સરની તપાસના મહત્વને ઉજાગર કરવાના હેતુસર રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) 9 નવેમ્બર **(B) 7 નવેમ્બર**(C) 5 નવેમ્બર(D) 3 નવેમ્બર

**7.** કોની યાદમાં રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ મનાવવામાં આવે છે

**(A) મેડમ ક્યુરી** (B) મેડમ બ્લેસ્કવી

(C) મેડમ એની બેસન્ટ (D) મધર ટેરેસા

**8.** ગુજરાત વિધાનસભાના પ્રથમ સ્પીકર કલ્યાણજી મહેતાનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) 5 નવેમ્બર 1892 ભરૂચનું વાંઝ ગામ

(B) 6 નવેમ્બર 1891 નર્મદાનું વાંઝ ગામ

**(C) 7 નવેમ્બર 1890 સુરતનું વાંઝ ગામ**

(D) 8 નવેમ્બર 1889 નવસારીનું વાંઝ ગામ

**9.** કલ્યાણજી મહેતા એ રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવા બદલ તથા કયા સામયિકમાં ક્રાંતિકારી લેખો લખવા બદલ અનેકવાર જેલવાસ વેઠયો હતો

(A) જનયુગ (B) જનકલ્યાણ (C) માધુર્ય **(D) નવયુગ**

DATE : 08-11-2021

## 1. GI ટેગ વિશે




**GI એટલે જ્યોગ્રાફિકલ આઇડેન્ટિફિકેશન**

- ✓ આ ટેગ એવી વસ્તુઓને મળે છે, **જે ચોક્કસ વિસ્તાર કે સ્થળ સાથે સંલગ્ન હોય અને ત્યાંની યુનિક વસ્તુ હોય અને ત્યાં જ બનતી હોય.**
- ✓ GI ટેગ માટેના કાયદા અનુસાર દેશના રજિસ્ટ્રાર જે-તે વસ્તુને જીઆઇ ટેગ આપે છે અને તે પેટન્ટ્સ, ડિઝાઇન અને ટ્રેડમાર્કના કન્ટ્રોલર જનરલના નિયમન હેઠળ આવે છે.
- ✓ દેશમાં કુલ 350 વસ્તુ જીઆઇ ટેગ ધરાવે છે.

**ગુજરાતની આ વસ્તુઓને GI ટેગ :**

- ✓ **ખેતપેદાશો :** ગીરની કેસર અને ભાલિયા ઘઉં
- ✓ **હસ્તકલાની ચીજવસ્તુઓ :** પાટણના પટોળા, સંખેડાનું ફર્નિચર, જામનગરની બાંધણી, ખંભાતના અકીક, કચ્છનું ભરતકામ,

ટંગાળિયા શાલ, સુરતનું જરીકામ, કચ્છી શાલ, વારલી પેઇન્ટિંગ, રાજકોટના પટોળા અને પેથાપુરના પ્રિન્ટિંગ બ્લોક્સ

## 2. LEADS ઇન્ડેક્સ-2021 : ગુજરાત વેપાર અને ધંધાના ક્ષેત્રે લોજિસ્ટિક્સ ક્ષેત્રે સતત ત્રીજા વર્ષે દેશમાં પ્રથમ ક્રમે




### LEADS ઇન્ડેક્સ વિશે :

✓ ભારત સરકાર દ્વારા વિવિધ રાજ્યોમાં તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોજિસ્ટિક્સ ક્ષેત્રે સંકળાયેલા સ્ટેક હોલ્ડર્સના અભિપ્રાયો-મંતવ્યો મેળવીને તથા ઓનલાઇન સર્વે હાથ ધરીને લીડ્સ ઇન્ડેક્સ તૈયાર કરવામાં આવે છે.

### કુલ 21 માપદંડો :

✓ ઇન્ફ્રાસ્ટ્રક્ચર્સ એટલે રોડ-રેલ નેટવર્ક-પોર્ટ્સ-એરપોર્ટ્સ, વેરહાઉસ અને કોલ્ડ સ્ટોરેજ તેમજ સર્વિસ પ્રોવાઇડર દ્વારા અપાતી સેવાઓમાં નિર્ધારિત સમય મર્યાદામાં ડિલિવરી, એક સ્થળેથી બીજા સ્થળે માલ પહોંચાડવામાં સરળતા, માલસામાનની શોધમાં સરળતા, સિક્યોરિટી, કાયદો વ્યવસ્થા, લેબર લૉઝ, મંજૂરીઓમાં પારદર્શકતા જેવા 21 જેટલા માપદંડો ધ્યાને લેવાય છે.

### ક્રમ અને પ્રથમ રાજ્ય :

| | | |
|---|---|---|
| **1. ગુજરાત** | **2. હરિયાણા** | **3. પંજાબ** |
| **4. તામિલનાડુ** | **5. મહારાષ્ટ્ર** | **6. ઉત્તરપ્રદેશ** |
| **7. ઓડીશા** | **8. કર્ણાટક** | **9. આંધ્રપ્રદેશ** |
| **10. તેલંગાના** | | |

✓ **ગુજરાતે અગાઉ વર્ષ 2018 અને વર્ષ 2019મા પણ પ્રથમ ક્રમ મેળવ્યો હતો**

### લોજિસ્ટિક્સ ક્ષેત્રે ગુજરાત :

✓ દેશમાં સૌથી મોટો 1,600 કિલોમીટરનો દરિયાકાંઠો ધરાવનારું ગુજરાત રાજ્ય 1 મેજર અને 48 નાના પોર્ટ્સ ધરાવે છે અને દેશનો 40 ટકા એટલે કે 5,140 લાખ મેટ્રિક ટન કાર્ગો ગુજરાત વહન કરે છે.

✓ તદ્દુપરાંત 11 જેટલી ખાનગી જેટી તથા 7 જેટલી રેલ કનેક્ટિવિટી રાજ્ય ધરાવે છે.

✓ માલસામાનની અવરજવર માટે રાજ્યમાં ચેકપોસ્ટ નાબૂદ કરાઈ છે.

✓ **LEADS : લોજિસ્ટિક્સ ઈઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટસ ઈન્ડેક્સ**

✓ **મંત્રાલય: ઉદ્યોગ અને વાણિજ્ય, ભારત સરકાર**

## 3. પદ્મ પુરસ્કાર 2020 : રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા 7ને પદ્મવિભૂષણ, 10 પદ્મભૂષણ અને 102ને પદ્મશ્રી એનાયત




✓ સ્થળ : રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી

### અક્ષર સંત વિશે :

✓ આ એવોર્ડ મેળવનારામાં કર્ણાટકના હરેકાલા હજબ્બા સૌથી જુદા નજરે પડ્યા.

✓ હજબ્બા વર્ષ 1977થી મેંગલુરુ બસ સ્ટેશને સંતરા વેચે છે. પોતે અંગ્રેજી-હિંદી નથી જાણતા, પરંતુ પોતાના ગામ હરેકાલા નેઉપાદપુમાં તેમણે ગરીબ બાળકો માટે સ્કૂલ શરૂ કરાવી છે.

✓ દસમા સુધીની આ સ્કૂલમાં 175 બાળકો ભણે છે.

### 2020-21ના પદ્મપુરસ્કારથી સન્માનિત ગુજરાતીઓ અને ક્ષેત્ર :

✓ **કેશુભાઈ પટેલ (મરણોપરાંત) - જાહેર સેવા**

✓ **મહેશ-નરેશ કનોડિયા (મરણોપરાંત) - કળા**

✓ **શાહબુદ્દીન રાઠોડ - સાહિત્ય**

✓ **યઝદી કરજિયા - થિયેટર** - **ફાધર વાલેસ - સાહિત્ય**

✓ **ચંદ્રકાંત મહેતા - સાહિત્ય** - **સરિતા જોશી - કળા**

✓ **ગફૂરભાઈ બિલખિયા - વેપાર-ઉદ્યોગ**

✓ **એચ.એમ.દેસાઈ- સાહિત્ય**

✓ **સુધીર જૈન - વિજ્ઞાન** - **નારાયણ જોશી - સાહિત્ય**

✓ **ગુરદીપ સિંહ – મેડિસિન** મંત્રાલય : ગૃહ

## 4. ખેલકૂદ : સંકલ્પ ગુપ્તા ભારતના 71મા ગ્રેંડમાસ્ટર




### વિગતો :

✓ સર્બિયાના અરાંદજેલોવાકને જીએમ આસ્ક થ્રી રાઉન્ડમાં રોબિન પ્રતિયોગિતામાં 6.5 અંક સાથે બીજા સ્થાને રહીને ત્રીજા ગ્રેંડમાસ્ટર જીત્યો છે.

✓ ગુપ્તાએ 24 દિવસમાં ત્રણ ગ્રેંડમાસ્ટર નાર્મ જીત્યો

✓ મહારાષ્ટ્રના સંકલ્પને ત્રીજી ટુર્નામેન્ટમાં ઇએલઓ રેટિંગ 2500 પર પહોંચ્યો છે.

## 5.બિલિયોનર્સ ટેક્સ :

### વિગતવાર સમજ :

- ✓ અમેરિકી પ્રમુખ જો બાઇડેનના સામાજિક અને જળવાયુ પરિવર્તન એજન્ડાને સાકાર કરવા ભંડોળ ઊભું કરવા ડેમોક્રેટ પાર્ટીએ અમેરિકી સેનેટમાં અબજોપતિઓની સંપત્તિને વેરાકીય માળખામાં લાવવા એક દરખાસ્ત મૂકી.
- ✓ દરખાસ્ત હેઠળ લાંબા ગાળાના કેપિટલ ગેઇન્સ પર વેરો લાદવાની દરખાસ્ત છે.
- ✓ એક અંદાજ મુજબ આ પ્રકારના કરવેરાને પગલે અમેરિકી તિજોરીને આગામી દશ વર્ષ સુધી વાર્ષિક 557 અબજ ડોલરની આવક થવાની સંભાવના છે.

**6. એન્વાયરમેન્ટ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ :**

**કુલ 180 દેશોમાં ભારત 168મા સ્થાને**

Environmental Performance Index

**વિગત :**

- ✓ કુલ 180 દેશોને સામેલ કરીને તૈયાર થયેલા એન્વાયરમેન્ટ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ(EPI)માં ભારત 168મા સ્થાને.
- ✓ પાડોશી દેશો શ્રીલંકા (109મા સ્થાને), પાકિસ્તાન 142), નેપાળ (145) અને બાંગ્લાદેશ (162) કરતાં ભારતની વાયુ પ્રદૂષણને મોરચે ખરાબ સ્થિતિ

**7. દિન વિશેષ : 6 નવેમ્બર**

**ઈન્ટરનેશનલ ડે ફોર પ્રિવેન્ટિંગ એક્સપ્લોઈટેશન ઈન વૉર**

- ✓ **હેતુ:** યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં પર્યાવરણના શોષણને અટકાવવા જાગૃતિ લાવવા ઉજવણી
- ✓ **સંસ્થા : UNO**

**8. દિન વિશેષ : 08 નવેમ્બર**

- ✓ ભારતમાં નોટબંધીના 5 વર્ષ પૂર્ણ
- ✓ તા. 08 નવેમ્બર-2016




- ✓ નોટબંધી તા. 08/11/2016

**અર્થતંત્ર પર હકારાત્મક અસરો :**

- ✓ ડિજિટલ પેમેન્ટમાં તીવ્ર વૃદ્ધિ
- ✓ પ્લાસ્ટિક કાર્ડસ, નેટ બેંકિંગ અને યુનાઈટેડ પેમેન્ટસ ઈન્ટરફેસ વડે ડિજિટલ પેમેન્ટસના પ્રમાણમાં ધૂમ વધારો થયો છે.
- ✓ ઑક્ટોબર મહિનામાં યુપીઆઇ (યુનાઈટેડ પેમેન્ટસ ઈન્ટરફેસ) દ્વારા કુલ 421 કરોડ ટ્રાન્ઝેકશન્સ થયા હતા.
- ✓ મૂલ્યની દ્રષ્ટિએ ઑક્ટોબર મહિનામાં રૂપિયા 7.72 લાખ કરોડ અથવા 100 અબજ ડોલરથી વધુના ટ્રાન્ઝેકશન્સ થયા હતા.
- ✓ વર્ષ 2016માં યુપીઆઇની શરૂઆત કરવામાં આવી હતી..

**નોટ બંધી હેતુ :**

- ✓ કાળા નાણાને અંકુશમાં લેવામાં પારદર્શકતા વધારવામાં મદદ મળી

**વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (08-11-2021)**

**1.** નવેમ્બર 2021માં જાહેર થયેલ LEADS ઇન્ડેક્સ-2021માં નીચેનામાંથી કઈ બાબતો યોગ્ય છે

1. ગુજરાત વેપાર અને ધંધાના ક્ષેત્રે લોજિસ્ટિક્સ ક્ષેત્રે સતત ત્રીજા વર્ષે દેશમાં પ્રથમ ક્રમે

2. કુલ 21 જેટલાં માપદંડોના આધારે લોજિસ્ટિક્સ ક્ષેત્રે રાજ્યોમાં તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં સર્વે

3. ગુજરાતે અગાઉ વર્ષ 2018 અને વર્ષ 2019મા પણ પ્રથમ ક્રમ મેળવ્યો હતો

4. મંત્રાલય : ઉદ્યોગ અને વાણિજ્ય, ભારત સરકાર

(A) 1 અને 3 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.** જે ચોક્કસ વિસ્તાર કે સ્થળ સાથે સંલગ્ન હોય અને ત્યાંની યુનિક વસ્તુ હોય અને ત્યાં જ બનતી હોય તેને કઈ વિશેષ ઓળખ આપવામાં આવે છે

(A) સ્પેશિયલ આઇડેન્ટિફિકેશન (SI) (B) પેટન્ટ (PT)

(C) ટ્રેડમાર્ક(TM) **(D)જ્યોગ્રાફિકલ આઇડેન્ટિફિકેશન (GI)**

**3.** નવેમ્બર 2021ની સ્થિતિએ ગુજરાતની નીચેના પૈકી કઈ ખેતપેદાશને GI ટેગ આપવામાં આવ્યો છે

(A) ગીરની કેસર કેરી (B) ભાલિયા ઘઉં

(C) કચ્છની કેસર કેરી **(D) A અને B બંને**

**4.** લોજિસ્ટિક્સ ક્ષેત્રે જાહેર થયેલ ઈન્ડેક્સ સંદર્ભે LEADSનું વિસ્તૃત નામ જણાવો

(A) લીડર ઈઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટસ ઈન્ડેક્સ

(B) લોજિસ્ટિક્સ ઈઝ ઓલઓવર ડિફરન્ટ સ્ટેટસ ઈન્ડેક્સ

(C) લોજિસ્ટિક્સ ઈઝ અક્રોસ ડેવલપમેન્ટ સ્ટેટસ ઈન્ડેક્સ

**(D) લોજિસ્ટિક્સ ઈઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટસ ઈન્ડેક્સ**

**5.** તા. 8 નવેમ્બર 2021ના રોજ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા પદ્મ પુરસ્કાર 2020ના ભાગરૂપે કેટલા મહાનુભાવોને કેટલા પદ્મવિભૂષણ, પદ્મભૂષણ અને પદ્મશ્રીથી રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી ખાતે સન્માનિત કરાયા

(A) 5, 8 અને 106 (B) 5, 12 અને 100

**(C) 7, 10 અને 102** (D) 9, 11 અને 100

**6.** પદ્મ પુરસ્કાર ક્યા મંત્રાલય દ્વારા આપવામાં આવે છે

(A) સામાજિક ન્યાય અને અધિકારિતા **(B) ગૃહ**

(C) યુવા અને સાંસ્કૃતિક (D) માહિતી અને પ્રસારણ

**7.** નવેમ્બર 2021માં કયા ભારતીયએ 71મો ગ્રેંડમાસ્ટર વિજેતા બન્યા

**(A) સંકલ્પ ગુપ્તા (મહારાષ્ટ્ર)** (B) દક્ષ જોષી

(C) તિગમાન્સુ દવે (D) વિશ્વનાથન આનંદ

**8.** એક અંદાજ મુજબ બિલિયોનર્સ ટેક્સના પગલે અમેરિકી તિજોરીને આગામી કેટલા વર્ષ સુધી વાર્ષિક 557 અબજ ડોલરની આવક થવાની સંભાવના

(A) 5 (B) 7 **(C) 10** (D) 12

**9.** એન્વાયરમેન્ટ પર્ફોર્મન્સ ઈન્ડેક્સમાં કુલ 180 દેશોમાં ભારત કેટલામુ સ્થાન ધરાવે છે –

(A) 165 (B) 167 **(C) 168** (D) 169

**10.** UNO દ્વારા ઈન્ટરનેશનલ ડે ફોર પ્રિવેન્ટિંગ એક્સપ્લોઈટેશન ઈન વૉર ડે ક્યારે મનાવવામાં આવે છે

**(A) 6 નવેમ્બર** (B) 5 નવેમ્બર

(C) 4 નવેમ્બર (D) 3 નવેમ્બર

**11.** ભારતમાં નોટબંધી કયારે કરવામાં આવી હતી

(A) તા.8 નવેમ્બર-2015 **(B) તા.8 નવેમ્બર-2016**

(C) તા.8 નવેમ્બર-2017 (D) તા.8 નવેમ્બર-2018

**12.** તા. 08 નવેમ્બર-2021ના રોજ ભારતમાં નોટબંધીના કેટલા વર્ષ પૂર્ણ થયા

(A) 7 વર્ષ (B) 6 વર્ષ **(C) 5 વર્ષ** (D) 4 વર્ષ

**DATE : 09-11-2021**

## 1. "સિટી વિથ બેસ્ટ ગ્રીન ઈનિશિએટિવ" એવોર્ડ

**વિજેતા : અમદાવાદ જનમાર્ગ લિમિટેડ-AMC**




- ✓ **કેટેગરી : એવોર્ડ ફોર એક્સેલન્સ ઈન અર્બન ટ્રાન્સપોર્ટ**
- ✓ **મંત્રાલય : ગૃહનિર્માણ અને શહેરી બાબતો, ભારત સરકાર**

## 2. ગ્રાહક બાબતો : નિર્ણય

**કંપનીઓએ પેક કરેલી ચીજોની MRP ઉપરાંત દરેક ઈનગ્રેડિયન્ટ્સની કિંમત દર્શાવવી પડશે**

**અન્ય વિગતો :**

- ✓ કેન્દ્રના ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા નવા નાણાકીય વર્ષથી નવા નિયમો લાગુ કરવામાં આવશે. જે હેઠળ દરેક કંપનીઓ પેકિંગ કરેલી ચીજવસ્તુઓની MRP એટલે કે મહત્તમ રિટેલ પ્રાઇસ તો દર્શાવવાની રહેશે જ પણ તે ઉપરાંત દરેક ઈનગ્રેડિયન્ટ્સની કિંમત દર્શાવવાની રહેશે.
- ✓ અત્યાર સુધી ગ્રાહકોને ચોખા, લોટ કે બિસ્કિટ જેવી ચીજો પેકિંગમાં ખરીદતી વખતે તેના પ્રત્યેક ઈનગ્રેડિયન્ટ્સની કિંમતની જાણ થતી ન હતી પણ હવે પ્રત્યેક કિલોગ્રામ કે પ્રત્યેક ગ્રામની કિંમત દર્શાવવાની રહેશે.
- ✓ **એપ્રિલ 2022થી અમલ** : નવા નિયમો એપ્રિલ 2022થી અમલમાં આવશે.
- ✓ જેમાં પેકિંગ કરેલી ચીજો માટે મહત્તમ છૂટક કિંમત તેમજ પ્રત્યેક ઈનગ્રેડિયન્ટ્સની કિંમત દર્શાવવી પડશે
- ✓ સમજો કે ગ્રાહક 3.5 કિલોગ્રામ લોટનું પેકેટ કે 88 ગ્રામ બિસ્કિટનું પેકેટ ખરીદે તો નવા નિયમ મુજબ કંપનીએ લોટની પ્રત્યેક કિલોગ્રામ તેમજ બિસ્કિટની પ્રત્યેક ગ્રામની કિંમત પેકેટ પર દર્શાવવી પડશે.
- ✓ **શરૂઆતમાં 19 કોમોડિટીઝને નવો નિયમ લાગુ પડશે**

## 3. ક્લાઇમેન્ટ ચેન્જ : કેનેડાની 70 વર્ષીય મહિલા વિશ્વની પ્રથમ ક્લાઈમેટ ચેન્જની દર્દી



**વિગતો :**

- ✓ કેનેડાની એક 70 વર્ષની મહિલા વિશ્વની પ્રથમ ક્લાઇમેટ ચેન્જની પેશન્ટ બની
- ✓ આ મહિલાને શ્વાસ લેવામાં તકલીફ થઇ રહી છે.
- ✓ દર્દીની તપાસ કરનારા ડોક્ટર્સનું કહેવું છે કે લૂ અને ખરાબ એર ક્વોલિટી દર્દીની હાલની સ્થિતિ માટે જવાબદાર છે.
- ✓ મહિલા દર્દી કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતની સિનિયર સિટિઝન છે અને ગંભીર અસ્થમાનો સામનો કરી રહી છે.
- ✓ કેનેડિયન અખબારો અનુસાર મહિલાની સારવાર કરી રહેલા કન્સલ્ટિંગ ડોક્ટર કેલી મેરિટે 10 વર્ષમાં પ્રથમવાર દર્દીનું નિદાન લખવા સમયે ક્લાઇમેટ ચેન્જ શબ્દનો ઉપયોગ કર્યો
- ✓ ડોક્ટર મેરિટે જણાવ્યું હતું કે દર્દીને ડાયાબિટીસ છે અને થોડી હ્રદયની પણ બીમારી છે. તે એર-કંડિશનર વગરના ટ્રેલરમાં વસવાટ કરે છે.
- ✓ તેને પરિણામે ગરમી અને લૂના કારણે તેના સ્વાસ્થ્ય પર વિપરીત અસર થઇ છે.
- ✓ મેરિટે જણાવ્યું હતું કે જો આપણે ફક્ત લક્ષણોના આધારે જ સારવાર કરતાં રહીશું અને બીમારીના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ નહીં કરીએ તો પરિસ્થિતિ વધારે બગડશે.
- ✓ આપણે બીમારીનું સાચું કારણ જાણવું જ પડશે.

**વિશ્વભરમાં ક્લાઇમેટ ચેન્જના મુદ્દે ચિંતા :**

- ✓ નોંધનીય છે કે ક્લાઇમેટ ચેન્જનો શિકાર બનેલી મહિલાનો કેસ એવા સમયે વિશ્વની સામે આવ્યો છે કે જ્યારે સમગ્ર વિશ્વમાં ક્લાઇમેટ ચેન્જ અને કાર્બન ઉત્સર્જન ઉપર ચિંતા વ્યક્ત થઇ રહી છે.
- ✓ તાજેતરમાં જ સ્કોટલેન્ડના ગ્લાસગોમાં પૂરી થયેલી કોન્ફરન્સ COP-26માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત વિશ્વના તમામ દેશોના વડાઓએ કાર્બન ઉત્સર્જનને ઘટાડવા માટેની અપીલ કરી

## 4. PNS તુઘરિલ : ચીન દ્વારા પાકિસ્તાનને સૌથી મોટું અને સૌથી એડવાન્સ સ્ટીલ્થ યુદ્ધજહાજ PNS તુઘરિલ સોંપાયું




- ✓ આ યુદ્ધજહાજનું નિર્માણ ચાઇના શિપબિલ્ડિંગ કોર્પોરેશને કર્યું.

- ✓ શાંઘાઇમાં એક સમારોહમાં પાકિસ્તાનને આ યુદ્ધજહાજની સોંપણી કરવામાં આવી હતી
- ✓ પાકિસ્તાન અને ચીને ટાઇપ-054 યુદ્ધજહાજ માટે 2017માં ડીલ કરી હતી. તે અંતર્ગત પહેલું જહાજ ગયા વર્ષે ઓગસ્ટમાં તૈયાર કરાયું.

**ચીને પાકિસ્તાનને આપેલા ટાઇપ 054 સ્ટીલ્થ યુદ્ધ જહાજ વિશે**

- ✓ કોઈ પણ રડારને છેતરીને આગળ વધી શકે છે.
- ✓ આ યુદ્ધજહાજ લાંબા અંતરની મારકક્ષમતા ધરાવતી મિસાઈલો તેમજ એક જ મિનિટમાં અનેક રાઉન્ડ ફાયરિંગ કરી શકતી અત્યાધુનિક તોપથી સજ્જ
- ✓ તેમાં એન્ટિ એર વેપન્સની સાથે ઈલેક્ટ્રોનિક વૉરફેર, હવાઈ અને જમીની દેખરેખ માટેનાં ઉપકરણો અને સેન્સરો પણ છે.
- ✓ તેમાં જમીન પરથી જમીન, જમીન પરથી હવામાં અને સમુદ્રની અંદર મારક ક્ષમતા ઉપરાંત વ્યાપક દેખરેખની ક્ષમતા પણ છે.
- ✓ આ ઉપરાંત તેમાં અત્યાધુનિક વૉર મેનેજમેન્ટ સિસ્ટમ પણ છે, જેનાથી પાકિસ્તાની નૌસેનાની ક્ષમતા અનેકગણી વધી ગઇ છે.

**5. લોન્ગજૂ ઓપરેશન-1959 : ચીન**



**ઓપરેશન વિશે :**

- ✓ ચીનના સૈન્યે વર્ષ 1959માં અરૂણાચલ પ્રદેશની સરહદે લોન્ગજૂ ઘટના તરીકે ઓળખાતા એક ઓપરેશનમાં આસામ રાઇફલ્સની પોસ્ટ પચાવી પાડયા પછી લાંબા સમય સુધી સૈન્ય પોસ્ટ તરીકે આ વિસ્તાર પર કબજો જમાવી રાખ્યો હતો.
- ✓ ત્યાર પછી લગભગ છ દાયકામાં ધીમે ધીમે તેણે અહીં 100 મકાનોનું નાગરિકોનું ગામ' વસાવ્યું છે.
- ✓ **પેન્ટાગોનના અહેવાલમાં જણાવાયું હતું કે, ચીને 2020માં એલએસીના પૂર્વીય સેક્ટરમાં ચાઈનીઝ તિબેટ સ્વાયત્ત પ્રદેશ અને અરૂણાચલ પ્રદેશ વચ્ચે વિવાદાસ્પદ વિસ્તારમાં 100 મકાનોનું મોટું ગામ વસાવ્યું છે.**

**6. WEFના અહેવાલ અનુસાર ગ્રીન એનર્જીમાં ભારતનું વૈશ્વિક યોગદાન**




**મહત્ત્વના તારણો :**

- ✓ **ભારતે વર્ષ 2070 સુધીમાં કાર્બન ઉત્સર્જનને શૂન્ય (નેટ ઝીરો) સુધી ઘટાડવાનું લક્ષ્ય** મૂક્યું છે. જેના માટે થઇ રહેલા પ્રયાસોને કારણે અહીંના **રિન્યુએબલ એનર્જી સ્રોતોની ક્ષમતા 2030 સુધીમાં વધીને 500 ગીગાવોટ થવાની સંભાવના.**
- ✓ વર્ષ 2030 સુધીમાં ભારતમાં ગ્રીન એનર્જી દ્વારા લગભગ 50 મિલિયન નવી નોકરીઓનું સર્જન થશે, જ્યારે દેશના જીડીપી ગ્રોથમાં $1 લાખ કરોડ (રૂ. 74 લાખ કરોડ)નું યોગદાન આપશે.
- ✓ **આગામી 9 વર્ષમાં ભારતની કાર્બન ધનતામાં 45 ટકાનો ઘટાડો થશે.**
- ✓ 2030 સુધીમાં, કુલ અંદાજિત કાર્બન ઉત્સર્જનમાં 100 મિલિયન ટનનો ઘટાડો થશે અને ઊર્જા જરૂરિયાતોના 50 ટકા રિન્યુએબલ સ્રોતોમાંથી આવશે.

**$5 લાખ કરોડની ઓફ કાર્બન ઈકોનોમી બનશે :**

- ✓ ભારતમાં માથાદીઠ કાર્બન ઉત્સર્જન હાલમાં ખૂબ જ ઓછું છે, પરંતુ વધતી વસ્તીને જોતા ભવિષ્યમાં તેમાં વૃદ્ધિ થવાનો સંકેત છે.
- ✓ ભારત વિશ્વનું પ્રથમ $5 લાખ કરોડની ઑફ-કાર્બન (કાર્બન-મુક્ત) એટલે કે ગ્રીન ઇકોનોમી બનવાનો અંદાજ છે. તે પછીથી $10 લાખ કરોડની વિશ્વની પ્રથમ ગ્રીન ઈકોનોમી પણ બનવાની શક્યતા વધશે.
- ✓ **WEF : વર્લ્ડ ઇકોનોમિક ફોરમ**

**7. G-7 : B3W પ્રોજેક્ટ :**

**US G-7 સાથે મળી વર્ષ 2035 સુધીમાં 40 ટ્રિલિયન ડોલરનું માળખાગત રોકાણ આ યોજનામાં કરશે**




- ✓ **હેતુ :** ચીનના દેવામાં ડૂબેલા દેશોને નાણાકીય વિકલ્પ આપવો
- ✓ વિકાસશીલ દેશોને નાણાકીય મદદની સાથે ઈક્વિટી સ્ટેક, લૉન ગેરંટી, રાજકીય વીમો, ગ્રાન્ટ, ક્લાઈમેટ ચેન્જ, સ્વાસ્થ્ય, ડિજિટલ ટેક્નોલોજી જેવા ક્ષેત્રોમાં મદદ પણ છે.
- ✓ યોજના 14 વર્ષમાં 2960 લાખ કરોડ ખર્ચવાની તૈયારી
- ✓ જી7એ બીડ્ડબ્લ્યુની પહેલ જૂનમાં કરી હતી.
- ✓ જાન્યુ.માં રોકાણની શરૂઆતની યોજના પર ડિસે.માં મહોર લાગી શકે છે. તે હેઠળ 2035 સુધી વિકાસશીલ દેશોમાં એવી પરિયોજનાઓ પસંદ કરાશે, જે પાછળ રૂ. 2960 લાખ કરોડ ખર્ચ કરાશે.
- ✓ **B3W : બિલ્ડ બેક બેટર વર્લ્ડ ઈનિશિએટિવ**

**8. દિન વિશેષ : 9 નવેમ્બર**

**(1) જૂનાગઢ આઝાદી દિવસ**

- ✓ **9 નવેમ્બર-1947 જૂનાગઢની આઝાદી; આરજી હકુમતે** ઉપરકોટની રાંગ ઉપર શામળદાસ ગાંધીએ તિરંગો ફરકાવ્યો હતો.

**આરઝી હકૂમત વિશે :**

- ✓ આરઝી હકૂમત એ એક સંગઠન હતું જેણે જૂનાગઢને નવાબનાં શાસનથી મુક્ત કરાવ્યું હતું.
- ✓ દેશને આઝાદી મળ્યાનાં લગભગ અઢી મહિના પછી જૂનાગઢ આઝાદ થયું હતું. જૂનાગઢ આઝાદ થયાં પછી પણ મહિનાઓ પછી જૂનાગઢમાં ભારત કે પાકિસ્તાનની પસંદગી માટે ચૂંટણી યોજાઇ.

- ✓ 15 ઓગસ્ટ-1947માં દેશને આઝાદી મળી ગઇ હતી. પરંતુ જૂનાગઢે પાકિસ્તાનમાં ભળવાનો નિર્ણય કર્યા બાદ આખા શહેરમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો.
- ✓ શામળદાસ ગાંધી આરઝી હકૂમત સરકારના વડાપ્રધાન અને વિદેશમંત્રી.

**(2) રિમેમ્બ્ન્સ ડે-બ્રિટન : 9 નવેમ્બર**

પ્રથમ વિશ્વયુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોની યાદમાં બ્રિટનમાં રિમેમ્બ્ન્સ ડેની ઉજવણી




- ✓ અન્ય નામ : પોપી ડે
- ✓ મહત્વ : શહીદો માટે ફંડ એકત્રિત કરવા લોકોને લાલ રંગનું કૃત્રિમ ફૂલ આપવામાં આવતું હતુ. આ ફૂલ પોપી તરીકે ઓળખાય છે.

**(3) રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ**

**મહત્વ : બંધારણની કલમ-39 Aમાં પ્રત્યેક રાજ્યનું કર્તવ્ય છે કે, તમામ નાગરિકોને સમાન ન્યાયિક સુવિધાઓ આપવી**

**(4) દિન વિશેષ : કારતક સુદ પાંચમ**

**વેપારીઓ માટે લાભપાંચમ**

**જૈન સમુદાય દ્વારા જ્ઞાન પંચમીની ઉજવણી**




**9. જન્મ દિન વિશેષ : 9 નવેમ્બર**

**સારે જહાં સે અચ્છા : મહંમદ ઈકબાલ**

**જન્મ : 9 નવેમ્બર 1877**

**અવસાન : 1938**

- ✓ આજે અવિભાજિત ભારતના પ્રસિદ્ધ કવિ મહંમદ ઇકબાલ અને ગાંધીઘરના સ્થાપક કીકુભાઈ નાયકનો જન્મદિવસ




- ✓ કવિ, નેતા અને દાર્શનિક મહંમદ ઇકબાલનો જન્મ પાકિસ્તાનના સિયાલકોટમાં થયો હતો.
- ✓ પ્રારંભિક શિક્ષણ મદરેસામાં તથા ઉચ્ચ શિક્ષણ બ્રિટન અને જર્મનીમાં લીધું.
- ✓ ગાઢ પ્રભાવ: જલાલુદ્દીન રૂમી અને ફ્રેડરિક નિત્સે
- ✓ 1904માં ઇત્તેહાદ સામયિકથી પોતાની સાહિત્ય સર્જન શરૂ કરનાર ઇકબાલે અસરાર-ઈ-ખુદી, એ ખુદી, બંગ-ઈ-દારા જેવા પુસ્તકો લખ્યા છે.
- ✓ દિ સિક્રેટ ઓફ દિ સેલ્ફ ,દિ સિક્રેટ ઓફ દિ સેલ્ફલેસનેસ, મેસેજ ફ્રોમ દિ ઇસ્ટ જાવીદનામા જેવા પુસ્તકો લખ્યા છે.
- ✓ "સારે જહાં સે અચ્છા હિન્દોસ્તા હમારા "તરાના-ઈ-હિન્દોસ્તા" રચના બંગ-ઈ-દારાનો ભાગ છે.
- ✓ કારકિર્દીના પ્રારંભે રાષ્ટ્રવાદી કવિતાઓ લખનાર મહંમદ ઇકબાલ પાછળથી કટ્ટર પાકિસ્તાનવાદી બન્યા
- ✓ 1930માં અલ્હાબાદમાં મુસ્લિમ લીગના અધિવેશનમાં પ્રમુખ તરીકે મહંમદ ઇકબાલે બે ભિન્ન રાષ્ટ્રની વાત કરી હતી જેનાથી મહંમદઅલી જિન્હા પણ પ્રભાવિત થયા હતા.

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (09-11-2021)

**1.** નવેમ્બર 2021માં ચીન દ્વારા પાકિસ્તાનને અપાયેલ સૌથી મોટું અને સૌથી એડવાન્સ સ્ટીલ્થ યુદ્ધજહાજ PNS તુઘરિલ બાબતે ક્યા વિધાનો સાચા છે

1. યુદ્ધજહાજ નિર્માણ : ચાઇના શિપબિલ્ડિંગ કોર્પોરેશન

2. પાકિસ્તાન અને ચીને ટાઇપ-054 યુદ્ધજહાજ માટે 2017માં ડીલ કરી હતી

3. મારક ક્ષમતા : જમીન પરથી જમીન, જમીન પરથી હવામાં અને સમુદ્રની અંદર

4. કોઈ પણ રડારની રેન્જમાંથી બહાર

(A) 1 અને 3 (B) 1 અને 4 (C) 1 અને 2 **(D) આપેલ તામામ**

**2.** નવેમ્બર 2021માં WEFના અહેવાલ અનુસાર ગ્રીન એનર્જીમાં ભારતનું વૈશ્વિક યોગદાન બાબતે ક્યા વિધાનો યોગ્ય છે

1. ભારતનું વર્ષ 2070 સુધીમાં કાર્બન ઉત્સર્જનને શૂન્ય (નેટ ઝીરો) સુધી ઘટાડવાનું લક્ષ્ય

2. રિન્યુએબલ એનર્જી સ્ત્રોતોની ક્ષમતા 2030 સુધીમાં વધીને 500 ગીગાવોટ થવાની સંભાવના

3. વર્ષ 2030 સુધીમાં ભારતમાં ગ્રીન એનર્જી દ્વારા લગભગ 50 મિલિયન નવી નોકરીઓનું સર્જન

4. આગામી 9 વર્ષમાં ભારતની કાર્બન ઘનતામાં 45 ટકાનો ઘટાડો થશે

(A) 1 અને 2 (B) 3 અને 4 (C) 1 અને 3 **(D) આપેલ તામામ**

**3.** કેન્દ્ર સરકાર દ્વારા નવેમ્બર 2021માં એવોર્ડ ફોર એક્સેલન્સ ઈન અર્બન ટ્રાન્સપોર્ટ કેટેગરીમાં "સિટી વિથ બેસ્ટ ગ્રીન ઈનિશિએટિવ" એવોર્ડ ગુજરાતની કઈ મહાનગરપાલિકાને અપાયો

(A) રાજકોટ જનમાર્ગ લિમિટેડ-RMC

(B) વડોદરા જનમાર્ગ લિમિટેડ-VMC

**(C) અમદાવાદ જનમાર્ગ લિમિટેડ-AMC**

(D) સુરત જનમાર્ગ લિમિટેડ-SMC

**4.** ભારતમાં કંપનીઓએ પેક કરેલી ચીજોની MRP ઉપરાંત દરેક ઈનગ્રેડિયન્ટ્સની કિંમત દર્શાવવાનો નવો નિયમ ક્યારથી અમલી બનશે

(A) જાન્યુઆરી 2022 (B) ફેબ્રુઆરી 2022
(C) માર્ચ 2022 **(D) એપ્રિલ 2022**

**5.** વિશ્વમાં પ્રથમવાર ક્યા દેશની 70 વર્ષીય મહિલા પ્રથમ ક્લાઈમેટ ચેન્જની દર્દી બની
(A) બ્રિટન (B) અમેરિકા **(C) કેનેડા** (D) જાપાન

**6.** ચીનના સૈન્ય દ્વારા ક્યા વર્ષે લોન્ગજૂ ઓપરેશનમાં અરૂણાચલ પ્રદેશમાં આસામ રાઇફલ્સની પોસ્ટ પચાવી પાડી હતી
(A) વર્ષ 1951 (B) વર્ષ 1956 **(C) વર્ષ 1959** (D) વર્ષ 1960

**7.** ચીનના દેવામાં ડૂબેલા દેશોને નાણાકીય વિકલ્પ આપવા G-7 દેશો દ્વારા ક્યો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે
(A) B2W પ્રોજેક્ટ **(B) B3W પ્રોજેક્ટ**
(C) B4W પ્રોજેક્ટ (D) B5W પ્રોજેક્ટ

**8.** G-7 દેશો B3W પ્રોજેક્ટનું વિસ્તૃત નામ જણાવો
(A) બેટર બેક બિલ્ડ વર્લ્ડ ઇનિશિએન્સ
(B) બેક બિલ્ડ બેટર વર્લ્ડ ઇનોવેટિવ
(C) બિલ્ડ બેટર બેક વર્લ્ડ ઇન્સેશિન્ટિવ
**(D) બિલ્ડ બેક બેટર વર્લ્ડ ઇનિશિએટિવ**

**9.** કારતક સુદ પાંચમ ભારતમાં વેપારીઓ દ્વારા લાભપાંચમ તરીકે જ્યારે જૈન સમુદાય દ્વારા ક્યા દિવસ તરીકે ઉજવવામાં આવે છે
(A) આરોગ્ય પંચમી (B) ઋષિ પંચમી
**(C) જ્ઞાન પંચમી** (D) શુભ પંચમી

**10.** જૂનાગઢનો આઝાદી દિવસ જણાવો
**(A) 9 નવેમ્બર-1947** (B) 9 નવેમ્બર-1948
(C) 9 નવેમ્બર-1949 (D) 9 નવેમ્બર-1950

**11.** બ્રિટનમાં પ્રથમ વિશ્વયુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોની યાદમાં રિમેમ્બન્સ ડે કયારે મનાવવામાં આવે છે
(A) 2 નવેમ્બર (B) 5 નવેમ્બર
(C) 7 નવેમ્બર **(D) 9 નવેમ્બર**

**12.** રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ કયારે મનાવવામાં આવે છે
(A) 1 નવેમ્બર (B) 4 નવેમ્બર
(C) 6 નવેમ્બર **(D) 9 નવેમ્બર**

**13.** બંધારણની કઇ કલમમાં તમામ નાગરિકોને સમાન ન્યાયિક સુવિધાઓ આપવી એ પ્રત્યેક રાજ્યનું કર્તવ્ય છે
**(A) 39 A** (B) 38 A (C) 19 A (D) 18 A

**14.** ભારતના કવિ મહંમદ ઇકબાલનો જન્મદિન જણાવો
(A) 3 નવેમ્બર 1871 (B) 5 નવેમ્બર 1872
(C) 9 નવેમ્બર 1875 **(D) 9 નવેમ્બર 1877**

**15.** "સારે જહાં સે અચ્છા હિન્દોસ્તા હમારા "તરાના-ઈ-હિન્દોસ્તા" રચના કોનો ભાગ છે
(A) ઇત્તેહાદ **(B) બંગ-ઈ-દારા** (C) અસરાર (D) એ ખુદી

## DATE : 10-11-2021

### 1. નવીન નામકરણ : ગુજરાત સરકાર

**શ્રમ અને રોજગાર વિભાગ હવે શ્રમ, કૌશલ્ય, અને રોજગાર વિભાગ તરીકે ઓળખાશે**

- ✓ શ્રમ-રોજગાર મંત્રી : શ્રી બ્રિજેશ મેરજા

### 2. કેન્દ્રીય કેબિનેટ : ભારત સરકાર

- ✓ PM નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેન્દ્રીય કેબિનેટની તા. 10 નવેમ્બર 2021ની બેઠકમાં મહત્વના નિર્ણય લેવાયા.

**મહત્વના નિર્ણયો :**

**(1) શણ ઉધોગ :**

- ✓ શણ ઉધોગને પુનઃજીવિત કરવા અને શણ શ્રમિકો માટે રોજગાર ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ સાથે મોદી સરકારે 100 ટકા અનાજ અને 20 ટકા ખાંડનું પેકિંગ શણના કોથળામાં કરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારે કોટન કમિશનને રૂ. 17,408.85 કરોડનો ટેકો આપવાનો પણ નિર્ણય કર્યો છે..

**(2) MPLAD :**

- ✓ MPLAD સ્કીમને ફરીથી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ વર્ષે સાંસદોને બાકીના સમયગાળા માટે આ સ્કીમ હેઠળ રૂ. બે કરોડ ફાળવાશે.
- ✓ આગામી નાણાકીય વર્ષથી દરેક સાંસદને 2.5 કરોડના બે હપતામાં પાંચ કરોડ ફાળવાશે. કોરોના સામે લડવા આ સ્કીમ બંધ કરવામાં આવી હતી
- ✓ MPLAD : મેમ્બર ઓફ પાર્લામેન્ટ લોકલ એરિયા ડેવલપમેન્ટ

**(3) ઈથેનોલનો ઉપયોગ:ઈથેનોલની કિંમત વધારાશે**

- ✓ ઇંધણમાં ઇથેનોલના વપરાશને વેગ આપવાના ઉદ્દેશ સાથે સરકારે ઇથેનોલની કિંમતમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે..
- ✓ **2025 સુધીમાં ઇંધણમાં 25 ટકા ઇથેનોલનું બ્લેન્ડિંગ કરવાનું લક્ષ્ય** રાખવામાં આવ્યું છે. ઇથેનોલ ઉત્પાદન ક્ષમતાને 1500 કરોડ લિટર કરવા માટેના પ્રોજેક્ટ્સ આપી દેવામાં આવ્યા છે. તેને માટે લગભગ 41 હજાર કરોડ રૂપિયાનું રોકાણ આવશે. R20 ઇંધણ માટે BIS સ્ટાન્ડર્ડ નક્કી કરવામાં આવ્યા છે.

**(4) પ્રથમવાર બિરસા મુંડા જન્મજયંતિ-15 નવેમ્બરે જનજાતિય દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય :**




- ✓ બિરસા મુંડાની જયંતી 15 નવેમ્બરને જનજાતીય દિવસ તરીકે ઊજવવાનો પણ નિર્ણય કર્યો છે. .

**(5) જૂટ પેકેજિંગ એક્ટ 1987 :**

- ✓ કેન્દ્રીય મંત્રીમંડળે જૂટ પેકેજિંગ એક્ટ 1987 હેઠળ 2021-22 માટે જૂટ પેકેજિંગ મટિરિયલ્સને મંજૂરી આપી હોવાથી હવે 100 ટકા અનાજ અને 20 ટકા ખાંડનું પેકિંગ શણના કોથળામાં કરાશે.




**3. નિમણૂક : NDRF**

**IPS શ્રી અતુલ કરવાલ NDRFના નવા ડાયરેક્ટર જનરલ**

- ✓ ગુજરાત કેડરના 1988ની બેચના IPS અધિકારી અતુલ કરવાલની NDRFના વડા તરીકે નિમણૂક કરાઈ. આ માટે આ પદને બે વર્ષ માટે હંગામી ધોરણે અપગ્રેડ કરાયું છે.




- ✓ કરવાલ હાલમાં હૈદરાબાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય પોલીસ એકેડમીના ડિરેક્ટર છે.

**4. નિમણૂક : CISF**

**IPS શ્રી શીલવર્ધન સિંહ CISFના નવા DG**




- ✓ વરિષ્ઠ IPS અધિકારી શીલવર્ધનસિંહની નિમણૂક CISFના વડા તરીકે કરાઈ.
- ✓ 1986ની બેચના બિહાર કેડરના IPS અધિકારી હાલમાં IBના સ્પેશિયલ ડાયરેક્ટર તરીકે કાર્યરત
- ✓ શીલવર્ધનસિંહ 31 ઓગસ્ટ 2023 સુધી આ પદ પર રહેશે.
- ✓ CISF : સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રી સિક્યોરિટી ફોર્સ

**5. પુસ્તક વિમોચન**

**શીર્ષક : ધ સેજ વીથ ટુ હોર્ન્સ : અનયુઝવલ ટેલ્સ ફ્રોમ માયથોલોજી**




- ✓ **લેખિકા : ડૉ. સુધા મૂર્તિ**

**6. ગ્લોબલ લીડર અપ્રુવલ રેટિંગ્સમાં નરેન્દ્ર મોદીએ ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું**




**7. જળવાયુ પરિવર્તન પરફોર્મન્સ ઈન્ડેક્સ રેન્કિંગ (CCPI) 2022 : COP-26 : ગ્લાસગો**

- ✓ જર્મન વોચ દ્વારા ઈન્ડેક્સ જાહેર

**ઈન્ડેક્સ વિશે :**

- ✓ માપદંડમાં પ્રથમ ટોચના ત્રણ દેશો ખાલી
- ✓ એક પણ દેશ પર્યાવરણ સુરક્ષામાં ખરો નથી ઉતર્યો

**ક્રમ-દેશ અને સ્કૉર**

| | | |
|---|---|---|
| (1) ……… | (2) …….. | (3) ……… |
| (4) ડેનમાર્ક : 76.92 | (5) સ્વીડન : 74.46 | |
| (6) નોર્વે : 73.62 | (7) UK : 73.29 | |
| (8) મોરક્કો : 71.64 | (9) ચિલી : 69.66 | |
| (10) ભારત : 69.22 | | |

**ભારતની સ્થિતિ :**

- ✓ જળવાયુ પરિવર્તન પર્ફોર્મન્સ ઈન્ડેક્સમાં સતત ત્રીજા વર્ષે ભારતનો ટોચના 10 દેશોમાં સમાવેશ.
- ✓ વર્ષમાં 2020માં પણ ભારત દશમા સ્થાને હતું.
- ✓ વર્ષ 2019માં ભારત પોતાના સર્વશ્રેષ્ઠ દેખાવ સાથે નવમા સ્થાને હતું.
- ✓ વર્ષ 2015માં ભારત યાદીમાં 31મા સ્થાને હતું
- ✓ હવે ટોચના 10 દેશોમાં સ્થાન હાંસલ કરીને ભારતે મોટી સિદ્ધિ મેળવી.
- ✓ અમેરિકા યાદીમાં 55મા સ્થાને છે તો વિશ્વમાં સૌથી વધુ પ્રદૂષણ ફેલાવનારો દેશ ચીન 37મા સ્થાને. ચીન ગયા વર્ષે 33મા સ્થાને હતું.

**8. COP-26 : ગ્લાસગો-2021**

**વિશ્વની ટોચની 6 મોટી કાર કંપની 20 વર્ષમાં પેટ્રોલ અને ડીઝલ કાર ઉત્પાદન બંધ કરશે**

**અન્ય બાબતો :**

- ✓ ફોર-વોલ્વો સહિત 6 મોટી કાર કંપની 20 વર્ષમાં પેટ્રોલ અને ડીઝલ કાર ઉત્પાદન બંધ કરશે
- ✓ વિશ્વની ટોચની કાર કંપનીઓએ વર્ષ 2040 સુધીમાં પેટ્રોલ-ડીઝલ એન્જિન ધરાવતા વાહનોનું ઉત્પાદન બંધ કરવાની જાહેરાત કરી
- ✓ ગ્લાસગોમાં યુએન ક્લાઈમેટ કૉન્ફરન્સ દરમિયાન ઑટો કંપનીઓ તથા વિવિધ દેશોના સમૂહોએ 2040 સુધીમાં માત્ર એમિશન ફ્રી કારનું ઉત્પાદન કરવાની જાહેરાત કરી.
- ✓ ઑટો કંપનીઓમાં ફોર્ડ જનરલ મોટર્સ, મર્સિડિઝ બેન્ઝ અને વોલ્વોનો સમાવેશ થાય છે. જ્યારે એમિશન ફ્રી વાહનોના ઉત્પાદનની કટિબદ્ધતા જાહેર કરનાર દેશોમાં કેનેડા, ચિલી,

ડેન્માર્ક, ભારત, ન્યૂઝીલેન્ડ, પોલેન્ડ, સ્વિડન, તુર્કી અને બ્રિટનનો સમાવેશ થાય છે.

✓ આ દેશો તથા કાર કંપનીઓએ આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા

**9. ક્ષેત્રીય સુરક્ષા ડાયલોગ-નવી દિલ્હી :**

**અફઘાનિસ્તાન મામલે દિલ્હીમાં મધ્ય એશિયાના ભારત સહિતના આઠ દેશોના NSAની સુરક્ષા બેઠક**




✓ યજમાન : નવી દિલ્હી

✓ ભારતમાં નેતૃત્વ : NSA શ્રી અજીત ડોભાલ

**મુખ્ય નિર્ણય :**

1. **અફઘાનિસ્તાનના પાડોશી દેશોનું તાલિબાન સાથે ભારતને સમર્થન**
2. **અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ વૈશ્વિક આતંકવાદના કેન્દ્ર તરીકે નહીં કરવા દેવાય**

**NSAની બેઠકમાં સામેલ દેશો :**

| | | |
|---|---|---|
| **1. ભારત** | **2. રશિયા** | **3. ઈરાન** |
| **4. કઝાકિસ્તાન** | **5. કિર્ગીસ્તાન** | **6. તાજિકિસ્તાન** |
| **7. તુર્કમેનિસ્તાન** | **8. ઉઝબેકિસ્તાન** | |

✓ પાકિસ્તાન અને ચીનના NSAનો બેઠકમાં જોડાવાનો ઇનકાર

**10. દિન વિશેષ : 10 નવેમ્બર**

**(1) વિશ્વ વિજ્ઞાન દિવસ**




✓ દર વર્ષે 10 નવેમ્બરના રોજ વિશ્વ વિજ્ઞાન દિવસ (શાંતિ અને વિકાસ માટેનો વિશ્વ વિજ્ઞાન દિવસ) તરીકે ઉજવવામાં આવે છે.

✓ **થીમ-2021 : 'Building Climate-Ready Communities'.**

**હેતુ :**

✓ શાંતિ અને વિકાસ કાર્યોમાં વિજ્ઞાનના યોગદાન વિશે જાગૃતિ લાવવા તેમજ સમાજમાં વિજ્ઞાનની ભૂમિકાને રેખાંકિત કરવા.

**વિગત :**

✓ વિશ્વ વિજ્ઞાન દિવસની સ્થાપના યુનેસ્કો દ્વારા વર્ષ 2001માં કરવામાં આવી.

✓ પ્રથમ વર્ષ 2002માં ઉજવવામાં આવી હતી. આ દિવસે વિશ્વભરની ઘણી સંસ્થાઓ દ્વારા કાર્યક્રમોનું આયોજન કરાઈ છે.

**શાંતિ અને વિકાસ માટે વિશ્વ વિજ્ઞાનનો ઉદ્દેશ**

✓ શાંતિપૂર્ણ અને ટકાઉ સમાજો માટે વિજ્ઞાનની ભૂમિકા પર જાહેર જાગૃતિને મજબૂત બનાવવું.

✓ દેશો વચ્ચે વહેંચાયેલા વિજ્ઞાન માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહિત કરો.

✓ સમાજોના ફાયદા માટે વિજ્ઞાનના ઉપયોગ માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાને નવીકરણ આપો.

✓ વિજ્ઞાન દ્વારા સામનો કરવામાં આવતી મુશ્કેલી અને વૈજ્ઞાનિક પ્રયાસ માટે લોકો તેને પ્રોત્સાહિત કરે.

**(2) અફઝલ ખાન વધ :**

**છત્રપતિ શિવાજી દ્વારા તા.10 નવેમ્બર-1659ના અફઝલ ખાનનો વધ કરાયો હતો**




**(3) દિન વિશેષ : કારતક સુદ છઠ્ઠ છઠ્ઠ પૂજા**




**છઠ્ઠ પૂજાનુ મહત્વ :**

✓ બિહાર સહિત ભારતભરના લોકોનો મોટો ઉત્સવ

✓ બિહારવાસીઓ માટે પણ છઠ પૂજા એ દિવાળી જેટલો જ મહત્વનો તહેવાર છે.

✓ સૂર્યદેવ પ્રત્યેનો આભાર વ્યક્ત કરવા નદીનાં પાણીમાં જઈ અર્ધ્ય અર્પણ કરવામાં આવે છે.

✓ સાથે જ મહિલાઓ આખા દિવસનો ઉપવાસ રાખી સૂર્યોદય ટાણે કે સૂર્યાસ્ત સમયે સૂર્યદેવની બહેન મનાતી છઠ્ઠી મૈયાની પૂજા કરે છે.

✓ અમદાવાદમાં રહેતા બિહારવાસીઓએ પણ ભાટ ગામ પાસે ખાસ બનાવેલા ઘાટ પર મોટી સંખ્યામાં પહોંચી છઠ પૂજા કરી હતી.

✓ આ પ્રસંગે રાજ્યના વિવિધ મંત્રીઓ પણ ખાસ હાજર રહ્યા હતા.

**11. જન્મ દિન વિશેષ : 10 નવેમ્બર**

**ભારતીય રાજનીતિના સ્થાપક : સુરેન્દ્રનાથ બેનરજી**

**જન્મ : 10 નવેમ્બર 1848**

**અવસાન : 6 ઓગસ્ટ 1925 (બરકપુર)**

✓ ભારતના ગ્લેડસ્ટન અને રાષ્ટ્રગુરુ તરીકે પ્રસિદ્ધ થયેલા બંગાળી નેતા સુરેન્દ્રનાથ બેનરજીનો 10 નવેમ્બરના રોજ જન્મદિન




✓ પરાધીન ભારતમાં હજુ રાષ્ટ્રીય અસ્મિતાનો અણસાર પણ વર્તાતો ન હતો ત્યારે આ યુગ પરિવર્તનકારી કાર્યની બુનિયાદ સુરેન્દ્રનાથ બેનરજી જેવા વિચારકોએ નાંખી હતી.

- ✓ કોલકતામાં જન્મેલા બેનરજીએ શિક્ષણ હિન્દુ કોલેજ અને કોલકતા યુનિ.થી લીધું.
- ✓ સુરેન્દ્રનાથના વ્યક્તિત્વ પર ડોક્ટર પિતા દુર્ગાચરણ બેનરજી અને બ્રિટિશ વિચારક એડમંડ બર્મના ઉદાર અને પ્રગતિશીલ વિચારોની ઊંડી અસર હતી.
- ✓ 1882માં રિપન કોલેજ સ્થાપી તેમાં અંગ્રેજીના પ્રોફેસર બન્યો.
- ✓ 1905માં બંગાળના ભાગલા પછી શરૂ થયેલા સ્વદેશી આંદોલનના નેતા તરીકે આંદોલનને આગેવાની પૂરી પાડી અને બ્રિટિશ સરકારે ભાગલા રદ કરવાની ફરજ પડી.
- ✓ સુરેન્દ્રનાથ બેનરજી ગાંધીજીના સવિનય કાનૂનભંગ આંદોલનના ટીકાકાર હતા.

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (10-11-2021)

**1.** કેન્દ્રીય કેબિનેટ દ્વારા તા. 10 નવેમ્બર 2021ના રોજ લેવામાં આવેલા મહત્વના નિર્ણયોમાં નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થાય છે

1. સરકાર દ્વારા 100 ટકા અનાજ અને 20 ટકા ખાંડનું પેકિંગ શણના કોથળામાં કરવાનો નિર્ણય

2. MPLAD સ્કીમને ફરીથી શરૂ કરવાનો નિર્ણય : દરેક સાંસદને પાંચ કરોડ ફાળવાશે

3. 2025 સુધીમાં ઇંધણમાં 25 ટકા ઇથેનોલનું બ્લેન્ડિંગ કરવાનું લક્ષ્યાંક

4. MPLAD : મેમ્બર ઓફ પાર્લામેન્ટ લોકલ એરિયા ડેવલપમેન્ટ

(A) 2 અને 4 (B) 2 અને 3 (C) 1 અને 2 **(D) આપેલ તમામ**

**2.** નવેમ્બર 2021માં COP-26 : ગ્લાસગોમાં જાહેર થયેલા જળવાયુ પરિવર્તન પરફોર્મન્સ ઇન્ડેક્સ રેન્કિંગ (CCPI) 2022 અંગે ક્યા વિધાનો યોગ્ય છે

1. જર્મન વોચ દ્વારા ઇન્ડેક્સ જાહેર

2. ઈન્ડેક્સના માપદંડમાં પ્રથમ ટોચના ત્રણ દેશો ખાલી

3. 76.92 સ્કોર સાથે ડેનમાર્ક સૌથી અગ્રેસર ચોથા ક્રમે

4. સતત ત્રીજા વર્ષે ભારતનો ટોચના 10 દેશોમાં સમાવેશ

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** નવેમ્બર 2021માં અફઘાનિસ્તાન મામલે દિલ્હીમાં યોજાયેલી મધ્ય એશિયાના દેશોની બેઠક સંદર્ભે કઈ બાબતો યોગ્ય છે

1. ક્ષેત્રીય સુરક્ષા ડાયલોગ યજમાન -નવી દિલ્હી

2. ભારત સહિતના આઠ દેશોના NSAની સુરક્ષા બેઠક

3. અફઘાનિસ્તાનના પાડોશી દેશોનું તાલિબાન સાથે ભારતને સમર્થન

4. NSAની બેઠકમાં સામેલ દેશો : ભારત, રશિયા, ઈરાન, કઝાકિસ્તાન, કિર્ગીસ્તાન, તાઝિકિસ્તાન, તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન

(A) 1 અને 4 (B) 1 અને 3 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**4.** નવેમ્બર 2021માં ગુજરાત સરકાર દ્વારા શ્રમ અને રોજગાર વિભાગનું કયુ નવુ નામાભિધાન કરાયું

(A) શ્રમ, કૌશલ્ય, વિકાસ અને રોજગાર વિભાગ

(B) કૌશલ્ય, વિકાસ શ્રમ અને રોજગાર વિભાગ

**(C) શ્રમ, કૌશલ્ય અને રોજગાર વિભાગ**

(D) યુવા કૌશલ્ય અને રોજગાર વિભાગ

**5.** કેન્દ્રીય કેબિનેટ દ્વારા પ્રથમવાર બિરસા મુંડાની યાદમાં 15 નવેમ્બરે તેની જન્મજયંતિને ભારતભરમાં ક્યા દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરાઈ

(A) બિરસા મુંડા દિવસ **(B) જનજાતિય દિવસ**

(C) આદિવાસી દિવસ (D) વિચરતી-વિમુક્ત જાતિય દિવસ

**6.** નવેમ્બર 2021માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત કેડરના 1988ની બેચના IPS અધિકારી શ્રી અતુલ કરવાલની કઈ સંસ્થાના નવા ડાયરેક્ટર જનરલ તરીકે બે વર્ષ માટે નિમણૂક કરવામાં આવી

**(A) NDRF** (B) ITBP (C) CRPF (D) BSF

**7.** નવેમ્બર 2021માં કેન્દ્ર સરકાર દ્વારા બિહાર કેડરના 1986ની બેચના IPS અધિકારી શ્રી શીલવર્ધન સિંહની કઈ સંસ્થાના નવા DG તરીકે બે વર્ષ માટે નિમણૂક કરાઈ

**(A) CISF** (B) ITBP (C) CRPF (D) BSF

**8.** તાજેતરમાં વિમોચન કરાયેલા પુસ્તક ધ સેજ વીથ ટુ હોર્ન્સ અનયુઝવલ ટેલ્સ ફ્રોમ માયથોલોજીના લેખકનું નામ જણાવો

(A) શિખા શર્મા **(B) ડૉ. સુધા મૂર્તિ**

(C) કિરણ મઝમુદાર (D) નીતા અંબાણી

**9.** COP-26 : ગ્લાસગો-2021માં વિશ્વની ટોચની કેટલી મોટી કાર કંપનીઓ 20 વર્ષમાં પેટ્રોલ અને ડીઝલ કાર ઉત્પાદન બંધ કરશે

(A) 4 (B) 5 **(C) 6** (D) 7

**10.** કારતક સુદ છઠ્ઠના દિવસે ઉત્તર ભારત અને બિહારના લોકો ક્યો તહેવાર મનાવે છે

**(A) છઠ્ઠ પૂજા** (B) દૂર્ગા પૂજા

(C) રાંધણ છઠ્ઠ (D) આપેલ પૈકી એક પણ નહીં

**11.** વિશ્વ વિજ્ઞાન દિવસ કયારે ઉજવવામાં આવે છે

(A) 5 નવેમ્બર (B) 6 નવેમ્બર

(C) 8 નવેમ્બર **(D) 10 નવેમ્બર**

**12.** વિશ્વ વિજ્ઞાન દિવસની સ્થાપના કયા વર્ષમાં અને કોના દ્વારા કરવામાં આવી

(A) વર્ષ-2000 અને યુનિસેફ **(B) વર્ષ-2001 અને યુનેસ્કો**

(C) વર્ષ-2004 અને યુનિસેફ (D) વર્ષ-2007 અને યુનેસ્કો

**13.** વિશ્વ વિજ્ઞાન દિવસની પ્રથમ વખત ઉજવણી કયા વર્ષમાં કરવામાં આવી હતી

(A) વર્ષ-2000 **(B)વર્ષ-2002** (C)વર્ષ-2004 (D) વર્ષ-2007

**14.** છત્રપતિ શિવાજીએ અફઝલ ખાનનો વધ કયારે કર્યો

(A) તા.2 નવેમ્બર-1569 (B) તા.5 નવેમ્બર-1596

(C) તા.7 નવેમ્બર-1655 **(D) તા.10 નવેમ્બર-1659**

**15.** ભારતના ગ્લેડસ્ટન-રાષ્ટ્રગુરુ તરીકે કોણ ઓળખાય છે

(A) અભિજીત બેનરજી (B) વ્યોમેશચંદ્ર બેનરજી

**(C) સુરેન્દ્રનાથ બેનરજી** (D) શ્યામનાથ બેનરજી

**16.** ભારતીય રાજનીતિના સ્થાપક સુરેન્દ્રનાથ બેનરજીનો જન્મ દિવસ જણાવો

(A) તા.2 નવેમ્બર-1831 (B) તા.5 નવેમ્બર-1842

(C) તા.7 નવેમ્બર-1844 **(D) તા.10 નવેમ્બર-1848**

**DATE : 11-11-2021**

## 1. નિમણૂક : કેન્દ્ર સરકાર દ્વારા સર્વિસ એક્સપોર્ટ કાઉન્સિલના ચેરમેન પદે પ્રથમવાર ગુજરાતી તરીકે CA શ્રી સુનીલ તલાટીની નિમણૂક

✓ કાર્યકાળ : વર્ષ 2021થી વર્ષ 2023 (બે વર્ષ)

**વિગત :**

✓ શહેરના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટ અને આઇસીએઆઇના પૂર્વ પ્રમુખ સુનીલ તલાટીની કેન્દ્ર સરકાર દ્વારા સર્વિસ એક્સપોર્ટ કાઉન્સિલના ચેરમેનપદે નિયુક્તિ કરવામાં આવી



**સર્વિસ એક્સપોર્ટ કાઉન્સિલ વિશે :**

✓ ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા આ નિયુક્તિ કરવામાં આવી છે. દેશમાં જુદી જુદી 27 એક્સપોર્ટ કાઉન્સિલો છે. જેના છત્ર સ્વરૂપ કોઇ કાઉન્સિલ નહોતી. સર્વિસ એક્સપોર્ટ કાઉન્સિલની સ્થાપના વર્ષ 2015માં કરવામાં આવી હતી.

✓ દેશમાં એજ્યુકેશન, હેલ્થકેર, એકાઉન્ટ, આઇટી, લીગલ વગેરે સહિત 12 ચેમ્પિયન સર્વિસ નક્કી કરવામાં આવી છે. જો કે બાદમાં આ સર્વિસની સંખ્યા વધતા વધતા હાલમાં 17 થઇ છે.

✓ આ રીતે વિદેશના ક્લાયન્ટને સર્વિસ આપ્યા બાદ ભારતની કંપની પેમેન્ટ સ્વીકારે છે.

✓ આ માટે એક્સપોર્ટર પાસે એસીપીસીનું રજિસ્ટ્રેશન હોવું જરૂરી છે.

✓ કાઉન્સિલ પાસે હાલમાં 3500 સભ્યો.

✓ આવા એક્સપોર્ટરોને સરકારની જુદી જુદી યોજનાના લાભ મળે છે. જ્યારે કાઉન્સિલ રેગ્યુલેટિંગ અને મોનિટરિંગનું કાર્ય સંભાળે છે.

## 2. મા અન્નપૂર્ણાની મૂર્તિ-કાશી (ઉત્તરપ્રદેશ)

**ચોરાયેલી મૂર્તિ કેનેડાથી ભારત પરત લવાઈ**

**વિગત :**

✓ કેન્દ્ર સરકારને દેશના કિંમતી વારસાને ભારતમાં પરત લાવવામાં સફળતા મળી છે. ભારત સરકારે મા અન્નપૂર્ણા દેવીની મૂર્તિને ઉત્તરપ્રદેશ સરકારને સોંપી હતી.



✓ આ મૂર્તિની 108 વર્ષ અગાઉ કાશીમાંથી ચોરી થઇ હતી અને કેનેડાની એક યુનિવર્સિટીમાં રાખવામાં આવી હતી.

✓ 15મીએ કાશીમાં તેની પુનઃસ્થાપના કરાશે.

✓ કેન્દ્રીય સાંસ્કૃતિક પ્રધાન જી કિશન રેડ્ડીએ કેનેડાથી લાવવામાં આવેલી અન્નપૂર્ણા માતાની દેવી ભારતીય પુરાતત્વ વિભાગ દ્વારા એક સમારંભ યોજીને ઉત્તરપ્રદેશ સરકારને સુપ્રદ કરી

✓ નેશનલ ગેલેરી ઓફ મોડર્ન આર્ટ (એનજીએમએ) ખાતે આ ઇવેન્ટ યોજાઈ હતી.

✓ વર્ષ 2014થી ભારતમાં આ પ્રકારની 40થી પણ વધારે પુરાતત્વીય મહત્ત્વવાળી વસ્તુઓ પરત ફરી છે. જ્યારે 2014 પહેલા ફક્ત 13 જ પ્રાચીન મૂલ્યવાન વસ્તુઓ પરત ફરી હતી.

✓ 18મી સદીની આ મૂર્તિ કેનેડાની મેકેન્ઝી આર્ટ ગેલેરીમાં હતી. યુનિવર્સિટીએ પછી તેને ગયા વર્ષે કેનેડા ખાતેના ભારતના હાઇ કમિશ્નરને સુપ્રદ કરી હતી

## 3. પુસ્તક વિમોચન : 'સનરાઈઝ ઓવર અયોધ્યા'




**લેખક : કોંગ્રેસના વરિષ્ઠ નેતા-પૂર્વ મંત્રી સલમાન ખુરશીદ**

**પુસ્તકના વિવાદાસ્પદ મુદ્દા :**

✓ કોંગ્રેસના વરિષ્ઠ નેતા સલમાન ખુરશીદે તેમના નવા પુસ્તક સનરાઇઝ ઓવર અયોધ્યામાં હિંદુત્વની સરખામણી ઇસ્લામિક સ્ટેટ અને બોકો હરામ જેવા આતંકવાદી સંગઠનો સાથે કરતાં વિવાદ વકર્યો હતો.

✓ દિલ્હીના બે વકીલો વિવેક ગર્ગ અને વિનીત જિંદાલે સલમાન ખુરશીદ સામે દિલ્હી પોલીસમાં હિંદુત્વને બદનામ કરવાના આરોપસર ફરિયાદો નોંધાવી હતી.

✓ સુપ્રીમ કોર્ટના અયોધ્યા કેસ પરના ચુકાદા પર આધારિત આ પુસ્તકમાં ધ સેફ્રોન સ્કાય નામના પ્રકરણમાં સલમાન ખુરશીદે લખ્યું છે કે સંતો અને ધર્માચાર્યો માટે જાણીતા સનાતન ધર્મ અને હિંદુ ધર્મને ઉગ્ર હિંદુત્વએ હાંસિયામાં ધકેલી દીધાં

✓ હિંદુત્વની આ રાજકીય આવૃત્તિ ઇસ્લામિક સ્ટેટ અને બોકો હરામ જેવા જેહાદી સંગઠનો જેવી છે.

✓ ફરિયાદમાં વકીલ વિવેક ગર્ગે જણાવ્યું હતું કે, ઇસ્લામિક સ્ટેટના કટ્ટરવાદીઓ સાથે હિંદુઓની સરખામણી કરીને જેહાદી તત્વોને માન્યતા અપાવવાની કોંગ્રેસની માનસિકતા છતી થાય છે.

✓ પુસ્તકમાંનું લખાણ સ્પષ્ટ કરે છે કે, આ દેશદ્રોહ, ભારત સામે યુદ્ધ શરૂ કરવાના કાવતરા અને હિંદુ-મુસ્લિમ વચ્ચે વેર વકરાવવાનો ખુલ્લો કેસ છે.

**4. માર્ગ પરિવહન મંત્રાલય : અકસ્માત બાદ મૃત્યુદર રોકવા કેન્દ્ર સરકારની નવીન પહેલ**

**વિગત :** વાહન અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ વ્યક્તિને ગોલ્ડન અવરમાં હોસ્પિટલ પહોંચાડનાર કે હોસ્પિટલે પહોંચાડવામાં મદદ કરનારી વ્યક્તિને રૂપિયા પાંચ હજારનો રોકડ અવૉર્ડ અને સર્ટિફિકેટ આપવાની યોજના કેન્દ્ર સરકારના રોડ ટ્રાન્સપોર્ટ મંત્રાલયે લૉન્ચ કરી.

**નવીન પહેલ વિશે :**

- ✓ ગત 15 ઓક્ટોબરથી અમલી આ યોજના માર્ચ 31,2026 સુધી અમલી રહેશે. જીવ બચાવવામાં મદદગારી વ્યક્તિને વર્ષમાં મહત્તમ પાંચ વખત અવૉર્ડ મળી શકે છે.

**કોને અવૉર્ડ મળી શકે ?**

- ✓ રોડ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ એક કે તેથી વધુ વ્યક્તિને ગોલ્ડન અવરમાં હોસ્પિટલ પહોંચાડવામાં મદદ કરનારી કોઇપણ વ્યક્તિને આ અવૉર્ડ મળી શકે. મદદ કરનારી વ્યક્તિ પણ એક કે તેથી વધુ હોય અને એક જ ઘટનામાં તેમની ભૂમિકા હોય તો ઇનામ વહેંચાશે.

**ગોલ્ડન અવર એટલે શું ?**

- ✓ મોટર વ્હીકલ એક્ટની કલમ 2(12એ) મુજબ, અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલને એક કલાકમાં હોસ્પિટલ પહોંચાડાય તો એને ગોલ્ડન અવર કહે છે. આ એક કલાકનો સમય એવો છે, જેમાં ઇજાગ્રસ્તને સારવાર મળે તો જીવ બચવાની શક્યતા મહત્તમ હોય છે.

**મદદ કરનારી વ્યક્તિની પસંદગીના ધોરણે કયા છે?**

- ✓ ઇજાગ્રસ્તોના અકસ્માતની પોલીસને જાણ કરનારી વ્યક્તિ મદદ પહોંચાડે પછી પોલીસ ડોક્ટર પાસેથી વિગતો મેળવી લેટર પેડ પર મદદ કરનારી વ્યક્તિનું નામ, સરનામું અને મોબાઇલ નંબર, અકસ્માતનું સ્થળ, સમય નોંધી મદદ કરનારી વ્યક્તિએ કેવી અને કેટલી હેલ્પ કરી એની નોંધ સાથેનું સર્ટિફિકેટ તૈયાર કરી સંબંધિત ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટને મોકલશે.

**ફેટલ અકસ્માતમાં આ બાબતો સમાવાઇ**

- ✓ ઇજાને કારણે મોટી સર્જરી કરવી પડે.
- ✓ ઇજાને કારણે ઓછામાં ઓછું 3 દિવસ હોસ્પિટલમાં રહેવું પડે.
- ✓ મગજ અને કરોડરજ્જુની ઇજા
- ✓ અકસ્માતમાં ગંભીર કહી શકાય એવી ઇજા જેમાં જીવ જવાનું જોખમ હોય એનો પણ સમાવેશ થાય છે.

**5. ભારત સરકાર: ઈ-વિઝાનો મહત્વનો નિર્ણય**

**હવે 156 દેશોને જ ઈ-વિઝાની સુવિધા**

**અન્ય વિગત :**

**ઈ-વિઝા માટે પ્રતિબંધિત નવ દેશો**

- ✓ ચીન, હોંગકોંગ, મકાઉ, કેનેડા, યુ.કે., ઈરાન, મલેશિયા, ઈન્ડોનેશિયા અને સાઉદી અરેબિયા

**ઈ-વિઝાની સુવિધાવાળા દેશો :**

- ✓ યુ.એસ., તાઈવાન, વિયેતનામ, સિંગાપોર સહિતના વિશ્વના કુલ 156 દેશ માટે ઈ-વિઝાની સુવિધા ચાલુ રહેશે.

**6. 8 દેશોના NSAની બેઠક : નવી દિલ્હી તા. 10 નવેમ્બર 2021**




✓ **ખાસ : દિલ્હી ડેકલેરેશન ઓન અફઘાનિસ્તાન તૈયાર કરાયું**

**ડેકલેરેશનમાં સમાવિષ્ટ મુખ્ય 12 મુદ્દાઓ :**

- ✓ સૌથી વધુ વાત આતંકવાદ રિલેટેડ હતી.
- ✓ તાલિબાનો અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ આતંકવાદી ગતિવિધિઓ માટે થવા નહીં દે.
- ✓ આતંકવાદીઓને આશરો નહીં આપે, ટ્રેનિંગ નહીં આપે, આર્થિક મદદ નહીં કરે અને આતંકવાદથી દૂર રહેશે.
- ✓ અફઘાનિસ્તાનના લોકોને જે મદદ મળે છે એ ચાલુ રહે અને ખરેખર જે લોકોને જરૂરિયાત છે એના સુધી મદદ પહોંચે.
- ✓ અમે શાંતિપૂર્ણ, સુરક્ષિત અને સ્થિર અફઘાનિસ્તાનને સમર્થન આપીએ છીએ.
- ✓ અફઘાનિસ્તાનમાંથી થતી ડ્રગ્સની તસ્કરી સામે પણ નારાજગી વ્યક્ત થઇ.

**NSA બેઠક વિશે :**

- ✓ આપણા નેશનલ સિક્યોરિટી એડવાઇઝર અજિત ડોભાલે બીજા સાત દેશ રશિયા, ઇરાન, તજાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, તુર્કમેનિસ્તાન, કઝાકિસ્તાન અને કિર્ગિસ્તાનના સુરક્ષા સલાહકારો સાથે અફઘાનિસ્તાનમાં સત્તાપરિવર્તન પછી ઊભી થયેલી પરિસ્થિતિની ઝીણવટભરી ચર્ચા કરી.
- ✓ બધાએ સાથે મળી દિલ્હી ડેકલેરેશન ઓન અફઘાનિસ્તાન તૈયાર કર્યું.

**7. ISS મિશન : NASA અને સ્પેસ એક્સના મિશનનું નેતૃત્વ મૂળ ભારતીય કમાન્ડર રાજા ચારી કરશે**



**મિશન વિશે :**

- ✓ એલન મસ્કની કંપની સ્પેસએક્સ દ્વારા બનાવવામાં આવેલા ફાલ્કન-9 રોકેટ દ્વારા ક્રુ ડ્રેગન કેપ્સ્યુલમાં ચાર અવકાશયાત્રીઓએ ISS મિશન માટેની સફર શરૂ કરી હતી.
- ✓ **ક્રુ ડ્રેગન કેપ્સ્યૂલને એન્ડ્યુરન્સ નામ આપવામાં આવ્યું.**
- ✓ ચાર અવકાશયાત્રીઓ અવકાશમાં 22 કલાકની સફર પછી 12 નવેમ્બરે 5.40 કલાકે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પહોંચશે જેમાં રાજા ચારી મિશન કમાન્ડર છે.
- ✓ ચારેય અવકાશયાત્રીઓ છ મહિના ISSમાં વિતાવશે અને અલગ-અલગ સંશોધન કાર્ય કરશે. એપ્રિલ 2022માં તેઓ પૃથ્વી પર પાછા ફરશે.

**અવકાશયાત્રીઓનો પરિચય :**

- ✓ **પાઈલટ :** ટોમ માર્શ બર્ન

- ✓ **મિશન સ્પેશ્યાલિસ્ટ :** કાયલા બેરોન અને માર્થિઅસ મૌરેર
- ✓ રાજા ચારી માટે અવકાશયાત્રા કરવાનો આ પહેલો અનુભવ.

**કમાન્ડર રાજા જોન વુર્પુતૂર ચારી વિશે :**

- ✓ 43 વર્ષના મૂળ ભારતીય અવકાશ યાત્રી રાજા જોન વુર્પુતૂર ચારી મિશન કમાન્ડર.
- ✓ તેમણે યુએસ એરફોર્સ એકેડમીમાંથી MIT કર્યું
- ✓ તેમણે 2000 કલાકથી વધુ ફાઈટર જેટ ઉડાડવાનો અનુભવ મેળવ્યો છે.
- ✓ તેઓ હૈદરાબાદ નજીક મહેબૂબનગરનાં રહીશ.
- ✓ તેમનાં પિતા શ્રીનિવાસ ચારી 50 વર્ષ પહેલા અભ્યાસ માટે અમેરિકા ગયા હતા.
- ✓ **ISS : ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન**

**8. ચીન : પ્રમુખ શી જિનપિંગની સતત ત્રીજીવાર ચીનના પ્રમુખ પદે વરણી**

- ✓ મુખ્ય પક્ષ: કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઇના (CPC)



**અન્ય વિગતો :**

- ✓ દરમિયાન ચીનના કોમ્યુનિસ્ટ પક્ષની બેઈજિંગમાં યોજાયેલી ચાર દિવસની 19મી સીપીસી સેન્ટ્રલ સમિતિની બેઠકમાં શી જિનપિંગની સતત ત્રીજી ટર્મ માટે ચીનના પ્રમુખ તરીકેની વરણીને મંજૂરી અપાઈ.
- ✓ આ બેઠકમાં પક્ષના 100 વર્ષના ઈતિહાસમાં 'ઐતિહાસિક ઠરાવ' સ્વીકારીને જિનપિંગની આગામી વર્ષ અને આગામી સમય સુધી ચીનના પ્રમુખ તરીકે નિમણૂક કરાઈ. કોમ્યુનિસ્ટ પક્ષના સ્થાપક માઓ ઝેડોંગ અને તેમના ઉત્તરાધિકારી ડેન્ગ શિઓપિંગ પછી જિનપિંગ માત્ર ત્રીજા નેતા છે જેઓ સતત ત્રીજી ટર્મ માટે પ્રમુખપદ સંભાળશે.

**9. જન્મ દિન વિશેષ : 11 નવેમ્બર**

**મૌલાના અબુલ કલામ આઝાદ**




**જન્મ - 11 નવેમ્બર 1888 (સાઉદી અરબમાં)**

**અવસાન - 22 ફેબ્રુઆરી 1958**

- ✓ તખલ્લુસ : આઝાદ
- ✓ ભારતના પ્રથમ શિક્ષણ મંત્રી.
- ✓ તેમના જન્મદિવસને રાષ્ટ્રીય શિક્ષણ દિન (નેશનલ એજ્યુકેશન ડે) તરીકે ઉજવાઈ છે
- ✓ તેમને 1992ના વર્ષે ભારતરત્ન (મરણોપરાંત) આપવામાં આવ્યો હતો.
- ✓ તેમણે 1912માં અલ-હીલાલ સાપ્તાહિક ઉર્દૂમાં શરૂ કર્યું હતું.

**10. દિન વિશેષ : 11 નવેમ્બર :**

**(1) દિન વિશેષ : રાષ્ટ્રીય શિક્ષણ દિવસ**




- ✓ સ્વાતંત્ર્ય સેનાની અને ભારતના પ્રથમ શિક્ષણ પ્રધાન મૌલાના અબુલ કલામ આઝાદની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય શિક્ષણ દિવસની ઉજવણી કરાઈ છે.
- ✓ શિક્ષણ દિવસ નિમિત્તે ભારત અબુલ કલામ આઝાદ દ્વારા શિક્ષણ ક્ષેત્રે કરેલા કામોને યાદ કરે છે.
- ✓ મૌલાના અબુલ કલામ આઝાદ ભારતીય પ્રખ્યાત મુસ્લિમ વિદ્વાન હતા.
- ✓ તેઓ કવિ, લેખક, પત્રકાર અને ભારતીય સ્વાતંત્ર્ય સેનાની હતા.
- ✓ બાળપણથી જ તેમણે શિક્ષણને તેમના જીવનનો મુખ્ય શ્રેય બનાવ્યો.
- ✓ મૌલાના અબુલ કલામ આઝાદ ભારતના પ્રથમ શિક્ષણ પ્રધાન હતા.

**(2) દિન વિશેષ : કારતક સુદ સાતમ : પુજ્ય જલારામ બાપાની 222મી જન્મજયંતિ ઉજવાઈ**




- ✓ વતન-સ્થાનક : વીરપુર, રાજકોટ

**મહિમા :**

- ✓ દેને કો ટુકડા ભલા, લેને કો હરિનામ ઉક્તિને જીવનભર ચરિતાર્થ કરનારા સંતની કારતક સુદ સાતમના દિવસે જન્મજયંતિ ઉજવાય છે અને આ વર્ષે તેમની 222મી જન્મજયંતિ હોઇ, તેની વિશેષ ઉજવણી કરવામાં આવી.
- ✓ આ અવસરે શોભાયાત્રામાં બાપાને 222 કિલોની ખાસ તૈયાર કરાયેલી કેક ધરવામાં આવી હતી અને એ જ પ્રસાદી રૂપે શ્રધ્ધાળુઓને વહેંચવામાં આવી હતી.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (11-11-2021)

**1.** કેન્દ્ર સરકાર દ્વારા નવેમ્બર-2021માં સર્વિસ એક્સપોર્ટ કાઉન્સિલના ચેરમેન પદે પ્રથમવાર કયા ગુજરાતીની નિમણૂક કરાઈ

(A) સુનિલ જૈન (B) પ્રદિપ જૈન

**(C) સુનીલ તલાટી** (D) હર્ષદ મહેતા

**2.** 108 વર્ષ અગાઉ કાશીમાંથી ચોરાયેલી મા અન્નપૂર્ણાની મૂર્તિ નવેમ્બર-2021માં કયા દેશમાંથી પરત લવાઈ

(A) ઈંગ્લેન્ડ **(B) કેનેડા** (C) ઓસ્ટ્રેલિયા (D) અમેરિકા

**3.** કેનેડાથી ભારત પરત લવાયેલી મા અન્નપૂર્ણાની 108 વર્ષ જૂની મૂર્તિ ક્યાં પુન: સ્થાપિત કરાશે

(A)વારાણસી **(B) કાશી**

(C) ઉજ્જૈન (D) સોમનાથ

**4.** તાજેતરમાં પ્રકાશિત વિવાદાસ્પદ પુસ્તક 'સનરાઈઝ ઓવર અયોધ્યા' કોના દ્વારા પ્રકાશિત કરાયું

(A) ગુલામનબી આઝાદ **(B) સલમાન ખુરશીદ**

(C) શશી થરૂર (D) કપિલ સિબ્બલ

**5.** અકસ્માત બાદ મૃત્યુદર રોકવા કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલી નવી પહેલ મુજબ ઘાયલ વ્યક્તિને ગોલ્ડન અવરમાં હોસ્પિટલ પહોંચાડનાર કે મદદ કરનારને કેટલા રૂપિયાનો રોકડ પુરસ્કાર તથા સર્ટિફિકેટ અપાશે

(A) ) રૂ. 3,000 **(B) રૂ. 5,000**

(C) રૂ. 10,000 (D) રૂ. 12,000

**6.** નવેમ્બર-2021માં ભારત સરકારે ક્યા-ક્યા દેશો પર ઈ-વિઝા પર પ્રતિબંધ મુક્યો

(A) ચીન, હોંગકોંગ અને મકાઉ

(B) કેનેડા, યુ.કે. અને સાઉદી અરેબિયા

(C) મલેશિયા, ઈન્ડોનેશિયા અને ઈરાન

**(D) આપેલ તમામ**

**7.** તા. 11 નવેમ્બર 2021ની સ્થિતિએ ભારત દ્વારા કેટલા દેશોને ઈ-વિઝાની સુવિધા આપવામાં આવે છે -

(A) 151 (B) 153 **(C) 156** (D) 158

**8.** તા. 10 નવેમ્બર 2021ના રોજ નવી દિલ્હી ખાતે 8 દેશોના NSAની બેઠકમાં જાહેર કરાયેલા દિલ્હી ડેકલેરેશન ઓન અફઘાનિસ્તાનમાં કેટલા મુદ્દાઓનો સમાવેશ કરાયો છે

(A) 10 (B) 11 **(C) 12** (D) 13

**9.** નવેમ્બર 2021માં NASA અને સ્પેસ એક્સના ISS મિશનનું નેતૃત્વ ક્યા મૂળ ભારતીય કમાન્ડરે કર્યું હતુ

**(A) રાજા જોન વુર્પુતૂર ચારી** (B) કાયલા બેરોન

(C) આચાર્ય ચારી (D) માર્થિઅસ મૌરેર

**10.** અવકાશ યાત્રી કમાન્ડર રાજા જોન વુર્પુતૂર ચારી મૂળ ભારતના કયા શહેરના વતની છે

(A) લખનઉ (B) ચેન્નઈ **(C) હૈદરાબાદ** (D) કાનપુર

**11.** નવેમ્બર 2021માં ચીનના પ્રમુખ શી જિનપિંગની સતત કેટલામી વાર ચીનના પ્રમુખ પદે વરણી કરાઈ

(A) બીજીવાર **(B) ત્રીજીવાર** (C) ચોથીવાર (D) પાંચમીવાર

**12.** આઝાદ ભારતના પ્રથમ શિક્ષણ મંત્રીનું નામ જણાવો

(A) અબદૂલ ગફાર ખાન (B) સરદાર પટેલ

**(C) મૌલાના અબુલ કલામ આઝાદ**

(D) લાલ બહાદૂર શાસ્ત્રી

**13.** મૌલાના અબુલ કલામ આઝાદનો જન્મ દિવસ જણાવો

(A) 10 નવેમ્બર 1884 **(B) 11 નવેમ્બર 1888**

(C) 13 નવેમ્બર 1890 (D) 14 નવેમ્બર 1895

**14.** સ્વાતંત્ર્ય સેનાની મૌલાના અબુલ કલામ આઝાદની જન્મજયંતિ 11 નવેમ્બરે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે

(A) રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (B) રાષ્ટ્રીય રમત દિવસ

**(C) રાષ્ટ્રીય શિક્ષણ દિવસ** (D) રાષ્ટ્રીય બાળ દિવસ

**DATE : 12-11-2021**

## 1. "નિરામય ગુજરાત" મહા અભિયાન : ગુજરાત સરકાર




**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે પાલનપુર (બનાસકાંઠા)માંથી તા.12 નવેમ્બર 2021ના રોજ રાજ્યવ્યાપી શુભારંભ**

**નિરામય ગુજરાત એટ એ ગલાન્સ :**

**મહા અભિયાનનો લોગો**




✓ **ધ્યેય મંત્ર :** સ્વસ્થ નાગરિક, ઉન્નત ગુજરાત

✓ **હેતુ :** લોકોના આરોગ્ય સુખાકારીના હેતુથી બિનચેપી રોગો માટે સ્ક્રિનીંગથી સારવાર સુધીનું મહાઅભિયાન - સર્વેલન્સ નિરામયનો બૃહદ ઉદ્દેશ

**નિરામય ગુજરાત અંતર્ગત સેવાઓ :**

✓ દર શુક્રવાર "નિરામય દિવસ"તરીકે ઉજવાશે

✓ ગ્રામીણ /શહેરી કક્ષાએ 7 પ્રકારનાં ગંભીર રોગો જેવા કે લોહીનું ઊંચુ દબાણ, ડાયાબિટીસ, ઓરલ કેન્સર, સ્તન કેન્સર, ગર્ભાશયનાં મુખનું કેન્સર, કિડનીની બીમારી અને એનેમિયાની સારવાર

✓ રાજ્યના 30 વર્ષ અને તેથી વધુ ઉંમરના 3 કરોડ જેટલા લોકોની સ્વાસ્થ્ય સંબંધિત સેવાઓ

✓ "નિરામય દિવસે નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા ગ્રામીણ/શહેરી કક્ષાએ મેડિકલ કેમ્પનું આયોજન

✓ ટેલી મેડિસીનના માધ્યમથી નિષ્ણાતોની ટીમ દ્વારા સારવાર

✓ CPHC પોર્ટલમાં દરેક વ્યક્તિઓની નોંધણી અને હેલ્થ આઇ.ડી. જનરેશન

- ✓ PMJAY (આયુષ્યમાન ભારત)-MAના કાર્ડ રજિસ્ટ્રેશન માટેના કેમ્પનું આયોજન
- ✓ **અન્ય અન્ય 32 જિલ્લાઓમાં વિવિધ મંત્રીઓની ઉપસ્થિતિમાં નિરામય ગુજરાતનો પ્રારંભ**
- ✓ આરોગ્ય મંત્રી : શ્રી ઋષિકેશ પટેલ
- ✓ વિભાગ : આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત સરકાર

**2. તાના-રીરી મહોત્સવ 2021 :**

**તા.12-13 નવેમ્બર 2021**




- ✓ સ્થળ:વડનગર
- ✓ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે તાના-રીરી મહોત્સવનો પ્રારંભ

**વર્લ્ડ રેકોર્ડ-વડનગર**

- ✓ તાના-રીરી મહોત્સવમાં 112 ભૂંગળ વાદકોએ 5 મિનિટ સમૂહ વાદન કરી રેકોર્ડ બનાવ્યો.
- ✓ **તાનારીરી મહોત્સવનો વર્ષ 2003માં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કરાવ્યો હતો.**

**તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ-2021 :**

- ✓ **સંયુક્ત વિજેતા : પદ્મશ્રી કવિતા કૃષ્ણમૂર્તિ અને અમદાવાદના ડૉ. વિરાજ અમર ભટ્ટ**
- ✓ રકમ : રૂ. 2.50 લાખ

**ઐતિહાસિક મહત્વ :**

- ✓ તાના-રીરી બેલડીએ મલ્હાર રાગ આલાપી તાનસેનનો દાહ શાંત કર્યોહતો
- ✓ તાનારીરીની સંગીત બેલડીએ રાજા અકબરના દરબારમાં રત્ન સમાન અકબરને દિપક રાગ આલાપવા જણાવતાં દિપક રાગ ગવાયો હતો.
- ✓ જેના લીધે તાનસેનના શરીરમાં દાહ ઉત્પન્ન થયેલ જેને ઠારવા માટે મલ્હાર રાગ આલાપવો જરૂરી હતો.
- ✓ દિલ્હીથી તાનસેન ફરતો ફરતો વડનગર આવી નગર બેલડી બહેનોને મલ્હાર રાગ ગાવામાં પારંગત હતી.
- ✓ જેમને વિનંતી કરતાં બંને બહેનોએ મલ્હાર રાગ ગાયેલ અને તાનસેનના શરીરનો દાહ શાંત કરેલ
- ✓ મલ્હાર રાગ ગાવાની સાથેજ વરસાદનું આગમાન પણ થાય છે.
- ✓ તાનસેન પરત દિલ્હી ગયા બાદ અકબરે બંને બહેનોને તેના દરબારમાં તેડાવી હતી.
- ✓ પરંતુ ઇતિહાસમાં જણાવ્યા પ્રમાણે અમરબંધી બંને બહેનો બાદસાહ અકબરને તાબે થવાના બદલે શરીરનો ત્યાગ કરી બલિદાન આપ્યું હતું.

**મહોત્સવ વિશે :**

**2010થી 2020 સુધી એવોર્ડ વિજેતા કલાકારો**

- ✓ કારતક સુદ-નોમના દિવસે દ્વિ-દિવસીય કાર્યક્રમ ઉજવાયો
- ✓ **2010**માં તાનારીરી સંગીત સન્માન એવોર્ડની શરૂઆત કરી હતી. જેમાં પ્રથમ વર્ષે સંગીત બેલડી લતા અને ઉષા મંગેશ્વરને એનાયત કરાયા હતા.
- ✓ **2011** : ગિરમદેવી
- ✓ **2012** : કિશોરી અમોન કર
- ✓ **2013** : પરિવન બેગમ સુલતાન
- ✓ **2014** : ડો.પ્રભા અત્રેને
- ✓ **2016** : વિદુષી મંજુ મહેતા અમદાવાદ, ડો.લલીત જે.રાવન બંગ્લોર
- ✓ **2017** : ડો. એન રાજમ અને વિદુષી રૂપાંદે શાહ
- ✓ **2018** : પદ્મશ્રી આશા ભોસલે
- ✓ **2019** : સુશ્રી અશ્વિની ભીંડે દેશપાંડે અને સુશ્રી પિયુ સરખેલને
- ✓ **2020** : અનુરાધા પોંડવાળ અને સુશ્રી વર્ષાબેન ત્રિવેદીને એવોર્ડથી સન્માન કરાયા.
- ✓ વિભાગ : યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

**3. RBI : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વર્ચ્યુઅલી બે નવી ગ્રાહક હિત યોજનાઓનો નવી દિલ્હીથી પ્રારંભ**




- ✓ નાણાપ્રધાન નિર્મલા સીતારમણની ઉપસ્થિતિમાં તા. 12 નવેમ્બર 2021ના રોજ પ્રારંભ

**યોજનાઓ વિશે :**

**(1) આરબીઆઇ રિટેલ ડાયરેક્ટ યોજના :**

- ✓ નાના રોકાણકારો માટે ગવર્નમેન્ટ સિક્યુરિટીઝમાં રોકાણ કરવાનો એક નવો અવસર
- ✓ નાના રોકાણકારો સહેલાઇથી ભારતીય રિઝર્વ બેંક પાસે પોતાના ગવર્નમેન્ટ સિક્યુરિટીઝનું ખાતું ઓનલાઇન નિઃશુલ્ક ખોલી શકશે અને તેની જાળવણી કરી શકશે
- ✓ નાના બચતકારો માટે ડિજિટલ મંચ પર ગવર્નમેન્ટ સિક્યુરિટીઝ ખરીદવી અને વેચવી ખૂબ જ સહેલી

**(2) રિઝર્વ બેંક – સંકલિત લોકપાલ યોજના :**

- ✓ 'એક રાષ્ટ્ર એક લોકપાલ'– એક પોર્ટલ, એક ઇમેલ, એક સરનામાની સાથે
- ✓ ગ્રાહકોની ફરિયાદ નોંધાવવા, દસ્તાવેજ જમા કરાવવા, સ્ટેટસ ટ્રેક કરવા, અને ફીડબેક આપવા એક જ સ્થળ
- ✓ આરબીઆઇ દ્વારા સંચાલિત સંસ્થાઓ વિરુદ્ધ ગ્રાહક ફરિયાદો માટે સંકલિત યોજના
- ✓ ફરિયાદ નોંધાવવા અને ફરિયાદ નિવારણમાં જાણકારીની સહાયતા માટે બહુભાષી સમર્થનવાળો ટોલ-ફ્રી નંબર

**4. ખેલકૂદ : ટોકિયો પેરાલિમ્પિકમાં ગોલ્ડ વિજેતા પ્રમોદ ભગત સર્વશ્રેષ્ઠ પુરુષ પેરા બેડમિન્ટન ખેલાડી તરીકે નોમિનેટ**



**વિગત :** ટોકિયો પેરાલિમ્પિકમાં સુવર્ણચંદ્રક જીતનાર પ્રમોદ ભગતને સર્વશ્રેષ્ઠ પુરુષ પેરા બેડમિન્ટન ખેલાડી તરીકે નોમિનેટ કરાયો. કુલ છ ખેલાડીઓ આ એવોર્ડ માટે નોમિનેટ કરાયા.

- ✓ 33 વર્ષીય પ્રમોદ ભગતને ચાર વર્ષની વયે પોલિયો થઇ ગયો હતો. પરંતુ પાડોશીને રમતા જોઇને તેણે પણ રમતગમત ક્ષેત્રે ઝુકાવવાનું નક્કી કર્યું હતું.

## 5.શોધ : ચંદ્રની સપાટીના પ્રથમ આવરણમાં 800 કરોડ લોકોને 1 લાખ વર્ષ સુધી આપી શકાય એટલો ઓક્સિજન

**ઓક્સિજનના સ્ત્રોત :**

- ✓ ચંદ્રના પેટાળમાં રહેલી સિલિકા, એલ્યુમિનિયમ અને લોખંડ જેવી ખનિજોમાં રહેલો ઓક્સિજનનો વિપુલ જથ્થો પુરો પાડી શકાશે
- ✓ ઓસ્ટ્રેલિયા અને અમેરિકાની વિશ્વવિખ્યાત સ્પેસ એજન્સી નાસાના વૈજ્ઞાનિકોએ હવે ભારપૂર્વક કહેવા માંડ્યુ છે કે ચંદ્ર ઉપર ઓક્સિજન છે પરંતુ તે પૃથ્વીની જેમ વાતાવરણમાં નહીં પણ ચંદ્રના ટોચના આવરણમાં છે.
- ✓ તેમના અભિપ્રાય મુજબ ચંદ્રના ટોચના આવરણમાં અર્થાત ચંદ્રની સપાટી ઉપર રહેલા ખડકોમાં વિવિધ ખનિજોની સાથે ઓક્સિજન પણ રહેલો છે અને તે એટલા પ્રમાણમાં છે કે આગામી એક લાખ વર્ષ માટે 8 અબજ લોકોને મફતમાં પૂરા પોડી શકાય તેમ છે.
- ✓ અલબત્ત ચંદ્રની સપાટીના ખડકોમાં ખનિજો સાથે મિશ્રિત સ્વરૂપમાં રહેલા ઓક્સિજનને છૂટો પાડવા કેટલીક રાસાયણિક પ્રક્રિયા કરવી આવશ્યક છે. ચંદ્રની સપાટી ઉપર આવેલા ખડકાળ વિસ્તારોમાં અબજો ટનની માત્રામાં ખડકો આવેલા છે અને આ ખડકોમાં ઓક્સિજન છુપાયેલો છે.
- ✓ ઓસ્ટ્રેલિયા અને અમેરિકાની નાસાએ એક ઓસ્ટ્રેલિયાની બનાવટની એક રોવર ગાડીને ચંદ્ર ઉપર મોકલવા સમજૂતિ ઉપર સહિ-સિક્કા કર્યા છે. આ રોવર ચંદ્ર ઉપરથી ખડકો એકત્ર કરીને પૃથ્વી ઉપર લાવશે અને ત્યારબાદ વિશ્વની અત્યંત આધુનિક ટેકનોલોજી ધરાવતી લેબોરેટરીઓમાં તેમાંથી માનવીના શ્વાસમાં લઇ શકાય એવો ઓક્સિજન છૂટો પાડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

**ચંદ્રના ખડકો કેટલો ઓક્સિજન પૂરો પાડી શકે**

- ✓ ઓસ્ટ્રેલિયાના લિસ્મોર ખાતે વિશ્વના ખ્યાતનામ વૈજ્ઞાનિકો વચ્ચે થયેલી વાતચીતમાંથી નીકળેલા નિષ્કર્ષ મુજબ ચંદ્રના પથરાળ અને ખડકાળ પ્રદેશોમાં આવેલા ખડકો અને ચંદ્રના ભૂગર્ભમાં રહેલાં ખનિજોના ભંડારોમાં વિપુલ માત્રામાં ઓક્સિજન રહેલો છે.
- ✓ આ વૈજ્ઞાનિકોના અંદાજ મુજબ ચંદ્રની ખડકાળ સપાટીનો પ્રત્યેક 1 ક્યુબિક મીટરનો વિસ્તાર સરેરાશ 1.4 ટન જેટલી ખનિજો ધરાવે છે, જેમાં 630 કિલોગ્રામ જેટલા ઓક્સિજનનો પણ સમાવેશ થઇ જાય છે.
- ✓ નાસાના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે પ્રત્યેક માણસને પોતાનુ અસ્તિત્વ ટકાવી રાખવા પ્રતિ દિન 800 ગ્રામ ઓક્સિજનની જરૂર પડે છે, તેથી 630 કિલોગ્રામ ઓક્સિજનથી કોપિણ વ્યક્તિ બે વર્ષ સુધી જીવી શકે. આ ગણતરી મુજબ અંદાજ મૂકી શકાય કે ચંદ્રના ખડકાળ વિસ્તારની સરેરાશ ઉંડાઇ 10 મીટરની છે અને તેમાંથી આપણે ઓક્સિજનને બહાર કાઢી શકીએ તેમ છીએ.

**ચંદ્ર ઉપર ઓક્સિજનના સ્ત્રોત કયા કયા છે**

- ✓ સામાન્ય રીતે ઓક્સિજન વાતાવરણમાં હોય છે પરંતુ ચંદ્રના વાતાવરમાં તેની સદંતર ગેરહાજરી છે, તેમ છતાં એમ કહી શકાય નહીં કે ચંદ્ર ઉપર ઓક્સિજન નથી, કેમ કે જમીનના ભૂગર્ભમાં રહેલી વિવિધ ખનિજોમાં પણ ઓક્સિજન રહેલો છે, અને ચંદ્રના પેટાળમાંથી સિલિકા (અબરખ), એલ્યુમિનિયમ, લોખંડ અને મેગ્નેશિયમ ઓક્સાઇડ જેવી ખનિજો વિપુલ પ્રમાણમાં રહેલી.
- ✓ આ તમામ ખનિજોમાં ઓક્સિજન રહેલો છે પરંતુ તે માનવીના શ્વાસમાં સીધેસીધો લઇ શકાય તેમ નથી. ચંદ્રની સપાટી ઉપર કરોડો અબજો વર્ષોથી થઇ રહેલી ઉલ્કાવર્ષાના પરિણામ સ્વરૂપે આ ખનિજો અને ખડકો ચંદ્ર ઉપર ખુબ મોટા પ્રમાણમાં આવેલા છે.

**ચંદ્રના ખડકોમાંથી કેવી રીતે ઓક્સિજન બહાર કાઢવો**

- ✓ ચંદ્રનો જે ખડકાળ પ્રદેશ છે તેમાં અંદાજે 45 ટકા જેટલો ઓક્સિજન રહેલો છે, પરંતુ આ ઓક્સિજન ઉપર દર્શાવેલી ખનિજોમાં ખુબ ટાઇટ રીતે છૂપાયેલો છે જેને છૂટો પાડવાની જરૂર છે. વિશ્વના કેટલાંક મોટા ઔદ્યોગિક શહેરોમાં એલ્યિમિનિયમમાંથી ઓક્સિજનને છૂટો પાડવા ઇલેક્ટ્રોડની મદદથી પ્રવાહી સ્વરૂપના એલ્યુમિનિયમમાંથી ઇલેક્ટ્રિકનો કરંટ પસાર કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં ઓક્સેજન એક આડપેદાશ તરીકે જોવામાં આવે છે.
- ✓ અલબત્ત આ વધુ સહેલુ અને સરળ નથી, કેમ કે આ પ્રક્રિયા કરવા પૃથ્વી ઉપરથી મહાકાય જેવા મોટા મોટા યંત્રો અને ટેકનોલોજી ચંદ્ર ઉપર લઇ જવા પડે, તે ઉપરાંત આ પ્રક્રિયા પૂરી કરી ઓક્સિજન મેળવવામાં ઘણા મહિનાઓનો સમય લાગી જાય અને ત્યાં સુધી કામ કરનારા લોકોને ઓક્સિજન તથા ખોરાક-પાણી પૂરા પાડવા એક મોટો પડકાર છે, તે ઉપરાંત તેઓને ગુરૂત્વાકર્ષણ વિનાની સપાટી ઉપરાંત શૂન્યાવકાશમાં કામ કરવાનું છે જે સૌથી મોટો પડકાર છે.
- ✓ **સમજૂતિ:** ઓસ્ટ્રેલિયા અને નાસાએ ઓસ્ટ્રેલિયન બનાવટની રોવર ગાડી ચંદ્ર ઉપર મોકલવા સમજૂતિ કરી છે જે મુજબ ખડકો પૃથ્વી ઉપર લાવીને અભ્યાસ કરાશે

## 6. નેલ્સન મંડેલા શાંતિ પુરસ્કાર 2021 : વિજેતા : અજય કુમાર શર્મા




MORAL
MORAL GROUP OF COMPANIES
Moral Jagana Hai, Bharat Banana Hai.

- ✓ MD-મોરલ ગ્રૂપ ઓન કંપનીઝ
- ✓ એવોર્ડ કાર્યક્રમ : મુંબઇ        તારીખ : 4 નવેમ્બર 2021

## 7. બુકર પ્રાઇઝ 2021 :



- ✓ **વિજેતા અને દેશ :** લેખક : દામોન ગલગૂટ, દક્ષિણ આફ્રિકા
- ✓ ફિક્શન/નોવેલ : The Promise
- ✓ ઇનામ : 50,000 પાઉન્ડ

- ✓ સ્થાન : લંડન, UK

**8. એર ક્વોલિટી ઈન્ડેક્ષ :**

- ✓ સામાન્ય રીતે એર ક્વોલિટી ઈન્ડેક્ષ શૂન્યથી **50** સુધી હોય એ આદર્શ સ્થિતિ ગણાય છે. 51થી **100** સુધી હોય તો એ ઠીક-ઠીક સારી ગણાય છે.
- ✓ **101**થી **200** સુધીનો એર ક્વોલિટી ઈન્ડેક્ષ હોય તો એ મધ્યમની કેટેગરીમાં મૂકવામાં આવે છે.
- ✓ **201**થી **300**નો ઈન્ડેક્ષ ખરાબ કહેવાય છે.
- ✓ **301**થી **400** ખૂબ જ ખરાબ ગણવામાં આવે છે.
- ✓ એર ક્વોલિટી ઈન્ડેક્ષ **401**થી **500** કે તેનાથી વધુ હોય તો એને ખતરનાકની શ્રેણીમાં મૂકવામાં આવે છે.
- ✓ દિલ્હીમાં અત્યારે સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્ષ 471 સુધી પહોંચી ચૂક્યો છે. એટલે કે ખતરનાક સ્તરે છે.

**9. દિન વિશેષ : 5 નવેમ્બર**

**વિશ્વ ત્સુનામી જાગરૂકતા દિવસ**




- ✓ પ્રથમ પ્રારંભ : વર્ષ 2016થી          ઉજવણી : UNO

**10. જન્મ દિન વિશેષ : 12 નવેમ્બર**

**ભારતના પ્રથમ પક્ષીશાસ્ત્રી - સલીમ અલી**




**જન્મ : 12 નવેમ્બર, 1896**

**અવસાન : 20 જૂન 1987**

- ✓ સલિમ મોઇઝુદ્દીન અબ્દુલ અલી પ્રકૃતિશાસ્ત્રી અને ભારતના પ્રથમ પક્ષીશાસ્ત્રી હતા. તે "ભારતના બર્ડમેન" તરીકે ઓળખાય છે.
- ✓ સલિમ અલીએ ભારતભરમાં વ્યવસ્થિત પક્ષી સર્વેક્ષણ કરનારા પ્રથમ ભારતીયોમાંના એક હતા અને તેમના પક્ષીઓના પુસ્તકોએ પક્ષીશાસ્ત્ર વિકસાવવામાં મદદ કરી હતી.
- ✓ 1947 પછી બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીની પાછળ તેઓ મુખ્ય વ્યક્તિ બન્યા અને સંગઠન માટે સરકારી ટેકો મેળવવા માટે તેમના અંગત પ્રભાવનો ઉપયોગ કર્યો,
- ✓ ભરતપુર પક્ષી અભયારણ્ય (કેવલાદે રાષ્ટ્રીય ઉધાન)નું સર્જન કર્યું અને સાયલન્ટ વેલી નેશનલ પાર્કનો વિનાશ અટકાવ્યો.
- ✓ સલિમ અલીનો જન્મ બોમ્બેના સુલૈમાની બોહરા મુસ્લિમ પરિવારમાં થયો હતો અને તે પરિવારમાં નવમો અને સૌથી નાનો બાળક હતો.
- ✓ સલિમને બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી (બીએનએચએસ) ના સેક્રેટરી ડબ્લ્યુ.એસ. મિલાર્ડએ આ ચકલીને યલો થ્રોટેડ સ્પેરો તરીકે ઓળખી બતાવી અને રસાયણોમાં સંગ્રહ કરેલ પક્ષીના નમૂનાઓ બતાવ્યા.
- ✓ **1985માં લખાયેલી તેમની આત્મકથા, ધ ફોલ ઓફ એ સ્પેરોમાં** યલો થ્રોટેડ સ્પેરો ઇવેન્ટને તેમના જીવનના ટર્નિંગ પોઇન્ટ તરીકે નોંધ્યો.

**કારકિર્દી :**

- ✓ 1953માં સૌપ્રથમ "જોય ગોબિંદા લો ગોલ્ડ મેડલ" બંગાળની એશિયાટિક સોસાયટી દ્વારા એનાયત કરાયો તે સુંદર લાલ હોરા દ્વારા તેમના કામના મૂલ્યાંકન પર આધારિત હતું
- ✓ 1967માં તે બ્રિટીશ ઓર્નીથોલોજીસ્ટ્સ યુનિયનના ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર પ્રથમ બિન-બ્રિટીશ નાગરિક બન્યા. તે જ વર્ષે, તેમણે જે. પોલ ગેટ્ટી વાઇલ્ડલાઇફ કન્ઝર્વેશન પ્રાઇઝ મેળવ્યું હતું,
- ✓ સલિમ અલી નેચર કન્ઝર્વેશન ફંડની રચના કરી
- ✓ 1969 માં તેમને કુદરત અને કુદરતી સંસાધનોના સંરક્ષણ માટે ઇન્ટરનેશનલ યુનિયનનો જ્હોન સી. ફિલિપ્સ મેમોરિયલ મેડલ પ્રાપ્ત થયો.
- ✓ યુએસએસઆર એકેડેમી ઑફ મેડિકલ સાયન્સિસે તેમને 1973માં પાવલોવૉસ્કી સેન્ટેનરી મેમોરિયલ મેડલ આપ્યો હતો અને તે જ વર્ષે નેધરલેન્ડ્સના પ્રિન્સ બેર્નહાર્ડ દ્વારા તેમને નેધરલેન્ડ્સના ઓર્ડર ઓફ ધી ગોલ્ડન આર્કના કમાન્ડર બનાવવામાં આવ્યા હતા.
- ✓ 1990માં ભારત સરકારે કોઈમ્બતુરમાં સલિમ અલી સેન્ટર ફોર ઓર્નિથોલોજી એન્ડ નેચરલ હિસ્ટ્રી (SACON) ની સ્થાપના કરી
- ✓ પૉંડિચેરી યુનિવર્સિટીએ સોલિમ અલી સ્કૂલ ઓફ઼ ઇકોલૉજી એન્ડ એન્વાયર્મેન્ટલ સાયન્સની સ્થાપના કરી.
- ✓ ગોવા સરકારે સલિમ અલી પક્ષી અભયારણ્યની સ્થાપના કરી હતી અને કેરળના વીમ્બેનાડ નજીક થાટકાડ પક્ષી અભયારણ્ય પણ તેના નામથી ચાલ્યું હતું.
- ✓ બોમ્બેમાં બીએનએચએસનું નામ બદલીને "ડો. સલિમ અલી ચોક" રખાયુ હતું.
- ✓ "બર્ડ્સ ઓફ સિક્કીમ", "બર્ડ્સ ઓફ કચ્છ" (પાછળથી "બર્ડ્સ ઓફ ગુજરાત"), "ઈન્ડિયન હિલ બર્ડ્સ" અને "બર્ડ્સ ઓફ ધ ઈસ્ટર્ન હિમાલયા".
- ✓ નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા "કોમન બર્ડ્સ" (1967) નામનું પુસ્તક ભત્રીજી લેક ફ્યુથહેલી સાથે લખવામાં આવ્યુ જેને હિન્દી અને અન્ય ભાષાઓમાં અનુવાદો સાથે અનેક આવૃત્તિઓમાં પ્રકાશિત કરાયુ.
- ✓ તેમને 1958માં પદ્મ ભૂષણ અને 1976માં પદ્મ વિભૂષણથી નવાજવામાં આવ્યા હત. 1985માં રાજ્યસભામાં નામાંકિત કરાયા

**11. દિન વિશેષ : 12 નવેમ્બર**

**જાહેર સેવા પ્રસારણ દિવસ**




- ✓ દર વર્ષે 12 નવેમ્બરના રોજ જાહેર સેવા પ્રસારણ દિવસની ઉજવણી.

**મહત્વ :**

- ✔ 1947માં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ઓલ ઇન્ડિયા રેડિયો, દિલ્હીના સ્ટુડિયોની પ્રથમ અને અંતિમ મુલાકાતની યાદમાં આ વર્ષે ઉજવવામાં આવે છે.
- ✔ રાષ્ટ્રપિતાએ ભાગલા પછી હરિયાણાના કુરુક્ષેત્રમાં અસ્થાયી રૂપે સ્થાયી થયેલા વિસ્થાપિત લોકોને સંબોધન કર્યું હતુ.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (12-11-2021)

**1.** "નિરામય ગુજરાત" મહા અભિયાન અંતર્ગત નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. દર શુક્રવારે "નિરામય દિવસ" ઉજવાશે
2. લોહીનું ઊંચુ દબાણ, ડાયાબિટીસ, ઓરલ કેન્સર, સ્તન કેન્સર, ગર્ભાશયનાં મુખનું કેન્સર, કિડનીની બીમારી અને એનેમિયા સહિતના 7 પ્રકારનાં ગંભીર રોગોની સારવાર
3. રાજ્યના 30 વર્ષ અને તેથી વધુ ઉંમરના 3 કરોડ જેટલા લોકોની સ્વાસ્થ્ય સંબંધિત સેવાઓ
4. PMJAY (આયુષ્યમાન ભારત)-MAના કાર્ડ રજિસ્ટ્રેશન માટેના કેમ્પનું આયોજન

(A) 1 અને 4 (B) 1 અને 3 (C) 1 અને 2 **(D) આપેલ તમામ**

**2.** તાના-રીરી મહોત્સવ 2021 સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. તાના-રીરી મહોત્સવમાં 112 ભૂંગળ વાદકોએ 5 મિનિટ સમૂહ વાદન કરી રેકોર્ડ બનાવ્યો
2. તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ-2021ના સંયુક્ત વિજેતા : પદ્મશ્રી કવિતા કૃષ્ણમૂર્તિ અને અમદાવાદના ડૉ. વિરાજ અમર ભટ્ટ
3. તાના-રીરી બેલડીએ મલ્હાર રાગ આલાપી તાનસેનનો દાહ શાંત કર્યો હતો

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**3.** વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વર્ચ્યુઅલી RBIની બે નવી ગ્રાહક હિત યોજનાઓનો નવી દિલ્હીથી પ્રારંભ કરાયો તે સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. આરબીઆઈ રિટેલ ડાયરેક્ટ યોજના
2. રિઝર્વ બેંક – સંકલિત લોકપાલ યોજના
3. તા. 12 નવેમ્બર 2021ના રોજ પ્રારંભ

(A) 1 (B) 2 (C) 3 **(D) આપેલ તમામ**

**4.** તાજેતરમાં PM દ્વારા જાહેર કરાયેલી RBI રિટેલ ડાયરેક્ટ યોજના સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. નાના રોકાણકારો માટે ગવર્નમેન્ટ સિક્યુરિટીઝમાં રોકાણ કરવાનો એક નવો અવસર
2. નાના રોકાણકારો સહેલાઈથી ભારતીય રિઝર્વ બેંક પાસે પોતાના ગવર્નમેન્ટ સિક્યુરિટીઝનું ખાતું ઓનલાઈન નિઃશુલ્ક ખોલી શકશે અને તેની જાળવણી કરી શકશે
3. નાના બચતકારો માટે ડિજિટલ મંચ પર ગવર્નમેન્ટ સિક્યુરિટીઝ ખરીદવી અને વેચવી ખૂબ જ સહેલી

(A) 1 અને 3 (B) 2 અને 3 (C) 1 અને 2 **(D) આપેલ તમામ**

**5.** તાજેતરમાં PM દ્વારા જાહેર કરાયેલી રિઝર્વ બેંક – સંકલિત લોકપાલ યોજના સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. 'એક રાષ્ટ્ર એક લોકપાલ'– એક પોર્ટલ, એક ઈમેલ, એક સરનામાની સાથે
2. ગ્રાહકોની ફરિયાદ નોંધાવવા, દસ્તાવેજ જમા કરાવવા, સ્ટેટસ ટ્રેક કરવા, અને ફીડબેક આપવા એક જ સ્થળ
3. આરબીઆઇ દ્વારા સંચાલિત સંસ્થાઓ વિરુદ્ધ ગ્રાહક ફરિયાદો માટે સંકલિત યોજના
4. ફરિયાદ નોંધાવવા અને ફરિયાદ નિવારણમાં જાણકારીની સહાયતા માટે બહુભાષી સમર્થનવાળો ટોલ-ફ્રી નંબર

(A) 1 (B) 2 (C) 3 **(D) આપેલ તમામ**

**6.** તાજેતરમાં જાહેર કરાયેલ બુકર પ્રાઈઝ 2021 સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. લેખક : દામોન ગલગૂટ, દક્ષિણ આફ્રિકા
2. ફિક્શન/નોવેલ : The Promise
3. ઇનામ : 50,000 પાઉન્ડ
4. સ્થાન : લંડન, UK

(A) 1 અને 2 (B) 3 અને 4 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**7.** લોકોના આરોગ્ય સુખાકારીના હેતુથી બિનચેપી રોગો માટે સ્ક્રિનીંગથી સારવાર સુધીના ગુજરાત સરકાર દ્વારા નવેમ્બર 2021માં કયુ મહાઅભિયાન શરૂ કરાયું

(A) સ્વસ્થ નાગરિક મહાઅભિયાન
(B) ઉન્નત નાગરિક મહાઅભિયાન
**(C) નિરામય ગુજરાત** (D) મુખ્યમંત્રી આરોગ્ય મહાઅભિયાન

**8.** ગુજરાત સરકારના "નિરામય ગુજરાત" મહા અભિયાનનો તા.12 નવેમ્બર 2021ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજ્યવ્યાપી શુભારંભ ક્યાંથી કરાયો

(A) ઈડર (B) મહેસાણા
(C) ખેરાલુ **(D) પાલનપુર**

**9.** તા.12-13 નવેમ્બરે આયોજિત તાના-રીરી મહોત્સવ 2021નો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે ક્યાંથી પ્રારંભ કરાયો

**(A) વડનગર** (B) વિસનગર
(C) ગાંધીનગર (D) મહેસાણા

**10.** ગુજરાતમાં તાનારીરી મહોત્સવનો સૌપ્રથમ પ્રારંભ કયા વર્ષે તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કરાવ્યો હતો

(A) વર્ષ 2000 (B) વર્ષ 2001 (C) વર્ષ 2002 **(D) વર્ષ 2003**

**11.** નવેમ્બર 2021માં ટોકિયો પેરાલિમ્પિકમાં ક્યા ગોલ્ડ વિજેતા ખેલાડી સર્વશ્રેષ્ઠ પુરુષ પેરા બેડમિન્ટન ખેલાડી તરીકે નોમિનેટ કરાયા

(A) ચેતન ભગત **(B) પ્રમોદ ભગત**
(C) બજરંગ પૂનિયા (D) થાંગવેલૂ

**12.** નવેમ્બર 2021ના સંશોધન અનુસાર નાસા અને ઓસ્ટ્રેલિયાના વૈજ્ઞાનિકો દ્વારા કયા ગ્રહની સપાટીના પ્રથમ આવરણમાં 800 કરોડ લોકોને 1 લાખ વર્ષ સુધી આપી શકાય એટલો ઓક્સિજન હોવાનો દાવો કરાયો છે –

**(A) ચંદ્ર** (B) બુધ (C) ગુરૂ (D) મંગળ

**13.** નેલ્સન મંડેલા શાંતિ પુરસ્કાર 2021 ક્યા ભારતીયને અપાયો

(A) અજય ભલ્લા (B) કે. શ્રીનિવાસન

**(C) અજયકુમાર શર્મા** (D) અરુણકુમાર શર્મા

**14.** UNO દ્વારા વિશ્વ ત્સુનામી જાગરૂકતા દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) 9 નવેમ્બર (B) 7 નવેમ્બર

**(C) 5 નવેમ્બર** (D) 4 નવેમ્બર

**15.** ભારતના પ્રથમ પક્ષીશાસ્ત્રીનું નામ જણાવો

**(A) સલીમ અલી** (B) સલીમ દુરાની

(C) મોઈન અલી (D) રાહુલ વેંકેટેશ્વર

**16.** પક્ષીશાસ્ત્રી સલીમ અલીએ પોતાની આત્મકથા 'ધ ફોલ ઓફ એ સ્પેરો' કયા વર્ષે લખી હતી

(A) 1990 (B) 1988 **(C) 1985** (D) 1981

**17.** ભારતના પ્રથમ પક્ષીશાસ્ત્રી સલીમ અલીનો જન્મ દિવસ જણાવો

(A) 14 નવેમ્બર, 1895 **(B) 12 નવેમ્બર, 1896**

(C) 10 નવેમ્બર, 1893 (D) 8 નવેમ્બર, 1890

**18.** જાહેર સેવા પ્રસારણ દિવસ ક્યારે ઉજવવામાં આવે છે

(A) 4 નવેમ્બર (B) 6 નવેમ્બર

(C) 9 નવેમ્બર **(D) 12 નવેમ્બર**

## DATE : 13-11-2021

### 1. મહત્વની જાહેરાત : સન્માન

**15 નવેમ્બર : યુગમૂર્તિ બાળ કેળવણીકાર સ્વ. ગિજુભાઈ બધેકાના જન્મદિવસને ગુજરાત સરકાર દ્વારા 'બાળવાર્તા દિન' તરીકે ઉજવવાની જાહેરાત**




**સ્વ.ગીજુભાઈ બધેકા વિશે :**

- ✓ ભાવનગર શહેર મધ્યેના દક્ષિણામૂર્તિ શાળા સંકુલ પરિસરથી જાહેરાત કરતાં મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે, યુગમૂર્તિ બાળ કેળવણીકાર સ્વ.ગીજુભાઈ બધેકાએ સો વર્ષ પહેલા ભાવેણાંની ધરતી પર દક્ષિણામૂર્તિના મંચ પરથી બાળમાનસની કેળવણી અને ઘડતરના વિચારનો પાયો નાંખ્યો હતો.
- ✓ બાળ મંદિર અને તેનો ખ્યાલ તથા બાળ માનસની કેળવણીના ભીષ્મપિતામહ સમાન જેને જગત 'મૂછાળી માં'તરીકે ઓળખે છે તેવા ગીજુભાઈ બધેકાનો જન્મદિવસ ગુજરાતમાં 'બાળવાર્તા દિવસ' તરીકે ઉજવીને રાજ્ય સરકાર તેમને સાચી સ્મરણાંજલિ આપવાનો પ્રયાસ કરશે.
- ✓ જાહેરાત : શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી

### 2. નામકરણ : મધ્યપ્રદેશના ભોપાલનું હબીબગંજ રેલવે સ્ટેશન હવે "રાણી કમલાપતિ રેલવે સ્ટેશન" તરીકે ઓળખાશે




**નિર્ણય :**

- ✓ મધ્યપ્રદેશના ભોપાલમાં દેશનું પ્રથમ વિશ્વકક્ષાનું રેલવે સ્ટેશન હબીબગંજ નવા રૂપ તૈયાર કરાયું
- ✓ હબીબગંજ રેલવે સ્ટેશનનું નામ હવે રાણી કમલાપતિ રેલવે સ્ટેશન રાખવામાં આવ્યું છે. રાજ્યના પરિવહન વિભાગે સ્ટેશનનું નામ બદલવાનો પ્રસ્તાવ કેન્દ્ર સરકારને મોકલ્યો હતો જેને મંજૂરી આપ દેવામાં આવી છે.

**રાણી કમલાપતિ વિશે :**

- ✓ રાણી કમલાપતિ ભોપાલના છેલ્લા ગોંડ આદિવાસી શાસક હતાં.
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે તા. 15 નવેમ્બરે નવીન રેલ્વે સ્ટેશનનું લોકાર્પણ

### 3. ઉત્તર પૂર્વના સરહદી રાજ્ય મણિપુરમાં આસામ રાઈફલ્સના કાફલા પરના આતંકવાદી હુમલામાં 5 જવાન શહીદ



**વિગત :**

- ✓ ગુપ્તચર એજન્સીના જણાવ્યા અનુસાર મણિપુરના ચુરાચંદપુર જિલ્લાના બેહિઆંગ ખાતે કર્નલ ત્રિપાઠીનો કાફલો જઇ રહ્યો હતો ત્યારે તા.13 નવેમ્બર 2021ના સવારે 10 : 00 કલાકે શેહકાન ગામ નજીક આતંકવાદીઓએ કાફલાને નિશાન બનાવીને આઇઇડી વિસ્ફોટ કર્યા હતાં.
- ✓ વિસ્ફોટ બાદ પેરા મિલિટરી ફોર્સના જવાનો અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર થયાં હતાં. આ અથડામણમાં કર્નલ ત્રિપાઠી અને 4 જવાન શહીદ થયાં હતાં તથા 3થી 4 જવાનને ઇજા પહોંચી હતી.
- ✓ ઇજાગ્રસ્ત જવાનોને સારવાર માટે બેહિઆંગ ખાતેની હોસ્પિટલમાં ખસડાયાં હતાં.
- ✓ આતંકી હુમલામાં કર્નલ ત્રિપાઠીની પત્ની અને 6 વર્ષનો પુત્ર પણ માર્યા ગયા હતા.

**PREPAK : આતંકવાદી સંગઠન આસામ-મણિપુર**

- ✓ હજુ સુધી આ હુમલાની જવાબદારી કોઇ આતંકવાદી સંગઠને સ્વીકારી નથી પરંતુ આસામ રાઇફલ્સના જણાવ્યા અનુસાર આ હુમલા પાછળ **પીપલ્સ રિવોલ્યુશનરી પાર્ટી ઓફ કાંગલેઇપેક (PREPAK)**ના આતંકવાદીઓનો હાથ હોઇ શકે છે.
- ✓ PREPAKની **સ્થાપના 9 ઓક્ટોબર 1977ના** રોજ રાજ્યમાંથી બહારના લોકોને હાંકી કાઢવાની માગ સાથે કરાઇ હતી.
- ✓ PREPAK 12-13 નવેમ્બરને રિમેમ્બરન્સ ડે તરીકે ઓળખાવે છે.
- ✓ મણિપુરમાં હાલ 40 કરતાં વધુ આતંકવાદી-ઉગ્રવાદી સંગઠનો સક્રિય છે. સરકાર સાથે થયેલા કરારો અંતર્ગત તેમાંના ઘણા આતંકવાદી સંગઠનો અત્યારે કોઇ કાર્યવાહી કરતા નથી.
- ✓ આસામ રાઇફલે જણાવ્યું હતું કે મણિપુરના સરહદી વિસ્તારોમાં થતી ડ્રગ્સની દાણચોરી અને ગેરકાયદેસર હથિયારો ભારતમાં ઘુસાડવાના આતંકવાદીઓના પ્રયાસોને કર્નલ ત્રિપાઠી અને તેમની ખુગા બટાલિયનના જવાનોએ નિષ્ફળ બનાવ્યા હતા.
- ✓ ખુગા બટાલિયનના ઓપરેશનોના કારણે મણિપુરમાં આતંકવાદીઓ અને માદકદ્રવ્યોના દાણચોરોની આંખમાં કર્નલ ત્રિપાઠી કણાની જેમ ખૂંચી રહ્યા હતા.
- ✓ તા.13 નવેમ્બર 2021ના રોજ તેઓ પરિવારની સાથે જઇ રહ્યા હતા ત્યારે PREPAKના કથિત આતંકવાદીઓએ કાફલા પર ઘાત લગાવીને હુમલો કર્યો હતો. આ હુમલામાં ત્રિપાઠીનો પરિવાર અને સાથી જવાનો શહીદ થયા હતા.

**4. ખેલકૂદ : રાષ્ટ્રપતિના હસ્તે ખેલાડીઓને ખેલરત્ન, અર્જુન અને દ્રોણાચાર્ય એવોર્ડ આપી સન્માનિત કરાયા**




**એવોર્ડ વિજેતા ખેલાડી અને રમત :**

**(1) રમતનો સર્વોચ્ચ મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ :**

**1. નીરજ ચોપરા : એથ્લીટ** — **2. રવિ દહિયા: કુશ્તી**
**3. પીઆર શ્રીજેશ : હોકી** — **4.લવલીના બોર્ગોહેન : બોક્સિંગ**
**5. સુનીલ છેત્રી : ફૂટબોલ** — **6. મિતાલી રાજ : ક્રિકેટ**
**7. પ્રમોદ ભગત : બેટમિન્ટન** — **8. સુમિત અંતીલ : એથ્લેટિક્સ**
**9. અવની લેખરા : નિશાનેબાજી** — **10. કૃષ્ણા નાગર : બેટમિન્ટન**
**11. મનીશ નરવાલ : નિશાનેબાજી** — **12. મનપ્રીતસિંહ : હોકી**

**(2) અર્જુન એવોર્ડ વિજેતા અને રમત :**

1. શિખર ધવન : ક્રિકેટ — 2. અરપિંદર સિંહ : એથ્લેટિક્સ
3. સિમરનજીત કૌર : બોક્સિંગ — 4. સીએ ભવાની દેવી : તલવારબાજી
5. મોનિકા : હોકી — 6. વંદના કટારિયા : હોકી
7. સંદીપ નરવાલ : કબડ્ડી — 8. હિમાની ઉત્તમ પરબ : મલ્લખંબ
9. અભિષેક વર્મા : શૂટીંગ — 10. અંકિતા રૈના : ટેનિસ
11. દીપક પૂનિયા : કુસ્તી — 12. દિલપ્રીત સિંહ : હોકી
13. હરમનપ્રીત સિંહ : હોકી — 14. રૂપિન્દર પાલ સિંહ : હોકી
15. સુરેન્દ્ર કુમાર : હોકી — 16. અમિત રોહિદાસ : હોકી
17. બિરેન્દર લાકડા : હોકી — 18. સુમિત : હોકી
19. નીલકાંત શર્મા : હોકી — 20. હાર્દિક સિંહ : હોકી
21. વિવેક સાગર પ્રસાદ : હોકી — 22. ગુરજંત સિંહ : હોકી
23. મનદીપ સિંહ : હોકી — 24. શમશેર સિંઘ : હોકી
25. લલિત કુમાર ઉપાધ્યાય : હોકી — 26.વરુણ કુમાર : હોકી
27. સિમરનજીત સિંહ : હોકી — 28. યોગેશ કથૂનિયા : પેરા એથ્લેટિક્સ
29. નિષાદ કુમાર : પેરા એથ્લેટિક્ 30.પ્રવીણ કુમાર : પેરા એથ્લેટિક્સ
31. સુહાશ યતિરાજ : પેરા બેડમિન્ટન
32.સિંહરાજ આધના : પેરા શૂટિંગ
33.ભાવના પટેલ : પેરા ટેબલ ટેનિસ
34. હરવિંદર સિંહ : પેરા તીરંદાજી
35. શરદ કુમાર : પેરા એથ્લેટિક્સ

**(3) દ્રોણાચાર્ય એવોર્ડ (કોચ) નામ અને રમત :**

- ✓ **ટી.એપ ઔસેફ-એથ્લેટિક**
- ✓ **સરકાર તલવાર - ક્રિકેટ**
- ✓ **સરપાલ સિંઘ - હોકી**
- ✓ **અશન કુમાર - કબડ્ડી**
- ✓ **તપનકુમાર પાનીગ્રહી - સ્વિમિંગ**

**(4) મૌલાના અબૂલ કલામ આઝાદ (MAKA) ટ્રોફી-2021 : પંજાબ યુનિવર્સિટી- ચંદીગઢ**

- ✓ યજમાન : રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી

**5. નિમણૂક : ઇન્ટરનેશનલ લૉ કમિશનમાં ભારતના પ્રતિનિધિ તરીકે પ્રથમ ગુજરાતી ડૉ. બિમલ પટેલની નિમણૂક**

**કાર્યકાળ : 5 વર્ષ**




- ✓ ગુજરાતની રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. બિમલ પટેલ ઇન્ટરનેશનલ લો કમિશનમાં ચૂંટાયા.
- ✓ 193માંથી 163 દેશોએ ભારતની તરફેણમાં મત આપ્યા હતા.
- ✓ ઇન્ટરનેશનલ લો કમિશન વિશે :
- ✓ ઇન્ટરનેશનલ લો કમિશનમાં કુલ 34 સભ્યો છે, જેમાંથી એશિયાની 8 બેઠકો માટે 11 દેશોએ સભ્યો રજૂ કર્યા હતા.

**6. જન્મ દિન વિશેષ : 13 નવેમ્બર**

**સાંઇ કવિ-અલગારી કવિ : મકરંદ દવે**

**જન્મ : 13 નવેમ્બર 1922**

**અવસાન : 31 જાન્યુઆરી 2005**




- ✓ જન્મ : ગોંડલ.

✓ કુમાર અને જય હિન્દ દૈનિકમાં સેવા આપી હતી.
✓ આધ્યાત્મિક કવિતા લખનાર મર્મી કવિ હતા.
✓ 1984માં વલસાડ જિલ્લામાં તેમણે નંદીગ્રામ આશ્રમની સ્થાપના કરી હતી. જેનું હાલમાં સંચાલન તેમના પત્ની કુન્દનિકા કાપડિયા કરી રહ્યા છે.

**સાહિત્ય સર્જન**

**કાવ્યસંગ્રહ :**

✓ તરણા, સૂરજમુખી, ગુલાબ અને ગુંજાર, હવાબારી, હૈયાના વેણ, ગોરજ, સંજ્ઞા
✓ **નાટકો :** બે ભાઈ, ઝબૂક વીજળી ઝબૂક (બાળ કાવ્ય), તાઈકો
✓ **નવલકથા:** માટીની મહેકતો સાદ
✓ **ગઝલ :** "છીપનો ચહેરો ગઝલ"

**પંક્તિઓ :**

✓ અમે રે સૂકું રૂનું પૂમડું, તમે અત્તર રંગીલા રસદાર
✓ કોઈ દિન ઈદ અને કોઈ દિન રોજા
✓ ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ
✓ વજન કરે તે હારે મનવા ભજન કરે તે જીતે
✓ મેઘાણી ચંદ્રક : વર્ષ 1996
✓ રણજિતરામ સુવર્ણચંદ્રક : વર્ષ 1979

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (13-11-2021)

**1.** તાજેતરમાં મધ્યપ્રદેશના ભોપાલનું હબીબગંજ રેલવે સ્ટેશનને ક્યું નવુ નામ અપાયું
(A) રાજા કમલાધિપતિ (B) રાણી કમલનાથ
**(C) રાણી કમલાપતિ** (D) રાજા લક્ષાધિપતિ

**2.** પીપલ્સ રિવોલ્યુશનરી પાર્ટી ઓફ કાંગલેઇપેક (PREPAK) આતંકવાદી સંગઠન ભારતના ક્યા રાજ્યમાં સક્રિય છે
(A) આસામ અને ઉત્તરપ્રદેશ **(B) આસામ અને મણિપુર**
(C) પશ્ચિમ બંગાળ અને બિહાર (D) આસામ અને મેઘાલય

**3.** યુગમૂર્તિ બાળ કેળવણીકાર સ્વ. ગિજુભાઈ બધેકાના જન્મદિવસને ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા કયા દિન તરીકે ઉજવવાની જાહેરાત કરાઈ
**(A) બાળવાર્તા દિન** (B) ગિજુભાઈ બધેકા દિન
(C) મૂંછાળી માં દિન (D) બાળગીત દિન

**4.** ગુજરાતી બાળ કેળવણીકાર સ્વ. ગિજુભાઇ બધેકાનો જન્મદિવસ જણાવો
(A) 16 નવેમ્બર **(B) 15 નવેમ્બર**
(C) 14 નવેમ્બર (D) 13 નવેમ્બર

**5.** તાજેતરમાં રાષ્ટ્રપતિના હસ્તે કેટલા ખેલાડીઓને ખેલરત્ન અને અર્જુન એવોર્ડ આપી સન્માનિત કરાયા
(A) 10 અને 31 (B) 11 અને 33
**(C) 12 અને 35** (D) 13 અને 37

**6.** શ્રેષ્ઠ કોચ માટેના દ્રોણાચાર્ય એવોર્ડ-2021 માટે નીચેનામાંથી ક્યા કોચને એવોર્ડ અપાયા
(A) ટી.એપ ઔસેફ, એથ્લેટિક અને સરકાર તલવાર, ક્રિકેટ
(B) સરપાલ સિંઘ, હોકી અને અશન કુમાર, કબડ્ડી
(C) તપનકુમાર પાનીગ્રહી, સ્વિમિંગ **(D) આપેલ તમામ**

**7.** મૌલાના અબૂલ કલામ આઝાદ (MAKA) ટ્રોફી-2021 કઇ યુનિવર્સિટીને અપાઇ -
(A) ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી (B) JNU યુનિવર્સિટી
(C) હરિયાણા યુનિવર્સિટી **(D) પંજાબ યુનિવર્સિટી**

**8.** તાજેતરમાં ઇન્ટરનેશનલ લૉ કમિશનમાં ભારતના પ્રતિનિધિ તરીકે ક્યા પ્રથમ ગુજરાતીની 5 વર્ષ માટે નિમણૂક કરાઈ
**(A) ડૉ. બિમલ પટેલ** (B) ડૉ. જે.એમ. વ્યાસ
(C) ડૉ. એ. યુ. પટેલ (D) ડૉ. વિક્રમનાથ

**9.** ગુજરાતી કવિ મકરંદ દવેનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો
(A) 11 નવેમ્બર 1920 તથા રાજકોટ
(B) 12 નવેમ્બર 1921 તથા મોરબી
**(C) 13 નવેમ્બર 1922 તથા ગોંડલ**
(D) 14 નવેમ્બર 1923 તથા ભાવનગર

**10.** અલગારી કવિનું ઉપનામ ધરાવતા કવિ મકરંદ દવેએ કયા જિલ્લામાં નંદીગ્રામ આશ્રમ સ્થાપ્યો હતો
(A) નવસારી **(B) વલસાડ** (C) સુરત (D) ભરૂચ

## DATE : 14-11-2021

**1. મહત્વનો નિર્ણય : ભારત સરકાર**

**રાષ્ટ્રપતિના વટહુકમ દ્વારા CBI અને EDના વડાઓનો કાર્યકાળ પાંચ વર્ષનો કરાયો**

✓ અગાઉ કાર્યકાળ 3 વર્ષનો હતો







**વટહુકમમાં જોગવાઈ :**

✓ સરકાર બંને હોદ્દેદારોને 3 વર્ષ સુધી 1-1 વર્ષનું એક્સ્ટેન્શન આપી શકશે
✓ સીબીઆઇ અને ઇડીના વડાઓનો કાર્યકાળ પાંચ વર્ષ સુધી લંબાવવા કેન્દ્ર સરકારે દિલ્હી પોલીસ સ્પેશિયલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અને સેન્ટ્રલ વિજિલન્સ એક્ટમાં સુધારા કરતા બે વટહુકમ જારી કર્યાં હતાં.
✓ હવે કેન્દ્ર સરકાર સીબીઆઇ અને ઇડીના વડાઓનો બે વર્ષનો કાર્યકાળ પાંચ વર્ષ સુધી લંબાવી શકશે.

**2 વર્ષનો નિશ્ચિત કાર્યકાળ, 1+1+1ની ફોર્મ્યુલા**

✓ કેન્દ્ર સરકારે સીબીઆઇ અને ઇડીના ડિરેક્ટરનો કાર્યકાળ પ્રાચ વર્ષ સુધી લંબાવી શકાય તેવી વ્યવસ્થા ગોઠવી.

- ✓ સીબીઆઇ અને ઇડીના ડિરેક્ટરનો બે વર્ષનો કાર્યકાળ નિશ્ચિત હોય છે. વટહુકમ જારી થયા પછી કેન્દ્ર સરકાર બને હોદ્દેદારોનો કાર્યકાળ એક-એક વર્ષ કરીને લંબાવી શકશે.

**કુલ કાર્યકાળ પાચ વર્ષ સુધી લંબાવી શકાશે**

- ✓ સીબીઆઇ ડિરેક્ટરનો 1-1 વર્ષનો કાર્યકાળ લંબાવવાનો નિર્ણય ઉચ્ચ સ્તરીય પસંદગી સમિતિ દ્વારા લેવાશે જેમાં વડાપ્રધાન, સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ અને લોકસભામાં વિપક્ષના નેતાનો સમાવેશ થાય છે, જ્યારે ઇડીના ડિરેક્ટરનો કાર્યકાળ લંબાવવાનો નિર્ણય મંત્રાલય દ્વારા જ લેવામાં આવશે.
- ✓ **ED : એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટર**
- ✓ **CBI : સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન**

## 2. આતંકી હુમલો મણિપુર-આસામ રાઇફલ્સના હુમલાની જવાબદારી PLA-મણિપુરે સ્વીકારી (તા. 13-11-2021)

**PLA (M) ઇતિહાસ :**

- ✓ મણિપુરમાં આસામ રાઇફલ્સના કમાન્ડિંગ અધિકારી સહિત 7 લોકોનો જીવ લેનારા આતંકવાદી હુમલાની જવાબદારી પીપલ્સ લિબરેશન આર્મી (PLA) મણિપુરે લીધી. ચીનની સેનાનું નામ પણ પીપલ્સ લિબરેશન આર્મી છે.
- ✓ **મણિપુરના આતંકવાદી સંગઠન પીએલએના તાર ચીની સેના સાથે સીધા જોડાયેલાં છે.**
- ✓ ગુપ્તચર સૂત્રોના જણાવ્યા અનુસાર પીએલએ મણિપુરના આતંકવાદીઓ ચીનના ઇશારે મણિપુરમાં હુમલા કરી રહ્યાં છે. **ચીની સેના પીએલએના આતંકવાદીઓને તાલીમ આપે છે. તેઓ મણિપુરમાં હુમલા કર્યા પછી મ્યાંમારમાં નાસી છૂટે છે**
- ✓ **PLA : પીપલ્સ લિબરેશન આર્મી**

## 3. S-400 મિસાઇલ સિસ્ટમ : રશિયા દ્વારા ભારતને મિસાઈલ સિસ્ટમ આપવાનો પ્રારંભ



**S-400 મિસાઇલ સિસ્ટમ એટ એ ગ્લાન્સ :**

- ✓ શત્રુના ફાઇટર વિમાન અને લાંબા અંતરની ક્રૂઝ મિસાઇલને આકાશમાં જ તોડી પાડવા સક્ષમ એસ 400 એર ડિફેન્સ મિસાઇલ સિસ્ટમ રશિયાએ ભારતને સપ્લાય કરવાની શરૂઆત કરી.
- ✓ ચીન સાથે તણાવ ચાલી રહ્યો છે ત્યારે આધુનિક બ્રહ્માસ્ત્ર કહેવામાં આવતી આ મિસાઇલ સિસ્ટમ ભારતની સૈન્ય ક્ષમતા માટે મોટી ઉપલબ્ધિ માનવામાં આવે છે.
- ✓ રશિયાની ફેડરલ સર્વિસ ફૉર મિલેટરી-ટેકનિકલ કૉ-ઓપરેશનના ડાયરેક્ટર દિમિત્રિ શુગાએવે દુબઈ એર-શૉમાં આ જાહેરાત કરી હતી.

**ચાર પ્રકારની મિસાઇલથી સજ્જ એસ-400**

- ✓ આ એર ડિફેન્સ મિસાઇલ સિસ્ટમ છે. જે શત્રુ દેશના એરક્રાફ્ટને આકાશમાં જ તોડી પાડવા માટે સક્ષમ.
- ✓ એસ-400ને રશિયાની સૌથી એડવાન્સ લૉન્ગ રેન્જ સરફેસ-ટૂ-સરફેસ મિસાઇલ સિસ્ટમ માનવામાં આવે છે.
- ✓ આ ચાર પ્રકારની મિસાઇલથી સજ્જ છે. જે શત્રુ **દેશના એરક્રાફ્ટ, બેલેસ્ટિક મિસાઇલ, અવાક્સ વિમાનોને 400 કિમી, 250 કિમી અને મિડિયમ રેન્જ 120 કિમી તથા શૉર્ટ રેન્જ 40 કિમી સુધીમાં તોડી પાડવા માટે સક્ષમ**.
- ✓ આ સિસ્ટમ રશિયાની જ એસ-300 સિસ્ટમનું અપગ્રેડેડ વર્ઝન છે. **આ મિસાઇલ સિસ્ટમને અલ્માઝ આન્તેએ તૈયાર કરી હતી**.

**36 વિમાન એકસાથે તોડી પાડી શકે છે**

- ✓ આ સિસ્ટમ એક રાઉન્ડમાં 36 ફાયર કરવા સક્ષમ
- ✓ આ પાક.-ચીનના હવાઈ હુમલાઓને એકસાથે ધ્વસ્ત કરી શકે છે.
- ✓ તેનું ઇન્સ્ટોલેશન શરૂ કરી દેવામાં આવ્યું છે.

**કેવી રીતે સિસ્ટમ કામ કરશે :**




**શું છે કાટ્સો પ્રતિબંધ ?**

- ✓ અમેરિકી કોંગ્રેસના કોંગ્રેસનલ રિસર્ચ સર્વિસ (સીઆરએસ) રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે રશિયા દ્વારા નિર્મિત એસ-400 સિસ્ટમ ખરીદવાની ભારતની યોજના પર **અમેરિકાઝ એડવર્સરીઝ થ્રુ સેક્શન્સ એક્ટ (CAATSA)**ની કલમ 231 હેઠળ અમેરિકા પ્રતિબંધ મુકી શકે છે.
- ✓ આ કાયદા હેઠળ અમેરિકા પોતાના સાથી દેશોને રશિયા પાસેથી કોઇપણ પ્રકારની સૈન્ય સંબંધિત લેણદેણ નહીં કરવાનો આગ્રહ કરે છે.

**અમેરિકાના પેટમાં તેલ કેમ રેડાયું ?**

- ✓ અમેરિકા ઈચ્છે છે કે ભારત એસ-400ના બદલે તેની એર ડિફેન્સ સિસ્ટમ પેટ્રીઅટ ખરીદે. પણ ભારતના નિષ્ણાતોના મતે અમેરિકી સિસ્ટમ એસ-400ની તુલનામાં પૂરતી સક્ષમ નથી.

## 4. નિમણૂક : NCAના નવા વડા તરીકે VVS લક્ષ્મણની પસંદગી

- ✓ નેશનલ ક્રિકેટ એકેડેમીક-NCA, બેંગલુરુ
- ✓ અગાઉ NCAના વડા તરીકે રાહુલ દ્રવિડ




## 5. ખેલકૂદ : T-20 ક્રિકેટ વર્લ્ડ કપ-2021

**વિજેતા દેશ : 14 વર્ષ બાદ ઓસ્ટ્રેલિયા પ્રથમવાર વિજેતા**




- ✓ **ઉપવિજેતા દેશ :** ન્યૂઝીલેન્ડ
- ✓ **પ્લેયર ઓફ ધ મેચ :** મિશેલ માર્શ, ઓસ્ટ્રેલિયા
- ✓ **પ્લેયર ઓફ ધ સીરીઝ :** ડેવિડ વોર્નર, ઓસ્ટ્રેલિયા
- ✓ **યજમાન :** દુબઈ
- ✓ **આગામી T-20 ક્રિકેટ વર્લ્ડ કપ-2022**
- ✓ **યજમાન : ઓસ્ટ્રેલિયા**

**6.દિન વિશેષ : 8 નવેમ્બર**

**વિશ્વ શહેરીકરણ દિવસ / ટાઉન પ્લાનિંગ દિવસ**




**7. દિન વિશેષ : 14 નવેમ્બર (1) રાષ્ટ્રીય બાલ દિવસ**




**પંડિત જવાહરલાલ નહેરુના જન્મ દિવસની યાદમાં ઉજવણી**

**(2) દિન વિશેષ : 14 નવેમ્બર વર્લ્ડ ડાયાબિટીસ ડે - મધુપ્રમેહ**

**થીમ-2021-2023 :**

- ✓ **"Access to Diabetes Care -If not now, when?"**




**ભારત-ચીનમાં ડાયાબિટીસનું પ્રમાણ :**

- ✓ **ભારત ડાયાબિટિસ દર્દીઓની સંખ્યામાં ચીન બાદ બીજા નંબરે આવે છે.**
- ✓ ઇન્ટરનેશનલ ડાયાબિટિસ ફેડરેશનના આઇડીએફ ડાયાબિટિસ એટલાસના 10મા એડિશનના આંકડા જાહેર કર્યા છે જેમાં ભારતમાં કુલ 7.4 કરોડ લોકો ડાયાબિટિસથી પીડિત છે.
- ✓ પહેલા નંબરે ચીન છે જ્યાં દર્દીઓની સંખ્યા 14.10 કરોડની છે.
- ✓ ડાયાબિટિસ એટલાસ મુજબ ભારતમાં દર 12 પુખ્તમાંથી એક વ્યક્તિ ડાયાબિટિસથી પીડિત છે.
- ✓ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-5 (2019-20) મુજબ ગુજરાતમાં બ્લડ શુગરનું લેવલ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વસતા લોકોમાં સતત વધી રહ્યું છે.
- ✓ એનએફએચએસ-4 (2015-16)ની તુલનામાં ચિંતાજનક બાબત એ છે કે ગ્રામ્ય વિસ્તારમાં વસતા મહિલા અને પુરુષોમાં હાલના વર્ષોમાં બ્લડ શુગરનું પ્રમાણ શહેરી વિસ્તાર કરતાં ઘણું વધારે નોંધાયું છે.

**8. જન્મ દિન વિશેષ : 14 નવેમ્બર પંડિત જવાહરલાલ નહેરુ**




**જન્મ : 14 નવેમ્બર 1889**

**અવસાન : 27 મે 1964**

- ✓ આજે સ્વતંત્રતા સૈનિક, રચનાત્મક કાર્યકર અને સ્વતંત્ર ભારતના પહેલા પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલે નહેરુનો જન્મદિવસ
- ✓ અલ્હાબાદમાં મોતીલાલ નેહરુ અને સ્વરૂપરાનીને ત્યાં કાશ્મીરી બ્રાહ્મણ વૈભવી પરિવારમાં જન્મેલા જવાહરલાલનો ઉછેર પરંપરાગત ભારતીય માળખામાં થયો હતો
- ✓ બ્રિટનમાં હેરો કોલેજ અને કેમ્બ્રિજ યુનિ.થી ઉચ્ચ શિક્ષણ લીધું બેરિસ્ટર થઇ ભારતમાં વકીલાત શરૂ કરી
- ✓ ગાંધીજીના સંપર્ક આવ્યા પછી દેશની આઝાદી માટે થયેલા આંદોલનોમાં ભાગ લીધો હતો.નેતૃત્વના ચડતા ક્રમમાં હિન્દી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ બન્યા
- ✓ તેમના પ્રમુખપણા નેતૃત્વ હેઠળ જ 1929 – 30માં પૂર્ણ સ્વરાજનો ઠરાવ થયો હતો.
- ✓ **હિન્દુસ્તાનની આઝાદી પછી 1947થી 1964 એમ 17 વર્ષ સુધી દેશના પ્રધાનમંત્રી રહ્યાં હતા.**
- ✓ આયોજન પંચ,પંચવર્ષીય યોજનાઓ અને વિદેશનીતિના ક્ષેત્રે પંચશીલના સિદ્ધાંતો વગેરે નહેરુયુગની વિશેષતાઓ છે.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (14-11-2021)

**1.** S-400 મિસાઇલ સિસ્ટમ સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. શત્રુના ફાઇટર વિમાન-લાંબા અંતરની ક્રૂઝ મિસાઇલને આકાશમાં તોડી પાડવા સક્ષમ

2. ચાર પ્રકારની મિસાઇલથી સજ્જ છે

3. 36 વિમાન એક્સાથે તોડી પાડવા સક્ષમ

4. મારક ક્ષમતા : 600 થી 400 કિમી

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 1 અને 4 **(D) આપેલ તમામ**

**2.** T-20 ક્રિકેટ વર્લ્ડ કપ-2021 બાબતે કયા વિધાનો ખરાં છે

1. વિજેતા : 14 વર્ષ બાદ ઓસ્ટ્રેલિયા પ્રથમવાર વિજેતા

2. ઉપવિજેતા: ન્યૂઝીલેન્ડ 3. યજમાન : દુબઈ

4. પ્લેયર ઓફ ધ સીરીઝ : ડેવિડ વોર્નર, ઓસ્ટ્રેલિયા

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 1 અને 4 **(D) આપેલ તમામ**

**3.** ભારતના રાષ્ટ્રપતિ દ્વારા તાજેતરમાં વટહુકમ બહાર પાડીને કઇ કેન્દ્રીય એજન્સીઓના વડાની મુદત 3 વર્ષથી વધારી 5 વર્ષ કરાઇ છે

(A) CBI (B) ED (C) IB અને ROW **(D) A અને B બંને**

**4.** તા. 13-11-2021ના રોજ મણિપુરમાં આસામ રાઇફલ્સના જવાનો પર થયેલા આંતકવાદી હુમલાની જવાબદારી કયા સંગઠને સ્વીકારી છે

(A) PLA **(B) PLA(M)** (C) PLT (D) BLA

**5.** નવેમ્બર 2021માં ભારતને અતિ આધુનિક S-400 મિસાઇલ સિસ્ટમ આપવાનો કયા દેશ દ્વારા પ્રારંભ કરાયો

(A) અમેરિકા (B) ફ્રાંસ (C) ઇઝરાયેલ **(D) રશિયા**

**6.** નવેમ્બર 2021 નેશનલ ક્રિકેટ એકેડેમીકના નવા વડા તરીકે કોની પસંદગી કરાઇ

(A) રાહુલ દ્રવિડ **(B) VVS લક્ષ્મણ**

(C) સચિન તેંદુલકર (D) મહેન્દ્રસિંહ ધોની

**7.** આગામી T-20 ક્રિકેટ વર્લ્ડ કપ-2022નો યજમાન દેશ જણાવો

(A) અમેરિકા (B) ઇંગ્લેન્ડ **(C) ઓસ્ટ્રેલિયા** (D) ન્યુઝીલેન્ડ

**8.** વિશ્વ શહેરીકરણ દિવસ / ટાઉન પ્લાનિંગ દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) 13 નવેમ્બર (B) 11 નવેમ્બર

**(C) 8 નવેમ્બર** (D) 5 નવેમ્બર

**9.** વર્લ્ડ ડાયાબિટીસ ડે -2021-2023ની થીમ જણાવો

(A) About to Diabetes Care-If not now, when?

**(B) Access to Diabetes Care -If not now, when?**

(C) Access to Diabetes Careful-If not now, when?

(D) Access to Diabetes Care -If not now, then?

**10.** ઇન્ટરનેશનલ ડાયાબિટિસ ફેડરેશનના આઇડીએફ ડાયાબિટિસ એટલાસના 10મા એડિશનના અહેવાલ મુજબ સૌથી વધુ ડાયાબિટીશના દર્દી ધરાવતા પ્રથમ-બીજો દેશ જણાવો

(A) ભારત અને ચીન **(B) ચીન તથા ભારત**

(C) અમેરિકા અને રશિયા (D) રશિયા અને અમેરિકા

**11.** ભારતમાં બાળ દિવસ ક્યારે ઉજવવામાં આવે છે

**(A) 14 નવેમ્બર** (B) 13 નવેમ્બર

(C) 12 નવેમ્બર (D) 11 નવેમ્બર

**12.** બાળ દિવસ કોના જન્મ દિવસની યાદમાં ઉજવવામાં આવે છે

(A) સરદાર વલ્લભભાઇ પટેલ **(B) પં. જવાહરલાલ નહેરુ**

(C) લાલ બહાદૂર શાસ્ત્રી (D) રાજીવ ગાંધી

**13.** વર્લ્ડ ડાયાબિટીસ ડે ક્યારે ઉજવવામાં આવે છે

(A) 11 નવેમ્બર (B) 12 નવેમ્બર

(C) 13 નવેમ્બર **(D) 14 નવેમ્બર**

**14.** પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુનો જન્મ દિવસ જણાવો

(A) 15 નવેમ્બર-1898 **(B) 14 નવેમ્બર-1889**

(C) 13 નવેમ્બર-1887 (D) 11 નવેમ્બર-1885

## DATE : 15-11-2021

### 1. નિર્ણય : કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય

**અકસ્માત કે કુદરતી મૃત્યુના કિસ્સામાં સૂર્યાસ્ત પછી પોસ્ટમોર્ટમની છૂટ અપાઇ : બ્રિટિશ સમયની સિસ્ટમનો અંત**

✓ **મુખ્ય હેતુ :** અંગદાનને પ્રોત્સાહન આપવા




**નિર્ણયની મુખ્ય જોગવાઇઓ :**

✓ કેન્દ્ર સરકાર દ્વારા કેટલાક અપવાદને બાદ કરતા સૂર્યાસ્ત પછી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવા શરતી છૂટ અપાઇ છે. જો કે આ માટે જે તે હોસ્પિટલોમાં પૂરતું ઇન્ફ્રાસ્ટ્રકચર હોવું અનિવાર્ય છે.

✓ **અપવાદ :** હત્યા, આત્મહત્યા, બળાત્કાર પછી મૃત્યુ, ક્ષત–વિક્ષત મૃતદેહ કે શકમંદ મોતનાં મામલામાં સૂર્યાસ્ત પછી પોસ્ટમોર્ટમની છૂટ આપવામાં આવી નથી.

✓ આ સાથે જ બ્રિટિશ શાસન વખતની સિસ્ટમનો અંત લાવવામાં આવ્યો છે. જે હોસ્પિટલોમાં સૂર્યાસ્ત પછી એટલે કે રાત્રે પૂરતો પ્રકાશ તેમજ અન્ય સુવિધાઓ હોય તેવી હોસ્પિટલોમાં મૃતદેહોનું પોસ્ટમોર્ટમ 24 કલાક કરી શકાશે.

**અંગદાન સરળ બનશે :**

✓ મૃતકનાં સગાઓ તેમજ મિત્રો ઉપરાંત અન્ય લોકો માટે અંગદાન કરવાનું આને કારણે સરળ બનશે. કારણ કે અંગદાન કરાયા પછી તેનું પ્રત્યારોપણ સમયમાં કરવું જરૂરી છે. આરોગ્ય મંત્રાલયનાં DGHSની ટેકનિકલ સમિતિ દ્વારા ચકાસણી પછી આ નિર્ણય લેવાયો હતો

✓ **કેન્દ્રીય આરોગ્ય મંત્રી : શ્રી મનસુખભાઇ માંડવીયા**

### 2. રાણી કમલાપતિ સ્ટેશન-મધ્યપ્રદેશ : વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે હબીબગંજ રેલ્વે સ્ટેશનનું નવું નામાભિધાન-રાણી કમલાપતિ સ્ટેશન કરીને લોકાર્પણ કરાયું

**વડાપ્રધાન શ્રી મોદી દ્વારા અન્ય જાહેરાત :**

✓ મોદીએ જનજાતીય સમુદાયનાં કલ્યાણ માટે અનેક પ્રોત્સાહક પગલાં જાહેર કર્યા હતાં. જેમાં કોંગ્રેસનાં શાસનમાં પછાત રહેલા 100 જિલ્લાના વિકાસનો સમાવેશ થાય છે.

✓ દેશનાં કેટલાક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 50 એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલની આધારશિલા મૂકી હતી.



**રાંચીમાં વડાપ્રધાનના હસ્તે બિરસા મુંડા સ્વતંત્રતા સેનાની મ્યુઝિયમનું ઈ-લોકાર્પણ :**

- ✓ મોદીએ ઝારખંડના રાંચીમાં બિરસા મુંડા સ્વતંત્રતા સેનાની મ્યૂઝિયમનું લોકાર્પણ કર્યું હતું. તેમણે કહ્યું કે ગોંડ મહારાણી વીર દુર્ગાવતીનાં શૌર્યની વાત હોય કે રાણી કમલાપતિનું બલિદાન હોય દેશ તેને ભૂલી શકશે નહીં.

**3. સિદ્ધિ : ભારત સરકારના 'રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન'ને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન અપાયું**




**4. વ્યક્તિ વિશેષ : શ્રી ફાલ્ગુની નાયક**
**પોતાના કૌશલ્ય થકી ભારતમાં સૌથી વધુ ધનવાન બનનારા મહિલા ઘોષિત**

- ✓ બ્રાન્ડ : નાયકા-મુંબઈ




**5. નિધન : સાહિત્યકાર શિવ શાહિરે બાબાસાહેબ પુરન્દરેનું 99 વર્ષે પૂણે ખાતે નિધન**



**પ્રદાન :**

- ✓ જાણીતા ઈતિહાસ અને સાહિત્યમાં 80 વર્ષથી બાબાસાહેબ પુરન્દરેના નામે ખ્યાતિ ધરાવનાર બલવંત મોરેશ્વર 99 વર્ષની ઉંમરે પૂણેની દીનાનાથ મંગેશકર હોસ્પિટલમાં ન્યૂમોનિયાની સારવાર લેવા દાખલ થયા પછી વડાપ્રધાન મોદીએ તેમના અવસાન અંગે સંખ્યાબંધ ટ્વિટ કરી તેમાં ભારતીય ઈતિહાસના પ્રખર જ્ઞાતા, હાજરજવાબી, બુદ્ધિશાળી, ડહાપણભર્યા અને જ્ઞાનસમૃદ્ધ ભારતીય ઈતિહાસકાર તરીકે યાદ કર્યા હતા.
- ✓ ઈતિહાસ અને સાહિત્યજગતમાં તેમની વિદાયથી ભારે ખોટ સર્જાઇ છે. તેમના કારણે જ આવનારી પેઢી છત્રપતિ શિવાજીને ઓળખતી રહેશે.
- ✓ પુરન્દરેનું છત્રપતિ શિવાજીના જીવન ચરિત્ર પરનું 'જાણતા રાજા' નામનું નાટક ખૂબ જ લોકપ્રિય બન્યું છે.

સન્માન :

- ✓ 2015માં મહારાષ્ટ્ર ભૂષણ અને 2019માં પદ્મવિભૂષણનો ખિતાબ.

**6. UN : વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP)**
**સદભાવના રાજદૂત તરીકે ડેનિયલ બ્રુહલની નિયુક્તિ**

- ✓ અભિનેતા/ડાયરેક્ટર – સ્પેન, જર્મની




**7. ભારત-નેપાળ સંબંધો : રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા નેપાળના સેના પ્રમુખને ભારતીય સેનાના જનરલનું પદ અપાયું**



**8. ક્લાઈમેટ ચેન્જ અંગેની COP-28,**
**વર્ષ-2023**

- ✓ યજમાન દેશ : યુએઈ




**COP-27, આગામી વર્ષ-2022**

- ✓ યજમાન દેશ : Sharm El-Sheikh, ઇજિપ્ત
- ✓ પ્રથમ COP સંમેલન વર્ષ 1995માં યોજાયું હતું

**9. નિમણૂક : પૂર્વ ક્રિકેટ કોચ રવિ શાસ્ત્રીની લિજેન્ડ્સ લિગ ક્રિકેટના કમિશનર તરીકે વરણી**

- ✓ આગામી જાન્યુઆરી 2022માં 5 દેશોના દિગ્ગજ ક્રિકેટર્સ લીગમાં ભાગ લેશે

**લિજેન્ડ્સ લિગ ક્રિકેટ(LLC) વિશે :**

- ✓ લિજેન્ડ્સ લીગ ક્રિકેટમાં ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, ઓસ્ટ્રેલિયા, ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર્સ પણ રમશે જેમાં તેઓ ભારત, એશિયા અને રેસ્ટ ઓફ ધ વર્લ્ડ ટીમનું પ્રતિનિધિત્વ કરશે.



- ✓ ભારતીય ટીમનો ભૂતપૂર્વ ફિઝિયો એન્ડ્રયુ લીપસ લીગમાં સ્પોર્ટ્સ સાયન્સ ડાયરેક્ટરની ભૂમિકા ભજવીને ખેલાડીઓની ફિટનેસનું ધ્યાન રાખશે.

**અન્ય બાબતો :**

- ✓ વિશ્વ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઇ ચૂકેલા દિગ્ગજ ખેલાડીઓ વચ્ચે આગામી વર્ષના જાન્યુઆરીમાં રમાનારી લિજેન્ડ્સ લીગ ક્રિકેટ (એલએલસી)માં ભારતના ભૂતપૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીની કિમશનર તરીકે વરણી કરવામાં આવી. એલએલસીની પ્રથમ સિઝન જાન્યુઆરીમાં ઉપખંડના કોઇ દેશમાં યોજાનારી છે.

- ✓ પોત-પોતાના સમયમાં ચેમ્પિયન રહી ચૂકેલા ખેલાડીઓ સાથે સંકળાયેલી ક્રિકેટ સાથે જોડાયેલી રહેવાની બાબત શાનદાર છે.

**10. દિન વિશેષ : 13 નવેમ્બર**

**વિશ્વ દયા દિવસ (વર્લ્ડ કાઈન્ડનેસ ડે)**

- ✓ **થીમ-2021 : Kindness: The World We Make - Inspire Kindness.**




- ✓ પ્રથમ પ્રારંભ : તા. 13-11-2010 (UK)

**11. દિન વિશેષ : 15 નવેમ્બર   જનજાતિ ગૌરવ દિન**

- ✓ પ્રથમવાર વર્ષ 2021માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ભોપાલથી ઉજવણીનો પ્રારંભ




- ✓ **કોની યાદમાં :** આદિવાસી નેતા ભગવાન બિરસા મુંડાની 146મી જન્મ જયંતી

**12. દિન વિશેષ : 15 નવેમ્બર**

**ભગવાન બિરસા મુંડાની 146મી જન્મજયંતિ**




**જન્મ : 15 નવેમ્બર-1872   અવસાન : 1901**

- ✓ ભારતમાં જેના જેટલી કોઇ આદિવાસી ક્રાંતિકારીને પ્રતિષ્ઠા અને બહુમાન નથી મળ્યા તેવા આદિવાસી નાયક બિરસા મુંડાનો આજે જન્મદિવસ.
- ✓ ઝારખંડના ચલકદ ગામે જન્મેલા બિરસા જન્મે ઈસાઈ હતા પણ પાછળથી વૈષ્ણવ સંપ્રદાય સ્વીકાર્યો હતો.
- ✓ બચપણમાં તે એવી તો મધુર વાંસળી વગાડતા કે તેના પશુઓ પણ બિરસાની વાંસળીના તાલે ડોલતા હતા.
- ✓ બ્રિટિશ શાસન દરમિયાન અંગ્રેજો અને સ્થાનિક શોષણખોર વર્ગો દ્વારા આદિવાસીઓના થતા બેસૂમાર શોષણ અને અન્યાયો વિરુદ્ધ 'ઉલગુલાન' (મહાન વિદ્રોહ) શરૂ કર્યો હતો.
- ✓ બિરસા અને તેના અનુયાયીઓ અંગ્રેજો અને શાહુકારોને 'દીકું અને સફેદ બકરા' તરીકે ઓળખાવી તેમનો ખાત્મો બોલાવવા તત્પર રહેતા હતા.
- ✓ બિરસાની સ્મૃતિમાં ટપાલ ટિકિટ, રાંચી હવાઈ અડ્ડાનું નામ બિરસા મુંડા હવાઈ અડ્ડા, ભારતીય સંસદમાં તેની પ્રતિમા
- ✓ બિરસાના નામથી રાજકીય વિચારધારા અને રાજકીય પક્ષોનું ગઠન વગેરે જેવા અનેક સન્માનો આ આદિવાસી નાયકને મળ્યા છે.
- ✓ બિરસા મુંડાના અનેક પુસ્તકો લખાયા છે.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (15-11-2021)

**1.** ક્લાઈમેટ ચેન્જ અંગેની COP અંગે નીચેના પૈકી કઈ બાબતો યોગ્ય છે

1. COP-27, આગામી વર્ષ-2022 : યજમાન દેશ : Sharm El-Sheikh, ઇજિપ્ત

2. COP -28, વર્ષ-2023 : યજમાન દેશ-યુએઈ

3. પ્રથમ COP સંમેલન વર્ષ 1995માં યોજાયું હતું

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3   **(D) આપેલ તમામ**

**2.** કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા અંગદાનને પ્રોત્સાહન આપવા ક્યા ખાસ કિસ્સામાં સૂર્યાસ્ત પછી પોસ્ટમોર્ટમની છૂટ આપીને બ્રિટિશ સમયની સિસ્ટમનો અંત લાવ્યા છે

(A) અકસ્માત   (B) કુદરતી મૃત્યુ

(C) હત્યા કે આત્મહત્યા   **(D) A અને B બંને**

**3.** તા. 15 નવેમ્બર 2021ના રોજ જનજાતી ગૌરવ દિવસ નિમિતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા જનજાતીના કેટલા જિલ્લાના વિકાસ કલ્યાણ-વિકાસ માટે પ્રોત્સાહક પગલાં જાહેર કર્યાં

(A) 25   (B) 50   (C) 75   **(D) 100**

**4.** તા. 15 નવેમ્બર 2021ના રોજ જનજાતી ગૌરવ દિવસ નિમિતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ભોપાલ ખાતેથી રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેટલી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલની આધારશિલા મૂકી હતી

(A) 25   **(B) 50**   (C) 75   (D) 100

**5.** તા. 15 નવેમ્બર 2021ના રોજ જનજાતી ગૌરવ દિવસ નિમિતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ભોપાલ ખાતેથી કયા શહેરમાં બિરસા મુંડા સ્વતંત્રતા સેનાની મ્યુઝિયમનું ઈ-લોકાર્પણ કરાયું

**(A) રાંચી**   (B)રાયપુર   (C) ઈન્દોર   (D) ભોપાલ

**6.** નવેમ્બર 2021માં ભારત સરકારના ક્યા સ્વચ્છતા અભિયાનને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન અપાયું

(A) રાષ્ટ્રીય શૌચાલય અભિયાન (B) નલ સે જલ અભિયાન

**(C)રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન** (D)નમામિ નર્મદે સ્વચ્છતા મિશન

**7.** પોતાના કૌશલ્ય થકી ભારતમાં સૌથી વધુ અમીર બનનારા મહિલા શ્રી ફાલ્ગુની નાયકની બ્રાન્ડનું નામ જણાવો

(A) વાયકા   **(B) નાયકા**   (C) રાધિકા   (D) જાયકા

**8.** છત્રપતિ શિવાજીના જીવન ચરિત્ર પરના પ્રસિદ્ધ 'જાણતા રાજા' નાટકના સર્જક, ઈતિહાસકાર, સાહિત્યકાર પદ્મભૂષણ વિજેતા શિવ

શાહિરે બાબાસાહેબ પુરન્દરેનું તા. 15 નવેમ્બર 2021ના રોજ 99 વર્ષે ક્યાં અવસાન થયુ
(A) નાસિક (B) જલગાંવ (C) નાગપુર **(D) પૂણે**

**9.**તાજેતરમાં UNના વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP)ના સદભાવના રાજદૂત તરીકે સ્પેન-જર્મનીના ક્યા અભિનેતા/ડાયરેક્ટરની પસંદગી કરવામાં આવી
(A) ડેનિયલ માર્શ **(B) ડેનિયલ બ્રુહલ**
(C) ડેનિયલ ક્રેગ (D) ડેનિયલ વિટોરી

**10.** નવેમ્બર 2021માં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા ક્યા દેશના સેના પ્રમુખને ભારતીય સેનાના જનરલનું પદ અપાયું
(A) મ્યાંમાર (B) ભૂતાન **(C) નેપાળ** D) શ્રીલંકા

**11.** નવેમ્બર 2021માં લિજેન્ડ્સ લિગ ક્રિકેટના કમિશનર તરીકે કોની વરણી કરાઈ
(A) સુનિલ ગ્રાવસ્કર **(B) રવિ શાસ્ત્રી**
(C) કપિલ દેવ (D) સચિન તેંદુલકર

**12.** લિજેન્ડ્સ લિગ ક્રિકેટમાં નીચેના પૈકી ક્યા દેશોનો સમાવેશ થાય છે
(A) ભારત અને પાકિસ્તાન (B) શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા
(C) ઇંગ્લેન્ડ **(D) આપેલ તમામ**

**13.** વિશ્વ દયા દિવસ (વર્લ્ડ કાઇન્ડનેસ ડે) ક્યારે ઉજવવામાં આવે છે
(A) 10 નવેમ્બર (B) 11 નવેમ્બર
(C) 12 નવેમ્બર **(D) 13 નવેમ્બર**

**14.** વિશ્વ દયા દિવસ (વર્લ્ડ કાઇન્ડનેસ ડે)-2021ની થીમ જણાવો
(A) Kindness: The World they Make - Inspire Kindness
(B) Kindness : The Word We Make - Inspire Kindness
**(C) Kindness: The World We Make - Inspire Kindness**
(D) Kind : The World We Make - Inspire Kindness

**15.** 15 નવેમ્બર 2021ના રોજ જનજાતિ ગૌરવ દિવસની ઉજવણીનો વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં પ્રથમવાર ક્યાંથી પ્રારંભ થયો
**(A) ભોપાલ** (B) રાયપુર (C) ઉજ્જૈન (D) રાંચી

**16.** 15 નવેમ્બર 2021ના રોજ આદિવાસી નેતા ભગવાન બિરસા મુંડાની કેટલામી જન્મ જયંતી ઉજવાય
(A) 125 (B) 139 **(C) 146** (D) 150

**17.** આદિવાસીના નાયક બિરસા મુંડાનો જન્મ દિવસ જણાવો
(A) 15 નવેમ્બર-1867 **(B) 15 નવેમ્બર-1872**
(C) 15 નવેમ્બર-1875 (D) 15 નવેમ્બર-1878

**DATE : 16-11-2021**

## 1. સંરક્ષણ : ભારત મિત્ર રાષ્ટ્ર ફ્રાંસ પાસેથી "હેમર" મિસાઈલો ખરીદશે




- ✓ **HAMMER : હાઇલી એજાઇલ મોડ્યૂલર મ્યૂનિશન એક્સટેંડેડ રેંજ મિસાઇલ**

**હેમર મિસાઇલ વિશે :**

- ✓ હેમર મિસાઇલ 70 કિમીથી પણ વધુ દુર કોઈ પણ મજબુત બંકરને તોડી પાડવા સક્ષમ
- ✓ ભારતીય એરફોર્સે હેમર મિસાઇલોની પ્રથમ બેંચ રફાલ વિમાનો માટે પ્રાપ્ત કરી હતી.
- ✓ ચીનના આક્રામક સ્વરૂપને ધ્યાનમાં રાખીને ફ્રાંસ બહુ જ ઓછા સમયમાં આ મિસાઇલોને પુરી પાડવા માટે તૈયાર થઇ ગયું હતું.
- ✓ ફ્રાંસે આ મિસાઇલોને પોતાના એરફોર્સ અને નેવી માટે તૈયાર કરી હતી.
- ✓ ભારતીય એરફોર્સમાં હાલ તેજસની બે સ્ક્વાડ્રન પહેલાથી જ સંચાલનમાં છે. તેજસ વિમાનોને પાકિસ્તાન અને ચીનના સંયુક્ત ઉપક્રમે જેએફ-17 વિમાનો કરતા વધુ એડવાંસ અને સક્ષમ માનવામાં આવે છે.
- ✓ સ્વદેશી તેજસ વિમાનમાં હેમર નામની મિસાઇલો લાદવામાં આવશે જેને પગલે તેની ક્ષમતા વધી જશે.

## 2. પૂર્વાંચલ એક્સપ્રેસ-વે : ઉત્તરપ્રદેશ

**વડાપ્રધાન શ્રી મોદી દ્વારા IAFના માલવાહક સુપર હર્ક્યુલસ C-130 J વિમાનમાંથી એક્સપ્રેસ વે ઉપર ઉતરાણ કરી પૂર્વાંચલ એક્સપ્રેસ-વેનું લોકાર્પણ-ખુલ્લો મુકાયો**




- ✓ આ પ્રકારનું લોકાર્પણ કરનાર શ્રી મોદી ભારતના પ્રથમ વડાપ્રધાન
- ✓ સ્થાન : સુલતાનપુર (ઉત્તરપ્રદેશ)

**પૂર્વાંચલ એક્સપ્રેસ-વેની વિશેષતાઓ :**

- ✓ **પૂર્વાંચલ એક્સપ્રેસ-વે 6 લેન ધરાવતો 341 કિલોમીટર લાંબો એક્સપ્રેસ વે.**
- ✓ પાંચ વર્ષમાં રૂ. 22,500 કરોડનાં ખર્ચે તે બનાવાયો.
- ✓ તેનાં પર યુદ્ધ વિમાનોને ઊતરવા માટે 3.2 કિ.મી લાંબો રન-વે.
- ✓ પૂર્વાંચલ એક્સપ્રેસ-વે યુપીનો ત્રીજો રન-વે ધરાવતો એક્સપ્રેસ-વે છે. જ્યાં લડાયક યુદ્ધ વિમાનો ટેક ઓફ-લેન્ડિંગ કરશે.
- ✓ અગાઉ આગ્રા એક્સપ્રેસ-વે અને યમુના એક્સપ્રેસ-વે પર યુદ્ધ વિમાનો લેન્ડિંગ કરી ચૂક્યા છે.
- ✓ પૂર્વાંચલ એક્સપ્રેસ-વે 3 વર્ષ પહેલાં બનાવવાનું શરૂ કરાયું હતું. જે લખનઉથી ગાઝીપુર સુધી 341 કિ.મી લાંબો છે.

- ✓ દિલ્હીથી યુપીનાં પૂર્વ છેડાનું અંતર 10 કલાકમાં કાપી શકાશે.
- ✓ **આ નવ જિલ્લા કનેક્ટ થશે : લખનઉ, બારાબંકી, અમેઠી, અયોધ્યા, સુલતાનપુર, આંબેડકર નગર, આઝમગઢ મઉ તથા ગાજીપુર**
- ✓ **UP રાજ્યપાલ : શ્રી આનંદીબહેન પટેલ**
- ✓ **UP મુખ્યમંત્રી : શ્રી આદિત્યનાથ યોગી**

**3. કાયદો : ચાઈલ્ડ પોર્નોગ્રાફી**

- ✓ ભારતમાં ચાઇલ્ડ પોર્નોગ્રાફી એ ગુનો છે.
- ✓ ભારતમાં IT એક્ટની કલમ 67 હેઠળ ચાઇલ્ડ પોર્નોગ્રાફીને ગુનો જાહેર કરાયો.
- ✓ આ મામલામાં દોષિતને પહેલીવાર ગુનો કરે તો 5 વર્ષની જેલ અને 10 લાખ સુધીના દંડની જોગવાઈ.
- ✓ ફરી ગુનો કરે તો 7 વર્ષની કેદ અને રૂ. 10 લાખનો દંડ કરાય છે.

**4. ઇસ્લામિક રિસર્ચ ફાઉન્ડેશન - કટ્ટરવાદી સંગઠન**

**ભારત સરકાર દ્વારા પ્રતિબંધ વધુ પાંચ વર્ષ લંબાવાયો**




- ✓ ભારતના અને વિદેશોમાં રહેલા યુવકોના બ્રેઇનવોશ કરીને ત્રાસવાદી કૃત્યો કરવા ઉત્તેજન અને પ્રોત્સાહન આપવાનો જેના ઉપર આરોપ મૂકાયો છે તે ઝાકીર નાઇકના કટ્ટરવાદી સંગઠન ઇસ્લામિક રિસર્ચ ફાઉન્ડેશન (આઇઆરએ) ઉપર મૂકાયેલા પ્રતિબંધને કેન્દ્ર સરકારે વધુ પાંચ વર્ષ માટે લંબાવ્યો.

**5. અફીણ ઉત્પાદન : અફીણના ઉત્પાદનમાં અફઘાનિસ્તાનનો અંદાજે 87 ટકા હિસ્સો**



- ✓ અફીણના વૈશ્વિક ઉત્પાદનમાં અફઘાનિસ્તાનનો અંદાજે 87% હિસ્સો છે. તે અફીણનું સૌથી મોટું ઉત્પાદક છે.
- ✓ નશીલી દવાઓનું ગેરકાયદે ઉત્પાદન રોકવા અમેરિકાના રૂ. 66 હજાર કરોડના રોકાણ અને બે દાયકાના પ્રયાસો છતાં તેમાં કોઇ ઘટાડો લાવી શકાયો નથી.

**6. ફિચ : ગ્લોબલ રેટિંગ એજન્સી :**

**ભારત માટે BBB- રેટિંગ આપ્યું: FY22માં 8.7 ટકા GDP વૃદ્ધિનો અંદાજ**




- ✓ ગ્લોબલ રેટિંગ એજન્સી ફિચ રેટિંગે ભારતને લોંગ ટર્મ ફોરેન કરન્સી ઇશ્યૂઅર ડિફોલ્ટ રેટિંગ નેગેટિવ આઉટલૂક સાથે BBB- આપ્યું.
- ✓ નાણાકીય વર્ષ 2021-22માં ભારતીય અર્થતંત્ર 8.7 ટકાના દરે વૃદ્ધિ નોંધાવે તેવી શક્યતા.
- ✓ ઉચ્ચ સાર્વજનિક ઋણ, નબળું ફાઇનાન્શિયલ સેક્ટર અને કેટલાક પાછળ રહી ગયેલાં માળખાગત મુદ્દાઓ સામે આ રેટિંગ હજુ પણ મધ્યમ ગાળામાં મજબૂત ગ્રોથ આઉટલૂક અને સોલિડ ફોરેન રિઝર્વ બફર્સથી બાહ્ય લવચિકતાને સંતુલિત કરે છે.

**7. ખેલકૂદ : ICC દ્વારા આગામી વર્ષ 2024થી 2031 દરમિયાન યોજાનાર સાત ઈવેન્ટ જાહેર**

**ભારત આગામી 8 વર્ષમાં બે વન-ડે વર્લ્ડકપ સહિત ICCની ત્રણ ઈવેન્ટ્સની યજમાની કરશે**

**ઈવેન્ટ્સ વિશે :**

**2024 થી 2031 સુધી યોજાનાર આઈસીસીની મેજર ટૂર્નામેન્ટ**

| યજમાન | તારીખ | ટૂર્નામેન્ટ |
|---|---|---|
| વિન્ડીઝ-અમેરિકા | જૂન 2024 | ટી-20 વર્લ્ડ કપ |
| પાકિસ્તાન | ફેબ્રુઆરી 2025 | ચેમ્પિયન્સ ટ્રોફી |
| ભારત-શ્રીલંકા | ફેબ્રુઆરી 2026 | ટી-20 વર્લ્ડ કપ |
| દ.આફ્રિકા-ઝિમ્બાબ્વે-નામિબિયા | ઓક્ટોબર-નવેમ્બર 2027 | વર્લ્ડ કપ |
| ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ | ઓક્ટોબર 2028 | ટી-20 વર્લ્ડ કપ |
| ભારત | ઓક્ટોબર 2029 | ચેમ્પિયન્સ ટ્રોફી |
| ઈંગ્લેન્ડ-આયર્લેન્ડ-સ્કોટલેન્ડ | જૂન 2030 | ટી-20 વર્લ્ડ કપ |
| ભારત-બાંગ્લાદેશ | ઓક્ટોબર-નવેમ્બર 2031 | વર્લ્ડ કપ |

**8. ખેલકૂદ : ICC T-20 વર્લ્ડકપ-2022**

- ✓ **યજમાન : ઓસ્ટ્રેલિયા**




**કાર્યક્રમ :**

- ✓ મેલબોર્ન, સિડની, બ્રિસબેન, પર્થ અને એડિલેડ સહિત ઓસ્ટ્રેલિયાના સાત શહેર આગામી વર્ષે 2022માં રમાનારા આઇસીસી ટી-20 વર્લ્ડ કપની યજમાની કરશે. **આ વર્લ્ડ કપ 16મી ઓક્ટોબરથી 13મી નવેમ્બર સુધી રમાશે**.
- ✓ ઓસ્ટ્રેલિયાના બે અન્ય શહેર જિલાંગ અને હોબાર્ટ ખાતે પણ મેચો રમાડવામાં આવશે. આ સેન્ટરમાં રાઉન્ડ-1ના મુકાબલા રમાય તેવી સંભાવના.
- ✓ ફાઇનલ મુકાબલો 13મી નવેમ્બરે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી) ખાતે રમાશે.

**9. દિન વિશેષ : 16 નવેમ્બર**

**(1) સંજાણ ડે**



- ✓ ઊજવણી : ઉમરગામ - સમૂદાય : પારસી
- ✓ ધર્મ ગુરૂ – વડા દસ્તૂરજ ખૂરશેદજી દસ્તૂર
- ✓ જિલ્લો : વલસાડ
- ✓ વાપી ઉમરગામના સંજાણ ખાતે સંજાણ ડેની 104મી ઉજવણી કરવામાં આવી.
- ✓ ઉદવાડા ગામ અને સંજાણ પારસીઓના તીર્થ સ્થળ તરીકે જાણીતા.
- ✓ આજ થી 1600 વર્ષ પહેલા પારસીઓનું એક ટોળું પોતાના અગ્નિ દેવતાને બચાવવા ઈરાનથી દરિયા માર્ગે ભારત આવ્યા હતા.
- ✓ પારસીઓના વડવાઓ નેરીયોસિંગ ધવલ નામક દસ્તૂરાન દસ્તૂરની આગેવાની હેઠળ ઈરાનથી દરિયાઇ માર્ગે વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સંજાણ બંદરે આવી પહોંચ્યા હતા.
- ✓ સંજાણના રાજા જાદી રાના એ દૂધનો ભરેલો પ્યાલો પારસીઓને આપી રાજ્ય મા જગ્યા નહીં હોવાનો સંદેશ આપ્યો હતો.
- ✓ જેના જવાબમા પારસીઓના ગુરુ એ દૂધના પ્યાલામાં સાકર ભેળવી મોકલી આપ્યો હતો, અને રાજાને જણાવ્યું હતું કે તેઓ દૂધમાં સાકરની જેમ ભળી જશે.
- ✓ રાજા એ ખુશ થઇ પારસીઓને વસવાટ કરવા સમંતિ આપી હતી. જેના ઉપકાર રૂપે દર વર્ષે સંજાણ ડે ની ઉજવણી કરાય છે.
- ✓ આજે સમગ્ર ભારતમાંથી પારસીઓ સંજાણ આવે છે અને કીર્તિ સ્તમ્ભની પૂજા કરે છે.
- ✓ આજના દિને રેલવે તંત્ર દ્વારા સંજાણ સ્ટેશને ગુજરાત એક્ષપ્રેસ અને ફ્લાયિન્ગ રાની ટ્રેનને સ્ટોપેજ અપાય છે.

**(2) નેશનલ પ્રેસ ડે : 16 નવેમ્બર**

- ✓ **1966માં 16મી નવેમ્બરે પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સ્થાપના કરાઈ હતી, ત્યારથી 16મી નવેમ્બરને નેશનલ પ્રેસ ડે તરીકે ઊજવવામાં આવે છે.**




- ✓ ભારતના પ્રેસ કાઉન્સિલે 16 નવેમ્બરે નેશનલ પ્રેસ ડે ઉજવણી કરી, કારણ કે પ્રેસ કાઉન્સિલે આ દિવસે એક આખા ઑર્ગેનાઇઝેશન તરીકે અખબારોના કાર્યોની દેખરેખ રાખતા એક જવાબદાર સંસ્થા તરીકે કામ કરવાનું શરૂ કર્યું.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (16-11-2021)

**1.**ભારતીય એરફોર્સના સંદર્ભમાં હેમર મિસાઇલ વિશે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. હેમર મિસાઇલ 70 કિમી દુર બંકરને તોડવા સક્ષમ
2. સ્વદેશી તેજસ વિમાનમાં હેમર નામની મિસાઇલો લદાશે
3. ફ્રાંસે આ મિસાઇલોને પોતાના એરફોર્સ અને નેવી માટે તૈયાર કરી હતી
4. ભારતીય એરફોર્સમાં હાલ તેજસની બે સ્ક્વાડ્રન પહેલાથી જ સંચાલનમાં

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી મોદી દ્વારા લોકાર્પણ કરાયેલ પૂર્વાંચલ એક્સપ્રેસ–વેના સંદર્ભમાં ક્યા વિધાનો યોગ્ય છે

1. વડાપ્રધાન શ્રી મોદી દ્વારા સૌપ્રથમવાર IAFના માલવાહક સુપર હર્ક્યુલસ C-130 J વિમાનમાંથી એક્સપ્રેસ વે ઉપર ઉતરાણ કરી એક્સપ્રેસ-વેનું લોકાર્પણ કરાયું
2. 6 લેન ધરાવતો એક્સપ્રેસ વે પાંચ વર્ષમાં રૂ. 22,500 કરોડનાં ખર્ચે તૈયાર કરાયો
3. યુદ્ધ વિમાનો ઊતારવા 3.2 કિ.મી લાંબો રન-વે
4. પૂર્વાંચલ એક્સપ્રેસ–વે લખનઉથી ગાઝીપુર નવ જિલ્લાને જોડે છે

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** ભારત કયા મિત્ર રાષ્ટ્ર પાસેથી હાઇલી એગ્ઝાઇલ મોડયૂલર મ્યૂનિશન એક્સટેંડેડ રેંજ મિસાઇલ (HAMMER) ખરીદશે –

(A) રશિયા (B) અમેરિકા **(C) ફ્રાંસ** (D) ઈઝરાયેલ

**4.** નવેમ્બર-2021માં વડાપ્રધાન શ્રી મોદી દ્વારા ઉત્તરપ્રદેશમાં 341 કિલોમીટરના ક્યા એક્સપ્રેસ વેનું લોકાર્પણ કરાયું

(A) આગ્રા એક્સપ્રેસ–વે **(B) પૂર્વાંચલ એક્સપ્રેસ–વે**
(C) વારાણસી એક્સપ્રેસ–વે (D) યમુના એક્સપ્રેસ–વે

**5.** ભારતમાં IT એક્ટની કઇ કલમ હેઠળ ચાઇલ્ડ પોર્નોગ્રાફી ગુનો જાહેર કરાયો જે માટે મહતમ 7 વર્ષની કેદની જોગવાઈ કરાઇ છે

(A) 60 (B) 65 **(C) 67** (D) 69

**6.**નવેમ્બર-2021માં ભારત સરકાર દ્વારા કટ્ટરવાદી સંગઠન ઇસલામિક રિસર્ચ ફાઉન્ડેશન ઉપરનો પ્રતિબંધ વધુ કેટલા વર્ષ લંબાવાયો

(A) 3 **(B) 5** (C) 6 (D) 7

**7.** નવેમ્બર-2021ની સ્થિતિએ અફીણના ઉત્પાદનમાં સૌથી વધુ અંદાજે 87 ટકા હિસ્સા સાથે કયો દેશ સૌથી મોટો અફીણ ઉત્પાદક છે

(A) બ્રાઝિલ (B) પાકિસ્તાન
(C) ઉઝબેકિસ્તાન **(D) અફઘાનિસ્તાન**

**8.** નવેમ્બર-2021માં ગ્લોબલ રેટિંગ એજન્સી ફિચ દ્વારા ભારતને કયુ રેટિંગ અપાયું

(A) AAA (B) AAA- (C) BBB **(D) BBB-**

**9.** નવેમ્બર-2021માં ICC દ્વારા આગામી વર્ષ 2024થી 2031 દરમિયાન યોજાનાર કેટલી ઇવેન્ટ જાહેર કરી

(A) 3 (B) 5 (C) 6 **(D) 7**

**10.** ભારત આગામી 8 વર્ષમાં ICCની બે વન-ડે વર્લ્ડકપ સહિત કુલ કેટલી ઈવેન્ટ્સની યજમાની કરશે

**(A) 3** (B) 5 (C) 6 (D) 7

**11.** ICC T-20 વર્લ્ડકપ-2022નો યજમાન દેશ જણાવો

**(A) ઓસ્ટ્રેલિયા** (B) ભારત (C) ન્યુઝીલેન્ડ (D) અમેરિકા

**12.** સંજાણ ડે કયારે ઉજવવામાં આવે છે

(A) 11 નવેમ્બર (B) 13 નવેમ્બર
**(C) 16 નવેમ્બર** (D) 17 નવેમ્બર

**13.** 16 નવેમ્બર-2021ના રોજ કેટલામો સંજાણ ડે ઉજવાયો

(A) 100 (B) 102 **(C) 104** (D) 106

**14.** કયો દિવસ નેશનલ પ્રેસ ડે તરીકે ઊજવવામાં આવે છે

(A) 11 નવેમ્બર (B) 13 નવેમ્બર **(C) 16 નવેમ્બર** (D) 17 નવેમ્બર

**15.** પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની સ્થાપના ક્યારે થઇ હતી

(A) 11 નવેમ્બર 1916 (B) 13 નવેમ્બર 1936

**(C) 16 નવેમ્બર 1966** (D) 17 નવેમ્બર 1976

## DATE : 17-11-2021

### 1. MOU : શિક્ષણ વિભાગ-ગુજરાત સરકાર

**ગુજરાતમાં ધો. 6થી 12ના નવા અભ્યાસક્રમ માટે કેમ્બ્રિજ પાર્ટનરશીપ ફોર એજ્યુકેશન બોર્ડ સાથે MOU**

- ✓ રાજ્યની સરકારી શાળાના વિદ્યાર્થીઓની ગુણવત્તા માટે અભ્યાસક્રમ ગુણોત્સવ 2.0 યોજાયા બાદ નબળા વિદ્યાર્થીઓની ગુણવત્તા સુધારવા શિક્ષણ વિભાગ દ્વારા મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ અમલમાં મુક્ય.
- ✓ આ પ્રોજેક્ટ અંતર્ગત હાલમાં શિક્ષકોને પણ તબક્કાવાર તાલીમ અપાઈ રહી છે. ધો. 6થી 12ના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં પણ ફેરફાર કરવાનો નિર્ણય કરાયો છે.

**મુખ્ય હેતુ :**

- ✓ 21મી સદીના આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક ધોરણોને ધ્યાને રાખીને ધોરણ-6થી 12ના વિદ્યાર્થીઓ માટે સર્વોત્તમ અભ્યાસક્રમ તૈયાર કરવાનો.
- ✓ નવા અભ્યસક્રમ માટે સમગ રાષ્ટ્રમાં પ્રથમ વખત કેમ્બ્રિજ સાથે એમઓયુ.
- ✓ **શિક્ષણ મંત્રી : શ્રી જીતુભાઈ વાઘાણી**

### 2. નિર્ણય : ગૃહ વિભાગ-ગુજરાત સરકાર રાજ્યના હથિયાર ધારકોને હવે ઓલ ઇન્ડિયા પરમિટ નહીં મળે : ગુજરાત બહાર પ્રવાસ વખતે માત્ર બે દિવસની મર્યાદામાં જ મંજૂરી અપાશે

**અન્ય બાબતો :**

- ✓ રાજ્યમાં રિવોલ્વર સહિતના હથિયારનો પરવાનો મેળવવા માગતા લોકોને અથવા ગુજરાતમાં હથિયારનો પરવાનો ધરાવનાર ધારકોને ઓલ ઇન્ડિયા પરમિટ નહીં આપવાનો નિર્ણય રાજ્યના ગૃહ વિભાગ દ્વારા લેવામાં આવ્યો.
- ✓ હથિયારધારકોને ગુજરાત બહાર પ્રવાસ કરવાના સંજોગોમાં વધુમાં વધુ બે દિવસની મર્યાદામાં જર્ની લાઇસન્સ મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવવા સૂચના આપવામાં આવી.

### 3. કેન્દ્રીય કેબિનેટ - ભારત સરકાર : મહત્વના નિર્ણયો

**(1) મોબાઇલ ટાવર : 4-G કનેક્ટિવિટી**

- ✓ દેશના પાંચ રાજ્યોના 44 જિલ્લા એવા છે કે જ્યાં ગામડાઓને હજુ સુધી મોબાઇલ કનેક્ટિવિટી મળી શકી નથી. આના માટે ગામડાઓમાં ટેલિકોમ ટાવર સ્થાપવામાં આવશે કે જેથી મોબાઇલ સેવા આસાનીથી ઉપલબ્ધ થઇ શકે.




- ✓ મોબાઇલ ટાવર કનેક્ટિવિટી હેઠળ દેશના પાંચ રાજ્યો **આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર અને ઓડિશાના 44 જિલ્લાના 7266થી વધારે ગામડાને મોબાઇલ કનેક્ટિવિટીથી જોડવામાં આવશે.** તેમણે જણાવ્યું હતું કે આ પ્રકારે આ ગામડાઓમાં ફોરજી મોબાઇલની સુવિધા પહોંચાડાશે.

**(2) નક્સલ પ્રભાવિત આદિવાસી ક્ષેત્રોમાં 32,152 કિલોમીટર લાંબી સડકો બનશે**

- ✓ આ નિર્ણયથી ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત ક્ષેત્રોને ફાયદો થશે.
- ✓ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના ફેઝ–1 અને ફેઝ–2 હેઠળ રોડ કનેક્ટિવિટીથી જે ક્ષેત્રો બાકાત રહી ગયા હતા તે વિસ્તારોમાં સડકોનું નિર્માણ કરવામાં આવશે અને આદિવાસી ક્ષેત્રોને પણ તેનો ફાયદો થશે.

### 4. EDના નિયામકશ્રી સંજયકુમારનો કાર્યકાળ એક વર્ષ લંબાવાયો



- ✓ કાર્યકાળ 18 નવેમ્બર 2022 સુધી
- ✓ ED : એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ

### 5. વિશ્વનું સૌથી શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ : પોચમપલ્લી

**UNWTO દ્વારા તામિલનાડુના પોચમપલ્લીને વિશ્વના સૌથી શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ તરીકે જાહેર**

- ✓ જિલ્લો : નલગોન્ડા



**વિશેષતાઓ :**

- ✓ સાડીનો વેપાર રૂ. 200 કરોડથી વધુ
- ✓ પોચમપલ્લીને વણાટ શૈલીને આંતરરાષ્ટ્રીય ઓળખ મળી
- ✓ ગામના કારીગરો પર શ્યામ બેનેગલે "સુસ્માન" ફિલ્મ પણ બનાવી છે

**અન્ય બાબતો :**

- ✓ પોચમપલ્લીની સાડીઓ આખી દુનિયામાં પ્રખ્યાત છે. હૈદરાબાદથી 40 કિ.મી. દૂરનું આ ગામ હવે આંતરરાષ્ટ્રીય પ્રવાસનના નકશા પર આવી ગયું છે. યુએન વર્લ્ડ ટુરિઝ્મ ઓર્ગેનાઈઝેશને (UNWTO) પોચમપલ્લીને વિશ્વનું સૌથી શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ જાહેર કર્યું છે.

હવે આ ગામને સ્પેનના મેડ્રિડમાં 2 ડિસેમ્બરે આયોજિત સામાન્ય સભામાં પુરસ્કૃત કરાશે.

- ✓ પોચમપલ્લીની વણાટશૈલીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત કાર્યક્રમ થકી આ ઓળખ મળી છે. પોચમપલ્લીની **બીજી વિશેષતા એ છે કે, વિનોબા ભાવેએ આ જ ગામમાંથી 18 એપ્રિલ, 1951ના રોજ ભૂદાન આંદોલન શરૂ કર્યું હતું.**
- ✓ તેમના એક અવાજે અહીંના જમીનદારોએ 250 એકર જમીન દાન કરી દીધી હતી.

**મુખ્ય હેતુ :**

- ✓ યુએનડબ્લ્યુટીઓ દર વર્ષે દુનિયાનું મુલાકાત લેવા જેવું શ્રેષ્ઠ ગામ જાહેર કરે છે, જેનો હેતુ સ્થાનિક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો.

## 6. નિમણૂક : ICCની મેન્સ ક્રિકેટ સમિતિના ચેરમેનપદે અનિલ કુંબલેના સ્થાને સૌરવ ગાંગુલીની નિમણૂક

**અગાઉ અનિલ કુંબલે નવ વર્ષ સુધી આ પદ પર સેવારત**

**અનિલ કુંબલેના કાર્યકાળમાં નોંધપાત્ર સુધારા :**

- ✓ જેમાં **અમ્પાયર્સ રિવ્યૂ ડિસિઝન (ડીઆરએસ)** તથા શંકાસ્પદ બોલિંગ એક્શનની ચકાસણી કરવાની બાબતો પણ સામેલ.




- ✓ આઇસીસી બોર્ડ વર્લ્ડ બે ટેસ્ટ ચેમ્પિયનશિપને જારી રાખવાના પ્રસ્તાવને પણ મંજુરી આપી. જેમાં બે ટોચની ટીમોની ફાઇનલ સાથે બે વર્ષ સુધી નવ ટીમો વચ્ચે આ ટૂર્નામેન્ટ રમાડવામાં આવશે. 2020ના વર્લ્ડ કપમાં 14 ટીમોને સામેલ કરવામાં પ્રસ્તાવનો પણ સ્વીકાર કરાયો.
- ✓ જેમાં વન-ડે રેન્કિંગની ટોચની 10 ટીમો સીધું ક્વોલિફાય કરશે. અન્ય ચાર ટીમોએ ક્વોલિફાઇંગ રાઉન્ડ દ્વારા મુખ્ય ડ્રોમાં સ્થાન મેળવવું પડશે.

## 7. દિન વિશેષ : 16 નવેમ્બર    આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ

## 8. દિન વિશેષ : 17 નવેમ્બર

### (1) માનગઢ હત્યાકાંડની 108મી વરસી :    તા. 17-11-2021




**માનગઢ હત્યાકાંડ વિશે : તા. 17-11-1913**

- ✓ સંતરામપુરની નજીક રાજસ્થાનની હદ પાસે આવેલો **માનગઢ પર્વત માત્ર ગુજરાત જ નહીં પણ રાજસ્થાન અને મધ્ય પ્રદેશ સહિત વિવિધ રાજ્યોના આદિવાસીઓ માટે મહત્વનું સ્થાન** છે. તેનું કારણ છે 1913ની 17મી નવેમ્બરે આ પર્વત પર સર્જાયેલી ઐતિહાસિક ઘટના.
- ✓ જલિયાવાલા બાગ હત્યાકાંડે દેશભરમાં ખળભળાટ મચાવ્યો હતો. પણ આ ઘટનાના 6 વર્ષ પહેલા ગુજરાતના માનગઢ પર્વત પર બ્રિટિશરો સામે અવાજ ઉઠાવનાર આદિવાસીઓના સંહારની ઘટના દાયકાઓ સુધી અજાણી રહી હતી.
- ✓ જો કે સ્થાનિક આદિવાસીઓના લોકગીતોમાં આજે પણ માનગઢ હત્યાંકાની બર્બરતા અને બ્રિટિશરો વિરુદ્ધ ઝઝૂમેલા આદિવાસીઓને યાદ કરાય છે.
- ✓ ઇતિહાસના અધ્યાપક ગણેશ નિસરતા જણાવે છે કે આદિવાસીઓમાં આજે પણ 'નહીં માનુ રે નહીં માનુ અંગ્રેજિયા...', 'સામી છાતીએ લડવું રે આઝાદીની લડાઇ..', 'માંજરી રે આંખનો ભૂરિયા (અંગ્રેજો) જાજે તારા દેશ' જેવા ગીતો ગાવામાં આવે છે.

**આ કારણે માનગઢ હત્યાકાંડ સર્જાયો હતો?**

- ✓ ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગના વડા પ્રો. અરૂણ વાઘેલાએ જણાવ્યું કે 1913માં માનગઢ હત્યાકાંડ પહેલા ગોવિંદ ગુરુએ આદિવાસીઓમાં ધાર્મિક અને સામાજિક સુધારણાની મોટી ચળવળ શરૂ કરી જેના કારણે આદિવાસીઓએ નશાનો ત્યાગ કરતા થયા.
- ✓ પરિણામે દારુના વેચાણમાંથી થતી બ્રિટિશરો અને રજવાડાની આવકમાં ઘટાડો થયો. જેના કારણે ચળવળનું દમન શરૂ કર્યું.
- ✓ 1913ની 17 નવેમ્બરે ગોવિંદ ગુરુની હાકલ બાદ માનગઢ પર આદિવાસીઓ એકત્ર થયા જેના પર બ્રિટિશરોએ ગોળીબાર કર્યો જેમાં મોટી સંખ્યામાં આદિવાસી માર્યા ગયા તથા ગોવિંદ ગુરુની ધરપકડ કરાઇ હતી.

**ગાંધીયુગ પહેલાંનું મોટું આંદોલન હતું :**

- ✓ 19મી સદીના પ્રારંભમાં ગોવિંદ ગુરુએ શરૂ કરેલું ભગત આંદોલન 1920માં ગાંધીયુગના મંડાણ થયા એ પહેલાની આઝાદીની મોટી લડાઇમાં પરિણમ્યું હતું. ધાર્મિક અને સામાજિક સુધારણાની ચળવળના પગલે આદિવાસીઓએ તેમનું દમન કરનાર બ્રિટિશરો સામે ઝઝૂમ્યાં હતા.
- ✓ ગોવિંદગુરૂ યુનિવર્સિટી-ગોધરા

### (2) દિન વિશેષ : 17 નવેમ્બર

**નેશનલ એપિલેપ્સી ડે**




**એપિલેપ્સી એટલે શું :**

- ✓ એપિલેપ્સી એટલે કે સાદી ભાષામાં જેને વાઇ-આંચકી-ખેંચ-ફીટ-મિર્ગી સિઝર્સ જેવા અનેક નામાંથી ઓળખવામાં આવે છે.
- ✓ 'એક જ વાર આવેલી ખેંચને એપિલેપ્સી કહેવાય નહીં." આ મગજનો એક એવા પ્રકારનો રોગ છે જેમાં મગજના જ્ઞાનતંતુઓ ઉત્તેજીત થતા થોડાક સમય માટે વધુ પ્રમાણમાં વિજળીક તરંગો ઉત્પન્ન થવાથી શરીરમાં ધ્રૂજારી અથવા ઝાટકા આવે છે તો ક્યારેક વ્યક્તિ સ્તબ્ધ થઇ જાય છે કે ભાન પણ ભૂલી જાય છે.
- ✓ વિશ્વમાં દર 100માંથી આશરે 1 વ્યક્તિને એપિલેપ્સીની સમસ્યા હોઇ શકે છે.

✓ આમ એપિલેપ્સી એ સર્વસામાન્ય ન્યૂરોલોજીકલ રોગ છે.

**9. જન્મ દિન વિશેષ : 17 નવેમ્બર  જીપ્સી : કિશનસિંહ ચાવડા**



**જન્મ : 17 નવેમ્બર 1904  અવસાન : 1 ડિસેમ્બર 1979**

✓ તેમનો જન્મ વડોદરામાં થયો હતો પણ તેમનું વતન જૂના સચીન રાજ્યનું ભાંજ ગામ હતું.

✓ લેખક, પત્રકાર અને અનુવાદક એવા કિશનસિંહ ચાવડા ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ અને શાંતિનિકેતનમાં ભણ્યા હતા.

✓ પ્રેસ ટેકનોલોજી શીખવા અમેરિકા ગયા. 6 મહિનાના અભ્યાસ પછી અહીં સાધના મુદ્રણાલય શરૂ કર્યું હતું.

✓ દેશી રાજ્યોમાં અંગત મદદનીશ અને મુંબઈમાં શિક્ષક તરીકે પણ કામ કર્યું.

✓ મહર્ષિ અરવિંદના પ્રભાવમાં થોડો સમય અરવિંદ આશ્રમ પોન્ડચેરીમાં રહ્યા હતા.

✓ કિશનસિંહ ચાવડાએ ઉમાશંકર જોશીના આગ્રહથી લખવાનું શરૂ કર્યું.

✓ તેમણે અમાસના તારા, જીપ્સીની આંખે, હિમાલયની પદયાત્રા અને અમાસથી પૂનમ ભણી (આત્મકથનાત્મક) જેવા સર્જનાત્મક પુસ્તકો લખ્યા છે.

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (17-11-2021)

**1.** નવેમ્બર-2021માં UNWTO દ્વારા તામિલનાડુના પસંદ કરાયેલા વિશ્વના સૌથી શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરાયેલા ગામ સંદર્ભે કઈ બાબતો યોગ્ય છે

1. નલગોન્ડા જિલ્લોના પોચમપલ્લી ગામને વિશ્વના સૌથી શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ તરીકેનો દરજ્જો

2. પોચમપલ્લીને વણાટ શૈલીને આંતરરાષ્ટ્રીય ઓળખ મળી

3. પોચમપલ્લીમાં રૂ. 200 કરોડથી વધુ સાડીનો વેપાર

4. ગામના કારીગરો પર શ્યામ બેનેગલે "સુસ્માન" ફિલ્મ પણ બનાવી છે

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.** નવેમ્બર-2021માં કેન્દ્રીય કેબિનેટમાં લેવાયેલા નિર્ણય મુજબ ભારતના ગામડાઓને મોબાઇલ ટાવર- 4-G કનેક્ટિવિટીથી જોડવા માટે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. દેશના 44 જિલ્લાઓને 7266થી વધારે ગામડાને મોબાઇલ કનેક્ટિવિટીથી જોડાશે

2. દેશના પાંચ રાજ્યોમાં આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર અને ઓડિશાનો સમાવેશ

3. આ યોજના પર અંદાજે રૂ. 6,466 કરોડનો ખર્ચ કરાશે

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**3.** નવેમ્બર-2021માં ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા ક્યા ધોરણના નવા અભ્યાસક્રમ માટે કઈ સંસ્થા સાથે પ્રથમવાર MOU કરાયા

(A)ધો. 6થી 12 (B) કેમ્બ્રિજ પાર્ટનરશીપ ફોર એજ્યુકેશન બોર્ડ

(C) ધો. 9થી 12 તથા ઓક્સફર્ડ યુનિવર્સિટી **(D) A અને B બંને**

**4.** ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા નવેમ્બર-2021માં કરાયેલા નિર્ણય મુજબ હવે હથિયાર ધારકોને ગુજરાત બહાર પ્રવાસ વખતે કેટલા દિવસની મર્યાદામાં જ મંજૂરી અપાશે

(A) 1 **(B) 2** (C) 5 (D) 7

**5.** નવેમ્બર-2021માં કેન્દ્રીય કેબિનેટમાં લેવાયેલા નિર્ણય મુજબ નક્સલ પ્રભાવિત આદિવાસી ક્ષેત્રોમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના ફેઝ–1 અને ફેઝ–2 હેઠળ કેટલા કિ.મી.ની લાંબી સડક તૈયાર કરાશે

(A) 23,512 (B) 30,512 **(C) 32,152** (D) 35,155

**6.** કેન્દ્ર સરકાર દ્વારા એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટના નિયામક શ્રી સંજયકુમારનો કાર્યકાળ કેટલા સમય માટે લંબાવાયો

(A) છ માસ **(B) એક વર્ષ** (C) બે વર્ષ (D) પાંચ વર્ષ

**7.** UNWTOનું વિસ્તૃત નામ જણાવો

(A) યુએન વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન

(B) યુએન વર્લ્ડવાઈડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન

**(C) યુએન વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન**

(D) યુએન વર્લ્ડ ટુરિસ્ટ ઓર્ગેનાઈઝેશન

**8.** નવેમ્બર-2021માં ICCની મેન્સ ક્રિકેટ સમિતિના ચેરમેનપદે અનિલ કુંબલેના સ્થાને ક્યા ભારતીયની નિણૂક કરાઈ

(A) રવિ શાસ્ત્રી **(B) સૌરવ ગાંગુલી**

(C) વીવીએસ લક્ષ્મણ (D) સચિન તેંદુલકર

**9.**આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) તા. 17 નવેમ્બર **(B) તા. 16 નવેમ્બર**

(C) તા. 15 નવેમ્બર (D) તા. 13 નવેમ્બર

**10.** તા. 17-11-2021ના રોજ માનગઢ હત્યાકાંડની કેટલામી વરસી ઉજવાય

(A) 100 (B) 105 **(C) 108** (D) 111

**11.** સંતરામપુરની નજીક રાજસ્થાનની હદ પાસે આવેલો માનગઢ પર્વત પર બ્રિટિશરો સામે અવાજ ઉઠાવનારા આદિવાસીઓના સંહારની દુખદ ઘટના ક્યારે બની હતી

**(A) તા. 17-11-1913** (B) તા. 17-11-1912

(C) તા. 17-11-1911 (D) તા. 17-11-1909

**12.** વર્ષ-1913માં ક્યા આદિવાસી ગુરૂના પ્રભાવે આદિવાસીઓમાં ધાર્મિક અને સામાજિક સુધારણાની મોટી ચળવળ શરૂ કરી હતી

(A) બિરસા મુંડા **(B) ગોવિંદ ગુરુ**

(C) અર્જૂન મુંડા (D) ગુરૂ ગોવિંદ

**13.** નેશનલ એપિલેપ્સી ડે ક્યારે ઉજવાય છે

(A) તા. 18 નવેમ્બર **(B) તા. 17 નવેમ્બર**

(C) તા. 15 નવેમ્બર (D) તા. 13 નવેમ્બર

**14.** જીપ્સીના ઉપનામથી ઓળખાતા કિશનસિંહ ચાવડાનો જન્મ દિવસ જણાવો

(A) 11 નવેમ્બર 1901 (B) 13 નવેમ્બર 1902

(C) 15 નવેમ્બર 1903 **(D) 17 નવેમ્બર 1904**

**15.** અમાસના તારા, જીપ્સીની આંખે, હિમાલયની પદયાત્રા અને અમાસથી પૂનમ ભણી જેવા આત્મકથનાત્મક પુસ્તકના લેખકનું નામ જણાવો

(A) ગુણવંત શાહ (B) પ્રવિણ દરજી

**(C) કિશનસિંહ ચાવડા** (D) કાકાસાહેબ કાલેલકર

## DATE : 18-11-2021

### 1. આત્મનિર્ભર ગ્રામ યાત્રા - ગુજરાત સરકાર

**સમયગાળો : તા. 18 થી 20 નવેમ્બર 2021**

- ✓ **હેતુ :** ગુજરાતના ગામડાઓને વધુ આત્મનિર્ભર બનાવવા




**ગ્રામ યાત્રા વિશે :**

- ✓ રાજય સરકાર દ્વારા સરકારના વિકાસ કાર્યોની ગાથા ગાવા માટે 1,090 જિલ્લા પંચાયતની બેઠકોને આવરી લેતા 10,605 ગામડાઓમાં તા. 18થી 20 નવેમ્બર દરમિયાન 'આત્મનિર્ભર ગ્રામ યાત્રા' યોજાશે.
- ✓ તમામ જિલ્લામાં 993 રૂટ પર 100 જેટલા રથ મારફત યાત્રા નીકળશે.
- ✓ ગ્રામિણ મંત્રી ચૌહાણ અને રાજય કક્ષાના ગ્રામિણ મંત્રી મેરજાએ કહ્યું હતું કે, ગામડાઓને આત્મનિર્ભર બનાવવા ગ્રામિણ યાત્રા કઢાશે.

**વિવિધ ખાતમૂર્હુત અને લોકાર્પણ :**

- ✓ રૂ. 1,577 કરોડથી વધુના 42,950 જેટલા કામના ખાતમૂર્હુત, લોકાર્પણ અને 1,92,575થી વધુ લાભાર્થીને લોન-સહાયના ચેક વિતરણ કરાશે. ઉપરાંત જાહેર સ્થળોએ,વિવિધ કેમ્પ, નિદર્શન શિબિરો,પ્રચાર પ્રસાર,ફિલ્મ નિર્દેશન યોજાશે.
- ✓ **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગ્રામ વિકાસ મંત્રી અર્જુન ચૌહાણની ઉપસ્થિતિમાં તા. 18મીએ ખેડાના મહેમદાવાદથી યાત્રાનો શુભારંભ થશે**
- ✓ ગ્રામવિકાસ રાજ્યમંત્રી : શ્રી બ્રિજેશ મેરજા

### 2. નવીન ઓનલાઇન મહેસૂલી સેવાઓ : ગુજરાત સરકાર

AnyRoR
Any RoR @ Anywhere
Revenue Department, Government of Gujarat

**મહેસૂલી સેવાઓ ઓનલાઇન બનાવવાના ભાગરૂપે રાજ્ય સરકાર હવે જમીનને લગતા નમૂના નં.6, 7-12, 8-અની અધિકૃત નકલ તેમજ જમીનની વિગતવાર માહિતી ઓનલાઇન AnyRoR તેમજ i-ORA પર ઉપલબ્ધ કરાવશે**

**વિગત :**

- ✓ **દેવ દિવાળીથી મહેસૂલી રેકર્ડના આ દસ્તાવેજો ઓનલાઇન ઉપલબ્ધ.**
- ✓ સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની ગાઇડલાઇન મુજબ સિટીઝન સેન્ટ્રિક સર્વિસ ક્ષેત્રે ઇ-સીલનો ઉપયોગ મહેસૂલ વિભાગે સૌપ્રથમ કર્યો છે.
- ✓ અધિકૃત નકલો **AnyRoR તેમજ i-ORA** પોર્ટલ પરથી મેળવી શકાશે. તેના માટેની ફી ઓનલાઇન ભરી શકાશે. આ નકલો ઉપર ક્યૂઆર કોડ હશે જેથી તેની અધિકૃતતાની ખાત્રી કોઇપણ સંસ્થા કે વ્યક્તિ ઓનલાઇન કરી શકશે.
- ✓ **મહેસૂલ મંત્રી : શ્રી રાજેન્દ્ર ત્રિવેદી**
- ✓ **AnyRoR** : એની રેકોર્ડ્સ ઓફ રાઇટ્સ એનિવેયર ઈન ગુજરાત

### 3.જાહેરાત:શિક્ષણ વિભાગ-ગુજરાત સરકાર : ધોરણ 9 થી 12મા ગાય આધારિત પ્રાકૃતિક ખેતી ભણાવાશે

Education Department
Government of Gujarat
સત્યમેવ જયતે

**વિગત :**

- ✓ વિદ્યાર્થી પોતાના અભ્યાસક્રમમાં અલગથી પ્રોફેશનલ અભ્યાસક્રમ પસંદ કરે છે ત્યારે સ્વરોજગાર મેળવી શકાય તેવા સાત અભ્યાસક્રમો શાળા કક્ષાએ સામેલ કરવાનું આયોજન.
- ✓ જે પૈકી કૃષિ અંતર્ગત પ્રાકૃતિક ખેતી એટલે કે ગાય આધારિત ખેતી વિષયનો ઉમેરો કરાયો.
- ✓ રાજ્યના ખેડૂતોનો ખર્ચ ઘટાડી આવક બમણી કરવાની દિશામાં અભ્યાસક્રમ ખૂબ જ ઉપયોગી સાબિત થશે.
- ✓ **શિક્ષણમંત્રી : શ્રી જીતુભાઇ વાઘાણી**

### 4. આર્થિક સિદ્ધિ : ભારતે વર્ષ 2021માં વિદેશથી વિશ્વમાં સૌથી વધુ 87 અબજ ડોલરનું રેમિટન્સ મેળવ્યું

- ✓ **અહેવાલ : વર્લ્ડ બેંક**



**વિવિધ વિગતો :**

- ✓ અમેરિકામાંથી સૌથી વધુ કમાણી ડૉલર સ્વરૂપે ભારતમાં મોકલવામાં આવી. કુલ રેમિટન્સનો 20 ટકા હિસ્સો અમેરિકામાંથી ભારતમાં મોકલાયો.

**રેમિટન્સ એટલે શું :**

- ✓ વિદેશમાં કામ કરતા ભારતીયોએ તેમની કમાણી સ્વરૂપે દેશમાં મોકલેલી રકમને રેમિટન્સ તરીકે ઓળખવામાં આવે છે. જે ડૉલર કે અન્ય વિદેશી ચલણ સ્વરૂપે હોય છે.

**અન્ય વિગતો :**

- ✓ ભારત પછી વિદેશમાંથી સૌથી વધુ રેમિટન્સ મેળવનાર દેશોમાં **ચીન, મેક્સિકો, ફિલિપાઈન્સ અને ઈજિપ્તનો સમાવેશ**.
- ✓ ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં રેમિટન્સ 589 અબજ ડૉલરે પહોંચશે
- ✓ ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં રેમિટન્સ 7.3 ટકાનાં વધારા સાથે 589 અબજ ડૉલરે પહોંચશે.
- ✓ વિદેશમાં માઈગ્રન્ટ થયેલા લોકો દ્વારા ભારતમાં ડૉલરનાં મૂલ્યમાં પૈસા પાછા મોકલવામાં આવતા જે પરિવારોની સ્થિતિ કોરોનામાં આર્થિક રીતે નબળી બની હતી તેમને ઘણી રાહત થઈ હતી અને મદદ મળી હતી.

**ભારતમાં 2022માં રેમિટન્સમાં 3 ટકા વધારાની શક્યતા**

- ✓ વર્લ્ડ બેન્કના અહેવાલ મુજબ ભારતમાં 2022માં રેમિટન્સમાં 3 ટકાનો વધારો થવાની શક્યતા છે જે વધીને 89.6 અબજ ડૉલર થશે.
- ✓ આરબ દેશોમાં માઈગ્રેટ થયેલા લોકો પાછા આવવામાં ઘટાડાની સંભાવના પર તેનો આધાર રહેશે.
- ✓ કોરોનાનાં કેસમાં તેમજ મૃત્યુદરમાં વધારો થવા છતાં બીજા ક્વાર્ટરમાં રેમિટન્સમાં વધારો થઈને 87 અબજ ડૉલરે પહોંચ્યું હતું જે 4.6 ટકાનો વધારો દર્શાવે છે.

## 5. રેઝાંગ લા મેમોરિયલ-લદાખ : કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહ દ્વારા ઉદ્ઘાટન



**નવીન મેમોરિયલ 1962 વિશે :**

- ✓ **1962માં ચીન સાથે થયેલા યુદ્ધમાં શહીદ થયેલા** શૂરવીરોને તેમણે અનોખી શ્રદ્ધાંજલિ અર્પણ કરી, જેમાં 114 ભારતીય શહીદ સૈનિકોના નામ અંકિત કરાયા.
- ✓ ભારતનાં જવામર્દ સૈનિકોઓ ચીની સેના સામે બાથ ભીડીને તેને લેહમાં પ્રવેશતું અટકાવ્યું હતું.
- ✓ રેઝાંગ લા મેમોરિયલ ભારતની સેનાનું શૌર્ય, પરાક્રમ અને બહાદુરીનું તેમજ દેશના બહાદુરોનો જુસ્સો, પ્રતિબદ્ધતા અને નિર્ભયતાનું પ્રતીક છે.

## 6. ખેલકૂદ : પૂર્વ ભારતીય બેડમિન્ટન ખેલાડી પ્રકાશ પાદુકોણની "લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ" માટે પસંદગી

**પરિચય :**

- ✓ વિશ્વનાં પૂર્વ નંબર-1 ખેલાડી અને વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલિસ્ટ પાદુકોણને 2018માં ભારતીય બેડમિન્ટન એસોસિએશને લાઈફટાઈમ એચિવમેન્ટથી સન્માનિત કર્યા હતા.



- ✓ **સંસ્થા : બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન**

## 7. પાકિસ્તાન સરકાર - નવો કાયદો : બળાત્કારીને કેમિકલથી નપુંસક બનાવવાની સજા અંગેના નવા કાયદાને પાક. સંસદની મંજૂરી



**નવા કાયદા અંગે :**

- ✓ પાકિસ્તાનની સંસદે નવા કાયદાને મંજૂરી આપી એ પ્રમાણે હવે એકથી વધુ બળાત્કારો કરનારા ગુનેગારને કેમિકલથી નપુંસક બનાવી દેવાશે.
- ✓ પાકિસ્તાનમાં બળાત્કારની ઘટનાઓ સતત વધતી જતી હોવાથી સરકારે ગયા વર્ષે જ આ કાયદાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

**અન્ય દેશોમાં જોગવાઈ :**

- ✓ બળાત્કારીઓને દવા આપીને નપુંસક બનાવવાની સજા સાઉથ કોરિયા, પોલેન્ડ, ચેક રિપબ્લિક અને અમેરિકાના કેટલાક રાજ્યોમાં અમલી

## 8. જન્મ દિન વિશેષ : 18 નવેમ્બર

**લેખક-સંપાદક : જયંતી દલાલ**



**જન્મ : 18 નવેમ્બર-1909**

**અવસાન : 24 ઓગસ્ટ-1970**

- ✓ આજે વી.શાંતારામ, બટુકેશ્વર દત્ત અને આપણી ભાષાના ગણમાન્ય સાહિત્યકાર અને કર્મશીલ જયંતી દલાલનો જન્મદિવસ
- ✓ જયંતી દલાલનો જન્મ અમદાવાદમાં થયો.
- ✓ પિતા દેશી નાટક સમાજ ચલાવતાં તેથી અનેક જગ્યાએ ભટકવું પડતું.
- ✓ જયંતી દલાલ 1925માં મેટ્રિક પાસ થયા કોલેજ શિક્ષણ માટે ગુજરાત કોલેજમાં દાખલ થયા પણ દાંડીકૂચના જુવાળમાં અભ્યાસ છોડ્યો.
- ✓ 1939માં પ્રકાશનગૃહ શરૂ કર્યું.

**સાહિત્ય સર્જન :**

✓ સોયનું નાકું, દ્રોપદી, જવનિકા, પ્રવેશ બીજો, પ્રવેશ ત્રીજો, ચોથો પ્રવેશ, રંગ તોરણ, અવતરણ, અડખેપડખે, શહેરની શેરી, કાચા લાકડાની માયા, ધીમું અનેવિભા, જૂનું છાપું, પાદરનાં તીરથ અને મહાગુજરાતનાં નીરક્ષીર જેવાં એકાંકી, નાટક, નવલકથા અને ઇતિહાસ વિષયક પુસ્તકો લખ્યાં છે.

**એવોર્ડ :**

✓ તેમની સાહિત્ય સર્જનનું નર્મદ ચંદ્રક, રણજિતરામ સુવર્ણ ચંદ્રકથી સન્માન થયું.

✓ રેખા, ગતિ અને નવ ગુજરાત જેવાં સામયિકોમાં પણ તેમનું યોગદાન રહ્યું હતું.

✓ 1956થી 1960 સુધી ચાલેલા મહા ગુજરાત આંદોલનના નેતા તરીકે તેમનું સ્મરણ થાય છે.

✓ જયંતી દલાલ મુંબઈ વિધાનસભાના સભ્ય પણ રહ્યાં હતાં.

✓ ટોલ્સટોયનાં વોર એન્ડ પીસ સમેત જયંતી દલાલે 40થી વધુ પુસ્તકોનો અનુવાદો કર્યા છે

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (18-11-2021)

**1.** નવેમ્બર 2021માં વર્લ્ડ બેંકના અહેવાલ મુજબ વૈશ્વિક રેમિટન્સ અંગે ક્યા વિધાનો યોગ્ય છે

1. ભારતે વર્ષ 2021માં વિદેશથી વિશ્વમાં સૌથી વધુ 87 અબજ ડોલરનું રેમિટન્સ મેળવ્યું

2. કુલ રેમિટન્સનો 20 ટકા હિસ્સો અમેરિકામાંથી ભારતમાં મોકલાયો

3.વિદેશમાં કામ કરતા ભારતીયોએ તેમની કમાણી સ્વરૂપે દેશમાં મોકલેલી રકમ રેમિટન્સ તરીકે ઓળખાય છે

4. ભારત પછી વિદેશમાંથી સૌથી વધુ રેમિટન્સ મેળવનાર દેશોમાં ચીન, મેક્સિકો, ફિલિપાઈન્સ અને ઈજિપ્તનો સમાવેશ

(A) 1 અને 3 (B) 3 અને 4 (C) 2 અને 4 **(D) આપેલ તમામ**

**2.** ગુજરાતના ગામડાઓને વધુ આત્મનિર્ભર બનાવવાના હેતુથી તા. 18 થી 20 નવેમ્બર 2021 દરમિયાન રાજ્ય સરકાર દ્વારા કઈ યાત્રાનું આયોજન કરાયું

(A) સ્વદેશી ગ્રામયાત્રા (B) આત્મનિર્ભર પદયાત્રા **(C) આત્મનિર્ભર ગ્રામયાત્રા** (D) આત્મનિર્ભર ગુજરાત યાત્રા

**3.**આત્મનિર્ભર ગ્રામયાત્રાનો મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં તા. 18 નવેમ્બર 2021ના રોજ ક્યાંથી પ્રારંભ કરાયો

(A) અમદાવાદ **(B) મહેમદાબાદ** (C) પેટલાદ (D) નડિયાદ

**4.** ગુજરાત સરકારે મહેસૂલી સેવાઓ ઓનલાઇન બનાવવાના ભાગરૂપે હવે જમીનને લગતા ક્યા નમૂનાની અધિકૃત નકલ-જમીનની વિગતવાર માહિતી ઓનલાઇન AnyRoR તેમજ i-ORA પર દેવદિવાળીથી ઉપલબ્ધ કરાવાય

(A) નમૂના નં.6 (B) નમૂના નં.7-12

(C) નમૂના નં.8-અ **(D) આપેલ તમામ**

**5.** ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા ક્યા ધોરણમાં ગાય આધારિત પ્રાકૃતિક ખેતી ભણાવાશે

(A) ધો. 6 થી 8 (B) ધો. 6 થી 10

**(C) ધો. 9 થી 12** (D) ધો. 8 થી 12

**6.** કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહ દ્વારા તાજેતરમાં ક્યા સ્થળે વર્ષ 1962માં ચીન સાથે થયેલા યુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોની યાદમાં રેઝાંગ લા મેમોરિયલનું ઉદ્ઘાટન કર્યું

**(A) લદ્દાખ** (B) નાથુલા (C) કારગીલ (D) સિયાચીન

**7.** નવેમ્બર-2021માં બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન દ્વારા પૂર્વ ભારતીય બેડમિન્ટન ખેલાડી પ્રકાશ પાદુકોણની ક્યા એવોર્ડ માટે પસંદગી કરી

(A) ખેલરત્ન એવોર્ડ **(B) લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ**

(C)ખેલરત્ન બેડમિન્ટન રત્ન એવોર્ડ (D) અર્જૂન એવોર્ડ

**8.** નવેમ્બર-2021માં ક્યા દેશ દ્વારા બળાત્કારીને કેમિકલથી નપુંસક બનાવવાની સજા અંગેનો નવો કાયદા બનાવાયો

(A)ઈરાન (B)અફઘાનિસ્તાન **(C)પાકિસ્તાન** (D) બાંગ્લાદેશ

**9.** સાહિત્યકાર જયંતી દલાલનો જન્મ દિવસ જણાવો

**(A) 18 નવેમ્બર-1909** (B) 15 નવેમ્બર-1908

(C) 12 નવેમ્બર-1907 (D) 9 નવેમ્બર-1906

## DATE : 19-11-2021

### 1. વિશેષ સિદ્ધિ - ડાંગ :

### ડાંગ ગુજરાતનો સંપૂર્ણ રાસાયણીક ખેતી મુક્ત પ્રથમ જિલ્લો જાહેર

✓ **તારીખ 19 નવેમ્બર 2021 સ્થળ : આહવા-ડાંગ**

✓ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ડાંગ સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ કરનારો રાજ્યનો પ્રથમ જિલ્લો જાહેર




✓ ડાંગ જિલ્લામાં સંપૂર્ણ રસાયણ મુક્ત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબ માટે રૂા. 31 કરોડની નાણાકીય સહાય યોજના.

✓ ખેડૂત કુટુંબને સંભવિત ખેત ઊપજ ઘટમાં વળતર પેટે રૂા. 10,000 પ્રતિ હે.વાર્ષિક સહાય માટે રૂા. 20 કરોડની જોગવાઈ

✓ ખેડૂતોના થર્ડ પાર્ટી ઓર્ગેનિક સર્ટિફિકેશન અને હેડ હોલ્ડીંગ માટે રૂા. 10 કરોડની જોગવાઈ

✓ યોજનામાં 12527 ખેડૂત કુટુંબને રૂા. 6.50 કરોડની ચૂકવેલ સહાય

✓ **ખેડૂતોને સહાયના ચેકનું વિતરણ**

✓ પ્રાકૃતિક ખેતી કરતા 300 ખેડૂતોના જૂથના ત્રણ FPO ગઠનના પ્રમાણપત્રોનું વિતરણ

✓ FPOને ભારત સરકારશ્રીની યોજના હેઠળ મેનેજમેન્ટ કોસ્ટ માટે રૂા.18 લાખ અને રૂા. 2 કરોડની "ક્રેડિટ ગેરંટી લોન"ની સુવિધા "આપણું ડાંગ, પ્રાકૃતિક ડાંગ" વિષયના વિડીયો ગીતનું લોન્ચિંગ

- ✓ પ્રાકૃતિક ખેત પેદાશોના પ્રદર્શન અને વેચાણ સ્ટોલ
- ✓ સરદાર પટેલ એવોર્ડ વિજેતા ખેડૂતોનું એવોર્ડ અને પ્રમાણપત્રથી સન્માન
- ✓ પ્રાકૃતિક ખેતી કરતી 300 બહેનો દ્વારા 600 કિલો ચોખા કુપોષિત બાળકો માટે અર્પણ.

**2. સિદ્ધિ : EDII – ભાટ ગામ-ગાંધીનગર**

**કેન્દ્ર સરકાર દ્વારા EDIIને "સેન્ટર ઓફ એક્સેલન્સ"નો દરજ્જો**

**દરજ્જા વિશે :**

- ✓ આ દરજ્જો પાંચ વર્ષ માટે માન્ય.
- ✓ અમદાવાદ-ગાંધીનગર વચ્ચે આવેલા ભાટ સ્થિત આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (EDII)ને દેશમાં કૌશલ્ય વ્યવસ્થાના ક્ષેત્રમાં સરકાર દ્વારા સેન્ટર ઓફ એક્સલન્સનો દરજ્જો.

**લાભ :**

- ✓ સેન્ટર ઓફ એક્સલન્સનો દરજ્જો મળ્યાં બાદ EDI આંત્રપ્રિન્યોરશિપની પોલિસી ઘડવામાં, MAME પોલિસી ઘડવામાં, બીજા ઇન્સ્ટિટ્યૂટોને સહાયરૂપ થવા તેમજ કેન્દ્ર સરકાર તરફથી જે કંઇ આદેશ આવે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
- ✓ **દરજ્જો આપનાર : કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય, ભારત સરકાર**

**3. નિર્ણય-ભારત સરકાર : વડાપ્રધાન શ્રી મોદી દ્વારા 14 માસ જૂના ત્રણ કૃષિ કાયદા રદ કરવાની જાહેરાત**

**અન્ય બાબતો :**

- ✓ સંસદસત્રમાં કાયદા રદ કરવાની પ્રોસેસ પૂરી કરાશે. મોદીએ કહ્યું કે સંસદના શિયાળુ સત્રમાં ત્રણેય કાયદા રદ કરવાની પ્રોસેસ પૂરી કરાશે.
- ✓ સંસદ આ મહિનાના અંતમાં મળી રહી છે, જેમાં 3 કાયદા પાછા ખેંચવાની બંધારણીય પ્રક્રિયા પૂરી કરાશે.




**મૂળ વિવાદ :**

- ✓ ત્રણેય કાયદાના વિરોધમાં અનેક રાજ્યોના ખેડૂતો વીતેલા એક વર્ષથી દિલ્હીની સરહદો પર આંદોલન કરી રહ્યા હતા. 17 સપ્ટેમ્બરે લોકસભામાં પસાર થયેલા ત્રણેય કૃષિ કાયદા શું હતા અને તે મુદ્દે વિવાદ કેમ સર્જાયો તેના પર એક નજર નાખીએ.

**(1) આવશ્યક વસ્તુ (સુધારા) કાયદો, 2020 :**

- ✓ આ કાયદામાં અનાજ, દાળ, તેલીબિયાં, ખાદ્યતેલ, બટાટા, ડુંગળી જેવી વસ્તુને આવશ્યક ચીજવસ્તુની યાદીમાંથી દૂર કરવા પ્રયાસ થયો હતો.
- ✓ એવી ધારણા થઇ રહી હતી કે, કાયદાની આ જોગવાઇને પગલે બજારમાં સ્પર્ધા વધતાં ખેડૂતોને યોગ્ય મૂલ્ય મળશે.
- ✓ ઉલ્લેખનીય છે કે, 1955માં આ કાયદામાં સુધારો થયો હતો. આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ આવશ્યક વસ્તુની સંગ્રહખોરી રોકવા માટે તેના ઉત્પાદન, સપ્લાય અને કિંમતોને નિયંત્રણમાં રાખવા. મહત્વની વાત એ છે કે, સમયાંતરે આવશ્યક ચીજવસ્તુઓની યાદીમાંથી અનેક જરૂરી ચીજવસ્તુને સામેલ કરવામાં આવી હતી. દાખલા તરીકે કોરોનાકાળમાં માસ્ક અને સેનિટાઇઝરને પણ આ યાદીમાં સામેલ કરવામાં આવ્યા.

**(2) કૃષિ ઉત્પાદન વેપાર અને વાણિજ્ય (સંવર્ધન અને સુવિધા) કાયદો, 2020**

- ✓ આ કાયદા હેઠળ ખેડૂત એપીએમસી અર્થાત કૃષિ ઉત્પાદન બજાર સમિતિ બહાર પણ પેતાના ઉત્પાદન વેચી શકે છે.
- ✓ આ કાયદા હેઠળ કહેવામાં આવ્યું હતું કે, દેશમાં એવી ઇકોસિસ્ટમ બનાવવામાં આવશે કે જ્યાં ખેડૂતો અને વેપારીઓને બજાર બહાર ખેતપેદાશ વેચવાની આઝાદી રહેશે.
- ✓ કાનૂની જોગવાઇમાં રાજ્યની અંદર અને બે રાજ્યોની વચ્ચે વેપારને પ્રોત્સાહન આપવાની વાત કહેવામાં આવી હતી.
- ✓ સાથે જ માર્કેટિંગ અને ટ્રાન્સપોર્ટ ખર્ચ ઘટાડવાની પણ વાત કરવામાં આવી હતી.નવા કાયદા મુજબ ખેડૂતો કે તેમના ખરીદારોને બજારમાં કોઇ ફી ચુકવણી પણ કરવાની નહોતી.

**(3) ખેડૂત (સશક્તીકરણ અને સંરક્ષણ) કિંમત આશ્વાસન અને કૃષિ સેવા પર કરાર કાયદો, 2020**

- ✓ આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોને તેમની નિશ્ચિત કિંમત ખેડૂતોને અપાવવાનો હતો. તે કાયદા હેઠળ ખેડૂત પાકનું વાવેતર કરતાં પહેલાં જ કોઇક વેપારી સાથે સમજૂતી કરી શકતો હતો. તે સમજૂતીમાં પાકની કિંમત, પાકની ગુણવત્તા, માત્રા, ખાતર વગેરેના ઉપયોગ સહિતની બાબતનો સમાવેશ થવાનો હતો.
- ✓ કાયદા મુજબ ખેડૂતને પાકની ડિલિવરી સમયે જ બે તૃતીયાંશ રકમની ચુકવણી કરવાની રહેતી હતી અને બાકીની રકમની ચુકવણી 30 દિવસમાં થવાની હતી. તેમાં એ જોગવાઇ પણ કરવામાં આવી હતી કે, ખેતરમાંથી પાકનો ઉપાડ કરવાની જવાબદારી વેપારીની રહેતી હતી.
- ✓ જો કોઇક પક્ષ સમજૂતી તોડે તો તેના પર દંડ લગાવી શકાય તેવી પણ જોગવાઇ હતી.
- ✓ એવું મનાઇ રહ્યું હતું કે, આ કૃષિ કાયદો ખેડૂતોને ઉત્પાદનોના વેચાણ, ફાર્મ સેવાઓ, કૃષિ બિઝનેસ કંપનીઓ, પ્રોસેસર્સ, જથ્થાબંધ વિક્રતા, મોટા રિટેલ વેપારીઓ અને નિકાસકારો સાથે જોડાવા માટે સશક્ત કરત.

**વિરોધ શા માટે થઇ રહ્યો હતો ? :**

- ✓ ખેડૂત સંમેલનો આરોપ લગાવી રહ્યા હતા કે, નવો કાયદો અમલી થતાં જ કૃષિ ક્ષેત્ર પણ મૂડીપતિઓ કે કોર્પોરેટ ગૃહોના હાથમાં જતું રહેશે અને તેને કારણે ખેડૂતોને નુકસાન થશે.
- ✓ નવા કાયદા મુજબ સરકાર આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાના કિસ્સામાં ખૂબ જ અસાધારણ સ્થિતિમાં જ નિયંત્રણ કરત.
- ✓ નિયંત્રણના પ્રયાસ દુષ્કાળ, યુદ્ધ, કિંમતમાં અભૂતપૂર્વ વધારા કે કુદરતી સંકટના સંજોગોમાં જ કરવામાં આવત.
- ✓ ફળો અને શાકભાજીની કિંમતો 100 ટકાથી વધુ વધી જાય કે પછી ખરાબ ના થનારી ખાદ્ય સામગ્રીની કિંમતોમાં 50 ટકાથી મોટો ઉછાળો આવે તેવા સંજોગોમાં સરકાર આદેશ જારી કરત.

- ✓ ખેડૂતોનું કહેવું હતું કે, કાયદામાં કહેવામાં નથી આવ્યું કે, ખેતીવાડી બજાર બહાર ખેડૂતોને લઘુતમ વેતન મળશે કે નહીં. તેવામાં એવું બની શકત કે કોઈક પાકનું ઉત્પાદન વધી જતાં ખેડૂતો વેપારીઓને ઓછી કિંમતે ઊપજ વેચવા મજબૂર થઈ જાત.
- ✓ ત્રીજું કારણ એ પણ હતું કે, સરકાર પાકના ભંડારણ માટે મંજૂરી તો આપી રહી હતી પરંતુ ખેડૂતો પાસે એટલા સંસાધનો નથી હોતા કે તેઓ ફળો અને શાકભાજીનું ભંડારણ કરી શકે.

**4. નવીન સુવિધા : કેન્દ્ર સરકાર**

**ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ભારત સિરીઝ (BH) હેઠળ ગુજરાતમાં પણ વાહનોની નોંધણીનો પ્રારંભ**




- ✓ **ફાયદા : લોકોને અન્ય રાજ્યોમાં બદલી થયા બાદ વાહનોનું રી રજિસ્ટ્રેશન કરાવવું નહિં પડે**
- ✓ દેશના કોઇપણ રાજ્યમાં રી રજિસ્ટ્રેશન વિના વાહન ફેરવી શકાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ભારત સિરીઝ (BH) હેઠળ વાહનોનું રજિસ્ટ્રેશન ગુજરાતમાં પણ શરૂ કરી દેવામાં આવ્યું.
- ✓ અત્યાર સુધીમાં દેશના 15 જેટલા રાજ્યોએ BH સિરીઝનો અમલ શરૂ કર્યો છે જેમાં ગુજરાતનો પણ સમાવેશ હવે થઇ ગયો છે.
- ✓ સેના-પેરામિલેટ્રી ફોર્સના જવાનો, કેન્દ્ર- રાજ્ય સરકારના કર્મચારીઓ કે જેમની બદલી એકથી બીજા રાજ્યોમાં થતી હોય તેમને પોતાનું વાહન અન્ય રાજ્યોમાં લઇ જતી વખતે રી રજિસ્ટ્રેશન કરવું ન પડે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા ભારત સિરીઝ હેઠળ રજિસ્ટ્રેશનની જોગવાઇ કરવામાં આવી છે.
- ✓ પ્રાઇવેટ સેક્ટરના કર્મચારીઓ કે જેમની પણ એકથી વધુ રાજ્યોમાં બદલી થતી હોય તેઓ પણ કેટલીક શરતોના આધારે પોતાના વાહનોનું રજિસ્ટ્રેશન BH સિરીઝમાં કરાવી શકશે.
- ✓ રાજ્ય સરકારે BH સિરીઝ હેઠળ રજિસ્ટ્રેશન માટે કેન્દ્ર સરકારની ગાઇડલાઇન મુજબ મોટર વ્હીકલ ટેક્સના દરો પણ જાહેર કરાયા છે.

**5. તમિલનાડુના તાંજાવુર શહેરમાં ભારતનું સર્વપ્રથમ ફુડ સિક્યોરિટી મ્યુઝિયમ ખોલવામાં આવ્યું**




**6. ભારતે એન્ટાર્કટિકામાં વિવિધ સંશોધન માટે 11માં વૈજ્ઞાનિક અભિયાનનો પ્રારંભ કર્યો**



**7. નામકરણ : દિલ્હીમાં સંરક્ષણ અધ્યયન વિશ્લેષણ સંસ્થાને ભારતના દિવંગત સંરક્ષણપ્રધાન મનોહર પારિકરનું નામ અપાયું**




**8. સીટમેક્સ-2021 : નૌસેના સંયુક્ત અભ્યાસ**




- ✓ તાજેતરમાં **ભારત, સિંગાપોર અને થાઈલેન્ડ વચ્ચે ત્રિપક્ષીય સૈન્ય અભ્યાસ યોજાયો** હતો. આ સંયુક્ત નૌસેના અભ્યાસને સીટમેક્સ-21 નામ આપવામાં આવેલું છે.

**9. સૌથી મોટું આંશિક ચંદ્રગ્રહણ : તા.19 ઓક્ટોબર-2021**



- ✓ તારીખ 19 નવેમ્બર 2021ના રોજ વર્ષનું અંતિમ ચંદ્રગ્રહણ સર્જાયું.
- ✓ બપોરે 12.48થી સાંજે 4.17 સુધી આંશિક ચંદ્રગ્રહણનો સમય હતો.
- ✓ 580 વર્ષ પછી આટલા લાંબા સમય માટે આ આશિક ચંદ્રગ્રહણ સર્જાયું.
- ✓ 19 નવેમ્બરે સર્જાયેલું આશિક ચંદ્રગ્રહણ 1,000 વર્ષે એકાદવાર સર્જાય છે.
- ✓ **આ પહેલા 18 ફેબ્રુઆરી 1040માં આવું ગ્રહણ સર્જાયું હતું.**
- ✓ હવે આટલા લાંબા સમયના ચંદ્રગ્રહણને નિહાળવા 648 વર્ષ સુધી પ્રતીક્ષા કરવી પડશે આ ગ્રહણ દરમિયાન ચંદ્રમા પર પૃથ્વીનો બહારનો પડછાયો 6 કલાક અને 1 મિનિટ સુધી રહ્યો.

**10. ખેલકૂદ : મિસ્ટર 360 તરીકે ઓળખાતા દક્ષિણ આફ્રિકાના ક્રિકેટર એબી ડિવિલિયર્સની ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ**

- ✓ વતન : સાઉથ આફ્રીકા



## 11. વર્લ્ડ હેરિટેજ વિક : તા. 19 થી 25 નવેમ્બર




### હેરિટેજને લગતી વિવિધ કામગીરી :

- ✓ હેરીટેજના જતન અને જાળવણી અંગે માહિતી ખાનગી હેરીટેજ મિલકતોનું વિના મુલ્યે ડોક્યુમેન્ટેશન
- ✓ હેરીટેજ મકાન માલિકો માટે પ્લાન પાસિંગની સરળ પ્રક્રિયા- સઘળી ફ્રીમાં માફી

## 12. ભારત અને શ્રીલંકાએ સંસદીય મૈત્રી સંઘની રચના કરી

## 13. દિન વિશેષ : 09 નવેમ્બર

**(1) રાષ્ટ્રીય કાનુની દિવસ** **(2) વિશ્વ દત્તકગ્રહણ દિવસ**

## 14. દિન વિશેષ : 11 નવેમ્બર

**(1) વિશ્વ વિરામ દિવસ** **(2) વિશ્વ ઉપયોગીતા દિવસ**

**(3) વિશ્વ ગુણવત્તા દિવસ**

## 15. દિન વિશેષ : 15 નવેમ્બર ઝારખંડનો સ્થાપના દિવસ

## 16. દિન વિશેષ : 19 નવેમ્બર (1) વિશ્વ શૌચાલય દિવસ




### (2) ઇન્ટરનેશનલ મેન્સ ડે/વિશ્વ પુરૂષ દિવસ




- ✓ આંતરરાષ્ટ્રીય પુરુષ દિવસ દર વર્ષે 19 નવેમ્બરના રોજ વિશ્વભરમાં ઉજવાય છે.
- ✓ આ દિવસ દર વર્ષે આપણા સમાજ અને કુટુંબમાં સકારાત્મક પરિવર્તન માટે પ્રોત્સાહિત કરવા ઉજવવામાં આવે છે.

### હેતુ :

- ✓ આ દિવસ મુખ્યત્વે પુરુષોને ભેદભાવ, શોષણ, દમન, હિંસા અને અસમાનતાથી બચાવવા અને તેમને તેમના અધિકાર આપવા માટે ઉજવવામાં આવે છે.
- ✓ આંતરરાષ્ટ્રીય પુરુષ દિવસ 80 દેશોમાં ઉજવવામાં આવે છે અને યુનેસ્કો દ્વારા તેને સમર્થન પણ મળેલુ છે.
- ✓ ભારતે પ્રથમ વખત વર્ષ 2007માં આંતરરાષ્ટ્રીય પુરુષ દિવસની ઉજવણી કરી હતી ત્યારથી, ભારતમાં 19 નવેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય પુરુષ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ✓ થોમસ ઓસ્ટર દ્વારા 07 ફેબ્રુઆરી 1992ના રોજ આ દિવસની શરૂઆત કરાઇ. આંતરરાષ્ટ્રીય પુરુષ દિવસ પ્રોજેક્ટની કલ્પના એક વર્ષ પહેલાં 08 ફેબ્રુઆરી 1991 ના રોજ કરવામાં આવી હતી.

### આંતરરાષ્ટ્રીય દિવસનું મહત્વ

- ✓ પુરુષો અને છોકરાઓના સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવા, લિંગ સંબંધોને સુધારવા અને લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવા આંતરરાષ્ટ્રીય પુરુષ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### (3) દિન વિશેષ : દેવ દિવાળી- કારતક સૂદ પૂનમ




- ✓ હિંદુ પંચાંગ પ્રમાણે કારતક માસની પૂનમના રોજ ઉજવવામાં આવે છે.
- ✓ જેમ દિવાળી પાંચ દિવસોની છે, તેમ દેવ દિવાળી પણ અગીયારસથી શરૂ થઇને પૂનમ સુધી એમ પાંચ દિવસ માટે ઉજવવામાં આવે છે.
- ✓ તેનું નામ સુચવે છે તેમ, આ દેવોની દિવાળી ગણવમાં આવે છે, માટે માણસો, કોઇ વિશેષ ઉજવણી કરતાં નથી, પરંતુ તેનું ધાર્મિક મહત્વ ઘણું છે તથા તે દિવાળીનાં પર્વની પૂર્ણાહુતિ તરીકે ઉજવવામાં આવે છે.

### (4) દિન વિશેષ : તા. 19 નવેમ્બર

### પ્રથમવાર વર્લ્ડ ન્યુમરોલોજી ડેની ઉજવણી

- ✓ ન્યુમરોલોજી એટલે અંક જ્યોતિષ
- ✓ "વર્લ્ડ ન્યુમરોલોજી ફોરમ"ની સ્થાપના કરાશે

## 17. જન્મ દિન વિશેષ : 19 નવેમ્બર

### (1) મણિકર્ણિકા : રાણી લક્ષ્મીબાઇ



**જન્મ : 19 નવેમ્બર 1828** **અવસાન : 18 જૂન 1858**

- ✓ આજે **મણિકર્ણિકા, મર્દાની, વીરાંગના, છબીલી જેવાં અનેક ઉપનામો**થી જાણીતા બનેલા ઝાંસીના રાણી લક્ષ્મીબાઇનો જન્મદિવસ.
- ✓ વારાણસીમાં જન્મેલા લક્ષ્મીબાઇનાં લગ્ન ઝાંસીના રાજા ગંગાધરરાવ નેવાલકર સાથે થયાં.
- ✓ પ્રથમ પુત્રના અવસાન પછી અંગ્રેજોએ દત્તક પુત્ર લેવાનો અધિકાર નકારતા લક્ષ્મીબાઇ અંગ્રેજો વિરુદ્ધ મેદાને પડ્યા.
- ✓ પ્રતિક્રિયારૂપે ઝાંસી રાજ્ય પર 7 માર્ચ 1854ના રોજ કબજો કરી બ્રિટિશ શાસને કડક નિયંત્રણો લાધાં.
- ✓ અંગ્રેજી સાથે લડવા રાણીએ મહિલાઓના મોરચા સમેત શક્તિશાળી સેના તૈયાર કરી
- ✓ "મૈ અપની ઝાંસી નહિ દૂંગી"ના નારા સાથે કાલપી વગેરે જેવા અનેક સ્થાનોએ અંગ્રેજો સાથે યુદ્ધો કર્યા.

- ✓ આખરે પોતાના ઝાંસી માટે લડતી રાણી યુદ્ધ મોરચે જ વીરગતિને વરી.
- ✓ માત્ર 29 વર્ષની વયે શહીદ થયેલા રાણી લક્ષ્મીબાઇ આજે પણ ભારતીય મહિલાઓ જ નહિ પણ સ્વમાન અને સ્વતંત્રતા માટે લડતા સહુ કોઈ માટે પ્રેરણાનું ભાથું મૂક્તો ગયાં છે.
- ✓ ભારત સરકારે તેમની સ્મૃતિમાં ટપાલ ટિકિટ બહાર પાડી હતી.

**(2) જગત ગુરૂ નાનક સાહેબનું 553મું પ્રકાશ પર્વ – જન્મજયંતિ**




**(3) લોખંડી મહિલા ઇન્દિરા ગાંધી**

**ઇન્દિરા ગાંધી : 104મી જન્મતિથિ**

- ✓ પૂર્વ પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીનો જન્મ 19 નવેમ્બર 1917ના રોજ અલ્હાબાદમાં થયો
- ✓ તેઓ બે અલગ-અલગ સમયકાળમાં 15 વર્ષથી વધારે દેશના પ્રધાનમંત્રી રહ્યાં.




- ✓ 31 ઓકટોબર-1984માં તેમના બોડીગાર્ડ દ્વારા હત્યા.

**વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (19-11-2021)**

**1.** ગુજરાત સરકાર દ્વારા તા.19 નવેમ્બર 2021ના રોજ કયા જિલ્લાને રાજ્યનો સંપૂર્ણ રાસાયણીક ખેતી મુક્ત પ્રથમ જિલ્લો જાહેર કરાયો

**(A) ડાંગ** (B) તાપી (C) નવસારી (D) વલસાડ

**2.** કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં આવેલી કઇ સંસ્થાને પાંચ વર્ષ માટે "સેન્ટર ઓફ એક્સેલેન્સ"નો ખાસ દરજ્જો અપાયો

(A) SAC **(B) EDII** (C) PRL (D) ISR

**3.** તા. 19 નવેમ્બર 2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કયા કૃષિ કાયદા રદ કરવાની જાહેરાત કરાઇ

(A) આવશ્યક વસ્તુ (સુધારા) કાયદો, 2020

(B) કૃષિ ઉત્પાદન વેપાર અને વાણિજ્ય (સંવર્ધન અને સુવિધા) કાયદો, 2020

(C) ખેડૂત (સશક્તીકરણ અને સંરક્ષણ) કિંમત આશ્વાસન અને કૃષિ સેવા પર કરાર કાયદો, 2020

**(D) આપેલ તમામ**

**4.** નવેમ્બર 2021માં ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી કઇ વાહન સિરીઝનોનો ગુજરાતમાં પણ નોંધણીનો પ્રારંભ કરાયો

(A) AH **(B) BH** (C) CH (D) DH

**5.** ભારતનું સર્વપ્રથમ ફુડ સિક્યોરિટી મ્યુઝિયમ ક્યાં શહેરમાં શરૂ કરાયુ

(A) કોચ્ચિ (કેરળ) **(B) તાંજાવુર (તમિલનાડુ)**

(C) ચેન્નઇ (તામિલનાડુ) (D) તિરુપતિ (આંધ્રપ્રદેશ)

**6.** નવેમ્બર 2021માં ભારતે એન્ટાર્કટિકામાં વિવિધ સંશોધન માટે કેટલામાં વૈજ્ઞાનિક અભિયાનનો પ્રારંભ કર્યો

(A) 09 (B) 10 **(C) 11** (D) 12

**7.** તાજેતરમાં દિલ્હીમાં સંરક્ષણ અધ્યયન વિશ્લેષણ સંસ્થાને ભારતના ક્યા પૂર્વ દિવંગત કેન્દ્રીય મંત્રીનું નામ અપાયું

(A) સુષ્મા સ્વરાજ (B) રામવિલાસ પાસવાન

(C) અરુણ જેટલી **(D) મનોહર પારિકર**

**8.** નવેમ્બર 2021માં ક્યા દેશો વચ્ચે સીટમેક્સ-2021 સંયુક્ત નૌસેના અભ્યાસ યોજાયો

(A) ભારત (B) સિંગાપોર (C) થાઇલેન્ડ **(D) આપેલ તમામ**

**9.** 580 વર્ષ પછી સૌથી વધુ લાંબા સમય માટે કઇ તારીખે વર્ષ 2021નું અંતિમ ચંદ્રગ્રહણ સર્જાયું

**(A) તા.19 ઓક્ટોબર-2021** (B) તા.18 ઓક્ટોબર-2021

(C) તા.17 ઓક્ટોબર-2021 (D) તા.16 ઓક્ટોબર-2021

**10.** નવેમ્બર 2021માં મિસ્ટર 360 તરીકે ઓળખાતા ક્યા દેશના ક્રિકેટર્સ એબી ડિવિલિયર્સે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

(A) વેસ્ટ ઈન્ડિઝ **(B) દક્ષિણ આફ્રિકા**

(C) ઓસ્ટ્રેલિયા (D) ન્યુઝીલેન્ડ

**11.** નવેમ્બર 2021માં ભારત અને ક્યા દેશ એ સંસદીય મૈત્રી સંઘની રચના કરી

(A) બર્મા **(B) શ્રીલંકા** (C) ભૂટાન (D) નેપાળ

**12.** વર્લ્ડ હેરિટેજ વિક ક્યારે મનાવવામાં આવે છે

(A) તા. 1 થી 5 નવેમ્બર (B) તા. 11 થી 15 નવેમ્બર

**(C) તા. 19 થી 25 નવેમ્બર** (D) તા. 22 થી 27 નવેમ્બર

**13.** રાષ્ટ્રીય કાનુની દિવસ તથા વિશ્વ દત્તકગ્રહણ દિવસ ક્યારે મનાવવામાં આવે છે

**(A) 09 નવેમ્બર** (B) 11 નવેમ્બર

(C) 15 નવેમ્બર (D) 18 નવેમ્બર

**14.** વિશ્વ વિરામ દિવસ, વિશ્વ ઉપયોગીતા દિવસ તથા વિશ્વ ગુણવત્તા દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) 09 નવેમ્બર **(B) 11 નવેમ્બર**

(C) 15 નવેમ્બર (D) 18 નવેમ્બર

**15.** ઝારખંડનો સ્થાપના દિવસ જણાવો

**(A) 15 નવેમ્બર** (B) 16 નવેમ્બર

(C) 18 નવેમ્બર (D) 20 નવેમ્બર

**16.** દેવદિવાળીના રોજ જગત ગુરૂ નાનક સાહેબનું કેટલામું પ્રકાશ પર્વ–જન્મજયંતિ ઉજવવામાં આવી

(A) 550 (B) 551 (C) 552 **(D) 553**

**17.** પ્રથમવાર વર્લ્ડ ન્યુમરોલોજી ડેની ઉજવણી ક્યારે કરાઈ

**(A) તા. 19 નવેમ્બર-2021** (B) તા. 19 નવેમ્બર-2020

(C) તા. 19 નવેમ્બર-2019 (D) તા. 19 નવેમ્બર-2018

**18.** હિંદુ પંચાંગ પ્રમાણે દેવ દિવાળી ક્યારે મનાવવામાં આવે છે

(A) કારતક માસની એકમ (B) કારતક માસની અગિયારસ

**(C) કારતક માસની પૂનમ** (D) આસો માસની અગિયારસ

**19.** વિશ્વ શૌચાલય દિવસ ક્યારે ઉજવવામાં આવે છે

(A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર

**(C) 19 નવેમ્બર** (D) 20 નવેમ્બર

**20.** મણિકર્ણિકા-રાણી લક્ષ્મીબાઈનો જન્મ ક્યારે થયો હતો

(A) 19 નવેમ્બર 1811 (B) 19 નવેમ્બર 1819

**(C) 19 નવેમ્બર 1828** (D) 20 નવેમ્બર 1845

**21.** લોખંડી મહિલા અને પૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધીનો જન્મ દિવસ જણાવો

(A) 19 નવેમ્બર 1927 (B) 19 નવેમ્બર 1922

(C) 19 નવેમ્બર 1919 **(D) 19 નવેમ્બર 1917**

**22.** વિશ્વ પુરૂષ દિવસ ક્યારે ઉજવવામાં આવે છે

(A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર

**(C) 19 નવેમ્બર** (D) 20 નવેમ્બર

**DATE : 20-11-2021**

## 1. કૃષિ ક્ષેત્રે ડિજિટલ સેવાઓ : ટેકનોલોજી બેઝ્ડ સ્માર્ટ ખેતી માટે ગુજરાત સરકારની નવીન પહેલ

**રાજ્યના 1 લાખ ખેડૂતો માટે સ્માર્ટ ફોનની ખરીદી પર સરકાર 10 ટકા સબસિડી આપશે**

- ✓ સમય મર્યાદા : ગમે ત્યારે અરજી કરી શકાશે.




**નવીન જોગવાઇની મુખ્ય શરતો :**

- ✓ રાજ્ય સરકારે વર્ષ 2021-22ના બજેટમાં ખેડૂતોને સ્માર્ટફોનની ખરીદી પર સહાય આપવા રૂ.15 કરોડના ખર્ચને મંજૂરી આપી હતી. જેમાં મહત્તમ રૂ.1500 સુધીની સબસિડી આપવાની જાહેરાત કરી.
- ✓ આ સહાય ફક્ત સ્માર્ટફોનની ખરીદી માટે જ રહેશે. બેટરીબેક અપ ડિવાઇઝ, ઇયર ફોન, ચાર્જર જેવા સાધનોનો સમાવેશ થઇ શકશે નહી. ગુજરાતમાં જમીન ધારણ કરતા તમામ ખેડૂતો માટે જાહેર થયેલી આ યોજના હેઠળ એકથી વધુ ખાતા ધરાવતા ખેડૂતોને એક જ વખત સબસિડી મળી શકશે.
- ✓ સંયુક્ત ખાતાના કિસ્સામાં ખેડૂતોને જમીનના 8/અમાં દર્શાવેલા ખાતેદારો પૈકી એકને જ સબસિડીનો લાભ મળશે.

**ખેડૂતોને રૂ.15,000 સુધીના જ સ્માર્ટ મોબાઈલ ફોનની ખરીદીમાં 10 ટકા સબસિડી મળશે**

- ✓ ખેડૂતોને રૂ.15,000 સુધીના જ સ્માર્ટ મોબાઇલ ફોનની ખરીદીમાં 10 ટકા સબસિડી મળશે.
- ✓ ઉદાહરણ તરીકે રૂ.15 હજારના સ્માર્ટફોન ઉપર 10 ટકા લેખે 1500 સબસિડી મળશે.
- ✓ જો કોઈ ખેડૂત રૂ.16,000નો સ્માર્ટ ફોન મોબાઇલ ખરીદે તો ખરીદ કિંમતના 10 ટકા લેખે રૂ.1600 કે રૂ.1500 બેમાંથી જે ઓછુ હોય એટલી જ અર્થાત રૂ.1500 સહાયરૂપે મળશે.
- ✓ રૂ.8,000ની ખરીદીમાં 10 ટકા મુજબ રૂ.800 અથવા મહત્તમ રૂ.1500 એમ બેમાંથી જે ઓછુ હોય એટલી અર્થાત રૂ.800ની સહાય મળવાપાત્ર રહેશે.

**મુખ્ય હેતુ :**

- ✓ ખેડૂતોને હવામાન, વરસાદ, સંભવિત રોગ– જીવાતના ઉપદ્રવની માહિતી સમયસર મળી રહે.
- ✓ કૃષિક્ષેત્રે ઉપયોગી માહિતી જેવી કે પ્રકાશનો, નવીનતમ પધ્ધતિ, રોગ– જીવાત નિયંત્રણની ટેકનોલોજી, યોજનાઓની માહિતી, સહાય માટે ઓનલાઇન અરજી, ફોટોગ્રાફ્સ, ઈ–મેઈલ, જીપીએસ સિસ્ટમનો ઉપયોગ ખેડૂતો કરી શકે તે ઉદ્દેશ્યથી આ યોજના લોન્ચ કરાઇ છે.

**સબસિડીની પ્રક્રિયા :**

- ✓ I-ખેડૂત પોર્ટલમાં અરજી કરી રદ થયેલો ચેક આપવો પડશે
- ✓ જે ખેડૂતને સ્માર્ટફોન ખરીદવો હશે તેમણે ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરવાની રહેશે. જેની સરકારી રાહે ચકાસણી બાદ વહેલા તે પહેલાના ધોરણે એક લાખ લાભાર્થીઓના પ્રો– રેટામાં ખેડૂતોની પસંદગી થશે.
- ✓ પસંદ થયેલા લાભાર્થી ખેડૂતને આ રીતે પૂર્વ મંજૂરીના આદેશના 15 દિવસમાં સ્માર્ટફોન ખરીદવાનો રહેશે. જેનું GST નંબર ધરાવતુ અસલ બીલ, મોબાઇલનો નંબર, 8/અની નકલ, રદ કરેલો ચેક અને આધારકાર્ડની નકલ ગ્રામ સેવક કે વિસ્તરણ અધિકારી કે પછી તાલુકા અમલીકરણ અધિકારીને રજૂ કર્યેથી 10 ટકા સુધી સબસિડી સીધી બેંક એકાઉન્ટમાં જમા થશે.
- ✓ **વિભાગ : કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર-ગુજરાત સરકાર**

## 2. સદાકાળ ગુજરાત કાર્યક્રમ-2021

**પણજી-ગોવા**




**કાર્યક્રમ વિશે :**

- ✓ ગોવાના પણજીમાં સદાકાળ ગુજરાત અને ગોવા સરકાર દ્વારા સંયુક્ત રીતે કાર્યક્રમનું આયોજન.

- ✓ આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ગોવાના મુખ્યમંત્રી ડૉ. પ્રમોદ સાવંત અને ગુજરાતના ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં કરાયું.
- ✓ સદાકાળ ગુજરાત કાર્યક્રમમાં ગોવાના 9 જિલ્લામાં વસતા ગુજરાતીઓ સાથે સંવાદ યોજાયો, ઉપરાંત ગોવામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર 6 બિનનિવાસી ગુજરાતીઓનું સન્માન કરાયુ. .

**ગોવામાં ગુજરાતીઓનું પ્રદાન :**

- ✓ ગુજરાતીઓ માટે ગોવા ફરવા માટેના લોકપ્રિય ડેસ્ટિનેશન પૈકીનું એક છે.
- ✓ અહીં વર્ષે અંદાજિત 15 લાખ ગુજરાતીઓ રજાઓ માણવા આવે છે.
- ✓ 2011ની વસ્તી ગણતરી મુજબ ગોવામાં 6846 ગુજરાતીઓ વસે છે અને પોર્ટુગીઝ રાજમાં અહીં આવીને વસવાની શરૂઆત કરી હતી. દમણ અને દીવના કારણે સંબંધો વધુ મજબૂત થયા હતા.
- ✓ ગુજરાતીઓએ ગોવાને પોતાનું બીજું ઘર બનાવી દીધું અને અહીંની સંસ્કૃતિ સાથે ભળીને રાજ્યના વિકાસમાં પણ ફાળો આપ્યો.

## 3. ગિફ્ટ સિટી-ગાંધીનગર : કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા ગિફ્ટ સિટીમાં IFSCA માટે રૂ.500 કરોડની યોજનાઓને મંજૂરી

**ત્રણ યોજનાઓ વિશે :**

- ✓ આર્થિક બાબતોના વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર સત્તામંડળ- IFSCAની ત્રણ મુખ્ય દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી.
- ✓ **પ્રથમ દરખાસ્ત** IFSCA માટે હેડ ક્વાર્ટર બિલ્ડિંગ માટે રૂ.200 કરોડની હતી. જેમાં રૂપિયા 100 કરોડ અનુદાન સહાય અને બાકીના રૂપિયા 100 કરોડ સરકાર પાસેથી લોન પેટે છે.
- ✓ **બીજી દરખાસ્ત** IFSCA માટે IT માળખાકીય સુવિધાઓના વિકાસ કરવા માટે રૂપિયા 269 કરોડથી વધુની છે
- ✓ **ત્રીજી દરખાસ્ત** રૂપિયા 45.75 કરોડના મૂલ્યની IFSCA ફિનટેક યોજનાની હતી.
- ✓ **કેન્દ્રીય નાણા મંત્રી શ્રી નિર્મલા સીતારમન ગિફ્ટ સિટીની મુલાકાત**

## 4. સ્વચ્છ સર્વેક્ષણ એવોર્ડ-2021 જાહેર

**ઇન્દોર સતત પાંચમા વર્ષે દેશમાં પ્રથમ ક્રમે**




**ટોપ 20 સ્વચ્છ શહેરો :**

| રેન્ક | શહેર | સ્કોર | રેન્ક | શહેર | સ્કોર |
|---|---|---|---|---|---|
| 1 | ઈન્દોર | 5618.14 | 11. | રાજકોટ | 4595.91 |
| 2. | સુરત | 5559.21 | 12. | લખનઉ | 4586.17 |
| 3. | વિજયવાડા | 53.68.37 | 13. | હૈદરાબાદ | 4551.00 |
| 4. | નવી મુંબઈ | 53.7.68 | 14. | થાણે | 4534.40 |
| 5. | પૂણે | 4900.40 | 15. | ગ્વાલિયર | 4523.52 |
| 6. | રાયપુર | 4811.40 | 16. | ચંડીગઢ | 4277.29 |
| 7. | ભોપાલ | 4783.53 | 17. | નાસિક | 4248.05 |
| 8. | વડોદરા | 4747.96 | 18. | ગાઝિયાબાદ | 4220.90 |
| 9. | વિશાખાપટનમ | 4717.92 | 19. | પિંપરી ચિંચવાડા | 3874.20 |
| 10. | અમદાવાદ | 4690.55 | 20. | જબલપુર | 3856.45 |

**આ 9 શહેરોને ગાર્બેજ ફ્રી સીટી કેટેગરીમાં ફાઇવસ્ટાર મળ્યા :**

| | |
|---|---|
| ✓ ઇન્દોર | સુરત |
| ✓ નવી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન | નવી મુંબઇ |
| ✓ અંબિકાપુર | મૈસુર |
| ✓ નોઈડા | વિજયવાડા |
| ✓ પટના | |

**રાજ્યોની કેટેગરીમાં છત્તીસગઢ ટોચના ક્રમે મહારાષ્ટ્ર દ્વિતીય તો મ.પ્રદેશ ત્રીજા સ્થાને**

- ✓ 100 કે તેથી વધુ શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થા ધરાવતા રાજ્યોની શ્રેણીમાં મહારાષ્ટ્ર દ્વિતીય તો મધ્યપ્રદેશ તૃતીય સ્થાને વિજેતા જાહેર થયા હતા.
- ✓ 100થી ઓછી શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થા ધરાવતા રાજ્યોની શ્રેણીમાં ઝારખંડ પ્રથમ સ્થાને રહ્યું છે. આ શ્રેણીમાં હરિયાણા દ્વિતીય ક્રમે તો ગોવા તૃતીય ક્રમે રહ્યું છે.

**10 લાખથી ઓછી વસતી ધરાવતા શહેરોમાં દિલ્હી મોખરે**

- ✓ મંત્રાલયની 10 લાખથી ઓછી વસતી ધરાવતા શહેરોની યાદીમાં **દિલ્હી મોખરે છે. જ્યારે** **ગુજરાતના પાટનગર ગાંધીનગર છઠ્ઠા ક્રમે** છે. તિરુપતિ ત્રીજા જ્યારે નોઇડા ચોથા ક્રમે છે.

**સ્વચ્છતા સર્વેક્ષણની હાઇલાઇટ્સ**

- ✓ **સૌથી સ્વચ્છ જિલ્લાની કેટેગરીમાં સુરત પ્રથમ ક્રમે.**ઇન્દોર અને નવી દિલ્હી બીજા અને ત્રીજા ક્રમે.
- ✓ મીડિયમ કેટેગરીના શહેરોમાં નોઇડા સૌથી સ્વચ્છ શહેર, ગત વર્ષે મૈસુર હતું.
- ✓ 10-40 લાખની વસ્તીના શહેરોમાં નવી મુંબઇ સૌથી સ્વચ્છ શહેર.
- ✓ સરવે મુજબ ગંગા કાંઠાના 91 ટકા શહેરોમાં કચરાના નિકાલની ડમ્પસાઇટ દૂર કરી દેવાઇ છે.
- ✓ સરવેમાં કુલ 9 શહેરોને ગાર્બેજ ફ્રી સિટીની કેટેગરીમાં 5 સ્ટાર રેટિંગ મળ્યું છે. જ્યારે 143 શહેરોને 3 સ્ટાર રેટિંગ મળ્યું છે.

**40 લાખથી વધુ વસ્તીની શ્રેણીમાં અમદાવાદ પ્રથમ**

- ✓ સર્વેક્ષણમાં 40 લાખથી વધુ ધરાવતા શહેરોમાં અમદાવાદ પ્રથમ ક્રમે છે. જ્યારે ટોપ-20માં 10મા ક્રમે છે.
- ✓ **કેન્ટોનમેન્ટ બોર્ડ કક્ષાના શહેરોમાં અમદાવાદ સૌથી સ્વચ્છ શહેર જાહેર થયું** છે. મેરઠ બીજા ક્રમે તો દિલ્હી ત્રીજા ક્રમે વિજેતા રહ્યું છે.
- ✓ **સૌથી સ્વચ્છ ગંગા શહેર' શ્રેણીમાં** વડા પ્રધાન નરેન્દ્ર મોદી જેનું પ્રતિનિધિત્વ કરે છે તે **વારાણસી પ્રથમ ક્રમે** તો **બિહારના મુંગર નગર અને પટણા શહેર અનુક્રમે દ્વિતીય અને તૃતીય** કક્ષાએ વિજેતા રહ્યા છે.

**ગુજરાતના ચાર શહેરનું બે વર્ષના રેન્કિંગનું સરવૈયું**

- ✓ સુરત-વડોદરાને સતત બીજા વર્ષે એવોર્ડ

| | | |
|---|---|---|
| **વડોદરા :** | 2020 : 10 | 2021 : 08 |
| **સુરત** | 2020 : 02 | 2021 : 02 |
| **અમદાવાદ** | 2020 : 07 | 2021 : 10 |
| **રાજકોટ** | 2020 : 11 | 2021 : 11 |

**અમદાવાદ :** કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ 2021માં **અમદાવાદને 'ક્લીનેસ્ટ મેગા સિટી' તરીકે દેશમાં પ્રથમ રેન્ક**માં જાહેર કરાયું છે અને અમદાવાદને 'સ્વચ્છ સિટી એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો

✓ અમદાવાદ શહેરની યશકલગીમાં નવું પીંછુ ઉમેરાયું છે. અમદાવાદને ગાર્બેજ ફ્રી સિટી માટે'3 સ્ટાર રેન્કિંગ'નો વધુ એક એવોર્ડ પણ એનાયત કરાયો.

**દેશનાં સૌથી સ્વચ્છ શહેરોમાં સતત બીજા વર્ષે સુરત બીજા ક્રમે**

✓ ભારતના સૌથી સ્વચ્છ શહેરોમાં સુરતનો ફરી ડંકો વાગ્યો છે. સતત બીજા વર્ષે બીજો ક્રમ મેળવ્યો છે. ગુજરાતનાં અન્ય છ મહાનગરો પૈકી એકમાત્ર સુરતનો ટોપ ટેનમાં સમાવેશ થયો છે.

✓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે સુરત શહેરને સૌપ્રથમવાર એવોર્ડ એનાયત થયો હતો. રેન્કિંગમાં સુરત શહેરે કુલ 6,000 ગુણ પૈકી 5529.21 ગુણ સાથે બીજો ક્રમ મેળવ્યો હતો.

**સંસ્કારી નગરી વડોદરાને સ્વચ્છ સર્વેક્ષણમાં સતત બીજા વર્ષે ટોપ-10મા સ્થાન**

✓ દેશની ટોપ 10 ક્લીન સિટીમાં વડોદરાને સતત બીજા વર્ષે ટોપ 10માં સ્થાન મળ્યું છે. સ્વચ્છ સર્વેક્ષમાં વડોદરા ગત વર્ષે 10મા ક્રમાંક પર હતું.

✓ આ વર્ષે સ્વચ્છ સર્વેક્ષણમાં વડોદરા નંબર 8 પર પહોંચ્યું છે. આ ઉપરાંત વડોદરાને ગાર્બેજ ફ્રી સિટીમાં થ્રી સ્ટાર રેટિંગ પણ મળ્યું છે.

✓ ગતવર્ષે વડોદરા શહેરને 10મો ક્રમાંક પ્રાપ્ત થયો હતો. આ વર્ષના સ્વચ્છ સર્વેક્ષણમાં વડોદરાને 8મો ક્રમાંક પ્રાપ્ત થયો છે.

✓ કેન્દ્રની ટીમ દ્વારા ગત 1લી માર્ચથી 28 માર્ચ દરમિયાન ઓન સાઇટ સર્વે કરવામાં આવ્યો હતો.

✓ વડોદરાને 6,000માંથી કુલ 4747.96 સ્કોર થયો હતો. વેસ્ટ કલેક્શન, પ્રોસેસિંગ, ડિસ્પોસલ એન્ડ સસ્ટેનેબલ સેનિટેશન, ગાર્બેજ ફ્રી સિટી, ODF++ સિટિઝન ફિડબેક અને સ્વચ્છતા એપ જેવા વિવિધ માપદંડોને આધારે શહેરનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

✓ **જાહેરાત : કેન્દ્રીય આવાસ અને શહેરી મંત્રાલય, ભારત સરકાર**

**5. 52મો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા-2021**

**યજમાન : ગોવા**

✓ **સમયગાળો : તા. 20થી 28 નવેમ્બર-2021**




**વિવિધ એવોર્ડ અને વિજેતા :**

**(1) ઈન્ડિયન પર્સનાલિટી ઓફ ધ યર :**

**(1) પીઢ અભિનેત્રી - હેમામાલિની (2) ગીતકાર - પ્રસૂન જોશી**

**સત્યજીતરાય લાઈફ ટાઈમ એવોર્ડ**

**(1) US ફિલ્મ સર્જક - માર્ટિન સ્કૉર્સિસ**

**(2) હંગેરિયન ફિલ્મ સર્જક - ઈસ્તવાન ઝાબો**

✓ **કુલ 73 દેશોની 148 ફિલ્મો દર્શાવાશે**

**6. દિન વિશેષ : 20 નવેમ્બર (1) આફ્રિકા ઔદ્યોગિકરણ દિવસ**




**(2) વર્લ્ડ ચિલ્ડ્રન ડે : 20 નવેમ્બર**

✓ **થીમ-2021 : A Better Future for Every Child**

✓ UNICEF દ્વારા ઉજવણીનો પ્રારંભ-1959

**7. જન્મ દિન વિશેષ : 20 નવેમ્બર મૈસુરનો વાઘ - ટીપૂ સૂલ્તાન**




**જન્મ : 20 નવેમ્બર 1750 અવસાન : 4 મે 1799**

✓ આજે સાહિત્યકારના વાઘ ગણાતા ટીપુ સુલ્તાનનો જન્મદિવસ છે.

✓ બેંગ્લોર પાસે દેવનહાલી (યુસુફાબાદ)માં હૈદરઅલીના પુત્ર તરીકે જન્મેલા ટીપૂ સુલતાનનું આખુ નામ સુલ્તાન ફતેહ અલીખાન સાહેબ હતું.

✓ રજવાડી માહોલમાં ટીપૂ ફારસ, ઉર્દુ, કન્નડ અને અરબી જેવી ભાષાઓ ભણ્યો હતો.

✓ અશ્વવિદ્યા અને નિશાનબાજીમાં મહારથ હાંસલ કરી હતી. પહેલા મૈસૂર વિગ્રહથી તે પિતા સાથે અંગ્રેજો સામે વીરતાપૂર્વક ઝઝૂમ્યો હતો અને જીત્યા પણ હતા.

✓ 22 ડિસેમ્બર 1782ના રોજ મૈસૂરના સુલ્તાન બનેલા ટીપૂએ રસ્તાઓ, જાહેર મકાનોના બાંધકામ, બંદરોનું નિર્માણ, નવા સિક્કા અને તોલમાપનું પ્રચલન, નવા પંચાંગનો અમલ, મજબુત સૈન્ય વ્યવસ્થા ઊભી કરી હતી.

✓ 7 કિલો અને 400 ગ્રામની તલવાર ધરાવતો ટીપૂ કહેતો કે સિંહની એક દિવસની જિંદગી ગીદડની હજાર વર્ષની જીંદગી કરતા બહેતર છે.

✓ અંગ્રેજો વિરુદ્ધ લડવા માટે રોકેટનો આવિષ્કાર અને સરમુખત્યાર નેપોલિયન સાથે પત્રવ્યવહાર કર્યો હતો.

✓ અંગ્રેજો સામે મરણિયો સંઘર્ષ કરતા 1799માં ટીપુ સુલ્તાન હાર્યો અને 4 મે 1799ના રોજ માર્યો ગયો

✓ લિયો ટોલ્સટોય, ઇટાલિયન તત્વચિંતક બેનેડેટો ક્રોચેની પુણ્યતિથિ અને મીનું મસાણી, વાડીલાલ ડગલીનો જન્મદિવસ

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (20-11-2021)

**1.** નવેમ્બર-2021માં ગુજરાત સરકાર દ્વારા ટેકનોલોજી બેઝડ સ્માર્ટ ખેતી માટે ગુજરાતના 1 લાખ ખેડૂતો માટે સ્માર્ટ ફોનની ખરીદી પર જાહેર કરેલી સબસિડી અંગે નીચેના પૈકી કઈ બાબત યોગ્ય છે

1. સ્માર્ટ ફોનની ખરીદી પર સરકાર 10 ટકા સબસિડી આપશે

2. રૂ.15 હજારના સ્માર્ટફોન ઉપર મહતમ 10 ટકા લેખે રૂ. 1500 સબસિડી અપાશે

3. સ્માર્ટફોનના ઉપયોગથી ખેડૂતોને હવામાન, વરસાદ, સંભવિત રોગ–જીવાતના ઉપદ્રવની માહિતી મળશે

4. એકથી વધુ ખાતા ધરાવતા ખેડૂતોને એક જ વખત સબસિડી મળશે

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**2.** સ્વચ્છ સર્વેક્ષણ એવોર્ડ-2021માં ગુજરાતના શહેરો અંગે કયા વિધાનો યોગ્ય છે

1. ટોપ સ્વચ્છ શહેરોમાં સુરત બીજા, વડોદરા 8મા, અમદાવાદ 10માં તથા રાજકોટ 11માં ક્રમે

2. 10 લાખથી ઓછી વસ્તી કેટેગરીમાં ગાંધીનગર 6ઠ્ઠા ક્રમે, રાજધાનીની કેટેગરીમાં ગાંધીનગર પ્રથમ ક્રમે

3. 40 લાખથી વધુ વસ્તીની શ્રેણીમાં અમદાવાદ પ્રથમ ક્રમે

4. સૌથી સ્વચ્છ જિલ્લાની કેટેગરીમાં સુરત પ્રથમ, ઇન્દોર બીજા તથા નવી દિલ્હી ત્રીજા ક્રમે

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** સ્વચ્છ સર્વેક્ષણ એવોર્ડ-2021માં સૌથી સ્વચ્છ ગંગા શહેર' શ્રેણીમાં પ્રથમ ત્રણ શહેર અંતર્ગત નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે

1. વારાણસી પ્રથમ ક્રમે 2. બિહારનું મુંગર નગર દ્વિતીય ક્રમે

3. પટણા શહેર તૃતીય ક્રમે

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**4.**52માં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા-2021 સંદર્ભે નીચેના પૈકી કઇ બાબત યોગ્ય છે

1. સમયગાળો : તા. 20થી 28 નવેમ્બર-2021

2.ઈન્ડિયન પર્સનાલિટી ઓફ ધ યર : અભિનેત્રી હેમામાલિની

3. ઈન્ડિયન પર્સનાલિટી ઓફ ધ યર : ગીતકાર - પ્રસૂન જોશી

4. યજમાન : ગોવા

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**5.** નવેમ્બર-2021માં ગુજરાત સરકાર દ્વારા સદાકાળ ગુજરાત કાર્યક્રમ-2021 ક્યાં યોજાયો હતો

**(A) પણજી-ગોવા** (B) મુંબઇ-મહારાષ્ટ્ર

(C) ચેન્નઈ-તામિલનાડુ (D) ઈન્દોર-મધ્યપ્રદેશ

**6.** નવેમ્બર-2021માં કેન્દ્રીય નાણા મંત્રાલયે ગિફ્ટ સિટીમાં IFSCA માટે કેટલા કરોડની યોજનાઓને મંજૂરી આપી

(A) રૂ.200 કરોડથી વધુ (B) રૂ.300 કરોડથી વધુ

**(C) રૂ.500 કરોડથી વધુ** (D) રૂ.1000 કરોડથી વધુ

**7.** નવેમ્બર-2021માં કેન્દ્રીય આવાસ અને શહેરી મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા સ્વચ્છ સર્વેક્ષણ એવોર્ડ-2021 અંતર્ગત નીચેના પૈકી કયા શહેરોનો 1થી 5માં ક્રમમાં સમાવેશ થાય છે

(A) ઈન્દોર, સુરત મુંબઇ (B) વિજયવાડા અને પૂણે

(C) અમદાવાદ અને સુરત **(D) A અને B બંને**

**8.** સ્વચ્છ સર્વેક્ષણ એવોર્ડ-2021માં કયુ શહેર સતત પાંચમા વર્ષે દેશમાં પ્રથમ ક્રમે આવ્યું

(A) સુરત (B) પૂણે **(C) ઇન્દોર** (D) અમદાવાદ

**9.** સ્વચ્છ સર્વેક્ષણ એવોર્ડ-2021માં 100 કે તેથી વધુ શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થા ધરાવતા રાજ્યોની શ્રેણીમાં પ્રથમ ત્રણ ક્રમમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

(A) કેરળ અને તામિલનાડુ (B) છતીસગઢ અને મહારાષ્ટ્ર

(C) મધ્યપ્રદેશ **(D) B અને C**

**10.** સ્વચ્છ સર્વેક્ષણ એવોર્ડ-2021માં 'ક્લીનેસ્ટ મેગા સિટી'માં પ્રથમ રેન્ક મેળવનાર શહેરનું નામ જણાવો

(A) પૂણે (B) ભોપાલ (C) કોલકત્તા **(D) અમદાવાદ**

**11.** વર્લ્ડ ચિલ્ડ્રન ડે ક્યારે મનાવવામાં આવે છે

(A) 18 નવેમ્બર (B) 19 નવેમ્બર

**(C) 20 નવેમ્બર** (D) 21 નવેમ્બર

**12.** વર્લ્ડ ચિલ્ડ્રન ડે-2021ની થીમ જણાવો

(A) A Bright Future for Every Child

**(B) A Better Future for Every Child**

(C) A Better Future for All Child

(D) A Better Future for Every Children

**13.** પ્રતિ વર્ષ કયારે આફ્રિકા ઔધોગિકરણ દિવસ તરીકે ઉજવાય છે

(A) 18 નવેમ્બર (B) 19 નવેમ્બર

**(C) 20 નવેમ્બર** (D) 21 નવેમ્બર

**14.** ટીપુ સુલતાનનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) તા. 20-11-1745 તથા દેવનહાલી, બેલગામ

**(B) તા. 20-11-1750 તથા દેવનહાલી, બેંગલુરુ**

(C) તા. 20-11-1757 તથા દેવનહાલી, મુંબઇ

(D) તા. 20-11-1760 તથા દેવનહાલી, મેંગ્લૉર

**15.** ટીપુ સુલતાનનું ઉપનામ જણાવો

(A) મૈસુરનો સિંહ (B) મૈસુરનો મહારાજ

**(C) મૈસુરનો વાઘ** (D) મૈસુરનો મોર

## 21-11-2021

**1. ફેસલેસ સુવિધા : વાહન વ્યવહાર વિભાગ, ગુજરાત સરકાર**

**લાયસન્સ અને વાહન સંબંધિત વિવિધ 20 સેવાઓ આધાર બેઝ્ડ KYCથી ફેસલેસ કરાઇ**




**અમલ : તા. 21 નવેમ્બર- 2021થી**

**સેવાઓ : ડ્રાઇવિંગ લાઇસન્સને લગતી આ કામગીરી ફેસલેસ**

- ✓ લાઇસન્સ રિન્યૂઅલ
- ✓ લાઇસન્સ રિપ્લેસમેન્ટ
- ✓ લાઇસન્સ એક્સટ્રેક્ટ
- ✓ ડુપ્લિકેટ લાઇસન્સ લાઇસન્સમાં સરનામું કે નામ સુધરાવવા
- ✓ લાઇસન્સમાં ફોટો કે સહીમાં સુધારો-વધારો કરવા
- ✓ પહાડી વિસ્તારમાં વાહન હંકારવાનું લાઇસન્સ મેળવવા

- ✓ હેઝાર્ડ્સ લાઇસન્સ મેળવવા
- ✓ ઇન્ટરનેશનલ ડ્રાઇવિંગ પરમિટ
- ✓ ડિફેન્સ લાઇસન્સ હોલ્ડર માટે લાઇસન્સના વર્ગ ઉમેરાવા

**વાહનને લગતી આ સેવાઓ આધાર બેઝ્ડ (ફેસલેસ) કરાઈ**

- ✓ જૂના વાહનમાં નામ ટ્રાન્સફર
- ✓ વાહનની આરસીબુકમાં નામ ટ્રાન્સફર
- ✓ વાહનમાં હાઇપોથિકેશન (લોન) દાખલ કરવા
- ✓ વાહનમાંથી લોન કમી કરવા
- ✓ અન્ય રાજ્યોમાં વાહન લઇ જવા એન.ઓ.સી મેળવવા
- ✓ ડુપ્લિકેટ આરસીબુક મેળવવા
- ✓ નવી પરમિટ, રિન્યૂઅલ તેમજ ડુપ્લિકેટ પરમિટ મેળવવા

**2.પુસ્તક વિમોચન :**

- ✓ **નામ : રાષ્ટ્રપુરુષ ડો. બાબાસાહેબ આંબેડકર**
- ✓ **લેખક : કિશોર મકવાણા, ગુજરાત**
- ✓ **થીમ :** ડો. આંબેડકરના સમગ્ર વ્યક્તિત્વનો સમાવેશ




**3.નલ સે જલ અભિયાન ગુજરાત**

**નલ સે જલ અંતર્ગત વડોદરા જિલ્લો સો ટકા શુદ્ધ પીવાનું પાણી આપનાર ગુજરાતનો છઠ્ઠો જિલ્લો જાહેર**




**4. ભારતીય નૌકાદળ : સ્વદેશી INS વિશાખાપટ્ટનમ જહાજ ભારતીય નૌકાદળમાં સામેલ**

**સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ દ્વારા નૌકાદળને જહાજ સુપ્રત કરાયું : પ્રથમ પરીક્ષણ વર્ષ 2015થી**

- ✓ **સ્થાન : નેવી ડોકયાર્ડ, મુબઇ**
- ✓ **પ્રકાર :** દેશનું પ્રથમ સ્વદેશી ગાઇડેડ મિસાઇલ ડિસ્ટ્રોયર યુદ્ધ જહાજ



**વિશેષતાઓ :**

- ✓ આ જહાજ મેક ઇન ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ 75 ટકા સ્વદેશી ટેકનિકથી તૈયાર કરાયુ છે.
- ✓ યુદ્ધજહાજ પર બહ્મોસ સુપસોનિક મિસાઇલ બરાક મિસાઇલ સિસ્ટમ સહિતના અનેક અન્ય સેન્સર, હથિયાર લગાવી શકાશે.

**યુદ્ધ જહાજ વિશે :**

- ✓ આઇએનએસ વિશાખાપટ્ટનમ 163 મીટરની લંબાઇ, 17 મીટર પહોળાઇ ધરાવે છે. 7400 ટન વજન ધરાવતું આ જહાજ મહત્તમ પ્રતિ કલાક 55.56 કિ.મી.ની ઝડપે દોડી શકે છે. યુદ્ધજહાજના અલગ અલગ ચાર ટર્બાઇન એન્જિન તેના બળમાં વધારો કરે છે.
- ✓ સ્વદેશી ગાઇડેડ મિસાઇલ ડિસ્ટ્રોયર પોતાના તૂતક પરથી જ વિમાનવિરોધી મિસાઇલ ઝીંકી શકે છે. તેની મદદથી જ શત્રુના વિમાન ગણતરીની સેકન્ડમાં જ તબાહ કરી શકશે.

**આગામી સમયમાં વધુ ત્રણ ડિસ્ટ્રોયર જહાજ તૈયાર કરાશે**

- ✓ આઇએનએસ વિશાખાપટ્ટનમનું નિર્માણ જાન્યુઆરી 2021માં થયેલા કોન્ટ્રાક્ટ મુજબ થયું.
- ✓ રૂ. 35,000 કરોડમાં થયેલા કોન્ટ્રાક્ટ મુજબ હજી ત્રણ વધુ ડિસ્ટ્રોયર જહાજ બનશે, તેમાં મુરગાવ, સુરત અને ઇમ્ફાલ યુદ્ધજહાજનો સમાવેશ
- ✓ વર્ષ 2025 સુધીમાં ચારેય યુદ્ધજહાજ નૌકાદળમાં સામેલ થઇ જશે.
- ✓ પ્રોજેક્ટ -15 B હેઠળ તૈયાર કરાયું
- ✓ આકાશમાં સુપરસોનિક મિસાઇલથી હુમલો કરી શકે છે, મધ્યમ અને લાંબા અંતરની તોપ ધરાવે છે, સબમરીન વિરોધી રોકેટ ધરાવે છે તથા સંખ્યાબંધ અત્યાધુનિક શસ્ત્રોથી સજ્જ છે.
- ✓ **નિર્માણ : મઝગાંવ ડોક લિમિટેડ-મુંબઈ**

**5. મેટ્રોની સુવિધા - ઉત્તર પ્રદેશ :**

**ઉત્તર પ્રદેશ પાંચ જિલ્લામાં મેટ્રોની સુવિધા ધરાવતું ભારતનું પ્રથમ રાજ્ય બન્યું**

**6. Exshakti-2021 : ઇન્ડો-ફ્રાન્સ જોઈન્ટ મિલિટરી એક્સરસાઇઝ**



- ✓ **સમયગાળો : તા.15 થી 26 નવેમ્બર 2021**
- ✓ ભારતીય આર્મી અને ફ્રાન્સ સેના વચ્ચે યુદ્ધાભ્યાસ
- ✓ **સ્થાન : Frejus શહેર-ફ્રાન્સ**

**7. નિમણૂક : આંતરરાષ્ટ્રીય કાયદા પંચના નવા અધ્યક્ષ તરીકે રાજદૂત ગુયેન હોંગથાઓની નિમણૂક**

- ✓ દેશ : વિયેતનામ

**8. નિમણૂક : ઇઝરાયલના નવા રાષ્ટ્રપતિ તરીકે ઇશાક હરઝોગની નિમણૂક**



**9. દિન વિશેષ : 21 નવેમ્બર નારેશ્વરનો નાથઃ રંગ અવધૂત**



**જન્મ : 21 નવેમ્બર-1898 અવસાન : 19 નવેમ્બર 1968**

- ✓ 'પ્રતિશ્વાસ શ્રીદત્તનું, જેણે તને બધું જ આપ્યું છે તે પરમાત્માનું નામસ્મરણ કર, હંમેશાં પ્રભુની યાદમાં જીવન વ્યતીત કર' જેવી વાણી દ્વારા લાખો અનુયાયીઓના હૃદયમાં બિરાજમાન શ્રીરંગ અવધૂતનો આજે જન્મદિવસ.
- ✓ પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે જન્મેલા રંગ અવધૂતનું મૂળ નામ પાંડુરંગ વિઠ્ઠલપંત વાલમ.
- ✓ બચપણથી જ ધર્મની લગની ધરાવતા શ્રીરંગ અવધૂત મેટ્રિક સુધી ભણ્યા પછી 1921માં અસહકારના જુવાળમાં ભણતરને અલવિદા કીધું, શિક્ષક પણ થયા, સામાજિક સેવાઓ શરૂ કરી અને 1923થી તો સંન્યાસ લઇ લીધો હતો.
- ✓ નર્મદા કિનારે નારેશ્વરમાં વાસુદેવાનંદ સરસ્વતીને ગુરુ માની તેમના ચરણે બેઠા.
- ✓ અવધૂતજી એ દત્ત બાવની, રંગ હ્રદયમ, રંગ તરંગ અવધૂતી આનંદ, શ્રી ગુરુમૂર્તિ ચરિત્ર, પત્ર મંજુષા અને નામસ્મરણ જેવા પુસ્તકો લખ્યા છે.
- ✓ પરસ્પર દેવો ભવ:, સત્ય મેવ પરમ તપ, જેવા સૂત્રો પણ રંગ અવધૂતે પ્રચલિત કર્યા
- ✓ રંગ અવધૂતના 'તારા આધારે બેઠો છું' , 'એક મને તારો આધાર' અને ' રોક્યો ન રોકાય અવધૂત ચાલ્યો જાય' જેવા તેમના ભજનો ગુજરાતના ધાર્મિક જીવનમાં જાણીતા બન્યા છે.
- ✓ હરિદ્વારમાં તેમનું અવસાન થયું હતું.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (21-11-2021)

**1.** નવેમ્બર 2021માં ભારતીય નૌકાદળમાં સામેલ કરાયેલા સ્વદેશી INS વિશાખાપટ્ટનમ જહાજ અંગે ક્યા વિધાનો યોગ્ય છે

1. દેશનું પ્રથમ 75 ટકા સ્વદેશી ગાઇડેડ મિસાઇલ ડિસ્ટ્રોયર યુદ્ધ જહાજ
2. સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ દ્વારા નેવી ડોકયાર્ડ, મુબઇથી જહાજ સુપ્રત કરાયું
3. યુદ્ધજહાજ પર બહ્મોસ સુપસોનિક મિસાઇલ બરાક મિસાઇલ સિસ્ટમ ઉપલબ્ધ
4. પ્રોજેક્ટ-15 B હેઠળ મઝગાંવ ડોક લિમિટેડ-મુંબઈ દ્વારા નિર્માણ

(A) 1 અને 2 (B) 3 અને 4 (C) 2 અને 4 **(D) આપેલ તમામ**

**2.** ગુજરાત વાહન વ્યવહાર વિભાગ દ્વારા નવેમ્બર- 2021માં લાયસન્સ અને વાહન સંબંધિત વિવિધ કેટલી સેવાઓ આધાર બેઝ્ડ KYCથી ફેસલેસ કરાઇ

(A) 15 (B) 18 **(C) 20** (D) 22

**3.** તાજેતરમાં વિમોચન કરાયેલા ડો. આંબેડકરના સમગ્ર વ્યક્તિત્વનો સમાવેશ કરતાં પુસ્તક રાષ્ટ્રપુરુષ ડો. બાબાસાહેબ આંબેડકરના લેખકનું નામ જણાવો

**(A) કિશોર મકવાણા** (B) વિષ્ણુ પંડ્યા
(C) ચંદ્રકાંત મહેતા (D) ચોસેફ મેકવાન

**4.** નવેમ્બર-2021માં નલ સે જલ અંતર્ગત સો ટકા શુદ્ધ પીવાનું પાણી આપનાર ગુજરાતનો ક્યો છઠ્ઠો જિલ્લો જાહેર કરાયો

(A) છોટાઉદેપુર **(B) વડોદરા** (C) સુરત (D) રાજકોટ

**5.** નવેમ્બર-2021ની સ્થિતિએ પાંચ જિલ્લામાં મેટ્રોની સુવિધા ધરાવતું ભારતનું પ્રથમ રાજ્યનું નામ જણાવો

(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત **(C) ઉત્તરપ્રદેશ** (D) દિલ્હી

**6.** તા.15 થી 26 નવેમ્બર 2021 દરમિયાન Exshakti-2021 યુદ્ધાભ્યાસ ક્યા બે દેશ વચ્ચે ક્યાં યોજાયો

**(A) ભારત-ફ્રાન્સ, યજમાન-ફ્રાન્સ**
(B) ભારત-અમેરિકા, યજમાન- અમેરિકા
(C) ભારત-ઈઝરાયેલ, યજમાન- ઈઝરાયેલ
(D) ભારત-રશિયા યજમાન-રશિયા

**7.** નવેમ્બર-2021માં ઈશાક હરજોગની ક્યા દેશના નવા રાષ્ટ્રપતિ તરીકે નિમણૂક કરાઈ

(A) વિયેતનામ (B) ફ્રાન્સ **(C) ઈઝરાયલ** (D) કેનેડા

**8.** આંતરરાષ્ટ્રીય કાયદા પંચના નવા અધ્યક્ષ તરીકે ક્યા દેશના રાજદૂત ગુયેન હોગથાઓની નિમણૂક કરાઈ

**(A) વિયેતનામ** (B) ફ્રાન્સ (C) ઈઝરાયલ (D) કેનેડા

**9.** નારેશ્વરના નાથ રંગ અવધૂતનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

**(A) 21 નવેમ્બર-1898 તથા ગોધરા**
(B) 20 નવેમ્બર-1898 તથા ચીખલી
(C) 19 નવેમ્બર-1898 તથા વાપી
(D) 18 નવેમ્બર-1898 તથા ભરૂચ

**10.** શ્રીરંગ અવધૂતજીના જાણીતા પુસ્તકોના નામ જણાવો

(A) દત્ત બાવની અને નામસ્મરણ
(B) અવધૂતી આનંદ અને શ્રી ગુરુમૂર્તિ ચરિત્ર
(C) રંગ હૃદયમ અને રંગ તરંગ **(D) આપેલ તમામ**

**22-11-2021**

**1. રાજ્ય ચૂંટણી આયોગ-ગાંધીનગર : ગ્રામપંચાયત સહિત વિવિધ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર**

✓ **EVMના સ્થાને બેલેટપત્રો-મતદાન પત્રો દ્વારા ચૂંટણી યોજાશે**




**કાર્યક્રમ :**

✓ કુલ 10,879 ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર.

✓ 679 ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી સહિત 10,284 સરપંચો અને 89,702 સદસ્યો પસંદ કરવા 19 ડિસેમ્બરે સવારે 7 કલાકથી સાંજે 6 કલાક દરમિયાન મતદાન યોજાશે.

**મતદારો :**

✓ પંચાયતી રાજમાં પાયાની સંસ્થાની આ ચૂંટણીમાં 2 કરોડ 6 લાખ 53 હજાર 374 મતદારોને મતાધિકાર મળ્યો છે. જેમાં એક કરોડ 6 હજાર 850 મહિલા મતદારો છે.

✓ મતદાન મથક : 27,085

✓ ગુજરાતમાં સૌપ્રથમ વર્ષ 2001-02માં કુલ 10,467 ગ્રામપચાયતો પૈકી 2,857 સમરસ તથા 17 પંચાયત મહિલા સમરસ થઈ હતી

✓ જયારે વર્ષ 2016-17માં કુલ 10,279 ગ્રામપચાયતો પૈકી 1,384 સમરસ તથા 163 પંચાયત મહિલા સમરસ થઈ હતી.

**ઉમેદવારોની ખર્ચ મર્યાદા :**

✓ 12 વોર્ડ સુધી : રૂ. 15 હજાર - 22 વોર્ડ સુધી : રૂ. 22 હજાર

✓ 22 વોર્ડથી વધુ : રૂ.45 હજાર - **મતદાન : 19 ડિસેમ્બર-2021**

✓ **સમય : સવારના 7થી સાંજે 6 કલાક**

✓ **મતગણતરી : 21 ડિસેમ્બર-2021**

✓ **રાજ્ય ચૂંટણી કમિશનર : શ્રી સંજય પ્રસાદ, ગાંધીનગર**

**2. 10મી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અને ગ્લોબલ ટ્રેડ શો-2022 : ગાંધીનગર**

**10મી શૃંખલા તા.10 થી 12 જાન્યુઆરી 2022**

✓ **મુખ્ય લક્ષ્યાંક :** લઘુ અને મધ્યમ ઉધોગો(MSME)ને પ્રોત્સાહિત કરાશે

✓ **ટ્રેડ શોની થીમ : "આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત"**




**વાઇબ્રન્ટ ગુજરાત એટ અ ગ્લાન્સ :**

✓ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની 10મી શ્રૃંખલા ગાંધીનગર ખાતે આગામી તા. 10થી 12 જાન્યુઆરી 2022 દરમિયાન યોજાશે.

✓ તા.10મી જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અને ગ્લોબલ ટ્રેડ શોનો ઉદ્ઘાટન સમારોહ યોજાશે.

✓ 10મી વાઇબ્રન્ટ સમિટમાં 15થી વધુ દેશો કન્ટ્રી પાર્ટનર તરીકે સહભાગી થશે, ત્રિદિવસીય સમિટમાં વિવિધ ક્ષેત્રો સંદર્ભે સેમિનારો યોજાશે, વાઇબ્રન્ટ સમિટ પૂર્વે રાજ્યભરના દસ જેટલા વિવિધ ક્ષેત્રોના પ્રિ-ઈવેન્ટ કાર્યક્રમો પણ યોજાશે.

**કાર્યક્રમ :**

✓ **તા.10 જાન્યુઆરી-2022:** 10મી જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વાઇબ્રન્ટ સમિટનું ઉદ્ઘાટન થશે.

✓ **તા.11 જાન્યુઆરી-2022:** તા.11 જાન્યુઆરીએ વડાપ્રધાનની વિઝનરી યોજના **'ગતિશક્તિ યોજના' હેઠળ ગુજરાતને કઈ રીતે ઈન્ફ્રાસ્ટ્રકચરલ તથા મૂડીરોકાણના** દ્રષ્ટિકોણથી વધુ લાભ મળે તેની કાર્યરીતિ ઘડાશે, દેશમાં પ્રોડક્શન અંગે તૈયાર કરાયેલી યોજના અંગે વિશદ્ ચર્ચા હાથ ધરાશે.

✓ **તા.12 જાન્યુઆરી-2022-સમાપન :** તા.12 જાન્યુઆરીએ વધુ લોકોને રોજગારી અને ટેક્નોલોજી થકી વેલ્યુ એડિશન થાય તે સહિતના વિષય પર વિસ્તૃત ચર્ચા કરાશે અને ત્યાર બાદ વાઇબ્રન્ટ સમિટનું સમાપન થશે. આ સમિટમાં લઘુ અને મધ્યમ ઉધોગોને પ્રોત્સાહિત કરવા માટે ખાસ ધ્યાન કેન્દ્રિત કરાયું છે

✓ **ગુજરાતમાં સૌપ્રથમ વાયબ્રન્ટ સમિટનો પ્રારંભ : વર્ષ 2003, અમદાવાદ (દર બે વર્ષે વાઈબ્રન્ટ સમિટનું આયોજન)**

✓ **સ્થાન : મહાત્મા મંદિર અને હેલીપેડ ગ્રાઉન્ડ, ગાંધીનગર**

**3. વીરતા પુરસ્કાર એનાયત : ભારત સરકાર**



**વિવિધ જવાનો અને એવોર્ડ :**

**(1) IAFના ગ્રૂપ કેપ્ટન અભિનંદન : વીરચક્ર**

**પ્રદાન :**

✓ સન્માન એટલા માટે આપવામાં આવ્યું છે કે બાલાકોટ એરસ્ટ્રાઈકમાં અપૂર્વ વીરતા દર્શાવતા પોતાના જાનની પરવા કર્યા વગર પોતાના મિગ-21 બાઈસન વિમાનને પાકિસ્તાની સીમામાં લઈ જઈને F-16 વિમાનને તોડી પાડ્યું હતું. પછીથી અભિનંદનનું વિમાન પાકિસ્તાની સરહદમાં ક્રેશ થઈ ગયું હતું.

✓ પાકિસ્તાનના લશ્કરે અભિનંદનને કેદ કરી લીધા. ભારત સરકારે એવું દબાણ ઊભું કર્યું કે 60 કલાક પછી પાકિસ્તાને અભિનંદનને અટારી-વાઘા બોર્ડરથી પાછા મોકલવા પડ્યા હતા.

✓ બઢતી આપીને ગ્રુપ કેપ્ટનનો દરજ્જો

✓ **બાલાકોટ એરસ્ટ્રાઇક : તા. 26-27 ફેબ્રુઆરી 2019**

**(2) વડોદરાના લે. જનરલ અસિત મિસ્ત્રી : પરમ વિશિષ્ટ સેવા મેડલ (PVSM)**

**મરણોપરાંત મેડલ :**

**1. નાયબ સબેદાર સોમબીર : શૌર્યચક્ર**

2. **મેજર વિભૂતિશંકર : શૌર્યચક્ર**
3. **કૉર્પ્સ ઓફ એન્જિનિયરના સૈપર પ્રકાશ જાદવ : કીર્તિચક્ર**
4. **લાન્સ નાયક સંદીપ સિંહ : શૌર્યચક્ર**
5. **શહીદ આશિક હુસૈન મલિક : શૌર્યચક્ર**
6. **ઈમરાન હુસૈન ટાક : શૌર્યચક્ર**
7. **હરિ સિંહ : શૌર્યચક્ર**

✓ **રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા જવાનોને રાષ્ટ્રપતિ ભવન-નવી દિલ્હી ખાતે સન્માનિત કરાયા**

### 4. સાગર શક્તિ કવાયત:સિરક્રિક સેક્ટર-કચ્છ

**તા. 19થી 22 નવેમ્બર-2021**




✓ **કચ્છના ક્રિક સેક્ટરમાં 19થી 22 નવેમ્બર વચ્ચે સૈન્ય, નૌકાદળ, વાયુસેના, તટરક્ષક દળ અને ગુજરાત રાજ્યની સુરક્ષા એજન્સીઓએ સંયુક્તપણે સાગરશક્તિ કવાયત** કરી.

**હેતુ :**

✓ રાજસ્થાન અને ગુજરાતના તાલીમી ક્ષેત્રમાં ચાલી રહેલી દક્ષિણ શક્તિ કવાયતના ભાગરૂપે આ કવાયત હાથ ધરવામાં આવી.

✓ તમામ સુરક્ષા દળોના જવાનોએ આ કવાયતમાં સાહસભેર ભાગ લીધો હતો અને સૈન્યના વિવિધ પાસાનો પરિચય કેળવ્યો હતો.

### 5. આદિવાસી ફ્રીડમ ફાઈટર મ્યુઝિયમ-ભારત સરકાર

**ગુજરાત સહિત ઝારખંડ, આંધ્રપ્રદેશ, કેરળ, મધ્યપ્રદેશ, મણિપુરમાં આદિવાસી ફ્રીડમ ફાઈટર મ્યુઝિયમ તૈયાર કરાશે**




✓ ગૃહમંત્રી અમિત શાહના હસ્તે મણિપુરમાં રાણી ગાઈદિન્લ્યૂ આદિવાસી ફ્રીડમ ફાઈટર મ્યુઝિયમની આધારશીલા મુકાઈ

**મ્યુઝિયમ વિશે :**

✓ **મણિપુરનાં તામેંગલાંગ જિલ્લામાં લુઆંગકાઓ ગામે આ મ્યૂઝિયમનો શિલાન્યાસ** કરાયો હતો. તે જાણીતા સ્વાતંત્ર્ય સેનાની રાણી ગાઈદિન્લ્યૂની જન્મભૂમિ છે.

✓ **રકમ :** રૂ. 15 કરોડ

### 6. ખેલકૂદ : સૈયદ મુસ્તાક અલી T-20 ટ્રોફી-2021 (ક્રિકેટ)

✓ **વિજેતા : તામિલનાડુ** **ઉપ વિજેતા : કર્ણાટક**

✓ **યજમાન : નવી દિલ્હી**




### 7. ટુ-ઈન-વન હ્યુમન ઈન્ટેલિજન્સ ટીમ : ભારત સરકાર

**ચીન અને પાકિસ્તાનના સરહદ પરના 16,000 ગામમાં હવે ટુ-ઈન-વન હ્યુમન ઈન્ટેલિજન્સ ટુકડી તહેનાત કરવાનો નિર્ણય**

**મુખ્ય હેતુ :**

✓ ટુ-ઈન-વન ટીમ બોર્ડર પર સુરક્ષા ઉપરાંત વિકાસ કરવામાં પણ સહભાગી બનશે

**કેવી રીતે કામ કરશે ટીમ :**

✓ ચીન અને પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સીમા પર ચાંપતી નજર રાખવા તેમજ બંને દેશ દ્વારા કરવામાં આવતી શંકાસ્પદ ગતિવિધિઓને રોકવા ભારત સરકારે હ્યુમન ઈન્ટેલિજન્સની નવી ટીમ ગોઠવવાની યોજના ઘડી.

✓ બોર્ડર પરના 16,000 ગામોમાં હવે ટુ-ઈન-વન હ્યુમન ઈન્ટેલિજન્સની ટુકડીઓ ગોઠવાશે.

✓ ચીન તેમજ પાક.ના કોઈપણ ઉશ્કેરણીજનક કાર્યો કે અટકચાળાને રોકવા ફુલપ્રૂફ પ્લાન ઘડવામાં આવશે.

✓ આ ટીમ ટુ-ઈન-વન કામ કરશે જેમાં તે દુશ્મન દેશોની તમામ ચાલ પર નજર રાખશે અને બોર્ડર પર ચાલી રહેલા વિકાસ કાર્યોમાં સહભાગી પણ બનશે. આમ તેઓ બેવડી ભૂમિકા નિભાવશે.

✓ આ તમામ કાર્યોમાં કેન્દ્ર કે રાજ્ય સરકારોની ગુપ્તચર એજન્સી ક્યાંય ચંચૂપાત નહીં કરે. તેમની આમાં કોઈ ભૂમિકા નહીં હોય. 16,000 ગામનાં લોકો જ આ જવાબદારી સંભાળશે.

### 8. 'બિટકોઈન સિટી' : દક્ષિણ અમેરિકાના દેશ અલ સાલ્વાડોરના રાષ્ટ્રપતિ નઈબ બુકેલ દ્વારા વિશ્વમાં સૌપ્રથમ અલ સાલ્વાડોરને 'બિટકોઈન સિટી' તરીકે વિકસાવવાની જાહેરાત



**છેલ્લા 20 વર્ષથી અમેરિકન ડૉલરને પોતાનું ચલણ સ્વીકારનાર અલ સાલ્વાડોર વિશ્વનો પહેલો એવો દેશ છે કે જેણે બિટકોઈન્સને ચલણ તરીકે માન્યતા આપી.**

**મહત્વની સુવિધાઓ :**

✓ આ શહેર માટે જ્વાળામુખીમાંથી વીજળી ઉત્પન્ન કરાશે અને ક્રિપ્ટોકરન્સીનાં બોન્ડ દ્વારા તે માટે નાણાકીય વ્યવસ્થા કરાશે.

✓ આ શહેરમાં રહેઠાણ માટે અલગ ઝોન તેમજ વેપારધંધા માટે અલગ ઝોન બનાવવામાં આવશે.

✓ લોકો માટે જુદીજુદી સેવાઓ તેમજ સુવિધાઓ ઊભી કરાશે. મ્યૂઝિયમ, એરપોર્ટ, બંદરો, રેલવે તેમજ મનોરંજન માટે એમ્યૂઝમેન્ટ પાર્ક બનાવાશે.

**આગામી આયોજન :**

- ✓ બિટકોઈન્સ શહેર અને બિટકોઈન માઈનિંગને કોચાગુઆ જ્વાળામુખીમાંથી ઊર્જા અપાશે.
- ✓ બિટકોઈન્સ માઈનિંગ એક પ્રકારની પ્રોસેસ છે જેમાં કોમ્પ્યૂટરની મદદથી ગણિતના કોયડાઓ ઉકેલવામાં આવે છે અને નવા બિટકોઈનનું નિર્માણ કરાય છે. આ માટે વધુ વીજળીની જરૂર પડે છે.
- ✓ અલ સાલ્વાડોરમાં જિયોથર્મલ પ્લાન્ટથી થોડી વીજળી મેળવવામાં આવે છે જે ટેકાપા નામના જ્વાળામુખીમાંથી મેળવવામાં આવે છે. આને કારણે આ શહેરમાં કાર્બન ઉત્સર્જન ઝીરો રહેશે. આમ શહેર સંપૂર્ણપણે ગ્રીન સિટી બનશે જ્યાં પર્યાવરણની જાળવણી કરાશે.
- ✓ શહેર માટે ટેકાપા પ્લાન્ટ ઉપરાંત કોચાગુઆ પ્લાન્ટ દ્વારા વીજળી ઉત્પન્ન કરાશે. આ પ્રોજેક્ટ માટે 2022માં 1 અબજ ડૉલર બિટકોઈન્સ બોન્ડ બહાર પાડીને નાણાં એકઠાં કરાશે. આ વલ્કેનો બોન્ડ 10 વર્ષની મુદતના રહેશે જેમાં 6.5 ટકાના દરે વ્યાજ ચૂકવાશે.
- ✓ **રાજધાની : સાન સાલ્વાડોર**

**9. જન્મ દિન વિશેષ : 22 નવેમ્બર વીરાંગના - ઝલકારી દેવી**




**જન્મ : 22 નવેમ્બર-1830 અવસાન : 1858**

- ✓ 'જા કર રણ મેં લલકારી થી, ગોરો કો લડના શીખા ગઈ, હૈ ઈતિહાસ મેં ઝલક રહી, વહ ભારત કી નારીથી' રાષ્ટ્રકવિ મૈથલીશરણ ગુપ્ત આ પંક્તિઓ દ્વારા જે વીરાંગનાનું ગૌરવગાન કર્યું છે તેવા ઝલકારીદેવીનો આજે જન્મદિવસ.
- ✓ ઝાંસી પાસે ભોજલાગ્રામમાં જન્મેલાં ઝલકારીદેવીનાં માતાનું નાનપણમાં જ અવસાન થયું હતું. માતાના મૃત્યુ બાદ પિતાએ ઝલકારીનો ઉછેર છોકરાની પેઠે કર્યો હતો.
- ✓ શિક્ષણથી લગભગ વંચિત રહેલાં ઝલકારીદેવી ઘોડે સવારી અને તલવારબાજી કુશળતાપૂર્વક કરી શકતાં, બાલ્યાવસ્થામાં કુહાડીથી વાઘને મારી નાંખ્યો હોવાની કથા પણ તેમના વ્યક્તિત્વ સાથે જોડાયેલી છે.
- ✓ ઝાંસીના સૈન્યના તોપચી પુરણસિંહ સાથે લગ્ન થયા પછી તેમનો પરિચય રાણી લક્ષ્મીબાઇ સાથે થયો, રાણીની દુર્ગાસેનામાં સામેલ થઇ સૈનિક બન્યા હતા.
- ✓ 23 માર્ચ 1858ના રોજ અંગ્રેજ સેનાપતિ હ્યુરોઝે ઝાંસી પર આક્રમણ કર્યું ત્યારે રાણી લક્ષ્મીબાઇ પોતાના 5 હજાર સૈનિકો સાથે તેની સામે ઝઝૂમી રહ્યાં હતાં.
- ✓ આ સમયે ઝલકારીદેવીએ ઝાંસીની રાણીને સુરક્ષિત કરવા રાણીના વેશમાં પોતાને રાણી તરીકે જાહેર કરી અંગ્રેજોનું ધ્યાન પોતાના તરફ આકર્ષિત કર્યું હતું.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (22-11-2021)

**1.** તા. 19 ડિસેમ્બર-2021ના રોજ ગુજરાતમાં યોજાનાર ગ્રામપંચાયતની ચૂંટણી સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. EVMના સ્થાને બેલેટ-મતદાન પત્રો દ્વારા ચૂંટણી યોજાશે
2. મતદાન સમય : સવારના 7થી સાંજે 6 કલાક
3. ઉમેદવારોની ખર્ચ મર્યાદા : 12 વોર્ડ સુધી : રૂ. 15 હજાર, 22 વોર્ડ સુધી : રૂ. 22 હજાર તથા 22 વોર્ડથી વધુ : રૂ.45 હજાર
4. મતગણતરી : 21 ડિસેમ્બર-2021

(A) 1 અને 2 (B) 2 અને 4 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**2.** જાન્યુઆરી 2022માં યોજાનાર વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અને ગ્લોબલ ટ્રેડ શો સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. 10મી શ્રૃંખલા અને તા.10 થી 12 જાન્યુઆરી 2022
2. મુખ્ય લક્ષ્યાંક : લઘુ અને મધ્યમ ઉધોગો(MSME)ને પ્રોત્સાહિત કરાશે
3. ટ્રેડ શોની થીમ:"આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત"
4. સમિટમાં 15થી વધુ દેશો કન્ટ્રી પાર્ટનર તરીકે સહભાગી થશે
5. તા.10મી જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે સમિટનું ઉદ્ઘાટન

(A) 1 અને 2 (B) 2 અને 4 (C) 3 અને 5 **(D) આપેલ તમામ**

**3.** નવેમ્બર-2021માં યોજાયેલ ક્રિકેટની સૈયદ મુસ્તાક અલી T-20 ટ્રોફી-2021 સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. વિજેતા : તામિલનાડુ                2. ઉપ વિજેતા : કર્ણાટક
3. યજમાન : નવી દિલ્હી

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**4.** ભારત સરકાર દ્વારા સરહદી વિસ્તારમાં સુરક્ષા-વિકાસ કરવાના હેતુસર ટુ-ઈન-વન હ્યુમન ઈન્ટેલિજન્સ ટીમ બાબતે નીચેના પૈકી કયા વિધાન યોગ્ય છે

1. ચીન અને પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સીમા પર ટીમની તહેનાતી
2. સરહદ પરના 16,000 ગામમાં ટીમ ગોઠવવામાં આવશે
3. 16,000 ગામનાં લોકો જ આ જવાબદારી સંભાળશે
4. તમામ કાર્યોમાં કેન્દ્ર કે રાજ્ય સરકારોની ગુપ્તચર એજન્સીની દખલગીરી નહીં હોય

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**5.**નવેમ્બર-2021માં જાહેર કરવામાં આવેલી વિશ્વની સૌપ્રથમ 'બિટકોઈન સિટી'માં નીચેના પૈકી કયા વિધાનો યોગ્ય છે

1. વિશ્વની સૌપ્રથમ 'બિટકોઈન સિટી' - અલ સાલ્વાડોર (દક્ષિણ અમેરિકન દેશ)
2. બિટકોઈન ચલણને માન્યતા આપનાર અલ સાલ્વાડોર વિશ્વનો પ્રથમ દેશ
3. બિટકોઈન્સ શહેર અને બિટકોઈન માઈનિંગને કોચાગુઆ જ્વાળામુખીમાંથી ઊર્જા અપાશે

4. અલ સાલ્વાડોરના રાષ્ટ્રપતિ નઈબ બુકેલ દ્વારા અલ સાલ્વાડોરને 'બિટકોઈન સિટી' તરીકે વિકસાવવાની જાહેરાત

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**6.** ગુજરાત ચૂંટણી આયોગ-ગાંધીનગર દ્વારા ડિસેમ્બર 2021માં કુલ કેટલી ગ્રામપંચાયત માટે ચૂંટણી જાહેર કરવામાં આવી છે

(A) 10,789 **(B) 10,879** (C) 10,897 (D) 10,987

**7.**વર્તમાન ગુજરાત રાજ્ય ચૂંટણી કમિશનરનું નામ જણાવો

(A) એ.કે.જોતિ **(B) સંજય પ્રસાદ**

(C) વરેસ સિંહા (D) પંકજકુમાર

**8.** વર્ષ-2022માં ગુજરાતમાં કેટલામી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ યોજાશે

(A) 8 (B) 9 **(C) 10** (D) 11

**9.** ગુજરાતમાં સૌપ્રથમ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ક્યારે અને ક્યાં યોજાઈ હતી

**(A) વર્ષ 2003 તથા અમદાવાદ** (B) વર્ષ 2002 તથા સુરત

(C)વર્ષ 2003 તથા ગાંધીનગર (D) વર્ષ 2001 તથા અમદાવાદ

**10.** તાજેતરમાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે નવી દિલ્હી ખાતે બાલાકોટ એરસ્ટ્રાઈકમાં અપૂર્વ વીરતા બતાવનાર IAFના ગ્રૂપ કેપ્ટન અભિનંદનને કયા વિરતા પુરસ્કારથી સન્માનિત કરાયા

**(A) વીરચક્ર** (B) પરમ વીરચક્ર (C) અશોક ચક્ર (D) શૌર્યચક્ર

**11.** તા. 19થી 22 નવેમ્બર-2021 દરમિયાન સૈન્ય, નૌકાદળ, વાયુસેના, તટરક્ષક દળ અને ગુજરાત રાજ્યની સુરક્ષા એજન્સીઓ વચ્ચે સંયુક્તપણે સાગર શક્તિ કવાયત ક્યાં યોજાઈ હતી

(A) દિવ **(B) સિરક્રિક સેક્ટર-કચ્છ**

(C) પોરબંદર (D) જામનગર

**12.** નવેમ્બર-2021માં ક્યા રાજ્યમાં ગૃહમંત્રી અમિત શાહના હસ્તે રાણી ગાઈદિન્લ્યૂ આદિવાસી ફ્રીડમ ફાઈટર મ્યુઝિયમની ઈ-આધારશીલા મુકાઈ

(A) આસામ (B) ત્રિપુરા **(C) મણિપુર** (D) મેઘાલય

**13.** આગામી સમયમાં ભારત સરકાર દ્વારા મુખ્યત્વે ક્યા રાજ્યોમાં આદિવાસી ફ્રીડમ ફાઈટર મ્યુઝિયમ તૈયાર કરાશે

(A) ગુજરાત તથા ઝારખંડ (B) આંધ્રપ્રદેશ તથા કેરળ

(C) મધ્યપ્રદેશ તથા મણિપુર **(D) આપેલ તમામ**

**14.**વીરાંગના ઝલકારી દેવીનો જન્મ ક્યારે-ક્યા થયો હતો

(A) 19 નવેમ્બર-1827 ઝાંસી પાસે ભોજલાગામ

(B) 20 નવેમ્બર-1828 ઝાંસી પાસે ભોજલાગામ

(C) 21 નવેમ્બર-1829 ઝાંસી પાસે ભોજલાગામ

**(D) 22 નવેમ્બર-1830 ઝાંસી પાસે ભોજલાગામ**

**DATE : 23-11-2021**

**1. નિર્ણય – ગુજરાત સરકાર**

**સરકારી કામમાં ગુજરાતી યુનિકોડ ફોન્ટનો ફરજિયાત ઉપયોગ કરવાનો નિર્ણય**




- ✓ સચિવાલય અને સરકારી કચેરીઓમાં કોમ્પ્યુટરના વપરાશમાં યુનિકોડ ફોન્ટ (શ્રુતિ)નો ફરજીયાત ઉપયોગ કરવાનો નિર્ણય.
- ✓ જે કચેરીઓ યુનિકોડ સિવાયના ફોન્ટ વાપરશે તેમની જવાબદારી ફિક્સ કરીને પગલાં લેવાશે.
- ✓ **હેતુ :** કોમ્પ્યુટરની ગુજરાતી ભાષાની કામગીરીમાં એકસૂત્રતા આવે તે આશય.
- ✓ વિભાગ : સાયન્સ એન્ડ ટેકનોલોજી

**2. શ્રમિકો માટે નવા વેતન દર જાહેર - ગુજરાત સરકાર**

**કેટેગરી – 1 કુશળ કારીગરો :**

- ✓ **ઝોન-1**ના શ્રમિકોને લઘુત્તમ વેતનદર રૂ. 293
- ✓ **ઝોન-2**ના શ્રમિકોને લઘુત્તમ વેતન દર રૂ. 284

**કેટેગરી – 2 અર્ધ કુશળ કારીગરો :**

- ✓ **ઝોન-1**ના શ્રમિકોને લઘુત્તમ વેતનદર રૂ. 284
- ✓ **ઝોન-2**ના શ્રમિકોને લઘુત્તમ વેતન દર રૂ. 276

**કેટેગરી – 3 બીનકુશળ કારીગરો :**

- ✓ **ઝોન-1**ના શ્રમિકોને લઘુત્તમ વેતનદર રૂ. 276
- ✓ **ઝોન-2**ના શ્રમિકોને લઘુત્તમ વેતન દર રૂ. 268
- ✓ **ઝોન-1 :** મહાનગરપાલિકા, નગરપાલિકા તથા શહેરી વિકાસસત્તામંડળમાં સમાવિષ્ટ વિસ્તારના નાગરિકો
- ✓ **ઝોન-2 :** ઝોન-1માં સમાવિષ્ટ સિવાયના વિસ્તારના નાગરિકો

**3. ભારતીય રેલવે : મહત્વની જાહેરાત**

**ભારતીય રેલવે દ્વારા 180થી વધુ 'ભારત ગૌરવ ટ્રેન'નું સંચાલન IRCTC અને ખાનગી ઓપરેટર્સને આપવાની જાહેરાત-નિર્ણય**

IRCTC




- ✓ **હેતુ : દેશમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા તથા સાંસ્કૃતિક વારસાને જાળવવા**

**નિર્ણય :**

- ✓ ભારત ગૌરવ ટ્રેન ભારતના સાંસ્કૃત વારસાને રજૂ કરતી થીમ પર આધારિત રહેશે.
- ✓ ભારત ગૌરવ ટ્રેન, રામાયણ ટ્રેનથી લોકોને ભારતીય સંસ્કૃતિ અને આપણી પ્રાચીન સંસ્કૃતિ સાથે પરિચિત થવાની તક મળે છે.
- ✓ **રેલવે મંત્રી : શ્રી અશ્વિની વૈષ્ણવ**

**4. પુસ્તક વિમોચન :**

**પુસ્તકનું નામ - "10 ફ્લેશ પોઈન્ટ : 20 યર્સ - નેશનલ સિક્યોરિટી સિચ્યુએશન ધેટ ઈમ્પેક્ટ ઈન્ડિયા"**

✓ **લેખક : કોંગ્રેસ નેતા મનીષ તિવારી**






**પુસ્તકનો ટૂંકસાર :**

- ✓ "10 ફ્લેશ પોઈન્ટ : 20 યર્સ - નેશનલ સિક્યોરિટી સિચ્યુએશન ધેટ ઈમ્પેક્ટ ઈન્ડિયા" નામનાં પુસ્તકમાં મુંબઈમાં 2008માં 26/11 આતંકી હુમલા પછી પાક. સામે કોઈ એક્શન ન લેવાયા તેને તત્કાલીન મનમોહન સરકારની નબળાઈ ગણાવતા વિવાદ સર્જાયો.
- ✓ કોંગ્રેસ નેતાએ જ UPA-2 સરકાર સામે સવાલો ઉઠાવતા હડકંપ મચ્યો છે.
- ✓ પુસ્તકમાં ભારતમાં છેલ્લા 20 વર્ષમાં થયેલી મહત્ત્વની ઘટનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં રાષ્ટ્રીય સુરક્ષા સામેના પડકારોનું વર્ણન કરાયું.

**5. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ અર્બન ઈન્ડિયા ઈન્ડેક્સ-2021 : નીતિ આયોગ**




**ઈન્ડેક્સમાં ટોપ-10માં શિમલા પ્રથમ ક્રમે**

**સર્વેમાં સમાવિષ્ટ શહેરો :**

**અર્બન ઈન્ડિયા ઈન્ડેક્સમાં ટોપ ૧૦ શહેરો**

| | | |
|---|---|---|
| ૦૧ સિમલા | યાદીના બોટમ ૧૦ શહેરો | ૪૭ ફરિદાબાદ |
| ૦૨ કોઈમ્બતોર | | ૪૮ કોલકાતા |
| ૦૩ ચંડીગઢ, | | ૪૯ આગ્રા |
| ૦૪ થિરૂવનન્તપુરમ | | ૫૦ કોહિમા |
| ૦૫ કોચી | | ૫૧ જોધપુર |
| ૦૬ પણજી | | ૫૨ પટણા |
| ૦૭ પુણે | | ૫૩ ગુવાહાટી |
| ૦૮ તિરુચિરાપલ્લી | | ૫૪ ઈટાનગર |
| ૦૯ અમદાવાદ | | ૫૫ મેરઠ |
| ૧૦ નાગપુર | | ૫૬ ધનબાદ |

- ✓ નીતિ આયોગ દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ અર્બન ઈન્ડિયા ઈન્ડેક્સ નામની **ભારતના 10 લાખથી વધુ વસ્તી ધરાવતા 44** અને **તેથી ઓછી વસ્તી ધરાવતા હોવા છતાં રાજ્યોની રાજધાનીનાં 12 શહેર મળીને કુલ 56 શહેરો**ની સ્થિતિ દર્શાવતી સૌપ્રથમ યાદી બહાર પાડવામાં આવી.

**માપદંડ :**

- ✓ સરકારની થિન્ક ટેન્ક દ્વારા જાહેર કરવામાં આવેલા આ રિપોર્ટમાં પર્યાવરણ અને ગ્રીનહાઉસ ગેસોના પ્રદૂષણ સહિતના પાસાં તપાસીને ઈન્ડો જર્મન ડેવલપ્મેન્ટ કુપરેશનના નેજા હેઠળ આ રિપોર્ટ તૈયાર કર્યો.
- ✓ ઝડપભેર થઈ રહેલા વિકાસમાં કર્યાં શહેરો પોતાનું પર્યાવરણ અને સંસાધનોના હિસાબે કયું શહેર કેટલી ક્ષમતા ધરાવે છે અને કેટલું ટકી શકશે તે બાબતોનું તેમાં ધ્યાન રાખવામાં આવ્યું

**ગુણભાર :**

- ✓ તમામ પાસાંને ધ્યાનમાં રાખતાં દરેક શહેરને 0થી 100 માર્ક આપવામાં આવ્યા છે. તેમાંથી 49 માર્ક ધરાવતા શહેરોને આશાસ્પદ ગણવામાં આવ્યાં છે, 50થી 64 માર્ક લાવનાર શહેરોને પરફોર્મર્સ ગણવામાં આવ્યાં છે અને 65થી 99 માર્ક લાવનાર શહેરોને અચીવર્સ ગણવામાં આવ્યાં છે.
- ✓ અહેવાલ મુજબ પૂરા 100 માર્ક એક પણ શહેરને અપાયા નથી.

**6. ભારત - US વેપારી સંબંધો**

**બંને દેશો વચ્ચે કૃષિ, બિતખેતીની ચીજો, સેવાઓ માટે વર્કિંગ ગ્રૂપ રચાશે**




- ✓ બંને દેશોએ કૃષિ તેમજ ખેતી સિવાયની ચીજો, સર્વિસિસ, રોકાણો અને બૌદ્ધિક સંપત્તિ અધિકારો માટે ટ્રેડ પોલિસી ફોરમ હેઠળ વર્કિંગ ગ્રૂપ રચવાનું નક્કી કર્યુ છે, જે પરસ્પરના હિતો જાળવીને વખતોવખત સમસ્યાઓનો ઉકેલ લાવશે.
- ✓ બંને દેશનાં બજારો બંને દેશના ખેડૂતો તેમજ વેપારીઓ માટે સમાન રીતે ખુલ્લા મુકવા અને તેમને લાભ પહોંચાડવાનો આ પાછળનો ઈરાદો.

**વિવિધ સમજૂતી કરારો :**

- ✓ ભારતની કેરી, દ્રાક્ષ તેમજ દાડમ અને દાડમના દાણાની અમેરિકાનાં બજારોમાં નિકાસ માટેનો માર્ગ ખુલ્લો થયો.
- ✓ આ માટે બંને દેશોએ સમજૂતી કરવાનો નિર્ણય લીધો છે. તેવી જ રીતે ભારતનાં બજારમાં અમેરિકાની ચેરી, સૂવરનું માંસ, સૂવરનાં માંસની બનાવટો તેમજ પશુઓનાં ચારા માટે આલ્ફાલ્ફા નામનું ઘાસ લાવવા માટેનો માર્ગ પણ ખૂલશે. ભારત અને અમેરિકાએ બંને દેશો વચ્ચેની વેપારી સમસ્યાઓ ઉકેલવા સંમતિ દર્શાવી છે.

**7. ખેલકૂદ : જૂનિયર હોકી વર્લ્ડકપ-2021**

- ✓ યજમાન : ભૂવનેશ્વર, ઓડિશા




**વિવિધ ગ્રૂપ અને દેશો :**

- ✓ **ગ્રૂપ-એ :** બેલ્જિયમ, મલેશિયા, સાઉથ આફ્રિકા, ચિલી
- ✓ **ગ્રૂપ-બી :** ભારત, કેનેડા, ફ્રન્સ, પોલેન્ડ
- ✓ **ગ્રૂપ-સી :** નેધરલેન્ડ્સ, સ્પેન, કોરિયા, યુએસએ
- ✓ **ગ્રુપ-ડી :** જર્મની, આર્જેન્ટિના, પાકિસ્તાન, ઈજિપ્ત
- ✓ **સમયગાળો:**તા. 24 નવેમ્બરથી 5 ડિસેમ્બર 2021
- ✓ ભારત વર્ષ 2001 અને વર્ષ 2016માં ચેમ્પિયન

**8. ક્રૂડ ઑઈલ મુદ્દે કોલ્ડ વૉર :**

**ક્રૂડના ભાવ ઘટાડવા ઓપેક વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય મોરચો : જેમાં ભારત, US, ચીન અને જાપાન એક સાથે**

**ઓપેક દેશો સામે વ્યૂહરચના :**

- ✓ ક્રૂડ ઑઇલના આંતરરાષ્ટ્રીય ભાવ ઘટાડવા માટે તથા ક્રુડનું ઉત્પાદન વધારવા માટે **ઑપેક-ઓર્ગેનાઇઝેશન ઑફ ધ પેટ્રોલિયમ એક્સપોર્ટીંગ કન્ટ્રીઝ** દેશો પર દબાણ લાવવા માટે ભારત, અમેરિકા, ચીન, જાપાન સહિતના દેશોએ મોરચો માંડ્યો છે.
- ✓ આ માટેના વ્યૂહના ભાગરૂપ ભારત, અમેરિકાએ પોતાના અનામત જથ્થા (સ્ટ્રેટેજીક પેટ્રોલિયમ રિઝર્વ)માંથી ક્રુડ ઑઇલનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું.
- ✓ ભારતે પોતાના 38 મિલિયન બેરલ ક્રુડના કુલ અનામત જથ્થામાંથી પહેલીવાર 50 લાખ બેરલ ક્રુડ રિલિઝ કરવાનો નિર્ણય કર્યો હતો. તો અમેરિકાએ પણ પોતાના અનામત જથ્થામાંથી 5 કરોડ બેરલ ક્રૂડ રિલિઝ કરવાની જાહેરાત
- ✓ જાપાન, ચીન અને દક્ષિણ કોરિયા પણ ક્રુડનો પોતાનો રિઝર્વ સ્ટોક રિલિઝ કરશે એવી સંભાવના

**શા માટે ઓપેક પર દબાણ લાવવાની જરૂરિયાત સર્જાઈ ?**

- ✓ કોરોનાકાળમાં દુનિયાભરમાં ક્રૂડ ઑઇલના વપરાશમાં ઘટાડો થયો હતો. જેના કારણે ક્રુડ ઉત્પાદક દેશો પણ ઉત્પાદન ઘટાડ્યું હતું.
- ✓ કોરોનાની અસર હળવી થતા વિશ્વભરમાં લોકડાઉન દૂર થયું હતું જેના કારણે પેટ્રોલ ડિઝલ સહિતની પેટ્રોલિયમ પેદાશોનો વપરાશ વધવાથી ક્રુડની ડિમાન્ડ વધી હતી. આ માગને પહોંચી વળવા માટે ઓપેક દ્વારા ઉત્પાદન આવ્યું નહોતું. જેના કારણે ક્રુડના ભાવ પણ ઊંચકાયા હતા.
- ✓ ભાવ ઘટે અને માગને પહોંચી વળવા માટે ઉત્પાદન વધારવાની ઓપેકને વિનંતીઓ કરવામાં આવી હતી. જેની સામે ઑપેકે નમતુ જોખ્યું નહોતું.
- ✓ આ કારણોસર અમેરિકા, ભારત, ચીન સહિતના દેશોને આ અસાધારણ પગલું ભરવું પડ્યું.
- ✓ **ઓપેક દેશો :** ઇરાન, ઇરાક, કુવૈત, લિબિયા, સાઉદી અરેબિયા, નાઇજીરિયા, કોંગો, યુએઇ, વેનેઝુએલા, અલ્જેરિયા, અંગોલા અને ઇક્વાટોરિયલ ગુએના.

**ભારતનો કુલ 38 મિલિયન બેરલ જથ્થો 3 સ્થળે સ્ટોર**

- ✓ ભારતે દેશના પૂર્વ અને પશ્ચિમ કાંઠે કુલ ત્રણ જગ્યાએ અન્ડરગ્રાઉન્ડ ટાંકીઓમાં ક્રૂડ ઑઇલનો અનામત જથ્થો સ્ટોર કર્યો છે.
- ✓ ભારતનો રિઝર્વ સ્ટોક અંદાજે 38 મિલિયન બેરલ છે. ભારત ક્રુડની આયાત કરતો વિશ્વનો ત્રીજો સૌથી મોટો દેશ છે.
- ✓ **ભારતનો દૈનિક પેટ્રોલિયમ વપરાશ 4.8 મિલિયન બેરલ**

**9. જન્મ દિન વિશેષ : 23 નવેમ્બર**

**પ્રયોજક - વાલચંદ હીરાચંદ**




**જન્મ : 23 નવેમ્બર 1882**

**અવસાન : 8 એપ્રિલ-1953**

- ✓ ગુજરાતના વાંકાનેરમાં જન્મેલા બાલચંદ હીરાચંદ દોશીના માતાનું તેમના જન્મના થોડા દિવસ પછી જ અવસાન થયું હતું.
- ✓ 1899માં મેટ્રિક થયા, વિનયન સ્નાતક સુધી ભણ્યા અને કૌટુંબિક વ્યવસાય અર્થે સોલાપુરમાં જોડાયા હતા. પિતાના કાપડ અને બેન્કિંગના વારસાગત વ્યવસાયથી ફંટાઇ વાલચંદ રેલવે કોન્ટ્રાક્ટર બન્યા હતા.
- ✓ નવા ધંધા અને પ્રયોજકીય પ્રવૃત્તિઓ માટેની દીર્ઘદૃષ્ટિ, મહેનતુ સ્વભાવ અને અમર્યાદિત મહત્ત્વાકાંક્ષાઓ તેઓમાં હતી તેના જોરે વાલચંદ હીરાચંદે એર ક્રાફ્ટ ફેક્ટરી, કાર ફેક્ટરી અને બાંધકામ કંપની શરૂ કરી હતી.
- ✓ તેમની બાંધકામ કંપનીએ ભારતમાં ઘણા બંધો બાંધ્યા છે. વાલચંદ હીરાચંદે સુગર ફેક્ટરી અને વાલચંદ સ્ટૂડિયો પણ શરૂ કર્યા હતા.
- ✓ ભારતનું સૌ પહેલું આધુનિક શિપયાર્ડ હીરાચંદ શરૂ કરવાનો શ્રેય પણ તેમના શિરે જાય છે.
- ✓ આ બધા દ્વારા તેમની ગણતરી ભારતના 10 મોટા ઉધોગપતિઓમાં થતી હતી.
- ✓ દેશના આઝાદીના આંદોલનમાં પણ તેમનું સક્રિય યોગદાન રહ્યું હતું.

**10. દિન વિશેષ : 23 નવેમ્બર**

**ગુજરાત યુનિવર્સિટીનો 73મો સ્થાપના દિવસ**



- ✓ સ્થાપના : તા. 23-11-1949
- ✓ સ્થાપક : સરદાર વલ્લભભાઈ પટેલ
- ✓ સ્થળ : અમદાવાદ
- ✓ વર્તમાન કુલપતિ : પ્રો. હિમાંશુભાઈ પંડ્યા.

ગુજરાત યુનિવર્સિટી
યોગ: કર્મસુ કૌશલમ્

**વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (23-11-2021)**

**1.** નવેમ્બર-2021માં ગુજરાત સરકાર દ્વારા શ્રમિકો માટે જાહેર કરાયેલા નવા વેતન દરમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

1. કુશળ કારીગરો : ઝોન-1 માટે રૂ. 293 તથા ઝોન-2 માટે રૂ. 284 લઘુત્તમ વેતનદર

2. અર્ધ કુશળ કારીગરો : ઝોન-1 માટે રૂ. 284 તથા ઝોન-2 માટે રૂ. 276 લઘુત્તમ વેતનદર

3. બીનકુશળ કારીગરો : ઝોન-1 માટે રૂ. 276 તથા ઝોન-2 માટે રૂ. 268 લઘુત્તમ વેતનદર

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**2.** નવેમ્બર-2021માં જાહેર કરાયેલા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ અર્બન ઈન્ડિયા ઈન્ડેક્સ-2021 સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1.ભારતના 10 લાખથી વધુ વસ્તી ધરાવતા 44 શહેરોનો સમાવેશ

2. ભારતના 10 લાખથી ઓછી વસ્તી ધરાવતા હોવા છતાં રાજ્યોની રાજધાનીનાં 12 શહેર મળીને કુલ 56 શહેરો સમાવિષ્ટ

3. પર્યાવરણ અને ગ્રીનહાઉસ ગેસોના પ્રદૂષણ સહિતના પાસાં તપાસીને ઈન્ડો જર્મન ડેવલમ્પમેન્ટ દ્વારા અહેવાલ તૈયાર

4. દરેક શહેરને 0થી 100 માર્ક અપાયો

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** જૂનિયર હોકી વર્લ્ડકપ-2021 સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. યજમાન : ભૂવનેશ્વર, ઓડિશા

2. સમયગાળો:તા. 24 નવેમ્બરથી 5 ડિસેમ્બર 2021

3. કુલ ચાર ગ્રૂપ પૈકી ભારતનો ગ્રૂપ Bમાં સમાવેશ

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) માત્ર 1 **(D) આપેલ તમામ**

**4.** કોમ્પ્યુટરની ગુજરાતી ભાષાની કામગીરીમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી સરકારી કચેરીઓમાં કયા ફોન્ટ ફરજિયાત ઉપયોગ કરવાનો નવેમ્બર-2021માં નિર્ણય કરાયો

**(A) યુનિકોડ ફોન્ટ (શ્રુતિ)** (B) સરલ ફોન્ટ

(C) અરુણ ફોન્ટ (D) ક્રિષ્ના ફોન્ટ

**5.** નવેમ્બર-2021માં ભારતીય રેલવે દ્વારા પ્રવાસનને વેગ આપવા તથા સાંસ્કૃતિક વારસાને જાળવવા 180થી વધુ કઈ ટ્રેનનું સંચાલન IRCTC અને ખાનગી ઓપરેટર્સને આપવાની જાહેરાત-નિર્ણય કરાયો

(A) વંદેભારત ટ્રેન **(B) ભારત ગૌરવ ટ્રેન**

(C) તેજસ એક્સપ્રેસ (D)મહારાજા એક્સપ્રેસ

**6.**તાજેતરમાં પ્રકાશિત થયેલ "10 ફ્લેશ પોઈન્ટ : 20 યર્સ - નેશનલ સિક્યોરિટી સિચ્યુએશન ધેટ ઈમ્પેક્ટ ઈન્ડિયા" પુસ્તકના લેખનું નામ જણાવો

(A) શશી થરૂર (B) ગુલામનબી આઝાદ

**(C) મનીષ તિવારી** (D) કપિલ સિબ્બલ

**7.**નવેમ્બર-2021માં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ અર્બન ઈન્ડિયા ઈન્ડેક્સ-2021 ભારત સરકારની કઈ એજન્સી દ્વારા દ્વારા જાહેર કરાયો

**(A)નીતિ આયોગ** (B) DRDO (C) ISRO (D) આયોજન પંચ

**8.** નવેમ્બર-2021માં જાહેર કરાયેલા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ અર્બન ઈન્ડિયા ઈન્ડેક્સ-2021માં ટોપ ટેનમાં પ્રથમ ચાર શહેરોના નામ જણાવો

(A) સિમલા અને કોઈમ્બતૂર (B) કોચ્ચિ અને પણજી

(C) ચંદીગઢ અને થીરૂવંતપુરમ **(D) A અને C બંને**

**9.** નવેમ્બર-2021માં જાહેર કરાયેલા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ અર્બન ઈન્ડિયા ઈન્ડેક્સ-2021માં ટોપ-10માં સમાવિષ્ટ ગુજરાતનું એકમાત્ર શહેર અને ક્રમ જણાવો

**(A) અમદાવાદ તથા 09** (B) સુરત તથા 05

(C) રાજકોટ તથા 06 (D) વડોદરા તથા 08

**10.**ભારત - US વેપારી સંબંધો સુધારવા બંને દેશો વચ્ચે કૃષિ, બિતખેતીની ચીજો, સેવાઓ માટે કયા ગ્રૂપની રચના કરાશે

(A) હાઈપાવર ગ્રૂપ (B) એક્ઝિમ ગ્રૂપ

(C) ટ્રેડ ગ્રૂપ **(D) વર્કિંગ ગ્રૂપ**

**11.**નવેમ્બર-2021માં વૈશ્વિક સ્તરે ક્રૂડ ઑઈલના ભાવ ઘટાડવા નીચે પૈકી ક્યા દેશો ઓપેક સંગઠન વિરુદ્ધ એક થયા છે

(A) ભારત અને US (B) ચીન અને જાપાન

(C) માત્ર A **(D) A અને B બંને**

**12.** ઓર્ગેનાઇઝેશન ઑફ ધ પેટ્રોલિયમ એક્સપોર્ટીંગ કન્ટ્રીઝ-ઓપેકમાં નીચેના પૈકી ક્યા દેશનો સમાવેશ થાય છે

(A) ઇરાન, ઇરાક, કુવૈત તથા સાઉદી અરેબિયા

(B) યુએઇ, લિબિયા, કોંગો તથા ઇક્વાટોરિયલ ગુએના

(C) વેનેઝુએલા, અલ્જેરિયા, અંગોલા તથા નાઇજીરિયા

**(D) આપેલ તમામ**

**13.** ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના કોણે કરી હતી

**(A) સરદાર વલ્લભભાઈ પટેલ** (B) મહાત્મા ગાંધીજી

(C) કનૈયાલાલ મુનશી (D) વિક્રમ સારાભાઈ

**14.** પ્રયોજક વાલચંદ હીરાચંદનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) 23 નવેમ્બર 1882 તથા મોરબી

**(B) 23 નવેમ્બર 1882 તથા વાંકાનેર**

(C) 23 નવેમ્બર 1882 તથા ધ્રાંગધ્રા

(D) 23 નવેમ્બર 1882 તથા હળવદ

**15.** ગુજરાત યુનિવર્સિટીનો સ્થાપના દિવસ જણાવો

(A) તા. 21 નવેમ્બર-1945 (B) તા. 22 નવેમ્બર-1947

**(C) તા. 23 નવેમ્બર-1949** (D) તા. 23 નવેમ્બર-1951

**DATE : 24-11-202**

**1.સમરસ ગ્રામ પંચાયત યોજના:ગુજરાત સરકાર સમરસ ગ્રામ પંચાયતને અપાતી પ્રોત્સાહક ગ્રાન્ટ અને વિકાસ કામોમાં વધારો જાહેર**

**ટૂંકી વિગત :**

- ✓ 10,879 ગ્રામ પંચાયતોની ચૂંટણીને સરકારે બિનહરીફ કરવા ગુજરાત સરકારે પ્રોત્સાહક ગ્રાન્ટમાં જંગી વધારો કર્યો. જેમાં **પાંચ હજારથી પચ્ચીશ હજારની વસતી ધરાવતી ગ્રામપંચાયત પાંચમી વખત સમરસ જાહેર થશે તો તેને રૂ. આઠ લાખની ગ્રાન્ટ તથા વિકાસના કામો માટે રૂપિયા ત્રણ લાખની સહાય જ્યારે મહિલા સમરસ ગ્રામપંચાયત માટે રૂપિયા તેર લાખ તથા વિકાસના કામો માટે રૂપિયા ત્રણ લાખની પ્રોત્સાહક સહાય ચૂકવવાનો નિર્ણય.**
- ✓ માત્ર પાંચમી વખત જ નહીં પહેલી, બીજી, ત્રીજી અને ચોથી વખત સમરસ થતી પંચાયતો માટે પણ પ્રોત્સાહક ગ્રાન્ટમાં વધારો.

- ✓ અગાઉ ચોથી વખત સમરસ થવાના તબક્કે પાંચ લાખ સુધીના લાભો મળતા હતા.

**નવી જોગવાઈ :**

| સમરસ ગ્રામ પંચાયત બનવાનો ક્રમ | ગ્રામ પંચાયતની વસતિ | સામાન્ય સમરસના કિસ્સામાં પ્રોત્સાહક ગ્રાન્ટ | મહિલા સમરસના કિસ્સામાં પ્રોત્સાહક ગ્રાન્ટ |
|---|---|---|---|
| પ્રથમ | ૫,૦૦૦ સુધી | રૂ.૩ લાખ+ ધો.૮ની અગ્રિમતાથી સગવડ આપવી | રૂ.૪.૫૦ લાખ+ ઉપરાંત ધો.૮ની અગ્રિમતાથી સગવડ આપવી |
| પ્રથમ | ૫,૦૦૧થી ૨૫,૦૦૦ | રૂ.૪.૫૦ લાખ+ ધો.૮ની અગ્રિમતાથી સગવડ આપવી | રૂ.૭.૫૦ લાખ+ ધો.૮ની અગ્રિમતાથી સગવડ આપવી |
| બીજી | ૫,૦૦૦ સુધી | રૂ.૩.૭૫ લાખ+ સી.સી. રોડ માટે રૂ.૨ લાખ સહાય | રૂ.૫.૭૫ લાખ+ સી.સી. રોડ માટે રૂ.૨ લાખ સહાય |
| બીજી | ૫,૦૦૧થી ૨૫,૦૦૦ | રૂ.૫.૭૫ લાખ+ સી.સી. રોડ માટે રૂ.૨ લાખ સહાય | રૂ.૯.૫૦ લાખ+ સી.સી. રોડ માટે રૂ.૨ લાખ સહાય |
| ત્રીજી | ૫,૦૦૦ સુધી | રૂ.૪.૭૫ લાખ+ વિકાસના કામો માટે રૂ.૩ લાખ સહાય | રૂ.૭ લાખ+ વિકાસના કામો માટે રૂ.૩ લાખ સહાય |
| ત્રીજી | ૫,૦૦૧થી ૨૫,૦૦૦ | રૂ.૭ લાખ+ વિકાસના કામો માટે રૂ.૩ લાખ સહાય | રૂ.૧૧.૭૫ લાખ+ વિકાસના કામો માટે રૂ.૩ લાખ સહાય |
| ચોથી | ૫,૦૦૦ સુધી | રૂ.૫.૨૫ લાખ+ વિકાસના કામો માટે રૂ.૩ લાખ સહાય | રૂ.૭.૭૫ લાખ+ વિકાસના કામો માટે રૂ.૩ લાખ સહાય |
| ચોથી | ૫,૦૦૧થી ૨૫,૦૦૦ | રૂ.૭.૫૦ લાખ+ વિકાસના કામો માટે રૂ.૩ લાખ સહાય | રૂ.૧૨ લાખ+ વિકાસના કામો માટે રૂ.૩ લાખ સહાય |
| પાંચમી | ૫,૦૦૦ સુધી | રૂ.૫.૫૦ લાખ+ વિકાસના કામો માટે રૂ.૩ લાખ સહાય | રૂ.૮ લાખ+ વિકાસના કામો માટે રૂ.૩ લાખ સહાય |
| પાંચમી | ૫,૦૦૧થી ૨૫,૦૦૦ | રૂ.૮ લાખ+ વિકાસના કામો માટે રૂ.૩ લાખ સહાય | રૂ.૧૩ લાખ+ વિકાસના કામો માટે રૂ.૩ લાખ સહાય |

- ✓ **વિભાગ : પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ**

**2. વેતનના દર માટેના ઈન્ડેક્સની નવી સિરિઝ જાહેર : લેબર બ્યુરો, શ્રમ મંત્રાલય**

**નવી વેજ રેટ ઈન્ડેક્સ સિરિઝમાં બેઇઝ વર્ષ 1963-65થી બદલીને 2016 કરાયું**

**નવી સિરિઝ વિશે :**

- ✓ ડબ્યુઆરઆઇની નવી સિરિઝ બેઇઝ -2016=100ને આધારે જારી કરવામાં આવી.
- ✓ આ નવી સિરિઝે બેઇઝ 1963-65ના આધારે તૈયાર થયેલ વેજ રેટ ઇન્ડેક્સનું સ્થાન લેશે.
- ✓ સરકાર સમયાંતરે વિવિધ આર્થિક ઇન્ડેક્સના બેઇઝ વર્ષમાં ફેરફાર કરે છે. અર્થતંત્રમાં થતા ફરફારને ધ્યાનમાં રાખીને આ બેઇઝ વર્ષમાં ફેરફાર કરવામાં આવે છે.

**ભલામણ :**

- ✓ ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન, નેશનલ સ્ટેટિસ્ટિકલ કમિશન વગેરેની ભલામણોને આધારે વેજ રેટ ઇન્ડેક્સ(ડબ્લ્યુઆરઆઇ)નું બેઇઝ વર્ષ 1963-65થી બદલીને 2016 કરાયુ છે.

**3. ભારત-રશિયા સંરક્ષણ કરાર :**

**ઉત્તરપ્રદેશના અમેઠીમાં રશિયન બનાવટની 6 લાખ AK203 કાલાશ્નિકોવ એસોલ્ટ રાઇફલ બનાવવા બંને દેશો વચ્ચેના સમજૂતિ કરારને રક્ષા મંત્રાલય દ્વારા મંજૂરી**




**રાઇફલ ઉત્પાદન એટ એ ગ્લાન્સ :**

- ✓ **આ રાઇફલો સંયુક્ત સાહસ તરીકે બનાવાશે.**
- ✓ ભારતીય સેનાની રાષ્ટ્રીય રાઇફલ યુનિટો અને ઇન્ફન્ટ્રી રેજિમેન્ટ્સ કાલાશ્નિકોવનો સૌથી વધુ ઉપયોગ કરે છે.
- ✓ સોદા મુજબ ભારત અને રશિયા અમેઠીમાં નવી ફેક્ટરી ખાતે 6,01,427 AK203 એસોલ્ટ રાઇફલોનું ઉત્પાદન થશે. બંને દેશો વચ્ચે ટેકનોલોજીના ટ્રાન્સફરની પ્રક્રિયાના હિસ્સા તરીકે પહેલી 70,000 રાઇફલોમાં રશિયન બનાવટના કમ્પોનન્ટ વાપરવામાં આવશે.
- ✓ 70,000 રાઇફલોનો પ્રથમ જથ્થો ભારતીય સેનાને ઉત્પાદન શરૂ થયાના 32 મહિના બાદ આપવામાં આવશે.
- ✓ રશિયન ડિફેન્સ એક્પોર્ટ એજન્સી અનુસાર, AK203 એસોલ્ટ રાઇફલો સચોટતા અને તેની મજબૂતી માટે જાણીતી હતી.
- ✓ આધુનિક ડીઝાઇનમાં રાઇફલમાં અનેક સુધારા કરાયા છે જેનાથી તે વધુ ટકાઉ બની છે.
- ✓ **AK47નું આધુનિક વર્ઝન એટલે AK203**

**4. કેન્દ્રીય કેબિનેટ : ભારત સરકાર**




**મહત્વના નિર્ણયો :**

**(1) ત્રણ કૃષિ કાયદા રદ કરવા કેબિનેટની મંજૂરી :**

- ✓ કેબિનેટે ત્રણ કૃષિ કાયદા રદ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી. સંસદના શિયાળુ સત્રમાં આ ખરડો પસાર કરાશે.
- ✓ સંસદના બંને ગૃહોમાં કાયદા ઉપર ચર્ચા થશે અને તેને રદ કરાશે. સંસદની મંજૂરી મળ્યા બાદ રાષ્ટ્રપતિ પાસે મંજૂરી માટે મોકલાશે.
- ✓ આ સંપૂર્ણ પ્રક્રિયા પૂરી થયા પછી કાયદા રદ થવા અંગે વટહુકમ જારી કરાશે.

**(2) પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના :**

- ✓ વધુ ચાર મહિના-માર્ચ 2022 સુધી લંબાવાઇ : 80 કરોડ લોકોને લાભ

**વિગત :**

- ✓ કેબિનેટ દ્વારા પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ માર્ચ 2022 સુધી વધુ ચાર મહિના માટે સહાય કરવાનું જારી રાખવાના મુસદ્દાને પણ મંજૂરી અપાઇ.
- ✓ પાંચમા તબક્કા હેઠળ આ યોજનાનો રૂ. 53,344 કરોડનો સબસિડીનો બોજ આવશે જે સબસિડી સ્વરૂપે હશે.

- ✓ આ યોજના હેઠળ લાભ લેનારા લોકોને પાંચ કિલો અનાજ મફત આપવામાં આવશે. કોરોના મહામારી ફેલાવાથી એપ્રિલ 2020માં આ યોજના શરૂ કરવામાં આવી હતી અને સમયાંતરે તેમાં સતત વધારો થતો આવ્યો છે. હાલમાં પણ ચાર મહિનાની મુદત વધી ગઈ છે.
- ✓ ખાસ બાબત એ છે કે, પીએમજીકેએવાય હેઠળ સરકારને ભોગવવા પડનારા કુલ ખર્ચનો આંકડો રૂ. 2.6 લાખ કરોડ સુધી પહોંચી ગયો છે.

**(3) 20 લાખ નવી નોકરી ઊભી કરવા મંજૂરી**

- ✓ વર્ષ 2026 સુધીમાં 20 લાખ રોજગારીની તકો ઊભી કરવાની મહત્વાકાંક્ષી દરખાસ્તને પણ સૈદ્ધાંતિક રીતે મંજૂરી આપી.
- ✓ મહત્વની વાત એ છે કે આ માટે **ડિજિટલ વર્કફોર્સ મેનેજમેન્ટ સિસ્ટમ વિકસાવાશે**, જેથી સંભવિત નોકરીદાતા અને નોકરી મેળવનાર વચ્ચે સેતુનું કામ કરશે.
- ✓ કેરળ સ્થિત કેરળ ડેવલોપમેન્ટ એન્ડ ઇનોવેશન સ્ટ્રેટેજીક કાઉન્સિલ અને નોલેજ ઇકોનોમી મિશન આ પ્રોજેક્ટ પાછળનો મુખ્ય સ્ત્રોત.

**(4) હવામાન વિજ્ઞાનની એક્રોસ સ્કીમ વધુ પાંચ વર્ષ ચલાવવાનો નિર્ણય**

**એક્રોસ સ્કીમ વિશે :**

- ✓ કેબિનેટની બેઠકમાં હવામાન વિજ્ઞાન માટેની **એટમોસ્ફિયર એન્ડ ક્લાયમેટ રિસર્ચ- મૉડેલિંગ ઓબ્ઝરવિંગ સિસ્ટમ એન્ડ સર્વિસીસ(એક્રોસ)** સ્કીમને વધુ પાંચ વર્ષ ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો. જેની પાછળ કુલ રૂ. 2135 કરોડનો ખર્ચ થવાનો અંદાજ.

**5. નેશનલ ફેમિલી હેલ્થ સરવે-5 : 2021 :**

**પ્રથમવાર દેશની વસતીમાં 1000 પુરુષ સામે 1020 મહિલા**




**સરવેના મહત્વના તારણો :**

- ✓ **અગાઉ 2015-16માં કરાયેલા નેશનલ ફેમિલી હેલ્થ સરવે-4માં આ રેશિયો દર 1000 પુરુષ દીઠ 991 મહિલાનો હતો. જન્મ સમયનો સેક્સ રેશિયો પણ સુધર્યો છે.**
- ✓ 2015-16માં તે દર 1000 બાળકે 919 બાળકીનો હતો. તાજેતરના સરવેમાં આ આંકડો દર 1000 બાળકે 929 બાળકી પર પહોંચી ગયો છે.
- ✓ ખાસ વાત એ છે કે કુલ વસતીમાં સેક્સ રેશિયો શહેરોમાં નહીં પણ ગામડાંમાં બહેતર છે.
- ✓ **ગામડાંમાં દર 1000 પુરુષે 1037 મહિલા છે જ્યારે શહેરોમાં 985 મહિલા જ છે.**

**શિક્ષણ :**

- ✓ આજે પણ દેશમાં 41 % જ મહિલાઓ એવી છે કે જેમને 10 વર્ષથી વધુ સ્કૂલ એજ્યુકેશન મળ્યું છે.
- ✓ 59% મહિલાઓ 10મા ધોરણથી આગળ ભણી શકી નથી. ગ્રામીણ વિસ્તારોમાં તો માત્ર 33.7 % જ મહિલાઓ 10માથી આગળ ભણી શકી છે. 5Gના જમાનામાં પણ ઇન્ટરનેટનો વ્યાપ દેશની માત્ર 33.3 % મહિલાઓ સુધી જ છે.

**આર્થિક સ્થિતિ :**

- ✓ **પોતાનું બેન્ક એકાઉન્ટ ધરાવતી મહિલાઓ 25% વધી, પાતાની પ્રોપર્ટી ધરાવતી મહિલાઓમાં 5% વૃદ્ધિ**
- ✓ 78.6 % મહિલાઓ બેન્ક એકાઉન્ટ ધરાવે છે. 2015-16માં આ આંકડો 53 % જ હતો. 43.3% મહિલાઓના નામે કોઇ ને કોઇ પ્રોપર્ટી છે.
- ✓ 2015-16માં આ આંકડો 38.4 % જ હતો.
- ✓ પિરિયડમાં સુરક્ષિત સેનિટેશનના ઉપાય અપનાવતી મહિલાઓ 57.6 %થી વધીને 77.3% થઇ છે.

**કુપોષણ :**

- ✓ મહિલાઓ બાળકો-મહિલાઓમાં કુપોષણ ભારે ચિંતાજનક બન્યું છે. 67,1% બાળકો અને 15થી 49 વર્ષની 57% મહિલાઓ કુપોષણથી પીડિત.

**પાયાની સુવિધા :**

- ✓ 30 % વસતી પાસે આધુનિક ટોઇલેટ નહીં : 3.2 % ઘરોમાં વીજળી નહીં
- ✓ 2015-16માં આધુનિક ટોઇલેટવાળાં ઘર 48.5 % હતાં. 2019-20માં આ આંકડો 70.2% થઇ ગયો છે પણ 30 % હજુ વંચિત છે. દેશનાં 96.8% ઘરોમાં વીજળી પહોંચી ચૂકી છે.

**આરોગ્ય :**

- ✓ દેશના 14 રાજ્યની અડધી મહિલા-બાળકોમાં લોહીની ઊણપ :
- ✓ આ સરવે પ્રમાણે દેશના 14 રાજ્યમાં અડધી મહિલાઓ અને બાળકો લોહીની ઊણપથી પીડાઇ રહ્યા છે. આ મહિલાઓમાં ગર્ભવતીઓ પણ સામેલ છે, જેમને ગર્ભાવસ્થા વખતે પૂરતું પોષણ મળતું નથી.
- ✓ જોકે, આ **14 રાજ્યોના બાળકોમાં કુપોષણનો દર 38%થી ઘટીને 36% થયો** છે, જ્યારે સરેરાશથી ઓછું વજન ધરાવતા બાળકો પણ 36% હતા, જે હવે 32% છે.

**6. નિમણૂક : PMના આર્થિક સલાકાર સમિતિના નવા અધ્યક્ષ તરીકે શ્રી વિવેક દેવરોયની નિમણૂક**



**7. દીનાનાથ મંગેશકર પુરસ્કાર-2021**

**તા.24 નવેમ્બર-2021ના રોજ મુંબઈ ખાતે સન્માનિત**




**વિવિધ એવોર્ડ અને વિજેતા :**

- ✓ **દિગ્ગજ અભિનેતા નાના પાટેકર**ને રંગમંચ અને જીવનભરની સેવા માટે **માસ્ટર દીનાનાથ વિશેષ પુરસ્કાર**થી સમ્માનિત.
- ✓ **ગાયિકા ઉષા મંગેશકર**ને સંગીતની દુનિયામાં મહત્વના યોગદાન માટે **દીનાનાથ પુરસ્કાર**
- ✓ **સંગીતકાર પ્યારેલાલ**ને ભારતીય સંગીત અને સિને ઉદ્યોગ માટે સમર્પિત સેવા માટે **જીવન ગૌરવ દીનાનાથ મંગેશકર પુરસ્કાર**.
- ✓ **માલા સિંહા**ને સિનેમા ક્ષેત્રમાં તેમની નિષ્ઠા તથા સેવા માટે સમ્માનિત.
- ✓ **સંસ્થા : માસ્ટર દીનાનાથ મંગેશકર સ્મૃતિ પ્રતિષ્ઠાન, મુંબઇ**

### 8. NASA : એસ્ટરોઇડની ટક્કર ઝીલવા- રૂટ ડાયવર્ટ કરવા નાસાનું 'ડાર્ટ મિશન' યાન રવાના

- ✓ **રોકેટ : ડબલ એસ્ટરોઇડ રિડાયરેક્શન ટેસ્ટ-DART**
- ✓ **હેતુ : ધરતીની કક્ષાના દ્વાર ખુલશે**




- ✓ વર્ષ 2017માં ખગોળશાસ્ત્રીઓએ જહાજના આકારનો એસ્ટરોઇડ (નાનો ગ્રહ) શોધ્યો હતો. તેમનું અનુમાન હતું કે તે આગામી દાયકામાં જાપાન સાથે ટકરાશે. ત્યાર બાદ નાસા તથા અન્ય સ્પેસ એજન્સીઓના વિજ્ઞાનીઓ અને અધિકારીઓ ટોક્યોમાં વાર્ષિક ગ્રહ રક્ષા સંમેલનમાં ભેગા થયા અને એસ્ટરોઇડને ધરતીના રૂટ પરથી હટાવવાની યોજના ઘડી. જોકે, એસ્ટરોઇડ ટકરાવાની ઘટના હજુ સુધી નથી બની.
- ✓ આવાં જોખમોને પહોંચી વળવા એજન્સીઓ ડ્રિલ કરતી આવી છે, જે અંતર્ગત તા. 24 નવેમ્બરે વહેલી સવારે કેલિફોર્નિયાથી નાસાએ સ્પેસએક્સ કંપનીનું રોકેટ ડબલ એસ્ટરોઇડ રિડાયરેક્શન ટેસ્ટ (ડાર્ટ) દ્વારા અવકાશમાં મોકલ્યું.

**'ડાર્ટ મિશન' વિશે :**

- ✓ નાસાનું ડાર્ટ 544 કિલો વજન ધરાવે છે. તેનું લક્ષ્ય ડાઇમોરફ્સ નામના એસ્ટરોઇડનો રૂટ બદલવાનું છે. ડાઇમોરફ્સ અંદાજે 525 ફૂટ પહોળો છે અને ડિડીમોસ નામના 2,500 ફૂટ પહોળા એક મોટા એસ્ટરોઇડની આસપાસ ચક્કર લગાવે છે. બંને સૂરજની ચારેય તરફ ફરે છે. ડાઇમોરફ્સ સાથે ડાર્ટની ટક્કર આવતા વર્ષે સપ્ટેમ્બર કે ઓક્ટોબરમાં થઇ શકે છે. ત્યારે ડાર્ટની ઝડપ કલાકના 15 હજાર માઇલની હશે. ટક્કર વખતે બંને પૃથ્વીથી 1.1 કરોડ કિ.મી.ના અંતરે હશે.

**રૂ.2400 કરોડનું મિશન :**

- ✓ **ડાર્ટ મિશન પાછળ 32.4 કરોડ ડોલર (અંદાજે રૂ.2400 કરોડ) ખર્ચાઇ રહ્યા છે.**
- ✓ આ પ્રથમ પ્રયોગ અંગે નાસાના મુખ્ય વિજ્ઞાની થોમસ જુબુશેને જણાવ્યું કે અમે એ જાણવા પ્રયાસ કરી રહ્યા છીએ કે કોઇ જોખમ કેવી રીતે ટાળી શકાય?

**હાલ કોઇ જોખમ નથી :**

- ✓ ડાઇમોરફ્સથી હાલ કોઇ જોખમ નથી. નાસાની પ્લેનેટરી ડિફેન્સ કોઓર્ડિનેશન ઓફિસના વિજ્ઞાનીઓ જેમનું કદ 460 ફૂટથી વધુ હોય લાં તેવી વસ્તુઓ વિશે માહિતી મેળવી રહ્યા છે. આ એસ્ટરોઇડ આખું શહેર તબાહ કરી શકે છે, કેમ કે તે પરમાણુ બોમ્બથી પણ શક્તિશાળી હશે.

**અવકાશમાં 27 હજાર એસ્ટરોઇડ :**

- ✓ વિજ્ઞાનીઓએ 460 ફૂટથી વધુ કદના 10 હજાર એસ્ટરોઇડ શોધ્યા છે. નાસાના સ્પેસ ટેલિસ્કોપ વાઇડફિલ્ડ ઇન્ફ્રારેડ સરવે એક્સપ્લોરરે અંદાજે 27 હજાર એસ્ટરોઇડ શોધવામાં મદદ કરી છે. બધા જ એસ્ટરોઇડ શોધવામાં હજુ બીજા 30 વર્ષ લાગશે.
- ✓ **રોકેટ ફાલ્કન-9 (એલન મસ્ક)**
- ✓ **લોન્ચિંગ સ્થળ : કેલિફોર્નિયા, USA**

### 9.સ્વિડન : મેંગ્ડેલના એન્ડરસન સ્વિડનના પ્રથમ મહિલા પીએમ



- ✓ **મુખ્ય પક્ષ : સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી**
- ✓ **રાજધાની : કોપનહેગન**

### 10. દિન વિશેષ : 21 નવેમ્બર વિશ્વ ટેલિવિઝન ડે




### 11. દિન વિશેષ : 24 નવેમ્બર

**દર વર્ષે 24મી નવેમ્બરે શિખ ગુરુ તેગ બહાદૂર શહાદત દિવસ મનાવવામાં આવે છે**




- ✓ શહાદત : નવી દિલ્હી વતન : અમૃતસર, પંજાબ

### 12. જન્મ દિન વિશેષ : 24 નવેમ્બર

**સ્વતંત્રતા સૈનિક પટ્ટાભિ સીતારામૈયા**




**જન્મ : 24 નવેમ્બર 1880 અવસાન : 17 ડિસેમ્બર 1959**

- ✓ આંધ્રપ્રદેશના નેલ્લોરમાં સીતારામૈયાનો જન્મ અત્યંત નિર્ધન પરિવારમાં થયો હતો.

- ✓ 1920માં મહાત્મા ગાંધી અને અસહકારના આંદોલનના જુવાળમાં તેઓએ જીવન રાષ્ટ્રના નામે સમર્પિત કર્યું હતું
- ✓ આઝાદીના આંદોલનમાં ભાગ લેવા બદલ પટ્ટાભિ સીતારામૈયાએ અનેકવાર જેલવાસ પણ ભોગવ્યો હતો.
- ✓ કૃષ્ણપત્રિકા, જન્મભૂમિ જેવા સામયિકો દ્વારા સીતારામૈયાએ પત્રકારત્વ પણ ખેડ્યું હતું.
- ✓ 1925માં આંધ્ર ઇસ્યોરન્સ કંપની સમેત તેમણે અનેક સંસ્થાઓની સ્થાપના અને તેનું સંવર્ધન કર્યું હતું .
- ✓ પટ્ટાભિ સીતારામૈયા સાથે સંકળાયેલી મહત્ત્વપૂર્ણ ઘટના એટલે 1939માં પ્રચંડ લોકપ્રિયતા ધરાવતા સુભાષબાબુ સામે કોંગ્રેસ પ્રમુખ તરીકે પરાજય.
- ✓ દેશની આઝાદી પછી રચાયેલા ભાષાવાર પ્રાંત રચના સમિતિના એક સભ્ય તરીકે પણ સીતારામૈયા નિમાયા હતા.
- ✓ પોતે દક્ષિણી હોવા છતાં ભારતની રાષ્ટ્રભાષા હિન્દી હોવી જોઇએ તે લડતને સમર્થન આપ્યું.
- ✓ તેમણે ગાંધી અને ગાંધીવાદ, કોંગ્રેસનો ઇતિહાસ, ભારતીય રાષ્ટ્રવાદ, ભારતીય શિક્ષણ જેવા પુસ્તકો પણ લખ્યા છે.

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (24-11-2021)

**1.** નવેમ્બર-2021માં ગુજરાત સરકાર દ્વારા સમરસ ગ્રામ પંચાયત યોજના અંતર્ગત અપાતી પ્રોત્સાહક રકમમાં નીચેના પૈકી કઇ બાબતોનો સમાવેશ થાય છે

1. 10,879 ગ્રામપંચાયતો પૈકીની સમરસ ગ્રામ પંચાયતને લાભ મળશે

2. 5,000થી 25,000ની વસતી ધરાવતી પાંચમી વખત સમરસ બનતી ગ્રામપંચાયતને કુલ 11 લાખની ગ્રાંટ

3. 5,000થી 25,000ની વસતી ધરાવતી પાંચમી વખત મહિલા સમરસ બનતી ગ્રામપંચાયતને કુલ 16 લાખની ગ્રાંટ

4. માત્ર પાંચમી વખત જ નહીં પહેલી, બીજી, ત્રીજી અને ચોથી વખત સમરસ થતી પંચાયતોની પ્રોત્સાહક ગ્રાન્ટમાં વધારો

(A) 1 અને 4 (B) 2 અને 4 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.** તા.24 નવેમ્બર-2021ના રોજ કેન્દ્રીય કેબિનેટમાં લેવાયેલા મહત્વના નિર્ણયોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

1. ત્રણ કૃષિ કાયદા રદ કરવા કેબિનેટની મંજૂરી

2. પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજનાને વધુ ચાર મહિના-માર્ચ 2022 સુધી લંબાવાઇ

3. વર્ષ 2026 સુધીમાં 20 લાખ રોજગારીની તકો ઊભી કરવાની મહત્વાકાંક્ષી દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી : આ માટે ડિજિટલ વર્કફોર્સ મેનેજમેન્ટ સિસ્ટમ વિકસાવાશે

4. હવામાન વિજ્ઞાન માટેની એટમોસ્ફિયર એન્ડ ક્લાયમેટ રિસર્ચ-મોડેલિંગ ઓબ્ઝરવિંગ સિસ્ટમ એન્ડ સર્વિસીસ (એક્રોસ) સ્કીમને વધુ પાંચ વર્ષ ચાલુ રાખવાનો નિર્ણય

(A) 1 અને 2 (B) 3 અને 4 (C) 2 અને 4 **(D) આપેલ તમામ**

**3.**નવેમ્બર-2021માં જાહેર કરાયેલા નેશનલ ફેમિલી હેલ્થ સરવે-5માં નીચેના પૈકી કઇ બાબતોનો સમાવેશ થાય છે

1. પ્રથમવાર દેશની વસતીમાં 1000 પુરુષ સામે 1020 મહિલાઓ

2. અગાઉ 2015-16ના નેશનલ ફેમિલી હેલ્થ સરવે-4માં દર 1000 પુરુષ દીઠ 991 મહિલાઓ

3. ગામડાંમાં દર 1000 પુરુષે 1037 મહિલા છે જ્યારે શહેરોમાં 985 મહિલા

4. પોતાનું બેન્ક એકાઉન્ટ ધરાવતી મહિલાઓ 25% વધી

5. 14 રાજ્યોના બાળકોમાં કુપોષણનો દર 38%થી ઘટીને 36% થયો

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 3 અને 5 **(D) આપેલ તમામ**

**4.**શ્રમ મંત્રાલયના લેબર બ્યુરો દ્વારા નવી વેજ રેટ ઈન્ડેક્સ સિરિઝમાં બેઇઝ વર્ષ 1963-65થી બદલીને કયુ વર્ષ કરાયું

(A) વર્ષ 2001 (B) વર્ષ 2006 **(C) વર્ષ 2016** (D) વર્ષ 2019

**5.** ઉત્તરપ્રદેશના ક્યા શહેરમાં રશિયન બનાવટની 6 લાખ AK203 કાલાશ્નિકોવ એસોલ્ટ રાઇફલ બનાવવા ભારત-રશિયા વચ્ચેના સમજૂતિ કરારને રક્ષા મંત્રાલય દ્વારા મંજૂરી અપાઇ

(A) રાયબરેલી (B) લખનઉ (C) વારાણસી **(D) અમેઠી**

**6.** નવેમ્બર-2021માં PMના આર્થિક સલાકાર સમિતિના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરાઇ

**(A) વિવેક દેવરોય** (B) શિખા શર્મા

(C) રઘુરામ રાજન (D) કિરણ મજુમદાર

**7.** નવેમ્બર-2021માં મુંબઇ ખાતે નીચેના પૈકી કોને દીનાનાથ મંગેશકર પુરસ્કાર-2021થી સન્માનિત કરાયા

(A)અભિનેતા નાના પાટેકર-માસ્ટર દીનાનાથ વિશેષ પુરસ્કાર

(B) ગાયિકા ઉષા મંગેશકર - દીનાનાથ પુરસ્કાર

(C)સંગીતકાર પ્યારેલાલ-જીવન ગૌરવ દીનાનાથ મંગેશકર પુરસ્કાર

**(D) આપેલ તમામ**

**8.** બ્રહાંડમાં અસ્તિત્વ ધરાવતા એસ્ટ્રોઇડની ટક્કર ઝીલવા-રૂટ ડાયવર્ટ કરવા તા. 24 નવેમ્બર 2021ના રોજ નાસા દ્વારા સૌપ્રથમવાર કયુ યાન રવાના કરાયું

(A) બ્લેક હોલ મિશન **(B) ડાર્ટ મિશન**

(C) એસ્ટ્રોઇડ મિશન (D) ડાઇમોરફસ મિશન

**9.** નાસાએ કેલિફોર્નિયાથી સ્પેસએક્સ કંપનીનું કયું રોકેટ અવકાશમાં મોકલ્યું

(A) DAAT (B) DAAT (C) DARRT

**(D) DART (ડબલ એસ્ટરોઇડ રિડાયરેક્શન ટેસ્ટ) રોકેટ**

**10.** નવેમ્બર-2021માં સ્વિડનમાં ચૂંટાયેલા પ્રથમ મહિલા પીએમનું નામ જણાવો

(A) જીમી એન્ડરસન **(B) મેંગડેલના એન્ડરસન**

(C) પામ એન્ડરસન (D) પામેલા એન્ડરસન

**11.** વિશ્વ ટેલિવિઝન ડે ક્યારે મનાવવામાં આવે છે

(A) તા. 17 નવેમ્બર **(B) તા. 21 નવેમ્બર**

(C) તા. 24 નવેમ્બર (D) તા. 25 નવેમ્બર

**12.** શિખ ગુરુ તેગ બહાદૂરનું વતન કયુ છે

**(A) અમૃતસર, પંજાબ** (B) લુધિયાના, પંજાબ

(C) અંબાલા, પંજાબ (D) દિલ્હી

**13.** શિખ ગુરુ તેગ બહાદૂર શહાદત દિવસ ક્યારે મનાવાય છે

(A) તા. 17 નવેમ્બર (B) તા. 20 નવેમ્બર

**(C) તા. 24 નવેમ્બર** (D) તા. 25 નવેમ્બર

**14.** સ્વાતંત્ર સેનાની પટ્ટાભિ સીતારામૈયાનો જન્મદિન જણાવો

(A) તા. 21 નવેમ્બર 1870 (B) તા. 22 નવેમ્બર 1873

(C) તા. 23 નવેમ્બર 1877 **(D) તા. 24 નવેમ્બર 1880**

## DATE : 25-11-2021

### 1. નિમણૂક : ઇન્ટરપોલ

**ગુજરાત કેડરના IPS તેમજ CBIના વિશેષ ડાયરેક્ટર પ્રવિણસિંહ ઇન્ટરપોલની કાર્યકારી સમિતિમાં એશિયાના પ્રતિનિધિ તરીકે ચૂંટાયા**




**પ્રક્રિયા :**

- ✓ ભારત તરફથી બે પદ માટે ચીન, સિંગાપુર, કોરિયા અને જોર્ડન સામે દાવેદારી નોંધાવવામાં આવી હતી
- ✓ 89મી ઈન્ટરપોલ સભા દરમિયાન આ ચૂંટણી ચાલી અને તેમાં સિંહાની પસંદગી.
- ✓ **ચૂંટણી :** 89મી ઇન્ટરપોલ જનરલ એસેમ્બલી, સ્થાન : તુર્કી, ઇસ્તુંબુલ

### 2. જેવર/નોઈડા ઇન્ટરનેશનલ એરપોર્ટ : ગ્રેટર નોઇડા - ઉત્તરપ્રદેશ




**વિશ્વના સૌથી મોટા ચોથા ક્રમના અને એશિયાના સૌથી વિશાળ જેવર ઇન્ટરનેશનલ એરપોર્ટનો વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે શિલાન્યાસ**

- ✓ **પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ :** રૂ. 34,000 કરોડ અને સમગ્ર પ્રોજેક્ટ વર્ષ 2050માં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક

**જેવર એરપોર્ટ - એટ એ ગ્લાન્સ : વિશેષતાઓ :**

- ✓ પાંચ ઇન્ટરનેશનલ એરપોર્ટ ધરાવતું ઉત્તરપ્રદેશ દેશનું એકમાત્ર રાજ્ય બનશે
- ✓ વિશ્વનું ચોથા ક્રમનું સૌથી મોટું એરપોર્ટ
- ✓ 5 રન-વેથી સજ્જ 4 એક્સ્પ્રેસ-વે સાથે સીધું જોડાણ
- ✓ પશ્ચિમ યુપીના 30 જિલ્લા સાથે કનેક્ટિવિટી
- ✓ યુપીનું 9મું અને 5મું ઇન્ટરનેશનલ એરપોર્ટ બનશે
- ✓ 178 વિમાન પાર્ક થશે
- ✓ કુલ 4 ફેઝ પૈકી રૂ. 10,050 કરોડના ખર્ચે પ્રથમ ફેઝ તૈયાર થશે.
- ✓ 1300થી વધારે હેક્ટરમાં એરપોર્ટ ફેલાયેલું રહેશે.
- ✓ 2024 સપ્ટેમ્બરમાં અહીંથી પહેલી ફ્લાઇટ શરૂ કરવાની તૈયારી.
- ✓ 40 વર્ષ માટે સંચાલન ઝુરિચ એરપોર્ટને સોંપાયું.
- ✓ 1.2 કરોડ પ્રવાસીઓની વર્ષે અવરજવર રહેશે.
- ✓ 01 લાખથી વધારે લોકોને રોજગાર મળશે.
- ✓ 01 કાર્ગો સેન્ટર પણ તૈયાર થશે.

**અન્ય વિગતો :**

- ✓ આ એરપોર્ટ સાઉદી અરેબિયા, ડેનવર અને ડલાસ (અમેરિકા) બાદ વિશ્વનું ચોથું સૌથી મોટું એરપોર્ટ અને યુપીનું 5મું ઇન્ટરનેશનલ એરપોર્ટ બનશે. તેનાથી આગરા, મથુરામાં પ્રવાસનમાં વધારો થશે. આ એરપોર્ટ દિલ્હી એરપોર્ટથી 72 કિમી, નોઇડાથી 40 કિમી અને ગુરુગ્રામથી 65 કિમીના અંતરે બનશે.

**સંચાલન :**

- ✓ જેવર એરપોર્ટ સ્વિટ્ઝર્લેન્ડના ઝુરિચ ઇન્ટરનેશનલ એરપોર્ટ એજીની સબસિડિયરી યમુના ઇન્ટરનેશનલ એરપોર્ટ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા ડેવલપ કરવામાં આવશે. આ એરપોર્ટનું સંચાલન પણ આ જ કંપની કરશે.
- ✓ પ્રથમવાર ઇન્ટીગ્રેટેડ ગિલ્ટ મોડલ વિકાસ કાર્ગો હબનુ સર્જન
- ✓ એરક્રાફ્ટ મેન્ટેનન્સનું સૌથી મોટું સેન્ટર બનશે
- ✓ **ખાસ : ઝીરો કાર્બન ઉત્સર્જન ધરાવતું ભારતનું પ્રથમ એરપોર્ટ**
- ✓ મુખ્યમંત્રી : શ્રી યોગી આદિત્યનાથ
- ✓ કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી : શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા

### 3. મૂડીઝ : ભારતના અર્થતંત્રમાં તેજી જોવા મળશે : FY22માં 9.3 ટકા GDP ગ્રોથ રહેશે




**અહેવાલના મહત્વના તારણો :**

- ✓ વૈશ્વિક રેટિંગ સંસ્થા મૂડીઝ દ્વારા ભારતની ઈકોનોમી પૂરપાટ ઝડપે પાટા પર દોડશે અને નાણાકીય વર્ષ 2022માં ભારતનો GDP ગ્રોથ 9.3 ટકા રહેશે તેવો અંદાજ રજૂ કરાયો.
- ✓ ભારતનો આર્થિક વિકાસ તેજી સાથે થશે અને મજબૂત ઈકોનોમિક રિકવરી હાંસલ કરશે.
- ✓ નાણાકીય વર્ષ 2023માં ભારતનો GDP ગ્રોથ 7.9 ટકા રહેવાનો અંદાજ.

**કારણો :**

- ✓ ઝડપી વેક્સિનેશન ઝુંબેશને કારણે દેશમાં આર્થિક પ્રવૃત્તિએ જબરદસ્ત વેગ પકડ્યો છે. જેને કારણે આર્થિક વિકાસને ટેકો મળ્યો છે.

- ✓ બજારમાં ગ્રાહકો દ્વારા ચીજવસ્તુઓની માંગ વધી છે, ખર્ચા કરવાની ક્ષમતા અને ખરીદશક્તિ વધી છે, ઉત્પાદન એક્ટિવિટી વધી છે, કોરોનાનાં નિયંત્રણો હળવા કરાયાં છે.
- ✓ આ ગાળામાં કોમોડિટીઝના ભાવ વધ્યા છે જેને કારણે રેટેડ કંપનીઓના કરવેરા પછીના નફામાં 12થી 18 મહિનામાં વધારો થશે અને ગ્રોથ વધશે.
- ✓ **મૂડીઝ : વૈશ્વિક રેટિંગ એજન્સી, USA**

## 4. INS વેલા સબમરીન

**પ્રોજેક્ટ 75 હેઠળ સ્કોર્પિયન ક્લાસ- કલાવેરી શ્રેણીની ચોથી સબમરીન ભારતીય નૌકાદળમાં સામેલ**



- ✓ **સ્થાન : મુંબઇ**

**સબમરીન વિશે :**

- ✓ તા. 25 નવેમ્બરે મુંબઇ ખાતે ભારતીય નૌસેનામા સાઇલન્ટ કિલર તરીકે ઓળખાતી સ્કોર્પિયન ક્લાસની ચોથી INS વેલા સબમરીન જોડવામાં આવી.
- ✓ **ઊંચાઇ :** 40 ફૂટ **લંબાઇ :** 221 ફૂટ
- ✓ **વજન :** 1565 ટન
- ✓ આ સબમરીન સ્ટિલ્થ ટેક્નોલોજી ધરાવે છે તેથી દુશ્મનના રડારમાં પકડાશે નહીં અને તેનું કામ તમામ કરી નાખશે. આ સબમરીન પોતાના દુશ્મનને જોયા વગર નષ્ટ કરી શકે છે.
- ✓ **નિર્માણ : ફ્રાન્સના મૈકલ ગ્રૂપ તેમજ મઝગાંવ ડોક શિપ બિલ્ડર્સ લિમિટેડ - મુંબઇ**
- ✓ **નૌસેના પ્રમુખ : એડમિરલ કરમબીર સિંહની મુંબઇ ખાતે ઉપસ્થિતિ**
- ✓ **INS : ઇન્ડિયન નેવી/નેવલ શિપ**

## 5. મિરાજ-2000 – ફ્રાન્સ : ભારતીય વાયુસેનામાં બે લડાકુ વિમાન સામેલ




- ✓ ભારત 51 મિરાજ લડાકુ વિમાનોને અપગ્રેડ કરીને વાયુસેનાની શક્તિમાં વધારો કરશે : જૂના એરક્રાફ્ટના આધુનિકિકરણ માટે ફ્રાન્સ સાથે કરાર થયો હતો
- ✓ વાયુસેનામાં ફ્રાન્સના મિરાજ-2000 સીરિઝના બે લડાકુ વિમાનો સામેલ થઇ જતાં ભારતની સુરક્ષા શક્તિમાં વધારો થયો.
- ✓ ફ્રાન્સના બે મિરાજ-2000 લડાકુ વિમાનો મધ્યપ્રદેશના ગ્વાલિયર એરબેઝ પર પહોંચ્યા હતા. ભારતે જૂના એરક્રાફ્ટ માટે ફ્રાન્સ સાથે કરાર કર્યો હતો.

## 6. સિદ્ધિ : ભારતની પ્રથમ ડ્રાઇવરલેસ ટ્રેન-નવી દિલ્હી

**વિશ્વનું ચોથા નંબરનું શહેર દિલ્હી**

**વિશેષતાઓ :**

- ✓ દિલ્હી મેટ્રો વિસ્તારમાં આવેલા 59 કિલોમીટર લાંબા પિંક લાઇન રૂટ ઉપર ડ્રાઇવર વિહોણી ટ્રેન શરૂ થઇ ગઇ તે સાથે જ દિલ્હી અત્યંત આધુનિક ટેકનોલોજી ધરાવતી ડ્રાઇવર વિહોણી ટ્રેનનું સંચાલન કરનાર વિશ્વનું ચોથા નંબરનું શહેર બની ગયું હતું.
- ✓ **વિશ્વમાં ડ્રાઇવર વિહોણી ટ્રેન દોડાવનાર વિશ્વના ટોચના ત્રણ શહેરોમાં સિંગાપોર (પ્રથમ)શાંઘાઇ (દ્વિતિય) અને કુઆલાલુમ્પુર (ત્રીજું)નો સમાવેશ થાય છે.**




- ✓ **કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રી હરદિપસિંઘ પુરી** અને દિલ્હીના પરિવહન મંત્રી કૈલાશ ગેહલોતે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સામુહિક રીતે આ ટ્રેનને લીલી ઝંડી આપી આ ટ્રેનને રવાના કરી હતી.

**અન્ય વિગતો :**

- ✓ દિલ્હી મેટ્રોની મેજેન્ટા લાઇનના રૂટ ભારતની સૌ પ્રથમ ડ્રાઇવર વિહોણી ટ્રેન દોડાવવાના પ્રોજેક્ટનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત વર્ષે 28 ડિસેમ્બરના રોજ ઉદ્ઘાટન કર્યું હતું. તે સમયે વડાપ્રધાને ભારપૂર્વક કહ્યું હતું કે **2025ની સાલ સુધીમાં દેશમાં 25 શહેરોમાં ડ્રાઇવર વિહોણી ટ્રેનો દોડાવવામાં આવશે.**
- ✓ ઉલ્લેખનીય છે કે સમગ્ર વિશ્વમાં ફક્ત સાત ટકા મેટ્રો શહેરોમાં જ ફૂલ્લી ઓટોમેટિક ટેકનોલોજીની મદદથી આ પ્રકારની ટ્રેનો દોડાવવામાં આવે છે અને ગત વર્ષે ડિસેમ્બરમાં દેશની સૌ પ્રથમ ડ્રાઇવર વિહોણી ટ્રેનનો દિલ્હીમાં આરંભ થતાં તે વિશ્વની તે સાત શહેરોની ક્લબમાં પણ જોડાઇ ગયું હતું.

## 7. નેશનલ મલ્ટીડાયમેન્શન પોવર્ટી ઇન્ડેક્સ (MPI) જાહેર - નીતિ આયોગ

**રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સૂચકાંક**




**કેટેગરી મુજબ મહત્વના સૂચકાંક :** **ગુજરાતની સ્થિતિ :**

**સૌથી ઓછી ગરીબી અમદાવાદ જિલ્લામાં**

| રેન્ક | જિલ્લો | ગરીબી |
|---|---|---|
| 26 | અમદાવાદ | 5.87% |
| 25 | રાજકોટ | 8.74% |
| 24 | પોરબંદર | 8.94% |
| 23 | સુરત | 9.22% |
| 22 | જૂનાગઢ | 10.28% |

**રાજ્યના 5 જિલ્લા, જ્યાં સૌથી વધુ ગરીબી**

| રેન્ક | જિલ્લો | ગરીબી |
|---|---|---|
| 1 | ડાંગ | 57.33% |
| 2 | દાહોદ | 55.05% |
| 3 | પંચમહાલ | 41.62% |
| 4 | નર્મદા | 37.10% |
| 5 | બનાસકાંઠા | 31.20% |

**ભારતની સ્થિતિ**

**ગુજરાત અને અન્ય મોટાં રાજ્યોમાં ગરીબીનું પ્રમાણ**

| | |
|---|---|
| ગુજરાત | 18.60% |
| મહારાષ્ટ્ર | 14.85% |
| કર્ણાટક | 13.16% |
| આંધ્રપ્રદેશ | 12.31% |
| પંજાબ | 5.59% |
| તમિલનાડુ | 4.89% |
| જમ્મુ-કાશ્મીર | 12.58% |

**દેશનાં સૌથી ગરીબ રાજ્યો**

| રાજ્ય | ગરીબી | રાજ્ય | ગરીબી |
|---|---|---|---|
| બિહાર | 51.91% | આસામ | 32.67% |
| ઝારખંડ | 42.16% | છત્તીસગઢ | 29.91% |
| ઉત્તરપ્રદેશ | 37.79% | રાજસ્થાન | 29.46% |
| મધ્યપ્રદેશ | 36.65% | ઓડિશા | 29.35% |
| મેઘાલય | 32.67% | નાગાલેન્ડ | 25.23% |

નેશનલ મલ્ટીડાયમેન્શન પોવર્ટી ઇન્ડેક્સ (MPI) એટલે કે રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સૂચકાંક

## 8. ADB : કોરોના રસીની ખરીદી માટે ભારતને રૂ.11,185 કરોડની લોન આપશે




- ✓ **વેક્સિનના કુલ 66.7 કરોડ ડોઝ ખરીદી શકાશે**
- ✓ એશિયન ડેવલોપમેન્ટ બેંક(એડીબી) દ્વારા ભારતને કોરોના વેક્સીન ખરીદવા માટે રૂ. 11,185 કરોડ (2.5 અબજ ડોલર)ની લોનની મંજૂરી
- ✓ એડીબીએ કોરોના વાઇરસ વિરુદ્ધની સલામત અને અસરકારક વેક્સીન ખરીદવામાં ભારત સરકારને મદદ કરવા માટે એડીબીએ 1.5 અબજ ડોલરની લોન મંજૂર કરી.
- ✓ ઉલ્લેખનીય છે કે 2020માં એડીબીએ 1.5 અબજ ડોલરના કોવિડ-19 એક્ટિવ રિસ્પોન્સ એન્ડ એક્સપેન્ડીચર સપોર્ટ પ્રોગ્રામને મંજૂરી આપી.

**ADB વિશે :**

- ✓ વર્ષ 1966માં એશિયન ડેવલોપમેન્ટ બેંકની રચના કરવામાં આવી હતી. જેના હાલમાં 68 સભ્યો છે. જે પૈકી 49 સભ્યો એશિયા પેસિફિક રિજિયનના છે.
- ✓ **ADB : એશિયન ડેવલપમેન્ટ બેંક**
- ✓ **મુખ્ય મથક : મનિલા-ફિલીપાઇન્સ**

## 9. B.1.1.529 : કોરોનાનો નવો વેરિયન્ટ મળી આવ્યો




- ✓ **અન્ય નામ : બોત્સવાના વેરિયન્ટ**
- ✓ **દેશ : દક્ષિણ આફ્રિકા અને હોંગકોંગ**

**વેરિયન્ટ વિશે :**

- ✓ **નવા વેરિયન્ટ દક્ષિણ આફ્રિકાના દેશ બોત્સવાનામાં મળ્યો જેથી તેને બોત્સવાના વેરિયન્ટ પણ કહેવાય છે.**
- ✓ આ વેરિયન્ટના બોત્સવાનામાં 3, દ. આફ્રિકામાં 6 અને હોંગકોંગમાં એક દર્દી નોંધાયો છે.
- ✓ બ્રિટીશ વિજ્ઞાનીઓના મતે આ વાઇરસનો સૌથી ખતરનાક વેરિયન્ટ છે, જે અત્યાર સુધી 32 વખત પોતાનું સ્વરૂપ બદલી ચૂક્યો છે.
- ✓ તેનાથી સંકેત મળે છે કે, તે વધુ સંક્રમક છે અને તેના પર રસીની કોઇ અસર થતી નથી.
- ✓ તેનાથી સ્પાઇક પ્રોટીન કોઇ અન્ય વેરિયન્ટની તુલનામાં વધુ ઝડપથી બદલાય છે.
- ✓ યુનિવર્સિટી કોલેજ ઓફ લંડનની જિનેટિક્સ ઈન્સ્ટિટ્યુટના ડિરેક્ટર પ્રો. ફ્રેન્કોઇસ બોલોક્સે કહ્યું કે, નવો વેરિયન્ટ ઇમ્યુનિટી વિકસિત કરી ચૂકેલા વ્યક્તિમાં ક્રોનિક ઇન્ફેક્શન પેદા કરે છે.

## 10. ઈન્ટરપોલ : નવા પ્રમુખ તરીકે UAEના મેજર જનરલ એહમદ નાસરઅલરેસીની નિમણૂક

- ✓ **મુદત : એક વર્ષ**



- ✓ આંતરરાષ્ટ્રીય સ્તરે કાયદાઓનું પાલન કરાવવાની મહત્વની જવાબદારી નિભાવતી ઇન્ટરપોલની 89મી વાર્ષિક સાધારણ સભામાં નવા પ્રમુખ તરીકે યુનાઇટેડ આરબ અમિરાત (યુએઇ)ના એક વિવાદાસ્પદ અધિકારી પ્રમુખ તરીકે ચૂંટાઇ આવ્યા.

## 11. દિન વિશેષ : 25 નવેમ્બર

### (1) ઈન્ટરનેશનલ "મીટ લેસ ડે એન્ડ એનિમલ રાઇટ્સ ડે"




- ✓ પ્રાણી સંવેદના - મારુ પેટ મૃત પ્રાણીઓનું કબ્રસ્તાન નથી

### (2) આંતરરાષ્ટ્રીય ઘરેલુ હિંસા નિવારણ દિવસ : 25 નવેમ્બર




- ✓ દર વર્ષે 25મી નવેમ્બરે આંતરરાષ્ટ્રીય ઘરેલુ હિંસા નિવારણ દિવસ મનાવવામાં આવે છે.

## 12. જન્મ દિવસ વિશેષ : 25 નવેમ્બર

### બેફામ : બરકત અલી વીરાણી



- ✓ અનેક અમર કાવ્ય પંક્તિઓના સર્જક અને પોતાના તખલ્લુસ બેફામનો ગઝલમાં બખૂબી ઉપયોગ કરનાર ગઝલકાર બરકતઅલી ગુલામઅલી વિરાણી ઉર્ફે બેફામનો આજે જન્મદિવસ.

✓ ભાવનગરના શિહોર તાલુકાના ધાંધળી ગામે જન્મેલા બેફામ નાનપણથી જ ગઝલો લખતા થયા હતા. 1942માં હિન્દ છોડોના જુવાળમાં અભ્યાસ અધૂરો છોડ્યો હતો.
✓ તત્કાલીન ગુજરાતી સામયિકો અને આકાશવાણીને સ્ક્રિપ્ટ એડિટર તરીકેની કામગીરીમાંથી બેફામની ગઝલકાર તરીકે કારકિર્દી ઘડાઇ.
✓ સાહિત્ય ક્ષેત્રે માનસર, ઘટા, પ્યાસ અને પરબ જેવા ગઝલસંગ્રહો થકી ગુજરાતી ગઝલ સાહિત્યને રળિયાત કર્યું છે.
✓ ટૂંકીવાર્તાઓ અને રેડિયો નાટકો પણ રચ્યા હતા.
✓ ગુજરાતી ગઝલોમાં જીવનનું દર્દ ઘૂંટવામાં અને ગઝલના મક્તાના શેરમાં મૃત્યુ અંગેનો શેર મૂકી જીવનની ઊંડી ફિલસૂફી રજૂ કરવામાં બેફામ અજોડ છે.

**પ્રખ્યાત કાવ્ય પંક્તિઓ**

✓ 'બેફામ' તોયે કેટલું થાકી ' જવું પડ્યું ? નહિ તો જીવનનો માર્ગ છે, ઘરથી કબર સુધી'
✓ 'રડયા હતા સૌ "બેફામ" મુજ મૃત્યુ પર એજ કારણથી, હતો મારો જ એ અવસરને મારી હાજરી ન હતી'
✓ 'તબીબો પાસેથી હું નીકળ્યો દિલની દવા લઈને જગત સામે જ ઊભું હતું દર્દો નવા લઈને"

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (25-11-2021)

**1.** જેવર/નોઈડા ઇન્ટરનેશનલ એરપોર્ટ સાથે કઇ બાબતો જોડાયેલી નથી

1. 1300થી વધારે હેક્ટર વિસ્તાર તથા પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ : રૂ. 34,000 કરોડ જે વર્ષ 2050 સુધીમાં પૂર્ણ કરાશે
2. યુપીનું 9મું અને પાંચમું ઇન્ટરનેશનલ એરપોર્ટ
3. ઝીરો કાર્બન ઉત્સર્જન ધરાવતું ભારતનું પ્રથમ એરપોર્ટ
4. 40 વર્ષ માટે સંચાલન ઝુરિચ એરપોર્ટ-સ્વિત્ઝર્લેન્ડ સોંપાયું
5. કુલ 4 ફેઝ પૈકી રૂ. 10,050 કરોડના ખર્ચે પ્રથમ ફેઝ તૈયાર થશે

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 1 અને 5 **(D) આપેલ તમામ**

**2.** તા. 25 નવેમ્બર 2021ના રોજ મુંબઈ ખાતે ભારતીય નૌકાદળમાં સામેલ કરાયેલ INS વેલા સબમરીન અંગે ક્યા વિધાનો યોગ્ય છે

1. પ્રોજેક્ટ 75 હેઠળ સાઇલન્ટ કિલર તરીકે ઓળખાતી સ્કોર્પિયન ક્લાસ- કલાવેરી શ્રેણીની ચોથી સબમરીન
2.સ્ટિલ્થ ટેક્નોલોજી સજ્જ તેથી દુશ્મનના રડારમાં પકડાશે નહીં
3. નિર્માણ : ફ્રાન્સના મૈકલ ગ્રૂપ તેમજ મઝગાંવ ડોક શિપ બિલ્ડર્સ લિમિટેડ - મુંબઈ
4. ઊંચાઇ : 40 ફૂટ, લંબાઇ : 221 ફૂટ, વજન : 1565 ટન

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** તા. 25 નવેમ્બર 2021ના રોજ લોન્ચ કરાયેલી ભારતની પ્રથમ ડ્રાઇવરલેસ ટ્રેન સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. ડ્રાઇવરલેસ ટ્રેન ધરાવતુ વિશ્વનું ચોથા નંબરનું શહેર દિલ્હી
2. દિલ્હી મેટ્રો વિસ્તારમાં આવેલા 59 કિલોમીટર લાંબા પિંક લાઇન રૂટ પર ડ્રાઇવરલેસ ટ્રેનનો પ્રારંભ
3. વિશ્વના ટોચના ત્રણ શહેરોમાં સિંગાપોર (પ્રથમ)શાંઘાઇ (દ્વિતિય) અને કુઆલાલુમ્પુર (ત્રીજું)નો સમાવેશ
4. કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી હરદિપસિંઘ પુરીએ ટ્રેનનો પ્રારંભ કરાવ્યો

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**4.** નીતિ આયોગ દ્વારા તા. 25 નવેમ્બર 2021ના રોજ જાહેર કરાયેલા નેશનલ મલ્ટીડાયમેન્શન પોવર્ટી ઇન્ડેક્સ (MPI)ના સંદર્ભમાં ક્યા વિધાનો યોગ્ય છે

1. ભારતમાં સૌથી ઓછી ગરીબીવાળા જિલ્લામાં અમદાવાદ 26માં ક્રમે તેમજ ગુજરાતમાં સૌથી મોખરે
2. સૌથી વધુ ગરીબી ધરાવતા ગુજરાતના પાંચ જિલ્લામાં ડાંગ, દાહોદ, પંચમહાલ, નર્મદા અને બનાસકાંઠાનો સમાવેશ
3. બિહાર દેશનું સૌથી ગરીબ રાજ્ય
4. ગુજરાતમાં ગરીબીનો દર 18.60 ટકા

(A) 1 અને 4 (B) 2 અને 4 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**5.** નવેમ્બર-2021માં ગુજરાત કેડરના કયા IPS તેમજ CBIના વિશેષ ડાયરેક્ટર ઇન્ટરપોલની કાર્યકારી સમિતિમાં એશિયાના પ્રતિનિધિ તરીકે ચૂંટાયા

(A) રાકેશ અસ્થાના (B) અતુલ કરવાલ
**(C) પ્રવિણસિંહ** (D) શિવાનંદ ઝા

**6.** તા. 25 નવેમ્બર-2021ના રોજ વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે વિશ્વના સૌથી મોટા ચોથા ક્રમના અને એશિયાના સૌથી વિશાળ કયા ઇન્ટરનેશનલ એરપોર્ટનો કયા રાજ્યમાં શિલાન્યાસ કરાયો

**(A) જેવર/નોઈડા તથા ઉત્તરપ્રદેશ** (B) દિલ્હી
(C) મુંબઈ તથા મહારાષ્ટ્ર (D) રાજકોટ તથા ગુજરાત

**7.** નવેમ્બર-2021ના ડીઝના અહેવાલ મુજબ ભારતીય અર્થતંત્રમાં FY22માં કેટલા ટકા GDP ગ્રોથ રહેવાનું તારણ રજૂ કરાયું છે

(A) 9.1 (B) 9.2 **(C) 9.3** (D) 9

**8.** નવેમ્બર-2021માં ફ્રાન્સ બનાવટના કુલ 51 પૈકી કેટલા મિરાજ-2000 લડાકુ વિમાનનું આધુનિકિકરણ કરીને ભારતીય વાયુસેનામાં સામેલ કરાયા

(A) 01 **(B) 02** (C) 03 (D) 04

**9.** નવેમ્બર-2021માં એશિયન ડેવલપમેન્ટ બેંક(ADB) દ્વારા કોરોના રસીની ખરીદી માટે ભારતને કેટલી લોન આપવાની જાહેરાત કરી

(A) રૂ.10,815 કરોડ **(B) રૂ.11,185 કરોડ**
(C) રૂ.11,815 કરોડ (D) રૂ.12,815 કરોડ

**10.**નવેમ્બર-2021ના અંતમાં કોરોનાનો નવો ખતરનાક વેરિયન્ટ B.1.1.529/બોત્સવાના વેરિયન્ટ ક્યા દેશમાંથી મળી આવ્યો

(A)બ્રાઝિલ (B)દક્ષિણ આફ્રિકા (C)હોંગકોંગ **(D)આપેલ તમામ**

**11.** નવેમ્બર-2021માં UAEના મેજર જનરલ એહમદ નાસરઅલરેસીની કઈ એક વૈશ્વિક એજન્સીના નવા પ્રમુખ તરીકે એક વર્ષ માટે નિમણૂક કરાઈ

(A) ICJ (B) યુનિસેફ **<u>(C) ઈન્ટરપોલ</u>** (D) WHO

**12.** આંતરરાષ્ટ્રીય ઘરેલુ હિંસા નિવારણ દિવસ કયારે મનાવવામાં આવે છે

**<u>(A) તા. 25 નવેમ્બર</u>** (B) તા. 24 નવેમ્બર

(C) તા. 23 નવેમ્બર (D) તા. 22 નવેમ્બર

**13.** ગુજરાતી કવિ -ગઝલકાર બરકત અલી વિરાણીનો જન્મદિવસ જણાવો

(A) તા. 20 નવેમ્બર 1922 **<u>(B) તા. 25 નવેમ્બર 1923</u>**

(C) તા. 23 નવેમ્બર 1924 (D) તા. 24 નવેમ્બર 1925

**14.** ગઝલકાર બરકત વિરાણીનું તખલ્લુસ જણાવો

(A) ઘાયલ (B) સુંદરમ (C) ગની દહીંવાલા **<u>(D) બેફામ</u>**

**15.** ઈન્ટરનેશનલ “મીટ લેસ ડે એન્ડ એનિમલ રાઈટ્સ ડે” કયારે મનાવવામાં આવે છે

(A) તા. 26 નવેમ્બર **<u>(B) તા. 25 નવેમ્બર</u>**

(C) તા. 24 નવેમ્બર (D) તા. 23 નવેમ્બર

**DATE : 26-11-2021**

## 1. ગ્રામ્ય સ્તરે ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટી બનાવવાનો નિર્ણય

**<u>ગુજરાતની તમામ પ્રાથમિક શાળાઓમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટીની રચના કરાશે</u>**




- ✓ **<u>મુખ્ય હેતુ :</u>** શાળા તેમજ વિદ્યાર્થીઓની સલામતી માટે કુદરતી કે માનવસર્જિત આફતોનો સામનો કરી શકે તે માટે ડિઝાસ્ટરની તાલીમ અપાશે
- ✓ **<u>કમિટીના અધ્યક્ષ :</u>** શાળાના આચાર્ય
- ✓ **<u>કુલ સભ્યો :</u>** 15
- ✓ **<u>એજન્સી :</u>** પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર

## 2. RBI - મહત્વનો નિર્ણય :

**<u>મોટી કંપનીઓ/કોર્પોરેટર હાઉસ બેંક શરૂ કરી શકશે નહીં</u>**




**<u>સૂચનો :</u>**

- ✓ રિઝર્વ બેન્ક કોમર્શિયલ બેન્કિંગ બિઝનેસમાં મોટા ઉદ્યોગ ગૃહનો પ્રવેશ થાય તે માટે સહમત નથી. આરબીઆઇએ આ માટે આંતરિક કાર્યકારી જૂથના 33માંથી 21 સૂચનો સ્વીકાર્યા

**<u>અન્ય વિગતો :</u>**

- ✓ ભારતમાં કોર્પોરેટ હાઉસ લાંબા સમયથી કોમર્શિયલ બેન્કિંગ બિઝનેસમાં પ્રવેશ માટે આતૂર છે.
- ✓ આરબીઆઇએ ઓદ્યોગિક ગૃહના કોમર્શિયલ બેંક ચલાવવાના પ્રસ્તાવને ફગાવી દીધો છે. તાતા અને બિરલા જેવી ઇન્ડસ્ટ્રી જાયન્ટ્સ હાલમાં નોન બેકિંગ ફાઇનાન્સ કંપનીઓ ચલાવી રહી છે. જેને કારણે તાતા અને બિરલા સામે મુશ્કેલ સ્થિતિ ઉભી થઇ છે.
- ✓ રિઝર્વ બેન્કે કહ્યું કે હવે NBFC માટે પણ નિયમો કડક કરવા જઇ રહી છે. NBFC પણ હવે સામાન્ય બેંકોની જેમ જ નિયમોનું પાલન કરવું પડશે.
- ✓ આ સાથે **<u>રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ પેમેન્ટ બેકને સ્મોલ ફાઇનાન્સ બેંકમાં 3 વર્ષમાં રૂપાંતરિત કરવાના પ્રસ્તાવને પણ અટકાવી</u>** દીધો છે, જેના કારણે પેટીએમ પેમેન્ટ બેંક જેવી કંપનીઓના કોમર્શિયલ બેકિંગ બિઝનેસનું સપનું ચકનાચૂર થઇ ગયું છે.
- ✓ લોકોનાં સૂચનો અને પ્રતિસાદને ધ્યાનમાં લીધા પછી 21 સૂચનો સ્વીકારવામાં આવ્યા છે. આ સિવાય અન્ય તમામ સૂચનો પર હાલ વિચાર કરવામાં આવી રહ્યો છે.

## 3. દક્ષિણ શક્તિ : લશ્કરી કવાયત - પશ્ચિમી સરહદ જેસલમેર (રાજસ્થાન)



- ✓ **<u>વિશેષતા : સૈન્યની ત્રણેય પાંખની પ્રથમવાર હાઇબ્રીડ ડ્રીલ : ફિઝીકલ અને વર્ચ્યુઅલ બંને દુશ્મનોને એકસાથે હરાવ્યા</u>**
- ✓ **<u>મુખ્ય હેતુ :</u>** ભવિષ્યના માનવ રહિત યુદ્ધ અને સામાન્ય યુદ્ધ સામે લડવા માટે કવાયત
- ✓ **<u>ભાગ લેનાર એજન્સી :</u>** આર્મી, નેવી, IAF, એર, સ્પેસ એજન્સી, સાયબર અને ઇલેક્ટ્રોનિક એન્ડ ઇન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગ
- ✓ **<u>યુદ્ધ કવાયતનો વિસ્તાર :</u>** <u>થારનું રણ, કચ્છનું રણ સમુદ્ર અને સરક્રીક (કચ્છ)</u>

## 4. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-5 : ભારત સરકાર

**<u>ભારતમાં પ્રતિ 1000 પુરુષે મહિલાઓનુ પ્રમાણ</u>**

- ✓ **<u>ગુજરાતમાં 1000 પુરુષે 965 મહિલાઓ</u>**
- ✓ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-4 વર્ષ 2015-16 મુજબ ગુજરાતમાં 1000 પુરુષે 950 મહિલાઓ

**પ્રતિ ૧ હજાર પુરૂષે મહિલાનું પ્રમાણ**

| ક્યાં સૌથી વધુ? | | ક્યાં સૌથી ઓછું? | |
|---|---|---|---|
| રાજ્ય | પ્રમાણ | રાજ્ય | પ્રમાણ |
| લક્ષદ્વિપ | ૧,૧૮૭ | દમણ-દીવ | ૮૨૭ |
| કેરળ | ૧,૧૨૧ | દિલ્હી | ૯૧૩ |
| પુડુચેરી | ૧,૧૧૨ | ચંદીગઢ | ૯૧૭ |
| બિહાર | ૧,૦૯૦ | હરિયાણા | ૯૨૬ |
| તામિલનાડુ | ૧,૦૮૮ | પંજાબ | ૯૩૮ |

**5. GST પોર્ટલ : વેપારીઓ માટે નવીન સુવિધા ઉપલબ્ધ**

**ઇન્વોઇસના કલરથી વેપારીઓ જાણી શકશે કે તેમના ઇન્વોઇસનું શું સ્ટેટસ છે**




**ક્યો કલર, શું નિર્દેશ કરશે ?**

- ✓ **ગ્રીન કલર :** ઇનવોઇઝ બરાબર છે, તેમાં કોઇ ક્વેરી નથી તે સફળતાપૂર્વક પ્રોસેસ થઇ ગયો છે.
- ✓ **ઓરેન્જ કલર :** વેપારીઓનું ટેન્શન વધારશે. ઇનવોઇઝમાં કોઇ ક્વેરી છે કે તે બતાવશે. જેથી વેપારીઓને ભૂલ સમજાય.
- ✓ **બ્લ્યુ કલર :** વેપારીઓને માલુમ પડશે કે ઇનવોઇઝ હજી પેન્ડિંગ છે. તેની પર કોઇ પ્રોસેસ થઇ નથી.
- ✓ **GST : ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ**

**6. ખેલકૂદ : ભારત-ન્યૂઝીલેન્ડ ટેસ્ટ સીરીઝ : કાનપુર-ઉત્તર પ્રદેશ**

**ડેબ્યુ ટેસ્ટ મેચમાં સદી નોંધાવનાર શ્રેયસ ઐયર ભારતનો 16મો ક્રિકેટ ખેલાડી**




- ✓ હરીફ ટીમ : ન્યૂઝીલેન્ડ

**અન્ય વિગતો :**

- ✓ ડેબ્યૂ ટેસ્ટમાં સદી નોંધાવનાર ઐયર ત્રીજો ઓલ્ડેસ્ટ ક્રિકેટર બની ગયો છે. તેણે 26 વર્ષ અને 355 દિવસની વયે સદી ફટકારી છે.
- ✓ ન્યુઝીલેન્ડ સામે ટેસ્ટ ડેબ્યૂમાં સદી નોંધાવનાર ઐયર ભારતનો ત્રીજો ખેલાડી બની ગયો છે. આ પહેલાં એજી કૃપાલસિંહે 1955ના નવેમ્બરમાં અણનમ 100 તથા સુરિન્દર અમરનાથે 1976માં ઓકલેન્ડના ઇડન પાર્કમાં 124 રનની ઇનિંગ રમી હતી.

**7. "સંપ્રતિ" : ભારત અને બાંગ્લાદેશ વચ્ચે યોજાયેલો સૈન્ય યુદ્ધ અભ્યાસ**




- ✓ **સ્થળ : મેઘાલય**

**8. દિન વિશેષ : 26 નવેમ્બર**

**(1) નેશનલ મિલ્ક ડે : 26 નવેમ્બર**

- ✓ ભારતમાં મિલ્ક મેન મેન ડો. વર્ગીસ કુરિયનના જન્મદિવસની યાદમાં ઉજવણી
- ✓ રાષ્ટ્રીય દૂધ દિવસ દર વર્ષે 26 નવેમ્બરના રોજ ડો.વર્ગીઝ કુરિયનના જન્મદિવસ પર ઉજવવામાં આવે છે.




- ✓ દૂધ અને દૂધ ઉધોગને લગતી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા, તેના મહત્વ વિશે જાગૃતતા લાવવામાં ડો.કુરિયને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમની યાદમાં રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**રાષ્ટ્રીય દૂધ દિવસનો ઇતિહાસ**

- ✓ ભારતીય ડેરી એસોસિએશન (આઇડીએ) દ્વારા 26 નવેમ્બર 2014ના રોજ પ્રથમ રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- ✓ 22 રાજ્યોના વિવિધ દૂધ ઉત્પાદકોએ આ દિવસમાં ભાગ લીધો હતો.
- ✓ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 01 જૂને વિશ્વ દૂધ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**(2) બંધારણ સ્વીકાર દિવસ**

**તા. 26 નવેમ્બર 1949**

**વર્ષ-2021માં બંધારણને 71 વર્ષ પૂર્ણ**




- ✓ દેશમાં દર વર્ષે 26 નવેમ્બરના રોજ બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભારતમાં આ દિવસને રાષ્ટ્રીય કાયદા દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે.
- ✓ ભારતની બંધારણ સભાએ 26 નવેમ્બર 1949ના રોજ ઔપચારિક રીતે બંધારણને સ્વીકાર્યું.
- ✓ 26 જાન્યુઆરી 1950ના રોજ અમલમાં આવ્યું.
- ✓ ભારત સરકારે 19 નવેમ્બર 2015ના રોજ દર વર્ષે 26 નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2015 થી 26 નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઊજવવાનો પ્રારંભ કરાયો
- ✓ મહત્વ :.

**ભારતના બંધારણ વિશેની હકીકતો**

- ✓ ભીમરાવ આંબેડકર ભારતીય બંધારણના પિતા માનવામાં આવે છે. તેમણે વિશ્વનું સૌથી લાંબુ બંધારણ તૈયાર કર્યું છે.
- ✓ તે વિશ્વના તમામ બંધારણની તપાસ કર્યા પછી બનાવવામાં આવ્યું હતું. તે વિશ્વનું સૌથી મોટું બંધારણ માનવામાં આવે છે.

- ✓ ભારતીય બંધારણ તૈયાર કરવામાં 2 વર્ષ, 11 મહિના અને 17 દિવસ થયા.
- ✓ મૂળ ભારતનું બંધારણ હિન્દી અને અંગ્રેજી એમ બે ભાષાઓમાં લખવામાં આવ્યું હતું.
- ✓ ભારતીય બંધારણના અંગ્રેજી સંસ્કરણમાં કુલ 1,17,369 શબ્દો છે.
- ✓ ભારતીય બંધારણની મૂળ નકલ હસ્તલિખિત છે. ભારતનું બંધારણ પ્રેમ બિહારી નારાયણ રાયઝાદા (ભારતીય સુલેખક) દ્વારા ઇટાલિક શૈલીમાં લખવામાં આવ્યું છે.
- ✓ ભારતીય બંધારણના દરેક પૃષ્ઠને શાંતિનિકેતનના કલાકારો દ્વારા શણગારવામાં આવ્યું છે.
- ✓ ભારતના બંધારણની અસલ નકલ ભારતના સંસદ ભવનની સેન્ટ્રલ લાઇબ્રેરીમાં હિલીયમ ગેસથી ભરેલા કાચની પેટીમાં અત્યંત સલામત અને અનુકૂળ વાતાવરણમાં રાખવામાં આવી છે.
- ✓ ભારતીય બંધારણને આખરી સ્વરૂપ આપવામાં આવે તે પહેલા તેના પ્રથમ ડ્રાફ્ટમાં લગભગ 2000 સુધારા કરવામાં આવ્યા હતા.
- ✓ ભારતના બંધારણની પ્રસ્તાવનામાં, કટોકટી દરમિયાન 1976માં બે શબ્દો સેક્યુલર અને સમાજવાદી ઉમેરવામાં આવ્યા હતા.
- ✓ ભારતીય બંધારણમાં કુલ 470 કલમો, 25 ભાગોમાં 12 શેડયુલ છે.
- ✓ ભારતના બંધારણને 'બેગ ઓફ બોરોઈંગ્સ' પણ કહેવામાં આવે છે. કારણ કે તેની મોટાભાગની જોગવાઈઓ અમેરિકા, યુનાઈટેડ કિંગડમ, ફ્રાન્સ, સોવિયેત યુનિયન, આયર્લેન્ડ સહિતના અન્ય દેશોના બંધારણોથી પ્રેરિત છે.
- ✓ ભારતીય બંધારણ સભામાં કુલ 284 સભ્યો હતા, જેમાંથી 15 મહિલાઓ હતી.
- ✓ ભારતીય બંધારણની પ્રસ્તાવના યુએસ બંધારણની પ્રસ્તાવનાથી પ્રેરિત છે. બંનેની શરૂઆત 'વી ધ પીપલ' ('We the people')થી થાય છે.
- ✓ ભારતના બંધારણની ગણતરી વિશ્વના શ્રેષ્ઠ બંધારણોમાં થાય છે.

**(3) મુંબઈ પર આતંકવાદી હુમલાની 13મી વરસી : તા. 26 નવેમ્બર-2008**




**ટૂંકી વિગત :**

- ✓ 26,નવેમ્બર 2008ના રોજ લશ્કર-તોઇબા(LeT)ના 10 આતંકવાદીઓની ગેંગે દરિયાઇ માર્ગે મુંબઈના કિનારે ઊતરીને શહેરના અનેક વિસ્તારોમાં આડેધડ ગોળીબાર કરી 166 લોકોનો ભોગ લીધો હતો. જેમાં 26 વિદેશી નાગરિકો હતા. પાકિસ્તાની સરકારે આ ઓપરેશનનું સંચાલન કરનાર ઝકીઉર રહેમાન લખવી સહિત 7 આતંકીઓની ધરપકડ કરી હતી.

**(4) વિશ્વ પર્યાવરણ સંરક્ષણ દિવસ : 26 નવેમ્બર**

**હેતુ :**

- ✓ આ દિવસ પર્યાવરણીય સંતુલન જાળવવા અને લોકોને જાગૃત કરવાના સંદર્ભમાં સકારાત્મક પગલા ભરવા માટે ઉજવવામાં આવે છે.
- ✓ **આયોજન :** યુનાઇટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (યુએનઇપી) દ્વારા કરાઇ છે.
- ✓ દસ વૈશ્વિક પર્યાવરણ સંધિઓ અને સો જેટલા પ્રાદેશિક અને દ્વિપક્ષીય વાટાઘાટો થઇ છે. આ તમામ પરિષદો રિયો ડી જાનેરોમાં યોજાઇ હતી.
- ✓ આંતરરાષ્ટ્રીય પર્યાવરણીય સંમેલનો અને નીતિઓના સંદર્ભમાં રિયો ડી જાનેરોમાં આ પરિષદ ખૂબ મહત્વનો મુદ્દો હતો

**9. જન્મ દિન વિશેષ : 26 નવેમ્બર**

**શ્વેત ક્રાંતિના જનક-મિલ્કમૅન ડૉ. વર્ગીસ કુરિયનની જન્મ શતાબ્દી વર્ષ**

**જન્મ : 26 નવેમ્બર 1921**

**અવસાન : 9 સપ્ટેમ્બર 2012**




- ✓ **AMUL દ્વારા ઉજવણી જન્મ શતાબ્દિ વર્ષની ઉજવણી**
- ✓ **ઉપનામ :** મિલ્કમેન ઓફ ઇન્ડિયા, શ્વેત ક્રાંતિના પિતા

**ડૉ. કુરિયરનું પ્રદાન :**

- ✓ ઑપરેશન ફ્લડના શિલ્પકારથી રાષ્ટ્રના મિલ્કમૅન બનવા સુધી.
- ✓ મહિલા દુગ્ધ ખેડૂઓને સશક્ત બનાવવાથી દુગ્ધ ઉધોગને ગ્રામીણ ભારતના સૌથી મોટાં નિયોક્તા બનાવવા સુધી.
- ✓ ખેડાના નાના જિલ્લામાં દુગ્ધ વ્યવસાયની સફળતાથી ભારતને વિશ્વમાં દૂધ ઉત્પાદનમાં નં.1 બનાવવા સુધી.
- ✓ યુવા નેતૃત્વની માનવ મૂડી નિર્માણ કરવાથી દુગ્ધ ક્ષેત્રે વિવિધ પહેલોની આર્થિક રાજધાની બનાવવા સુધી.
- ✓ ઉપરાંત, સંસ્થાગત મૂડી જેવી કે એનડીડીબી, જીસીએમએમએફ, મધર ડેરી, આઈડીએમસી, ઈરમા, આઇઆઇએલ, એનસીડીએફઆઈ, આનંદાલય અને અન્ય અનેક.
- ✓ ભારતનાં 10 કરોડ દૂધ ઉત્પાદકો ડૉ. વર્ગીસ કુરિયનની જન્મ શતાબ્દી ઉજવી રહ્યા છે.
- ✓ <u>ડો.વર્ગીસ કુરિયનનો જન્મ કેરળમાં કોઝીકોડ ખાતે થયો હતો.</u>
- ✓ સ્નાતક અને ડેરી ઇજનેરીનો અભ્યાસ પ્રાપ્ત કુરિયન 1949માં આણંદમાં ડેરી ઈજનેર તરીકે કાર્યરત થયા હતા.
- ✓ આ સમયે ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ ખાનગી માલિકીની પોલસન ડેરી સામે ઝઝૂમી રહી હતી. આવા વિકટ સંજોગોમાં ડો.કુરિયન ઇજનેરની નોકરી છોડી શ્રી ત્રિભુવનદાસ પટેલ સાથે જોડાયા અને ટેસ્ટ ઓફ ઇન્ડિયા અમૂલનો જન્મ થયો.
- ✓ તેમનો ઉદ્દેશ ભારતને દૂધ ઉત્પાદનમાં સ્વાશ્રયી બનાવવાની સાથે ખેડૂતોની દશા સુધારવાનો પણ હતો.
- ✓ અમૂલની સફળતાના પાયા પર રાષ્ટ્રીય દૂધ વિકાસ બોર્ડ એનડીડીબી અને ગુજરાત કોર્પોરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન જેવી સંસ્થાઓ સ્થપાઇ, જેનું સુકાન પણ ડો.કુરિયને સંભાળ્યું.

- ✔ આ બધા સહિયારા પ્રયત્નોથી ટૂંક સમયમાં જ ભારત દૂધ ઉત્પાદનમાં આત્મનિર્ભર બન્યું.
- ✔ દેશના દૂધ ઉત્પાદનમાં પણ નવા કીર્તિમાનો સ્થાપ્યા હતા.
- ✔ વર્ષ 1963 માં તેમને 'રેમન મેગ્સેસે' એવોર્ડ અને 1989 માં 'વર્લ્ડ ફૂડ' એવોર્ડથી નવાજવામાં આવ્યા
- ✔ ભારત સરકાર દ્વારા તેમને વર્ષ 1965 માં પદ્મશ્રી, વર્ષ 1966 માં પદ્મ ભૂષણ અને વર્ષ 1999 માં પદ્મવિભૂષણથી નવાજવામાં આવ્યા હતા.
- ✔ તેમણે દૂધની અછતને દૂર કરીને દેશને વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક બનાવ્યો.
- ✔ "મિલ્ક મેન ઓફ ઇન્ડિયા" તરીકે જાણીતા ડો.વર્ગીસ કુરિયનનું 9 સપ્ટેમ્બર 2012ના રોજ નડિયાદમાં અવસાન થયું,

**આત્મકથા : મારુ સ્વપ્ન**




વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (26-11-2021)

**1.** નવેમ્બર-2021માં પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટી બનાવવાનો નિર્ણય કર્યો છે તે બાબતે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. ગુજરાતની તમામ પ્રાથમિક શાળાઓમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટી બનાવાશે

નોડલ એજન્સી તરીકે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી

2. વિદ્યાર્થીઓની સલામતી માટે કુદરતી કે માનવસર્જિત આફતોનો સામનો કરવા ડિઝાસ્ટરની વિશેષ તાલીમ અપાશે

3. કુલ 15 સભ્યો

4. પ્રાથમિક શાળાના આચાર્યની અધ્યક્ષતામાં કમિટીની રચના કરાશે

(A) 1 અને 4 (B) 2 અને 4 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**2.** મોટી કંપનીઓ/કોર્પોરેટર હાઉસ બેંકો શરૂ કરી શકશે નહીં તેવો નિર્ણય નવેમ્બર-2021માં કોના દ્વારા કરવામાં આવ્યો છે

(A) નાણા મંત્રાલય **(B) RBI** (C) નીતિ આયોગ (D) PMO

**3.** સૈન્યના ત્રણેય પાંખની દક્ષિણ શક્તિ લશ્કરી કવાયત ક્યાં યોજાઇ

(A) પશ્ચિમી સરહદ ભટિંડા (પંજાબ) (B) પશ્ચિમી સરહદ કચ્છ

**(C) પશ્ચિમી સરહદ જેસલમેર (રાજસ્થાન)**

(D) પશ્ચિમી સરહદ શ્રીનગર

**4.** નવેમ્બર-2021માં જાહેર થયેલ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-5 મુજબ ગુજરાતમાં 1000 પુરુષે મહિલાઓનું પ્રમાણ જણાવો

(A) 920 (B) 950 **(C) 965** (D) 985

**5.** નવેમ્બર-2021માં જાહેર થયેલ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-5 મુજબ ભારતમાં 1000 પુરુષે સૌથી વધુ મહિલાઓનું પ્રમાણ ધરાવતા પ્રથમ ચાર રાજ્યોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

(A) લક્ષદિપ-1187 તથા કેરળ-1121

(B) ગુજરાત-1112 તથા તામિલનાડુ-1090

(C) પુડુચેરી-1112 તથા બિહાર-1090 **(D) A અને C**

**6.** GST પોર્ટલ ઉપર ઇન્વોઇસના કલરથી વેપારીઓ તેમના ઇન્વોઇસનું સ્ટેટસ જાણી શકે તે માટે ક્યા કલર જાહેર કરાયા

(A) ગ્રીન-ઇનવોઇઝ બરાબર છે

(B) ઓરેન્જ – ઇનવોઇઝમાં ક્વેરી છે

(C) બ્લ્યુ - ઇનવોઇઝ હજી પેન્ડિંગ છે **(D) આપેલ તમામ**

**7.** કાનપુર ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડ સામે ડેબ્યુ ટેસ્ટ મેચમાં સદી નોંધાવનાર શ્રેયસ ઐયર ભારતનો કેટલામો ક્રિકેટર્સ બન્યો -

(A) 14 (B) 15 **(C) 16** (D) 17

**8.** નવેમ્બર-2021માં મેઘાલય ખાતે "સંપ્રતિ" સૈન્ય યુદ્ધ અભ્યાસ ક્યા બે દેશ વચ્ચે યોજાયો

(A) ભારત અને શ્રીલંકા **(B) ભારત અને બાંગ્લાદેશ**

(C) ભારત અને ભૂતાન (D) ભારત અને નેપાળ

**9.** ભારતના' મિલ્કમેન' તરીકે જાણીતા ડૉ. વર્ગીસ કુરિયનનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

**(A) તા. 26 નવેમ્બર 1921 તથા કોઝીકોડ-કેરળ**

(B) તા. 25 નવેમ્બર 1920 તથા કોઝીકોડ-કર્ણાટક

(C) તા. 24 નવેમ્બર 1919 તથા કોઝીકોડ-તામિલનાડુ

(D) તા. 23 નવેમ્બર 1918તથા કોઝીકોડ-ઓડિશા

**10.** ડૉ.વર્ગીસ કુરિયનની આત્મકથાનું નામ જણાવો

(A)શ્વેતક્રાંતિ (B) મિલ્કમેન **(C) મારુ સ્વપ્ન**(D) મારુ કર્મયોગ

**11.**ભારતની બંધારણ સભા દ્વારા બંધારણનો સ્વીકાર ક્યારે થયો જેની યાદમાં બંધારણ દિવસ ઉજવવામાં આવે છે

(A) તા. 15 ઓગસ્ટ 1947 (B) તા. 25 નવેમ્બર 1948

**(C) તા. 26 નવેમ્બર 1949** (D) તા. 26 જાન્યુઆરી 1950

**12.** તા. 26 નવેમ્બર 2021માં કેટલામો બંધારણીય દિવસ ઉજવાયો

(A) 71 **(B) 72** (C) 73 (D) 75

**13.** ભારતમાં બંધારણ દિવસ ક્યારથી ઉજવવામાં આવે છે

(A) તા. 26 નવેમ્બર 2013 (B) તા. 26 નવેમ્બર 2014

**(C) તા. 26 નવેમ્બર 2015** (D) તા. 26 નવેમ્બર 2016

**14.** મુંબઈમાં તાજ હોટલ ઉપર આંતકવાદી હુમલો ક્યારે થયો હતો

(A) તા. 26 નવેમ્બર 2001 (B) તા. 26 નવેમ્બર 2007

**(C) તા. 26 નવેમ્બર 2008** (D) તા. 26 નવેમ્બર 2011

**15.** વિશ્વ પર્યાવરણ સંરક્ષણ દિવસ ક્યારે મનાવાઇ છે

(A) તા. 11 નવેમ્બર (B) તા. 20 નવેમ્બર

(C) તા. 24 નવેમ્બર **(D) તા. 26 નવેમ્બર**

## 1."મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ" માટે ગુજરાતને વર્લ્ડ બેંક દ્વારા 750 મિલિયન ડોલરના ફંડની મંજૂરી

## ગુજરાતના શિક્ષણની ગુણવત્તા સુધારવા આગામી 5 વર્ષમાં રૂ.10,000 કરોડ ખર્ચ કરાશે




**હેતુ :**

- ✓ ગુજરાતની સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોની ગુણવત્તા સુધારણા માટે હાથ ધરવામાં આવનાર મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ અમલી બનશે

**મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ વિશે :**

- ✓ મિશન સ્કૂલ ઓફ એક્સલન્સે રાષ્ટ્રીય કક્ષાએ આ પ્રકારનો મોટા પાયે શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે હાથ ધરવામાં આવેલ દેશનો સર્વ પ્રથમ પ્રોજેક્ટ.
- ✓ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને સ્પર્ધાત્મક અને માળખાકીય રીતે શ્રેષ્ઠ બનાવવા તેમ જ બાળકો માટે સ્માર્ટ ક્લાસ રૂમ, સ્ટેમ લેબ જેવી અદ્યતન ભૌતિક સુવિધા આપવા આ મિશન સ્કુલ ઓફ એક્સેલન્સ હાથ ધરવામાં આવેલું છે.
- ✓ મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત આગામી બે તબક્કામાં **15,000** મોટી પ્રાથમિક શાળા, **5,000** માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક મળીને કુલ **20,000** શાળાઓને સર્વાંગી રીતે અપગ્રેડ કરાશે.
- ✓ આ **20,000** એટલે કે આશરે **50** ટકા શાળાઓમાં હાલ **40** લાખ વિદ્યાર્થીઓ એટલે કે કુલ બાળકો પૈકી **80** ટકા વિદ્યાર્થીઓ ભણે છે. પાંચ વર્ષમાં વધીને આ સંખ્યા **45** લાખ (**90** ટકા) સુધી પહોંચી શકે છે.
- ✓ એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેન્ક - AIIB સાથે 250 મિલિયન ડોલર ફંડિંગ મેળવવાની પ્રક્રિયા અંતિમ ચરણમાં.

## 2. પરીક્ષા માટે નવી પેટર્ન : શિક્ષણ વિભાગ-ગુજરાત સરકાર

## સામાન્ય પ્રવાહ ધોરણ 9 થી 12માં 20 ટકાને બદલે 30 ટકા હેતુલક્ષી પ્રશ્નો પૂછાશે




**હાલની પરીક્ષા પદ્ધતિ :**

- ✓ નિર્ણયની અસર રાજ્યના 29.75 લાખ વિદ્યાર્થીઓ પર થશે.
- ✓ આગામી પરીક્ષાથી વિદ્યાર્થીઓને 30 ગુણ મેળવવામાં સરળતા રહેશે
- ✓ અત્યાર સુધી ધો.9થી12 સામાન્ય પ્રવાહમાં 20 ટકા હેતુલક્ષી અને 80 ટકા વર્ણનાત્મક પ્રશ્નો પૂછાતા હતા, સાથે જ પ્રશ્નોના વિકલ્પ પસંદ કરવાની પદ્ધતિ પણ ઇન્ટર્નલ હતી.
- ✓ જ્યારે ધો. 12 વિજ્ઞાન પ્રવાહમાં 50 ટકા ઓએમઆર આધારિત પ્રશ્નો અને 50 ટકા વર્ણનાત્મક નક્કી કરેલા છે. પરંતુ હવે સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પણ વધુ 10 ગુણ મેળવવા આસાન રહેશે.
- ✓ નવા ગુણાંકન પ્રમાણે ધો. 9થી 12 સામાન્ય પ્રવાહમાં 30 ટકા ટૂંકા પ્રશ્નો રહેશે.

**નવો જનરલ વિકલ્પ**

- ✓ વિદ્યાર્થીઓને પેપરમાં આપવામાં આવતા વિકલ્પોમાં પણ ફેરફાર કરાયા છે.
- ✓ પ્રશ્નપત્રમાં એક પ્રશ્નના વિકલ્પ તરીકે એક પ્રશ્ન લખવાનો હોય તેને ઇન્ટર્નલ વિકલ્પ કહેવાય, પરંતુ જ્યારે 10 પ્રશ્ન હોય અને તેમાંથી સાત પ્રશ્નના જવાબ લખવાના હોય તેને જનરલ વિકલ્પ કહેવાશે.
- ✓ ધો.12 વિજ્ઞાન પ્રવાહમાં પણ જનરલ વિકલ્પ રહેશે.
- ✓ **શિક્ષણ મંત્રી : શ્રી જીતુભાઈ વાઘાણી**

## 3. WHO : દક્ષિણ આફ્રિકામાં મળી આવેલા કોરોનાના નવા વેરિઅન્ટને નવું નામ 'ઓમિક્રોમ' અપાયું




- ✓ **વૈજ્ઞાનિક નામ : B.1.1.529 અન્ય નામ : બોત્સવાના**
- ✓ **ઉદભવ સ્થાન : બોત્સવાના - દક્ષિણ આફ્રિકા અને હોંગકોંગ**

## 4.અંગ પ્રત્યાર્પણ : ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે:

**ક્રમ અને દેશ :**

**1. યુએસએ 2. ચીન 3. ભારત**

- ✓ **અહેવાલ :** ગ્લોબલ ઓબ્ઝર્વેટરી ઓન ડોનેશન એન્ડ ટ્રાન્સપ્લાન્ટેશન

## 5. દિન વિશેષ : 27 નવેમ્બર

**(1) 95મો થેન્ક્સ ગિવિંગ ડે : 27 નવેમ્બર**




- ✓ USમાં દર વર્ષે 27 નવેમ્બરે થેન્ક્સ ગિવિંગ ડેની ઉજવણી

**(2) 12મો રાષ્ટ્રીય અંગદાન દિવસ : 27 નવેમ્બર**




## 6. જન્મ દિવસ વિશેષ : 27 નવેમ્બર

**(1) છ અક્ષરનું નામ : રમેશ પારેખ**

**જન્મ : 27 નવેમ્બર 1940 અવસાન : 17 મે 2006**

- ✓ આજે ઉધોગપતિ નાનુભાઈ અમીન, હાસ્યકાર બકુલ ત્રિપાઠી, હરિવંશરાય બચ્ચન અને કવિ રમેશ પારેખનો જન્મદિન.




- ✓ <u>અમરેલીમાં જન્મેલાં રમેશ મોહનલાલ પારેખ</u> 1958માં મેટ્રિક થઇ સરકારી નોકરીમાં જોડાયા.
- ✓ કવિ, વાર્તાકાર, બાળ સાહિત્યકાર રમેશ પારેખ ખડિંગ, ત્વ, વિદાન સુદ બીજ, સનનન, ક્યાં, સ્તનપૂર્વક, છાતીમાં બારસાખ, ચશ્માના કાચ પર જેવાં પુસ્તકો લખ્યાં.
- ✓ <u>કાવ્ય પંક્તિ :</u> ત્રાજવે તોળ્યા હતાં એ નખશીખ હલકા નીકળ્યા, શા-જે રહેતાં હતાં બહુ ભારમાં", "પાંદડું કેવી રીતે પીળું થયું કોને ખબર? એટલે કે ઝાડમાંથી શું ગયું કોને ખબર"
- ✓ રમેશ પારેખની ધીમે ધીમે ઢાળ ઉતરતી ટેકરીઓની સાખે, તમને ફૂલ દીધાનું યાદ જેવી અનેક રચનાઓ ચિરસ્મરણીય છે.
- ✓ કવિ રમેશ પારેખે ગીતોને લોકગીતોની કક્ષાએ પહોચાડયા છે.

**<u>સન્માન :</u>**

- ✓ નર્મદા ચંદ્રક, રણજીતરામ સુવર્ણચંદ્રક, ઉમા સ્નેહરશ્મિ પારિતોષિક જેવાં અનેક સન્માનો
- ✓ ચિત્રકલા અને સંગીતપ્રેમી તથા ગુજરાતી કવિતાને નવી ઉંચાઇ પર લઇ જનાર <u>રમેશ પારેખનું 17 મે 2006ના રોજ રાજકોટ ખાતે અવસાન</u> થયું હતું.

### <u>(2) દાદાસાહેબ : ગણેશ વાસુદેવ માવલંકર</u>




**<u>જન્મ : 27 નવેમ્બર 1888</u>**

**<u>અવસાન : 27 ફેબ્રુઆરી-1956</u>**

- ✓ દાદાસાહેબના હુલામણા નામે જાણીતા થયેલા ગણેશ વાસુદેવ માવલંકર <u>મૂળ મહારાષ્ટ્રના પણ તેમનો જન્મ વડોદરા</u>માં થયો હતો.
- ✓ માવલંકર 1904માં મેટ્રિક અને 1906માં ગુજરાત કોલેજથી વિનયન સ્નાતક થયા.
- ✓ અભ્યાસ બાદ વકીલાત અને વકીલાત થકી જાહેરજીવનમાં આવ્યા હતા.
- ✓ દાદાસાહેબ માવલંકરની જાહેર પ્રવૃત્તિઓમાં કેળવણી ક્ષેત્રે તેમની પ્રવૃત્તિઓ અન્ય પર સરસાઇ ધરાવે છે.
- ✓ અમદાવાદ એજ્યુકેશન સોસાયટી, ગુજરાત યુનિ. જેવી રાષ્ટ્રીય મહત્વની શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપનામાં તેઓનું માતબર યોગદાન રહ્યું હતું.
- ✓ 23 નવેમ્બર 1949ના રોજ સ્થપાયેલી ગુજરાત યુનિ.ની સ્થાપના માટે તેમણે કહ્યું કે, ગુજરાત યુનિ.ની સ્થાપનાને હું મારું સ્વપ્ન નહિ પણ જાગૃત અવસ્થા કહું છું.
- ✓ આ યુનિ. કોઇ એકલ દોકલ દાતાના દાનથી અને તેના બદલે હજારો ગુજરાતીઓની સખાવતથી બને તેવી કાળજી રાખી હતી.

### <u>વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (27-11-2021)</u>

**1.** વર્લ્ડ બેંક દ્વારા નવેમ્બર 2021માંગુજરાતમાં "મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ" પ્રોજેક્ટ માટે કેટલા મિલિયન ડોલરને મંજૂરી અપાઇ

(A) 250 (B) 500 **<u>(C) 750</u>** (D) 1000

**2.** ગુજરાતના શિક્ષણની ગુણવત્તા સુધારવા "મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ" પ્રોજેક્ટ માટે આગામી 5 વર્ષમાં કેટલો ખર્ચ કરાશે

(A) 12,500 **<u>(B) 10,000</u>** (C) 9,750 (D) 7,500

**3.** મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત ગુજરાતમાં આગામી બે તબક્કામાં કેટલી પ્રાથમિક શાળા, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સર્વાંગી રીતે અપગ્રેડ કરાશે

(A) 15,000 (B) 5,000

**<u>(C) A અને B બંને</u>** (D) આપેલ એક પણ નહીં

**4.** ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા નવેમ્બર 2021માં જાહેર કરાયેલી નવી પરીક્ષા પેટર્ન મુજબ સામાન્ય પ્રવાહ ધોરણ 9 થી 12માં 20 ટકાને બદલે કેટલા ટકા હેતુલક્ષી પ્રશ્નો પુછાશે

(A) 20 (B) 25 **<u>(C) 30</u>** (D) 35

**5.** નવેમ્બર 2021માં દક્ષિણ આફ્રિકામાં મળી આવેલા કોરોનાના નવા વેરિઅન્ટ B.1.1.529ને WHO દ્વારા કયુ નવું નામ અપાયું

(A) એનિક્રોમ (B) એપિક્રોમ (C) એપ્રિકોમ્પ **<u>(D) ઓમિક્રોમ</u>**

**6.** ગ્લોબલ ઓબ્ઝર્વેટરી ઓન ડોનેશન એન્ડ ટ્રાન્સપ્લાન્ટેશનના અહેવાલ મુજબ વિશ્વમાં અંગ પ્રત્યાર્પણમાં વિશ્વના પ્રથમ ત્રણ દેશના નામ જણાવો

(A) અનુક્રમે ચીન, ભારત તથા યુએસએ

**<u>(B) અનુક્રમે યુએસએ, ચીન તથા ભારત</u>**

(C) અનુક્રમે યુએસએ, જાપાન તથા ભારત

(D) અનુક્રમે જાપાન, ચીન તથા ભારત

**7.** તા. 27 નવેમ્બર 2021ના રોજ કેટલામો રાષ્ટ્રીય અંગદાન દિવસ ઉજવાયો

(A) 5 (B) 7 **<u>(C) 12</u>** (D) 15

**8.** થેન્ક્સગિવિંગ ડે કયારે મનાવવામાં આવે છે

(A) તા. 21 નવેમ્બર (B) તા. 24 નવેમ્બર

**<u>(C) તા. 27 નવેમ્બર</u>** (D) તા. 28 નવેમ્બર

**9.** તા. 27 નવેમ્બર-2021માં કેટલામો થેન્ક્સગિવિંગ ડે મનાવવામાં આવ્યો

(A) 89 (B) 93 **<u>(C) 95</u>** (D) 100

**10.** છ અક્ષરનું નામ કવિતા સંગ્રહ કોનો છે

(A) રાજેન્દ્ર શાહ **<u>(B) રમેશ પારેખ</u>**

(C) નિરંજન ભગત (D) અનિલ જોશી

**11.** કવિ રમેશ પારેખનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) તા. 27 નવેમ્બર 1924 તથા ભાવનગર

**(B) તા. 27 નવેમ્બર 1940 તથા અમરેલી**

(C) તા. 27 નવેમ્બર 1944 તથા બોટાદ

(D) તા. 27 નવેમ્બર 1948 તથા મોરબી

**12.** આઝાદ ભારતના પ્રથમ લોકસભા સ્પિકર ગણેશ વાસુદેવ માવલંકરનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) તા. 27 નવેમ્બર-1877 તથા અમદાવાદ

(B) તા. 27 નવેમ્બર-1882 તથા સુરત

**(C) તા. 27 નવેમ્બર-1888 તથા વડોદરા**

(D) તા. 27 નવેમ્બર-1891 તથા રાજકોટ

## DATE : 28-11-2021

### 1. અમૂલ ફેડ ડેરી - ગાંધીનગર

**એશિયાના સૌથી વિશાળ "અમૂલ ફેડ ડેરી" પ્લાન્ટનું કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી શ્રી અમિત શાહના હસ્તે તા.28 નવેમ્બર 2021ના રોજ ઉદઘાટન**




**અમૂલ ફેડ ડેરી" પ્લાન્ટની વિશેષતાઓ :**

- ✓ પ્રતિ દિન 150 મે.ટન ઉત્પાદન ક્ષમતા ધરાવતા દૂધ પાવડર પ્લાન્ટ, બટર પ્લાન્ટ, પેકેજીંગ પ્લાન્ટ અને અત્યાધુનિક સંગ્રહ અને પુન: પ્રાપ્તિ સિસ્ટમ યુક્ત વેરહાઉસ.
- ✓ **કુલ રોકાણ : રૂ. 415 કરોડથી વધુ**
- ✓ **સ્થાન : ભાટ, ગાંધીનગર**

### 2. "મન કી બાત" : 83મી આવૃત્તિ/સંસ્કરણ વડાપ્રધાન મોદી દ્વારા રજૂ કરાયુ તા.28 નવેમ્બર 2021




- ✓ દર માસના છેલ્લા રવિવારે મન કી બાત

**મન કી બાતના મુખ્ય અંશો :**

- ✓ છ ડિસેમ્બરે બાબા સાહેબ આંબેડકરની પુણ્યતિથિ પ્રસંગે તેમણે બાબાસાહેબનાં કાર્યોને યાદ કરીને નમન કર્યા હતા.
- ✓ **પર્યાવરણની જાળવણી** કરવા મોદીએ લોકોને અપીલ કરી. પ્રકૃતિનું સંતુલન ખોરવાઈ જવાથી ખતરો સર્જાય છે.
- ✓ વૃંદાવન એ ભગવાનના પ્રેમનું પ્રત્યક્ષ સ્વરૂપ છે.
- ✓ દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યો છે. પંચાયતોથી લઈને સંસદ સુધી તેની ગુંજ છે.
- ✓ **નેવી ડે અને નેશનલ ફ્લેગ ડે તેમજ પાકિસ્તાનનાં વિજયનાં 50 વર્ષની ઉજવણીને યાદ કરીને શહીદોને નમન કર્યા.**

**દેશના યુવાનો પાસે ત્રણ ચીજોની આશા**

- ✓ દરેક સમૃદ્ધ દેશ યુવાનો પાસે ત્રણ ચીજોની આશા રાખે છે જેમાં **પહેલી ચીજ આઈડિયા અને ઈનોવેશન છે, બીજી ચીજ જોખમ ઉઠાવવાની હિંમત અને ત્રીજી કેન ડુ નો સ્પિરિટ એટલે કે કોઈપણ કામ પૂરું કરવાની જીદ**
- ✓ આ ત્રણેય ચીજો સાથે હોય તો તેનાં અદભૂત પરિણામ મળે છે.

### 3. ખેલકૂદ : ભારતીય ક્રિકેટર શ્રેયસ ઐયરે 86 વર્ષ જૂનો રેકોર્ડ તોડયો

**ઐયર ડેબ્યુ ટેસ્ટ પ્રથમ ઇનિંગમાં સદી અને બીજી ઇનિંગમાં અર્ધ સદી નોંધાવનારો પ્રથમ ભારતીય ક્રિકેટર બન્યો**




- ✓ ડેબ્યુ ટેસ્ટમાં બે ઇનિંગમાં કુલ 170 રન
- ✓ ભારત-ન્યૂઝીલેન્ડ ટેસ્ટ સીરીઝ,
- ✓ યજમાન: ગ્રીન પાર્ક સ્ટેડિયમ કાનપુર (ઉત્તર પ્રદેશ)

### 4. ખેલકૂદ : સિદ્ધિ

**સ્ક્વૉસ સ્ટાર સૌરવ ઘોષાલ મલેશિયન ઓપન જીતનાર પ્રથમ ભારતીય**



- ✓ હરિફ : મિગેલ રોડ્રિઝ, કોલંબિયા
- ✓ યજમાન : મલેશિયા

### 5. જન્મ દિવસ વિશેષ : 28 નવેમ્બર

**સંસ્કારમૂર્તિ : ઇન્દુબેન શેઠ**



**જન્મ : 28 નવેમ્બર 1906 અવસાન : 11 માર્ચ 1985**

- ✓ ગુજરાતના પહેલા મહિલા મંત્રી ઇન્દુબેન શેઠનો જન્મદિવસ
- ✓ અમદાવાદમાં જન્મેલાં ઇન્દુબેનના પિતાનું તેમની 2 વર્ષની ઉંમરે અવસાન થયું હતું. તેમના પિતાએ મૃત્યુ પહેલા મોટાભાગની સંપતિ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે દાન કરી દીધી હતી.
- ✓ અમદાવાદની જ સરકારી શાળામાં ભણેલાં ઇન્દુબેનને 1921માં મેટ્રિકની પરીક્ષામાં આખા મુંબઇ ઇલાકામાં પ્રથમ આવવા બદલ ચેટફિલ્ડ પ્રાઇઝ પ્રાપ્ત થયું હતું.

- ✓ ઇન્દુબેન ગાંધી પ્રભાવમાં ઉચ્ચ અભ્યાસ વિદ્યાપીઠમાં જોડાયાં અને સ્નાતક થયાં અને ત્યાં માનદ અધ્યાપક પણ બન્યાં હતાં
- ✓ 1920-22ના અસહકાર આંદોલન અને 1942ના હિન્દ છોડો આંદોલનમાં ભાગ લઈ તેમણે જેલવાસ પણ ભોગવ્યો હતો.
- ✓ ઇન્દુબેન શેઠનું કાર્યક્ષેત્ર કોમી એકતા અને મહિલા ઉત્કર્ષ તથા શિક્ષણ પણ રહ્યું હતું.
- ✓ અમદાવાદની પ્રતિષ્ઠિત શેઠ સી.એન. વિદ્યાલયમાં શિક્ષક તરીકે પણ સેવા આપી હતી.
- ✓ અમદાવાદ મ્યુ.સ્કૂલ બોર્ડના સભ્ય તરીકે પણ તેઓ નિમાયાં હતાં.
- ✓ પદ્મશ્રીથી પુરસ્કૃત ઇન્દુબેનનું 11 માર્ચ 1985ના રોજ અવસાન થયું હતું.
- ✓ આજે સામાજિક ક્રાંતિના અગ્રદૂત મહાત્મા જ્યોતિરાવ ફૂલે, ક્રાંતિકાર સેનાપતિ બાપટ અને ગુજરાતી વિશ્વકોશના પુરસ્કર્તા સાંકળચંદ પટેલની પૂણ્યતિથિ છે.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (28-11-2021)

**1.** સહકાર મંત્રી શ્રી અમિત શાહના હસ્તે તા.28 નવેમ્બર 2021ના રોજ એશિયાના સૌથી વિશાળ "અમૂલ ફેડ ડેરી" પ્લાન્ટનું ક્યા સ્થળે ઉદઘાટન કરાયું

(A) આણંદ **(B) ભાટ, ગાંધીનગર** (C) પાલનપુર (D) સુરત

**2.** વડાપ્રધાન મોદી દ્વારા તા.28 નવેમ્બર 2021ના રોજ કેટલામી "મન કી બાત" યોજાઇ

(A) 80 (B) 81 (C) 82 **(D) 83**

**3.** વડાપ્રધાન મોદી દ્વારા દર માસમાં ક્યારે મન કી બાતનું આયોજન કરાઈ છે

(A) માસનો પ્રથમ શનિવાર (B) માસનો છેલ્લો શનિવાર
(C) માસનો પ્રથમ રવિવાર **(D) માસનો છેલ્લો રવિવાર**

**4.** કાનપુરમાં ન્યૂઝીલેન્ડ સામેની ડેબ્યુ ટેસ્ટમાં પ્રથમ ઇનિંગમાં સદી અને બીજી ઇનિંગમાં અર્ધ સદી નોંધાવનારા પ્રથમ ભારતીય ક્રિકેટરનું નામ જણાવો

(A) ઈશાન કિશન **(B) શ્રેયસ ઐયર**
(C) મયંક અગ્રવાલ (D) રોહિત શર્મા

**5.** ભારતીય ઈતિહાસમાં પ્રથમવાર સ્ક્વૉસ સ્ટાર સૌરવ ઘોષાલે નવેમ્બર 2021માં કયુ ઓપન- ટુર્નામેન્ટ વિજેતા બન્યો

(A) અમેરિકન (B) દુબઈ **(C) મલેશિયન** (D) સ્પેનિશ

**6.** ગુજરાતના પહેલા મહિલા મંત્રીનું નામ જણાવો

**(A) વિદ્યા નિલકંઠ** (B) પદ્મશ્રી ઈન્દુબહેન શેઠ
(C) વિદ્યાગૌરી શેઠ (D) ઈન્દુમતિ શેઠ

**7.** ઈન્દુબહેન શેઠનો જન્મદિવસ જણાવો

**(A) તા. 28 નવેમ્બર 1906** (B) તા. 28 નવેમ્બર 1905
(C) તા. 28 નવેમ્બર 1904 (D) તા. 28 નવેમ્બર 1902

## DATE : 29-11-2021

**1.આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ-અમદાવાદ : AMC દ્વારા નારણપુરામાં રૂ. 584 કરોડથી વધુના ખર્ચે તૈયાર થનાર આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી**

- ✓ કોમ્પ્લેક્સ કુલ 6 ભાગમાં રહેશે
- ✓ **હેતુ :** આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષા સામે પ્રાદેશિક કક્ષાની રમત માટે એક વિશાળ કોમ્પલેક્ષ ઉપલબ્ધ કરાવાશે
- ✓ **ક્ષેત્રફળ :** 82,507 ચોરસ મીટર

**2. કૃષિ બિલ : ભારતીય સંસદના શિયાળુ સત્રમાં પ્રથમ દિવસે બંને ગૃહમાં ત્રણ કૃષિ કાયદા/બિલ પરત લેવા માટે પસાર કરવામાં આવ્યા**

- ✓ **નામ : ફાર્મ લૉ રિપિલ બિલ 2021**



- ✓ લોકસભામાં બિલ વોઇસ વોટથી પસાર કરાયું
- ✓ **પ્રક્રિયા :** હવે બિલને રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલાશે ત્યારબાદ રાષ્ટ્રપતિની સહી/મંજૂરી બાદ કાયદો રદ કરતું જાહેરનામું પ્રસિદ્ધ કરાશે
- ✓ **લોકસભા અધ્યક્ષ : શ્રી ઓમ બિરલા**
- ✓ **રાજ્યસભા સભાપતિ : શ્રી ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ**
- ✓ **ઉપલુ ગૃહ : રાજ્યસભા નીચલું ગૃહ : લોકસભા**

**3. ગૌરવ : ટ્વીટરના નવા સીઈઓ તરીકે મૂળ ભારતીય પરાગ અગ્રવાલની નિમણૂક**



**પરાગ અગ્રવાલનો પરિચય :**

- ✓ આઇઆઇટી બોમ્બેથી કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગમાં બીટેક અને સ્ટેનફર્ડ યુનિ.માંથી પીએચડી.
- ✓ છેલ્લા એક દાયકાથી પરાગ ટ્વિટર સાથે કામ કરે છે. તેમણે સોફ્ટવેર એન્જિનિયર તરીકે ટ્વિટર જોઇન કર્યું હતું બાદમાં તેઓ ચીફ ટેકનોલોજી ઑફિસર પદે પહોંચ્યા હતા.
- ✓ **અનુભવ :** તેમણે માઇક્રોસોફ્ટ, યાહુ તથા એટીએન્ડટીમાં કામ કરવાનો અનુભવ.
- ✓ અગાઉ સીઈઓ તરીકે જેક ડોર્સી

**4. દિન વિશેષ : 24 નવેમ્બર લાચિત દિવસ – આસામ**



**દિવસનું મહત્વ :**

- ✓ લાચિત બોરફુકન અહોમ (આસામ) રાજ્યના સૈન્ય કમાન્ડર હતા. તેમણે 1671માં ઘાટના યુદ્ધમાં મોગલ સેનાને પરાજિત કરી હતી.
- ✓ અહોમરાજ્ય એટલે આસામ. તેમની યાદમાં લાચિત દિવસ મનાવવામાં આવે છે.

**5. દિન વિશેષ : 29 નવેમ્બર**

**સેવાના ભેખધારી : ઠક્કરબાપા**




**જન્મ : 29 નવેમ્બર-1869 અવસાન : 20 જાન્યુઆરી-1951**

- ✓ ભગવા વિનાના સંન્યાસી અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર ઉર્ફે ઠક્કરબાપાનો જન્મદિવસ.
- ✓ ભાવનગરમાં લોહાણા પરિવારમાં જન્મેલા ઠક્કરબાપાનું કાર્યક્ષેત્ર આખું ભારત અને દુનિયાભરના વંચિતો હતા.
- ✓ ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ધરાવતા ઠક્કરબાપાએ ભારત અને યુગાન્ડામાં રેલવે ઇજનેર તરીકે વ્યવસાયી જીવનની શરૂઆત કરી હતી.
- ✓ તે પછી ગોપાલ કૃષ્ણ ગોખલે સ્થાપિત હિન્દી સેવક સમાજના સભ્ય બન્યા હતા. આ સંસ્થાના આશ્રયે ઠક્કરબાપાએ કરેલી સેવા પ્રવૃત્તિઓ અને તેના નિષ્ઠાવાન સેવકોનો ગુજરાત ભારતના ઇતિહાસમાં જોટો જડે તેમ નથી.
- ✓ દાહોદનું ભીલ સેવા મંડળ, ગુજરાત અંત્યજ સેવા મંડળ જેવી સંસ્થાઓ તેમની અનુપમ કૃતિઓ હતી.
- ✓ દુષ્કાળ, પૂર, ચેપી રોગચાળો જેવી સમસ્યાઓ વખતે બાપા અને તેઓના સમર્પિત સેવકો પહોંચી જતા.
- ✓ ગુજરાતમાં રચનાત્મક કાર્યોમાં તેમણે જે કરિશ્મા દેખાડ્યો તે હજારો સ્વતંત્રતા સૈનિકોના કામ કરતા વિશેષ હતું. સેવા પ્રવૃત્તિઓના ક્ષેત્રે તો આજે પણ તેઓના નામ અને કામની દુહાઈ દેવાય છે

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (29-11-2021)

**1.** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દ્વારા નારણપુરામાં કેટલા કરોડથી વધુના ખર્ચે તૈયાર થનાર આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને નવેમ્બર-2021માં કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી અપાઇ

(A) રૂ. 458 (B) રૂ. 485 **(C) રૂ. 584** (D) રૂ. 845

**2.** ભારતીય સંસદના શિયાળુ સત્રમાં કયા દિવસે બંને ગૃહમાં ત્રણ કૃષિ કાયદા- ફાર્મ લૉ રિપિલ બિલ 2021 પરત લેવા માટે પસાર કરવામાં આવ્યો

(A) તા. 20 નવેમ્બર-2021 (B) તા. 23 નવેમ્બર-2021

**(C) તા. 29 નવેમ્બર-2021** (D) તા. 30 નવેમ્બર-2021

**3.** નવેમ્બર-2021ની સ્થિતિએ લોકસભાના અધ્યક્ષ તથા રાજ્યસભાના સભાપતિ કોણ છે

(A) શ્રી અધીર રંજન ચૌધરી તથા શ્રી ઓમ બિરલા

(B) શ્રી ઓમ બિરલા તથા શ્રી મલ્લિકા અર્જૂન ખડગે

(C) શ્રી મીરાકુમાર તથા શ્રી ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ

**(D) શ્રી ઓમ બિરલા તથા શ્રી ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ**

**4.** નવેમ્બર-2021માં મૂળ ભારતીય પરાગ અગ્રવાલની કયા વૈશ્વિક સોશિયલ મીડિયા ટુલ્સના નવા સીઈઓ તરીકે નિમણૂક કરાઇ

(A) કૂ (B) ઇન્સ્ટાગ્રામ **(C) ટ્વીટર** (D) ફેસબૂક

**5.** ભારતનું ક્યુ રાજ્ય અગાઉના સમયમાં અહોમ રાજ્ય તરીકે ઓળખાતુ હતુ

(A) મિઝોરમ **(B) આસામ** (C) મણિપુર (D) મેઘાલય

**6.** અહોમ રાજ્યના સૈન્ય કમાન્ડર લાચિત બોરફુકનમી યાદમાં લાચિત દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) તા. 20 નવેમ્બર **(B) તા. 24 નવેમ્બર**

(C) તા. 29 નવેમ્બર (D) તા. 30 નવેમ્બર

**7.** ઠક્કરબાપાના ઉપનામથી ઓળખાતા અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કરનો જન્મદિવસ જણાવો

(A) તા. 29 નવેમ્બર 1871 **(B) તા. 29 નવેમ્બર 1869**

(C) તા. 29 નવેમ્બર 1866 (D) તા. 29 નવેમ્બર 1862

**DATE : 30-11-2021**

**1. RTI : ગુજરાત સરકારની નવતર પહેલ :**

**સચિવાલયના વિભાગોમાં RTIની માહિતી પણ ઓનલાઇન મળશે**

**ગાંધીનગરથી મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલના હસ્તે onlinerti.gujarat.gov.in પોર્ટલનો પ્રારંભ**




**વિગત :**

- ✓ પ્રથમ તબક્કે સચિવાલયના વિભાગો માટે ઉપલબ્ધ કરાવાયેલી ઓનલાઇન વ્યવસ્થા તબક્કાવાર અન્ય કચેરીઓમાં અમલી બનાવાશે.
- ✓ સચિવાલયના તમામ વિભાગના જાહેર માહિતી અધિકારીઓ અને અપીલ અધિકારીઓને યુઝર આઇડી તથા પાસવર્ડ તૈયાર કરી આ સોફ્ટવેરના ઉપયોગની સંપૂર્ણ તાલીમ અપાઈ છે.
- ✓ પ્રારંભિક તબક્કે સચિવાલયના વિભાગય સ્તરે કાર્યરત કરવામાં આવેલ ઓનલાઈન પોર્ટલથી મોટા ભાગની માહિતી ઓનલાઈન મેળવી શકાશે.
- ✓ **લક્ષ્યાંક : આ સુવિધા આગામી સમયમાં જિલ્લા કચેરીઓમાં પણ ઉપલબ્ધ કરાવાશે.**
- ✓ **RTI : રાઈટ ટુ ઇન્ફોર્મેશન**

**2. GDP ગ્રોથ -ભારત**

## જુલાઈથી સપ્ટેમ્બર-2021ના બીજા ક્વાર્ટરમાં ભારતમાં GDP ગ્રોથ વધીને 8.4 ટકા થયો




**અન્ય આંકડાકીય તથ્યો :**

- ✓ **આઠ કોર સેક્ટરનો વિકાસ દર ઓક્ટોબર 2021માં વધીને 7.5 ટકા નોંધાયો.**
- ✓ પ્રથમ ત્રિમાસિક ગાળામાં એટલે કે એપ્રિલથી જૂનમાં ગ્રોથ વધીને 20.1 ટકા નોંધાયો હતો

**કયા સેક્ટરમાં કેટલી વૃદ્ધિ :**

| ક્ષેત્ર | વૃદ્ધિ | વર્ષ 2020 |
|---|---|---|
| મેન્યુફેક્ચરિંગ | 5.5 ટકા | 1.5 ટકા |
| બાંધકામ | 7.5 ટકા | 7.2 ટકા |
| કૃષિ | 4.5 ટકા | 3 ટકા |
| માઈનિંગ | 15.4 ટકા | 6.5 ટકા |
| યુટિલિટી | 8.9 ટકા | 2.3 ટકા |

**રાજકોષીય ખાધ :**

- ✓ ચાલુ વર્ષે **એપ્રિલથી ઓક્ટોબરના સમયગાળા દરમિયાન રૂ. 5.47 લાખ કરોડની રાજકોષીય ખાધ નોંધાઈ હતી** કે જે સમગ્ર વર્ષના કુલ લક્ષના 36.3 ટકા છે, કેમ કે વાર્ષિક અંદાજ રૂ. 15.06 લાખ કરોડનો છે.
- ✓ **રાજકોષીય ખાધનો અર્થ :** સરકારનો જેટલો ખર્ચ છે તેની તુલનાએ તેની આવક એટલા પ્રમાણમાં ઓછી છે.
- ✓ પાછલા વર્ષે તે 119.70 ટકા નોંધાયો હતો. તે સમય દરમિયાન સરકારની આવક રૂ. 12.6 લાખ કરોડ નોંધાઈ હતી. બજેટના અનુમાનની તુલનાએ તે 70.5 ટકા રહ્યું હતું.
- ✓ પાછલા વર્ષે સમાન ગાળા માટે રાજકોષીય ખાધ વર્ષના અંદાજના 34.2 ટકા નોંધાઈ હતી. કરની કમાણી રૂ. 10.53 લાખ કરોડ રહી હતી.
- ✓ ચાલુ નાણાકીય વર્ષ માટે સરકારે રાજકોષીય ખાધનું લક્ષ્ય 6.8% રાખ્યું છે. સરકાર માટે તે સંભવ નથી કેમ કે તેણે તાજેતરમાં જ મફત રેશનિંગનો સમયગાળો વધારી દીધો છે.
- ✓ **GDP : ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (કુલ રાષ્ટ્રીય ઉપજ)**

## 3. ભારતીય નૌકાદળ : નેવીના 25મા નવા એડમિરલ (વડા) તરીકે આર. હરિકુમારની નિમણૂક

- ✓ જન્મ સ્થળ : કેરળ



## 4. હેરોન ડ્રોન : મૂળ ઇઝરાયલી બનાવટના ચાર ડ્રોન ભારતીય સેનામાં સામેલ

**ડ્રોન વિશે :**

- ✓ ડ્રોન અલ્ટ્રા મોર્ડન એડવાન્સ ટેકનોલોજીથી સજ્જ છે. આ ડ્રોન 35 હજાર ફૂટની ઊંચાઈએ ઉડવામાં સક્ષમ છે. સતત 52 કલાક સુધી આકાશમાં ઉડી શકે છે.
- ✓ **તહેનાત : પૂર્વ લદ્દાખ**

## 5. અરુણાચલ પ્રદેશ : બોલિવૂડ અભિનેતા સંજયદત્તને અરુણાચલ પ્રદેશના નવા બ્રાન્ડ એમ્બેસેડર બનાવાયા



**ભૂમિકા :**

- ✓ સંજય દત એક યૂથ આઇકોન, નેચર લવર, નશા મુકિતના પ્રતીક તરીકે જોવા મળી રહ્યો છે.
- ✓ આ કેમ્પેન દ્વારા રાજયમા ટુરિઝ્મ વધારવાની યોજના.
- ✓ **અરુણાચલ પ્રદેશ મુખ્યમંત્રી : શ્રી પેમા ખાંડુ**

## 6. સિદ્ધિ : ભારતનું ગૌરવ

**ટોચની ટેક કંપનીઓનું સુકાન ભારતીયો પાસે**

| ભારતીય મૂળના CEO | ટેક કંપની | માર્કેટ કેપ (બિલિયન ડોલરમાં) |
|---|---|---|
| સત્યા નદેલા | માઈક્રોસોફ્ટ | 2,527 |
| સુંદર પિચાઈ | ગૂગલ | 1,924 |
| શાંતનુ નારાયણ | એડોબ | 325 |
| અરવિંદ ક્રિષ્ના | આઈબીએમ | 106 |
| સંજય મેહરોત્રા | માઈક્રોન ટેક. | 95 |
| નિલેશ અરોરા | પાઓલો અલ્ટો નેટ. | 54 |
| આર.રઘુરામન | વીએમવેર | 51 |
| પરાગ અગ્રવાલ | ટ્વિટર | 38.5 |
| જયશ્રી ઉલ્લાલ | અરિસ્તા નેટ. | 38.7 |
| અંજલિ સુદ | વીમિઓ | 3 |

## 7. ખેલકૂદ : વૈશ્વિક સન્માન

## ફૂટબોલ જગતના શ્રેષ્ઠ ખેલાડીને અપાતું સન્માન બેલોન ડી ઓર (ગોલ્ડન બોલ) એવોર્ડ-2021



- ✓ આર્જેન્ટીના મહાન ફૂટબોલ ખેલાડી લાયોનલ મેસ્સી સૌથી વધુ સાતવાર બેલોન ડી ઓર એવોર્ડ વિજેતા
- ✓ પ્રથમવાર એવોર્ડ વર્ષ 2009માં

**વિજેતા ખેલાડી, ટીમ અને દેશ :**

- ✓ **બેલોન ડી ઓર :** લાયોનલ મેસ્સી, પેરિસ સેન્ટ જર્મેન (આર્જેન્ટીના)
- ✓ **વિમેન્સ બેલોન ડી ઓર:** એલેક્સિયા પુતેલાસ, બાર્સેલોના (સ્પેન)
- ✓ **સ્ટ્રાઇકર ઓફ ધ યર:** રોબર્ટો લેવાન્ડોવસ્કી, બાયર્ન મ્યુનિચ (પોલેન્ડ)
- ✓ **કોપા ટ્રોફી :** પેડ્રી (પેડ્રો ગોન્ઝાલેઝ લોપેઝ), બાર્સેલોના (સ્પેન)
- ✓ **યાચિન ટ્રોફી :** જિયાનલૂઇગી ડોનારુમા, પેરીસ સેન્ટ જર્મેન (ઇટાલી)
- ✓ **યજમાન : પૅરિસ (ફ્રાંસ)**
- ✓ બેલોન ડી ઓર (ગોલ્ડન બોલ) એવોર્ડ એટલે ફૂટબોલનો ઓસ્કાર

**8. ખેલકૂદ : વર્લ્ડ ચેસ ફેડરેશન દ્વારા વર્ષ 2022ને "યર ઓફ વિમેન ઇન ચેસ" તરીકે જાહેર કરાયું**




- ✓ **હેતુ : મહિલાઓને ચેસમાં પ્રોત્સાહન આપવા**
- ✓ **સ્થાન : લુસાન**

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (30-11-2021)

**1.** જુલાઇથી સપ્ટેમ્બર-2021ના બીજા ક્વાર્ટરમાં ભારતમાં GDP ગ્રોથ રેટ સંબંધી મુખ્ય પાંચ સેક્ટરોમાં વૃદ્ધિદર અંગે કઇ ટકાવારી યોગ્ય છે

1. મેન્યુફેક્ચરિંગ - 5.5 ટકા 2. બાંધકામ - 7.5 ટકા
3. કૃષિ - 4.5 ટકા 4. માઇનિંગ - 15.4 ટકા
5. યુટિલિટી - 8.9 ટકા

(A) 1 અને 5 (B) 2અને 3 (C) 4 અને 5 **(D) આપેલ તમામ**

**2.** ગુજરાતમાં પ્રથમ તબક્કામાં સચિવાલયના વિભાગોમાં RTIની માહિતી ઓનલાઇન કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલના હસ્તે નવેમ્બર-2021માં ક્યા પોર્ટલનો પ્રારંભ કરાયો

(A) rtionline.gujarat.gov.in
**(B) onlinerti.gujarat.gov.in**
(C) onlinerti.gujarat.gswan.in
(D) gujarat.onlinerti.gov.in

**3.** ભારતમાં સૌપ્રથમ રાઇટ ટુ ઇન્ફોર્મેશન એક્ટનો અમલ ક્યારે થયો હતો

(A) તા. 2 ઓક્ટોબર 2005 (B) તા.5 ઓક્ટોબર 2005
**(C) તા.12 ઓક્ટોબર 2005** (D) તા.31 ઓક્ટોબર 2005

**4.** જુલાઇથી સપ્ટેમ્બર-2021ના બીજા ક્વાર્ટરમાં ભારતમાં GDP ગ્રોથ વધીને કેટલા ટકા થયો

(A) 7.5 ટકા (B) 8 ટકા (C) 8.2 ટકા **(D) 8.4 ટકા**

**5.** ભારતમાં આઠ કોર સેક્ટરનો વિકાસ દર ઓક્ટોબર 2021માં વધીને કેટલા ટકા નોંધાયો હતો

**(A) 7.5 ટકા** (B) 8 ટકા (C) 8.2 ટકા (D) 8.4 ટકા

**6.** તા. 30 નવેમ્બર-2021ના રોજ ભારતીય નૌકાદળના 25મા નવા એડમિરલ (વડા) તરીકે કોણે ચાર્જ સંભાળ્યો

**(A) આર. હરિકુમાર** (B) આર.કે.સિંહ
(C) રણબીર સિંહા (D) એમ.એસ.નેગી

**7.** નવેમ્બર-2021માં મૂળ ઇઝરાયલી બનાવટના કેટલા અલ્ટ્રા મોર્ડન એડવાન્સ ટેકનોલોજી ધરાવતા હેરોન ડ્રોન ભારતીય સેનામાં સામેલ કરાયા

(A) 2 (B) 3 **(C) 4** (D) 5

**8.**નવેમ્બર-2021માં અરુણાચલ પ્રદેશમાં યૂથ આઇકોન, નેચર લવર, નશા મુકિતના પ્રતીક તરીકે બોલિવૂડના કયા અભિનેતાની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્તિ કરાઇ

(A) અક્ષયકુમાર (B) સોનુ સૂદ
(C) આમિર ખાન **(D) સંજયદત્ત**

**9.** આર્જેન્ટીનાના મહાન ફૂટબોલ ખેલાડી લાયોનલ મેસ્સીને નવેમ્બર-2021માં સૌથી વધુ કેટલામો બેલોન ડી ઓર (ગોલ્ડન બોલ) એવોર્ડ એનાયત કરાયો

(A) 4 (B) 5 **(C) 7** (D) 9

**10.** વર્લ્ડ ચેસ ફેડરેશન દ્વારા મહિલાઓને ચેસમાં વધુ પ્રોત્સાહન આપવા કયા વર્ષને "યર ઓફ વિમેન ઇન ચેસ" તરીકે ઉજવવાની જાહેરાત કરાઇ

**(A) વર્ષ 2022** (B) વર્ષ 2021 (C) વર્ષ 2020 (D) વર્ષ 2019

**............વંદે માતરમ્...........**




# વિવેકાનંદ એકેડમી, ગાંધીનગર.

GPSC (1/2)
Dy.S.O. / નાયબ મામલતદાર
PSI / ASI / Constable
TET / TAT / HTAT
ક્લાર્ક / તલાટી

## સંસ્થાની વિશેષતા :

- નિષ્ણાંત અને અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન
- ગણિત અને અંગ્રેજી વિષય માટે ખાસ આયોજન
- દરરોજ ટેસ્ટ દ્વારા મૂલ્યાકંન
- OMR દ્વારા દર અઠવાડિયે ૧૦૦ ગુણની ટેસ્ટ
- દર મહિને ૧૦૦ ગુણની ટેસ્ટ
- અઠવાડિયામાં ત્રણ વાર સબ્જેક્ટ વાઇઝ ટેસ્ટ
- લાયબ્રેરીની સુવિધા
- ગુણવત્તાસભર મટિરિયલ્સ
- દરેક વિદ્યાર્થી ઉપર પર્સનલ ધ્યાન આપવામાં આવશે.




# વિવેકાનંદ એકેડમી

700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

**M:9925698721 | 8490927713**

ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી